Extra Ordinary Part - IX /1995

Extra No.	Date	Department
Extra No.1	12-01-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.2	22-03-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.3	23-03-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.4	28-03-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.5	29-03-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.6	30-03-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.7	30-03-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.8	06-04-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.9	06-04-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.10	06-04-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.11	06-05-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.12	15-05-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.13	26-05-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.14	02-06-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.15	08-06-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.16	12-06-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.17	15-06-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.18	15-06-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.19	16-06-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.20	16-06-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.21	22-06-1995	Other
Extra No.22	22-06-1995	Other
Extra No.23	22-06-1995	Other
Extra No.24	22-06-1995	Other
Extra No.25	22-06-1995	Other

Extra No.	Date	Department
Extra No.26	22-06-1995	Other
Extra No.27	22-06-1995	Other
Extra No.28	22-06-1995	Other
Extra No.29	22-06-1995	Other
Extra No.30	22-06-1995	Other
Extra No.31	29-06-1995	Other
Extra No.32	29-06-1995	Other
Extra No.33	01-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.34	03-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.35	04-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.36	04-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.37	13-07-1995	Other
Extra No.38	19-07-1995	Other
Extra No.39	20-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.40	20-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.41	20-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.42	20-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.43	20-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.44	24-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.45	24-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.46	28-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.47	29-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.48	29-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.49	29-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.50	29-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.51	29-07-1995	Legislative & Parliamentary Affairs Department

Extra No.	Date	Department
Extra No.52	29-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.53	29-07-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.54	05-08-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.55	07-08-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.56	07-08-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.57	07-08-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.58	28-08-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.59	04-09-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.60	04-09-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.61	08-09-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.62	11-09-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.63	15-09-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.64	25-09-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.65	16-10-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.66	01-11-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.67	01-11-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.68	01-11-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.69	16-11-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.70	16-11-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.71	16-11-1995	Legislative & Parliamentary Affairs Department
Extra No.72	16-11-1995	Legislative & Parliamentary Affairs Department

Extra No. 1 REGISTERED NO. G/GNR/2



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIJ THURSDAY, JANUARY 12, 1995/PAUSA 22, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૫

તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ—૪(અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમક્રમાંક ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુક્ત સચિવ

INDEX

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૫

GUJARAT ORDINANCE NO. 1 OF 1995

AN ORDINANCE

further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976.

સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૧.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક૨૭મો.

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેનો વટહુકમ કરીને, પ્રસિધ્ધ કરે છે :—

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ,**—(૧) આ વટહુકમ 'ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

૨. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ હંગામી રીતે સુધારવા બાબત.**—આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમો ૩ થી ૯માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને, અમલમાં રહેશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

૩. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૭નો સુધારો.**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં,

(૧) પેટા—કલમ (૧)માં,—

(ક) "કાર્યો" એ શબ્દને બદલે, "સત્તા અને કાર્યો" એ શબ્દો મૂકવા;

(ખ) ખંડ (૪) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે:—

"(૪-ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલા દસ્તાવેજોની, વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ચકાસણી ફી વસૂલ કરવા અને ઉઘરાવવા;";

(ગ) ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(૭-ક) ખંડ (૭)માં ઉલ્લેખેલ કામો કરવા માટે અને અન્ય સેવાઓ અને સગવડોનો પ્રબંધ કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી વસૂલ કરવા અને ઉઘરાવવા;".

(૨) પેટા-કલમ (૨)માં "પોતાના કાર્યો પૈકી કોઈ કાર્ય" એ શબ્દોને બદલે, "પોતાના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્ય" એ શબ્દો મૂકવા.

INDEX

૪. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૯નો સુધારો.**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, પેટા-કલમ (૧)માં "વિસ્તાર વિકાસ સત્તા મંડળની રચના થયા પછી, એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ કરેલા વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે સ્થાનિક સત્તામંડળને મુકરર કરવામાં આવે તે પછી" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા.

૫. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૩નો સુધારો.**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં,—

(૧) પેટા-કલમ (૧)માં,—

(ક) "કાર્યો" એ શબ્દને બદલે, "સત્તા અને કાર્યો" એ શબ્દો મૂકવા;

(ખ) ખંડ (૫) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે:—

"(૫-ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળ સમક્ષ રજૂ કરેલા દસ્તાવેજોની ચકાસણી કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ચકાસણી ફી વસૂલ કરવી અને ઉઘરાવવી;"

(ગ) ખંડ (૬) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:—

"(૬-ક) ખંડ (૬)માં ઉલ્લેખેલા કામો કરવા માટે અને અન્ય સેવાઓ અને સગવડોનો પ્રબંધ કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી વસૂલ કરવી અને ઉઘરાવવી;".

(૨) પેટા-કલમ (૨)માં "પોતાના કાર્યો પૈકી કોઈ કાર્ય" એ શબ્દોને બદલે "પોતાના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્ય" એ શબ્દો મૂકવા.

૬. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૬ નો સુધારો.**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬માં, "વિકાસ ચાર્જ ભર્યો છે" એ શબ્દોને બદલે, "વિકાસ ચાર્જ અને ચકાસણી ફી ભર્યા છે" એ શબ્દો દાખલ કરવા.

૭. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૯૧નો સુધારો.**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૧માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, "પેશગી તરીકે અથવા બીજી રીતે" એ શબ્દોને બદલે, "પેશગી, ફી, વિકાસ ચાર્જ તરીકે અથવા બીજી રીતે" એ શબ્દો મૂકવા.

૮. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૧૧૯નો સુધારો.**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૯માં, પેટા-કલમ (૨)માં,—

(૧) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે :—

"(ગ-૧) કલમ ૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૪-ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;";

(૨) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ-૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(ગ-૨) કલમ ૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૭-ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;";

(૩) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ-૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે :—

"(ગ-૩) કલમ ૨૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૫-ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;";

(૪) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ-૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(ગ-૪) કલમ ૨૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૬-ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;".

INDEX

૯. **મુખ્ય અધિનિયમ હેઠળ ચકાસણી ફી લેવા અને [illegible] માન્ય ઠરાવવા બાબત.**—કોઈ કોર્ટ અથવા અન્ય કોઈ સત્તામંડળના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તે છતાં—

(ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલ દસ્તાવેજોની ચકાસણી કરવા માટે, ચકાસણી ફી લેવા માટે, મુખ્ય અધિનિયમ હેઠળ કોઈપણ સમુચિત સત્તામંડળે આ વટ-હુકમના આરંભ પહેલાં કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવો કોઈપણ વિનિયમ, જાણે કે તમામ મહત્વના સમયે, આવો વિનિયમ કરવામાં આવ્યો ત્યારે, આ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ અમલમાં હોત તેમ, આ વટહુકમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ તે વિનિયમ કાયદેસર રીતે કરેલ છે અને તે હંમેશા કાયદેસર રીતે કરેલ હોવાનું ગણાશે; અને

(ખ) આ વટહુકમના આરંભ પહેલાં આવા કોઈ વિનિયમ હેઠળ વિકાસ માટે, મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલ દસ્તાવેજોની ચકાસણી માટે કોઈપણ ચકાસણી ફી લીધી હોય અથવા લીધેલ અને ઉધરાવેલ હોય અથવા લીધેલ હોવાનું અથવા લીધેલ અને ઉધરાવેલી હોવાનું અભિપ્રેત હોય તે બાબત હંમેશા કાયદેસર રીતે લીધેલ અથવા લીધેલ અને ઉધરાવેલ હોવાનું ગણાશે;

અને કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવો કોઈ વિનિયમ અથવા આવા કોઈ વિનિયમ હેઠળ લીધેલ અથવા લીધેલ અને ઉધરાવેલ અથવા લીધેલ હોવાનું અથવા લીધેલ અને ઉધરાવેલ હોવાનું અભિપ્રેત હોય તેવી ચકાસણી ફીના, કોઈ કોર્ટ અથવા કોઈપણ સત્તામંડળ પછી તે ગમે તે હોય તો, તેમની સામે માત્ર એ કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ કે સમુચિત સત્તામંડળને આવો વિનિયમ કરવાનો અથવા આવી ચકાસણી ફી લેવાનો અને ઉધરાવવાનો ત મુખ્ય અધિનિયમ હેઠળ અને આ વટહુકમના આરંભ પહેલાં લીધેલ આવી કોઈ ચકાસણી ફી લેવાનો અધિકાર ન હતો. પરંતુ આવા આરંભ પહેલાં ઉધરાવી ન હોય તે ચકાસણી ફી, આ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા વિનિયમો અનુસાર ઉધરાવી શકાશે.

INDEX

[ભાગ ૪

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા (અગાઉ વિકાસ ફી તરીકે ઓળખાતી) ચકાસણી ફી લેવાનું અને ઉઘરાવવાનું સીવીલ અપીલ નંબર ૧૦૧૧૧/૧૯૮૩ (અમદાવાદ શહેરી વિકાસ સત્તા-મંડળ વિરૂધ્ધ શરદકુમાર) એ.આઈ.આર. ૧૯૯૨ એસ.સી. ૨૦૩૮માં સુપ્રીમ કોર્ટના ફેંસલામાં એવા કારણે ગેરકાયદેસર તરીકે જાહેર કર્યું હતું કે જે વિનિયમો હેઠળ તે લેવામાં આવી હતી તે વિનિયમો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓની સત્તા બહારના હતા. આવી ચકાસણી ફી લેવા અને ઉઘરાવવા માટે વિનિયમો કરવા અને તેવી રીતે કરેલા વિનિયમો અનુસાર, તે ચકાસણી ફી લેવા અને ઉઘરાવવાની વિસ્તાર વિકાસ સત્તામંડળ અથવા શહેરી વિકાસ સત્તામંડળને સત્તા આપવા માટે સદરહુ અધિનિયમ સુધારવાનું અને તેમણે કરેલા વિનિયમો હેઠળ, વિસ્તાર વિકાસ સત્તામંડળે અથવા શહેરી વિકાસ સત્તામંડળે ઉપર્યુકત રીતે ચકાસણી ફી લેવાનું અને ઉઘરાવવાનું કાયદેસર ઠરાવવાનું જરૂરી જણાયું છે.

(૧) કેટલાક કામો અને સેવાના અને સગવડોના પ્રબંધો કરવા માટે ફી લેવા અને ઉઘરાવવા માટે અને તે માટે વિનિયમો કરવા માટે, વિસ્તાર વિકાસ સત્તામંડળ અથવા શહેરી વિકાસ સત્તા-મંડળને સત્તા આપવાની;

(૨) સ્થાનિક સત્તામંડળને વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર કર્યું હોય તેવા કિસ્સાઓને લાગુ પાડી શકાય તેવી કલમ ૯ની જોગવાઈઓ કરવાની; અને

(૩) ચકાસણી ફી ભરવામાં આવી છે તે મતલબનું સમુચિત સત્તામંડળ પાસેથી પ્રમાણપત્ર મેળવ્યા સિવાય મકાન અથવા જમીનના કોઈપણ વિકાસ કરવાનું અટકાવવાના ઉદ્દેશથી કલમ-૨૬ સુધારવાની

પણ તક લેવામાં આવી છે.

આ હેતુ માટે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૧૯૯૪ (સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૮) એ નામનું વિધેયક, ગુજરાત વિધાન-સભાના છેલ્લા સત્રમાં દાખલ કરવા માટે પ્રસિધ્ધ કર્યું હતું પણ સમયના અભાવે ગૃહ તે વિચારણામાં લઈ શકયું નહોતું. તેથી ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સરુપસિંહ,
ગુજરાતના રાજ્યપાલ.

ગાંધીનગર :
તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. વી. સ્વામીનાથન.
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 2 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIj WEDNESDAY, MARCH 22, 1995/CAITRA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૨મી માર્ચ, ૧૯૯૫.

તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ—૪(અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

બી. એલ. મહેતા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 1 OF 1995.

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT (AMENDMENT AND VALIDATION) BILL, 1995

A BILL

further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭--અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧ .

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે સન ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૧૧મી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭નો.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૭નો સુધારો.

૨. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭માં,—

(૧) પેટા-કલમ (૧)માં,—

(ક) "કાર્યો" એ શબ્દને બદલે, "સત્તા અને કાર્યો" એ શબ્દો મૂકવા;

(ખ) ખંડ (૪) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે :—

"(૪--ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલા દસ્તાવેજોની ચકાસણી કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ચકાસણી ફી વસૂલ કરવા અને ઉઘરાવવા;";

(ગ) ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(૭--ક) ખંડ(૭)માં ઉલ્લેખેલ કામો કરવા માટે અન્ય સેવાઓ અને સગવડોનો પ્રબંધ કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી વસૂલ કરવા અને ઉઘરાવવા;".

(૨) પેટા--કલમ (૨)માં, "પોતાના કાર્યો પૈકી કોઈ કાર્ય" એ શબ્દોને બદલે, "પોતાના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્ય" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૯નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, પેટા કલમ (૧)માં, "કલમ ૫ હેઠળ કોઈ વિકાસ વિસ્તાર માટે વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના થયા પછી" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૬ની પેટા--કલમ (૧) હેઠળ કરેલા વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે સ્થાનિક સત્તામંડળને મુકરર કરવામાં આવે તે પછી" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૩નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં,—

(૧) પેટા--કલમ (૧)માં,—

(ક) "કાર્યો" એ શબ્દને બદલે, "સત્તા અને કાર્યો" એ શબ્દો મૂકવા ;]

INDEX

(ખ) ખંડ (૫) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે :—

"(૫-ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળ સમક્ષ રજૂ કરેલા દસ્તાવેજોની ચકાસણી કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ચકાસણી ફી વસૂલ કરવી અને ઉઘરાવવી;";

(ગ) ખંડ (૬) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(૬-ક) ખંડ (૬)માં ઉલ્લેખેલા કામો કરવા માટે અને અન્ય સેવાઓ અને સગવડોનો પ્રબંધ કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી વસૂલ કરવી અને ઉઘરાવવી;";

(૨) પેટા-કલમ (૨)માં "પોતાના કાર્યો પૈકી કોઈ કાર્ય" એ શબ્દોને બદલે, "પોતાના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્ય" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૬નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬માં, "ચાર્જ" એ શબ્દ જે બે જગાએ આવે છે તે પછી, "અને ચકાસણી ફી" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૭નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં કલમ ૨૭માં, "તે વિગતોવાળી અને દસ્તાવેજો" એ શબ્દો પછી, નીચેનો મજકૂર ઉમેરવો અને તે હંમેશા ઉમેરેલો છે એમ ગણાશે:—

"અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ચકાસણી ફી".

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૮નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૮ માં, પેટા-કલમ (૧) માં, "તેવી વિગતોવાળી અને તેવા દસ્તાવેજો" એ શબ્દો પછી, "અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ચકાસણી ફી" એ શબ્દો દાખલ કરવા અને તે હંમેશા દાખલ કરેલા છે એમ ગણાશે.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૯નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૯માં, પેટા-કલમ (૧)માં, "વિકાસ ચાર્જ" એ શબ્દો પછી, "અને ચકાસણી ફી" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૩૪નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૪ માં, પેટા-કલમ (૧) માં, "ઠરાવેલી વિગતો સહિત" એ શબ્દો પછી, "અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ચકાસણી ફી સાથે " એ શબ્દો દાખલ કરવા અને તે હંમેશા દાખલ કરેલાં છે એમ ગણાશે.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૪૯નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૯માં, પેટા-કલમ (૧) માં, ખંડ (ક) માં, " ઠરાવેલા નમુનામાં" એ શબ્દો પછી, નીચેનો મજકૂર ઉમેરવો અને તે હંમેશા ઉમેરેલો છે એમ ગણાશે:—

"અને વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ચકાસણી ફી ભરીને".

INDEX

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૯૧નો સુધારો.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૧માં, પેટા--કલમ (૧)માં, ખંડ (ક) માં, "પેશગી તરીકે અથવા બીજી રીતે" એ શબ્દોને બદલે, "પેશગી ફી, વિકાસ ચાર્જ તરીકે અથવા બીજી રીતે " એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૧૧૯નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૯માં, પેટા--કલમ (૨)માં,—

(૧) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે:—

"(ગ-૧) કલમ ૭ ની પેટા--કલમ (૧) ના ખંડ (૪-ક) હેઠળ વસૂલ કરવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;";

(૨) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ-૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:—

"(ગ--૨) કલમ ૭ની પેટા--કલમ (૧) ના ખંડ (૭-ક) હેઠળ વસૂલ કરવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;";

(૩) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ-૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે:—

"(ગ--૩) કલમ ૨૩ ની પેટા--કલમ (૧) ના ખંડ (૫-ક) હેઠળ વસૂલ કરવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;";

(૪) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ-૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:—

"(ગ--૪) કલમ ૨૩ ની પેટા--કલમ (૧) ના ખંડ -(૬-ક) હેઠળ વસૂલ કરવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;";

(૫) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ-૪) પછી, નીચેનો ખડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે:—

"(ગ-૫) કલમ ૨૭ અથવા યથાપ્રસંગ, કલમ ૨૮ની પેટા--કલમ (૧) હેઠળ ચકાસણી ફી ઠરાવતા વિનિયમો;"

(૬) ખંડ (ચ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હમેશાં દાખલ કરેલો છે એમ ગણાશે.:—

"(ચ-૧) કલમ ૩૪ અથવા યથાપ્રસંગ કલમ ૪૯ ની પેટા--કલમ (૧) ના ખંડ (ક) હેકળ ચકાસણી ફી ઠરાવતા વિનિયમો;".

મુખ્ય અધિનિયમ હેઠળ ચકાસણી ફી લેવા અને ઉઘરાવવાનું માન્ય ઠરાવવા બાબત.

૧૩.(૧) કોઈ કોર્ટ અથવા અન્ય કોઈ સત્તાધિકારીના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તે છતાં—

(ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલ દસ્તાવેજોની ચકાસણી કરવા માટેની ચકાસણી ફી લેવા માટે, મુખ્ય અધિનિયમ હેઠળ કોઈપણ સમુચિત સત્તામંડળે, આ અધિનિયમના આરંભ પહેલાં કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવો કોઈપણ વિનિયમ, જાણે કે તમામ મહત્વના સમયે, આવો વિનિયમ કરવામાં આવ્યો ત્યારે, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેનો મુખ્ય અધિનિયમ અમલમાં હોત તેમ, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ, તે વિનિયમ કાયદેસર રીતે કરેલ છે અને તે હંમેશા કાયદેસર રીતે કરેલ હોવાનું ગણાશે ; અને

(ખ) આ અધિનિયમના આરંભ પહેલાં આવા કોઈ વિનિયમ હેઠળ વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલ દસ્તાવેજોની ચકાસણી માટે કોઈપણ ચકાસણી ફી લીધી હોય અથવા લીધેલ અને ઉઘરાવેલ હોય અથવા લીધેલ હોવાનું અથવા લીધેલ અને ઉઘરાવેલી હોવાનું અભિપ્રેત હોય તે બાબત હંમેશા કાયદેસર રીતે લીધેલ અથવા લીધેલ અને ઉઘરાવેલ હોવાનું ગણાશે ; અને તદનુસાર

INDEX

(૧) કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવો કોઈ વિનિયમ અથવા આવા કોઈ વિનિયમ હેઠળ લીધેલ અથવા લીધેલ અને ઉઘરાવેલ અથવા લીધેલ હોવાનું અથવા લીધેલ અને ઉઘરાવેલ હોવાનું અભિપ્રેત હોય તેવી ચકાસણી ફી ના, કોઈ કોર્ટ અથવા કોઈપણ સત્તામંડળ, પછી તે ગમે તે હોય તો પણ તેમની સામે માત્ર એ કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ કે સમુચિત સત્તામંડળને આવો વિનિયમ કરવાનો અથવા આવી ચકાસણી ફી લેવાનો અને ઉઘરાવવાનો મુખ્ય અધિનિયમ હેઠળ અધિકાર ન હતો;

(૨) મુખ્ય અધિનિયમ હેઠળ ભરેલી આવી ચકાસણી ફીના રિફંડ માટે કોઈપણ કોર્ટમાં અથવા ગમે તે કોઈપણ સત્તામંડળ સમક્ષ, રાજ્ય સરકાર સામે અથવા કોઈપણ સમુચિત સત્તામંડળ અથવા કોઈપણ અધિકારી અથવા બીજા ગમે તે સત્તામંડળ સામે કોઈ દાવો અથવા બીજી કાર્યવાહી કરી શકાશે નહિ અથવા ચાલુ રાખી શકાશે નહિ;

(૩) કોઈ કોર્ટ, મુખ્ય અધિનિયમ હેઠળ ભરેલી આવી કોઈ ચકાસણી ફીનું રિફંડ આપવાનું ફરમાવતું કોઈ હુકમનામું અથવા હુકમનો અમલ કરી શકશે નહિ.

(૪) આ અધિનિયમના આરંભ પહેલાં લીધેલ, પણ આવા આરંભ પહેલાં ઉઘરાવેલ ન હોય તેવી કોઈ ચકાસણી ફી, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા વિનિયમો અનુસાર ઉઘરાવી શકાશે.

(૨) શંકાના નિવારણ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે પેટા-કલમ (૧)માંના કોઈપણ મજકૂરથી,--

(ક) આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો અનુસાર, કોઈપણ ચકાસણી ફી વસૂલ કરવા અને ઉઘરાવવા સામે વાંધો ઉઠાવવા, અથવા

(ખ) આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો અને વિનિયમો હેઠળ તેની પાસે લેવાના રકમ કરતાં તેણે વધુ ભરેલી ચકાસણી ફીનું રિફંડ માંગવા માટે,

કોઈ વ્યક્તિને બાધ આવે છે એમ સમજવું નહિ.

રદ કરવા બાબત અને અપવાદ.

૧૪. (૧) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ, ૧૯૯૫ આથી રદ કરવામાં આવે છે. **સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૧.**

(૨) એવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

ઉદ્દેશો અને કારણો

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા (અગાઉ વિકાસ ફી તરીકે ઓળખાતી) ચકાસણી ફી લેવાનું અને ઉઘરાવવાનું સીવીલ અપીલ નંબર ૧૦૧૧૧/૧૯૮૩ (અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ વિરૂધ્ધ શરદકુમાર) એ.આઈ.આર. ૧૯૯૨ એસ.સી. ૨૦૩૮માં સુપ્રીમ કોર્ટના ફેંસલામાં એવા કારણે ગેરકાયદેસર તરીકે જાહેર કર્યું હતું કે જે વિનિયમો હેઠળ તે લેવામાં આવી હતી તે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓની સત્તા બહારના હતા. આવી ચકાસણી ફી લેવા અને ઉઘરાવવા માટે વિનિયમો કરવા અને તેવી રીતે કરેલા વિનિયમો અનુસાર, તે ચકાસણી ફી લેવા અને ઉઘરાવવાની વિસ્તાર વિકાસ સત્તામંડળ અથવા શહેરી વિકાસ સત્તામંડળને સત્તા આપવા માટે સદરહુ અધિનિયમ સુધારવાનું, અને તેમણે કરેલા વિનિયમો હેઠળ, વિસ્તાર વિકાસ સત્તામંડળે અથવા શહેરી વિકાસ સત્તામંડળે ઉપર્યુકત રીતે ચકાસણી ફી લેવાનું અને ઉઘરાવવાનું કાયદેસર ઠરાવવાનું જરૂરી જણાયું છે. તદ્નુસાર અધિનિયમની સંબંધિત જોગવાઈઓ સુધારવામાં આવી છે.

(૧) કેટલાંક કામો અને સેવાંના અને સગવડોના પ્રબંધો કરવા માટે ફી લેવા અને ઉઘરાવવા માટે અને તે માટે વિનિયમો કરવા માટે, વિસ્તાર વિકાસ સત્તામંડળ અથવા શહેરી વિકાસ સત્તામંડળને સત્તા આપવાની;

INDEX

(૨) સ્થાનિક સત્તામંડળને વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર કર્યું હોય તેવા કિસ્સાઓને લાગુ પાડી શકાય તેવી કલમ ૯ ની જોગવાઈઓ કરવાની ; અને

(૩) ચકાસણી ફી ભરવામાં આવી છે તે મતલબનું સમુચિત સત્તામંડળ પાસેથી પ્રમાણપત્ર મેળવ્યા સિવાય, મકાન અથવા જમીનનો કોઈપણ વિકાસ કરવાનું અટકાવવાના ઉદ્દેશથી કલમ ૨૬ સુધારવાની,

પણ તક લેવામા આવી છે

આ હેતુ માટે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૧૯૯૪ (સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૮)એ નામનું વિધેયક, ગુજરાત વિધાનસભાના છેલ્લા સત્રમાં રજૂ કરવા માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું, પરંતુ સમયના અભાવે ગૃહની વિચારણા માટે લઈ શકાયું નહોતું. ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ નથી, તેથી ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ, ૧૯૯૫, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને, રાજય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

કેશુભાઈ પટેલ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

આ વિધેયકમાં, નીચેની બાબતમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમો ૨, ૪, ૬, ૭, ૯, ૧૦ અને ૧૨.—કલમ ૧૨ થી કલમ ૧૧૯ની પેટા-કલમ (૨)મા દાખલ કરવા ધારેલ ખંડો (ગ-૧) થી (ગ-૫) અને (ચ-૧) થી સમુચિત સત્તામંડળને વિનિયમો દ્વારા નીચેની બાબતો ઠરાવવાની સત્તા મળે છે:—

(૧) કલમ ૨ થી દાખલ કરવા ધારેલ કલમ ૭ની પેટા-કલમ (૧)નાં ખંડો (૪-ક) અને (૭-ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી;

(૨) કલમ ૪ થી દાખલ કરવા ધારેલ કલમ ૨૩ની પેટા-કલમ (૧)ના ખંડો (૫-ક) અને (૬-ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી; અને

(૩) અનુક્રમે કલમો ૬, ૭, ૯ અને ૧૦ સુધારવા ધારેલ કલમો ૨૭, ૨૮(૧), ૩૪(૧) અને ૪૯(૧) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી.

સૂચિત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૫. કેશુભાઈ પટેલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૫.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈદ્યાનિક અને
સંસદીય બાબતોના વિભાગના
સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 3

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, MARCH 23, 1995/CAITRA 2, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૫.

તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 2 OF 1995.

THE BOMBAY TENANCY AND AGRICULTURAL LANDS (GUJARAT AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Bombay Tenancy and Agricultural Lands Act, 1948.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૫.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક

આથી ભારતના ગણરાજ્યના છેતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

સન ૧૯૪૮-ના મુંબઈના ૬૭મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૨. મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮માં, કલમ ૨માં, પેટા-કલમ (૬)માં,—

સન ૧૯૪૮-ના મુંબઈના ૬૭મો.

(૧) "જે જમીનનો સમગ્ર વિસ્તાર" એ શબ્દોથી શરુ થતો અને "એક એકત્રિત સમૂહમાં આવેલો હોય તેવી જમીનની" એ શબ્દોથી પૂરો થતો ભાગ કમી કરવો.

(૨) સ્પષ્ટીકરણ ૩ કમી કરવું.

ઉદ્દેશો અને કારણો

હાલમાં ગુજરાત રાજ્યમાં, ખેતીની જમીનનાં ગણોત સંબંધી ત્રણ જુદા જુદા કાયદાઓ અમલમાં છે. અગાઉના મુંબઈ રાજ્યના ગુજરાત વિસ્તારમાં, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ લાગુ પડે છે. જ્યારે અગાઉના સૌરાષ્ટ્ર રાજ્યના વિસ્તારમાં, સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટ-હુકમ, ૧૯૪૯ અને અગાઉના મુંબઈ રાજ્યના કચ્છ વિસ્તારમાં, મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીનો બાબતનો (વિદર્ભ પ્રદેશ અને કચ્છ ક્ષેત્ર) અધિનિયમ, ૧૯૫૮ અમલમાં છે. આ અધિનિયમોમાંથી માત્ર સન ૧૯૪૮ના મુંબઈના અધિનિયમથી, અગાઉના મુંબઈ રાજ્યના ગુજરાત વિસ્તારમાં, કોઈપણ વ્યકિત જુદા જુદા સ્થળે ખેતીની જમીન ધરાવી શકતી નથી. સન ૧૯૪૮ના સદરહુ મુંબઈ અધિનિયમની વિદ્યમાન કલમ ૨(૬), નીચેના બે પ્રકારના નિયંત્રણો મૂકે છે :—

(૧) પ્રથમ પ્રકાર, જમીન સંબંધી છે. જમીનનો સમગ્ર વિસ્તાર એક જ ગામમાં આવેલો હોવો જોઈએ અથવા તે એવી રીતે આવેલો હોય કે, જમીનનો કોઈપણ ટુકડો, પાંચ માઈલ એટલે કે આઠ કિલોમીટર કરતાં વધારે અંતરે હોવાથી બીજાથી છૂટો પડે નહિ અથવા જમીનનો સમગ્ર વિસ્તાર એક એકત્રિત સમૂહમાં રહે.

(૨) બીજો પ્રકાર, અંગત દેખરેખ માટે રહેણાંકની જરૂરીયાત સંબંધી છે. જે ગામમાં જમીન આવેલી હોય તે ગામમાં અથવા જમીનથી પંદર કિલોમીટર કરતાં વધુ ન હોય તેટલા અંતરે આવેલા બીજા ગામમાંના કોઈ સ્થળે રહેતી વ્યકિત દ્વારા અંગત દેખરેખ રાખવાની હોય છે.

આ નિયંત્રણો પ્રસ્તુત સમયે, અનુપસ્થિત જમીનદારોનો વર્ગ રચાતો અટકાવવા માટે નાંખ્યા હતા. પરંતુ સંદેશા વ્યવહારના સાધનોની ઝડપી વૃધ્ધિ, પરિવહનનો વિકાસ અને કૃષિ ક્ષેત્રે ટેકનોલોજી અને રોકાણના મુકત પ્રવાહને લીધે એક જ સ્થળે ખેતીની જમીન ધરાવવાની અને અંગત દેખરેખ અંગે રહેણાંકની જરૂરિયાતની કલ્પનાઓ તેનો અર્થ ગુમાવી દીધો છે. તદ્નુસાર આ નિયંત્રણો ચાલુ રહે તે કાલબાહ્ય અને ખેડૂતોને ક્ષોભકારક જ નહિ, પણ ખેતીના ધંધાના વિકાસને પણ અડચણરૂપ છે. તેથી, આ બે નિયંત્રણો દૂર કરવાનું અને રાજ્યના ઉપર્યુકત ત્રણ વિસ્તારોમાં કાયદાની એકરૂપતા રાખવાનું અને રાજ્યના આશરે ૭૫ ટકા વસ્તીનો હજુપણ આજીવિકાનો આધાર સ્તંભ હોય તેવી ખેતીના વધુમાં વધુ વિકાસ માટેની પરિસ્થિતિ ઉભી કરવાનું ઈષ્ટ છે આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે સદરહુ સન ૧૯૪૮ના મુંબઈ અધિનિયમની કલમ ૨ (૬) સુધારવા ધાર્યું છે.

તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૫.

અશોક ભટ્ટ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

ગાંધીનગર, તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 4 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] TUESDAY, MARCH 28, 1995/CAITRA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી માર્ચ, ૧૯૯૫.

તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૩નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારૂ, પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ

INDEX

INDEX

GUJARAT BILL NO. 3 OF 1995.

THE GUJARAT (SUPPLEMENTARY) APPROPRIATION BILL, 1995.

A BILL

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the year ending on the thirty-first day of March, 1995.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ—૧૨૭–અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૩.

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૧૯૯૫.

સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત (પૂરક) વિનિયોગ અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

સન ૧૯૯૪-૯૫ના નાણાંકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂ. ૧૩,૧૩,૭૪ ૬૩,૦૦૦ કાઢવા બાબત.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા એક હજાર ત્રણસો, તેર કરોડ, ચુમોતેર લાખ ત્રેસઠ હજારની રકમ આનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા અર્થ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

વિનિયોગ.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૨	કૃષિ.	મહેસૂલ	૮,૦૦૦	૧,૦૭,૨૯,૦૦૦	૧,૦૭,૩૭,૦૦૦
૩	નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ.	મહેસૂલ	૩,૬૪,૭૦,૦૦૦	–	૩,૬૪,૭૦,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૬,૫૧,૭૪,૦૦૦	૩,૦૦,૦૦૦	૦૬,૫૪,૭૪,૦૦૦
		મૂડી	૧૦,૬૩,૮૭,૦૦૦	–	૧૦,૬૩,૮૭,૦૦૦
૫	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૩૨,૭૮,૦૦૦	૮૫,૦૦૦	૩૩,૬૩,૦૦૦
		મૂડી	૫૦,૫૨,૦૦૦	--	૫૦,૫૨,૦૦૦
૬	સહકાર	મહેસૂલ	૨૩,૫૩,૦૦૦	–	૨૩,૫૩,૦૦૦
		મૂડી	૧૩,૮૫,૫૫,૦૦૦	--	૧૩,૮૫,૫૫,૦૦૦
૭	કૃષિ સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૫૩,૫૨,૦૦૦	–	૫૩,૫૨,૦૦૦
૮	શિક્ષણ વિભાગ.	મહેસૂલ	૬,૨૦,૦૦૦	--	૬,૨૦,૦૦૦
૯	શિક્ષણ.	મહેસૂલ	૭૯,૫૭,૬૧,૦૦૦	૧૫,૩૫,૬૪,૦૦૦	૯૪,૯૩,૨૫,૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૨,૨૭,૦૦૦	--	૩૨,૨૭,૦૦૦
		મૂડી	૪,૬૧,૨૯,૦૦૦	--	૪,૬૧,૨૯,૦૦૦
૧૧	ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૫,૬૦,૦૦૦	--	૫,૬૦,૦૦૦
૧૩	ઉર્જા પરિયોજનાઓ.	મહેસૂલ	૫,૦૨,૮૮,૦૦,૦૦૦	--	૫,૦૨,૮૮,૦૦,૦૦૦
		મૂડી	૩૭,૭૮,૦૦,૦૦૦	--	૩૭,૭૮,૦૦,૦૦૦
૧૪	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૨,૭૩,૦૦૦	--	૨,૭૩,૦૦૦
૧૫	નાણાં વિભાગ	મહેસૂલ	૧૨,૨૫,૦૦૦	--	૧૨,૨૫,૦૦૦
૧૬	કર વસૂલાત અંગે ખર્ચ (નાણાંવિભાગ)	મહેસૂલ	૧,૦૦૦	–	૧,૦૦૦
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૫૫,૫૪,૦૦૦	૧,૦૦૦	૫૫,૫૫,૦૦૦
૧૮	પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો	મહેસૂલ	૮૧,૦૮,૫૦,૦૦૦	–	૮૧,૦૮,૫૦,૦૦૦
૧૯	નાણાં વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૦૦૦	==	૧,૦૦૦
		મૂડી	૧,૩૭,૭૬,૯૧,૦૦૦	–	૧,૩૭,૭૬,૯૧,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધું રકમ		
			મંજૂરે કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૨૦	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ મૂડી	– –	૭,૪૨,૯૧,૦૦૦ ૩,૦૦૦	૭,૪૨,૯૧,૦૦૦ ૩,૦૦૦
૨૧	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૨૨,૫૦,૦૦૦	–	૨૨,૫૦,૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ મૂડી	૨૮,૮૯,૦૦૦ ૨,૩૧,૦૦૦	– –	૨૮,૮૯,૦૦૦ ૨,૩૧,૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ મૂડી	૧,૦૯,૩૭,૦૦૦ ૧૦,૬૨,૦૦૦	– –	૧,૦૯,૩૭,૦૦૦ ૧૦,૬૨,૦૦૦
૨૪	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૦,૫૫,૦૦૦	–	૧૦,૫૫,૦૦૦
૨૬	વન	મહેસૂલ મૂડી	૨,૬૨,૬૨,૦૦૦ ૨૪,૦૦,૦૦૦	૩,૮૬,૦૦૦ –	૨,૬૬,૪૮,૦૦૦ ૨૪,૦૦,૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૧,૦૦૦	–	૧,૦૦૦
૨૮	વન અને પર્યાવરણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	– ૧૭,૬૫,૦૦૦	૬૩,૦૦૦ –	૬૩,૦૦૦ ૧૭,૬૫,૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	–	૧૨,૯૧,૦૦૦	૧૨,૯૧,૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૧,૧૩,૭૫,૦૦૦	–	૧,૧૩,૭૫,૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૩૧,૩૭,૪૯,૦૦૦	–	૩૧,૩૭,૪૯,૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	–	૮,૯૦,૦૦૦	૮,૯૦,૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૩૩,૬૧,૦૦૦	–	૩૩,૬૧,૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૪૩,૧૨,૦૦૦	–	૪૩,૧૨,૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	૨૦,૦૦,૦૧,૦૦૦ ૩૦,૬૦,૦૦૦	– –	૨૦,૦૦,૦૧,૦૦૦ ૩૦,૬૦,૦૦૦
૩૭	ગુજરાત વિધાનસભા સચિવાલયના સરકારી કર્મચારીઓને લોન અને પેશગીઓ	મૂડી	૪,૭૨,૦૦૦	–	૪,૭૨,૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૧૩,૧૮,૦૦૦	–	૧૩,૧૮,૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૨૦,૯૯,૮૬,૦૦૦	૧,૬૩,૦૦૦	૨૧,૦૧,૪૯,૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૨,૬૯,૨૪,૦૦૦	–	૨,૬૯,૨૪,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૪૧	પાણી પુરવઠા	મહેસૂલ	૧,૦૬,૦૦,૦૦૦	૮૨,૦૦૦	૧,૦૬,૮૨,૦૦૦
		મૂડી	૧૧,૧૮,૩૫,૦૦૦	–	૧૧,૧૮,૩૫,૦૦૦
૪૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	મહેસૂલ	૫,૧૭,૦૯,૦૦૦	૧,૩૮,૦૦૦	૫,૧૮,૪૭,૦૦૦
	વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧,૦૨,૬૫,૦૦૦	–	૧,૦૨,૬૫,૦૦૦
૪૩	ગૃહ વિભાગ	મહેસૂલ	૪૦,૮૦,૦૦૦	–	૪૦,૮૦,૦૦૦
૪૪	પોલીસ	મહેસૂલ	૫૦,૫૫,૦૮,૦૦૦	૨,૯૮,૦૦૦	૫૦,૫૮,૦૬,૦૦૦
૪૫	જેલ	મહેસૂલ	૨,૭૫,૯૫,૦૦૦	૩૫,૦૦૦	૨,૭૬,૩૦,૦૦૦
૪૬	પરિવહન	મહેસૂલ	૨,૦૦૦	–	૨,૦૦૦
૪૭	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨,૦૦૦	૨,૯૭,૦૦૦	૨,૯૯,૦૦૦
		મૂડી	૪,૯૮,૧૮,૦૦૦	–	૪,૯૮,૧૮,૦૦૦
૪૮	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૬,૦૦,૦૦૦	–	૬,૦૦,૦૦૦
૪૯	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૪૩,૭૮,૦૦૦	–	૪૩,૭૮,૦૦૦
૫૦	ઉદ્યોગો	મહેસૂલ	૧૧,૩૧,૪૭,૦૦૦	૨,૦૦૦	૧૧,૩૧,૪૯,૦૦૦
		મૂડી	૧૨,૭૭,૫૨,૦૦૦	–	૧૨,૭૭,૫૨,૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૩,૬૦,૦૦૦	૮,૦૦૦	૩૩,૬૮,૦૦૦
		મૂડી	૧૩,૨૪,૦૦૦	–	૧૩,૨૪,૦૦૦
૫૩	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૪,૭૫,૦૦૦	–	૪,૭૫,૦૦૦
૫૫	પ્રવાસન	મહેસૂલ	૧,૦૦૦	–	૧,૦૦૦
૫૬	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭,૬૫,૦૦૦	–	૭,૬૫,૦૦૦
૫૯	શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૭,૩૬,૦૦૦	–	૧૭,૩૬,૦૦૦
૬૧	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	–	૨૩,૩૫,૦૦૦	૨૩,૩૫,૦૦૦
૬૨	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭,૮૧,૦૦૦	–	૭,૮૧,૦૦૦
૬૩	બંધારણિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૫૫,૦૦૦	–	૫૫,૦૦૦
૬૫	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૨,૩૦,૦૦૦	–	૨,૩૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજુર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૬૭	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૧,૭૪,૫૦,૦૦૦	૪૧,૯૯,૦૦૦	૧૨,૧૬,૪૯,૦૦૦
		મૂડી	—	૧,૧૭,૦૩,૦૦૦	૧,૧૭,૦૩,૦૦૦
૬૮	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૫,૦૦૦	૧,૫૫,૫૦,૦૦૦	૧,૫૫,૭૫,૦૦૦
		મૂડી	૫૧,૧૨,૦૦૦	—	૫૧,૧૨,૦૦૦
૬૯	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ	મહેસૂલ	૧૬,૬૭,૦૦૦	—	૧૬,૬૭,૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૧,૫૮,૬૫,૦૦૦	૩,૦૦૦	૧,૫૮,૬૮,૦૦૦
૭૧	ગ્રામ ગૃહનિર્માણ	મહેસૂલ	૧,૬૦,૬૦,૦૦૦	૫,૫૭,૮૧,૦૦૦	૭,૧૮,૪૧,૦૦૦
૭૨	વળતર અને સોંપણી	મહેસૂલ	૩,૫૨,૭૨,૦૦૦	—	૩,૫૨,૭૨,૦૦૦
૭૩	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૭૭,૯૦,૦૦૦	—	૧,૭૭,૯૦,૦૦૦
		મૂડી	૯૧,૭૭,૦૦૦	—	૯૧,૭૭,૦૦૦
૭૪	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૬૦,૫૫,૦૦૦	—	૬૦,૫૫,૦૦૦
૭૫	કર વસૂલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	—	૨,૦૦૦	૨,૦૦૦
૭૬	જિલ્લા વહીવટ	મહેસૂલ	૪,૯૬,૧૫,૦૦૦	—	૪,૯૬,૧૫,૦૦૦
૭૭	કુદરતી આફત અંગે રાહત	મહેસૂલ	૩૮,૯૩,૦૦,૦૦૦	—	૩૮,૯૩,૦૦,૦૦૦
		મૂડી	૧૦,૦૦,૦૦,૦૦૦	—	૧૦,૦૦,૦૦,૦૦૦
૭૮	ડાંગ જિલ્લો	મહેસૂલ	૫૪,૯૬,૦૦૦	—	૫૪,૯૬,૦૦૦
૭૯	વળતર અને સોંપણી	મહેસૂલ	૫,૨૨,૭૦,૦૦૦	૨,૦૦૦	૫,૨૨,૭૨,૦૦૦
૮૦	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૪૪,૨૬,૦૦૦	—	૪૪,૨૬,૦૦૦
૮૨	બિનરહેણાંક મકાનો	મહેસૂલ	૩,૨૧,૩૮,૦૦૦	—	૩,૨૧,૩૮,૦૦૦
		મૂડી	૬૯,૯૩,૦૦૦	૧,૭૧,૦૦૦	૭૧,૬૪,૦૦૦
૮૩	રહેણાંક મકાનો	મહેસૂલ	...	૫૧,૦૦૦	૫૧,૦૦૦
		મૂડી	...	૫૪,૦૦૦	૫૪,૦૦૦
૮૪	માર્ગો અને પુલો	મહેસૂલ	૨૭,૮૦,૦૦૦	૬૫,૨૬,૦૦૦	૯૩,૦૬,૦૦૦
		મૂડી	૪૫,૬૦,૭૦,૦૦૦	૨૦,૧૧,૦૦૦	૪૫,૮૦,૮૧,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૮૬	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મૂડી	...	૧૨,૬૫,૦૦૦	૧૨,૬૫,૦૦૦
૮૭	માર્ગ અને મકાન બાંધકામ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૨,૪૦,૦૦૦	૨,૧૯,૯૮,૦૦૦	૨,૫૨,૩૮,૦૦૦
		મૂડી	૧,૨૫,૭૭,૦૦૦	...	૧,૨૫,૭૭,૦૦૦
૮૮	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	મહેસૂલ	૧૦,૯૧,૦૦૦	...	૧૦,૯૧,૦૦૦
૮૯	રાજ્ય આબકારી	મહેસૂલ	૨૦,૭૫,૦૦૦	...	૨૦,૭૫,૦૦૦
૯૦	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૧૫,૧૨,૫૯,૦૦૦	૪૪,૧૪,૦૦૦	૧૫,૫૬,૭૩,૦૦૦
૯૧	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૯,૫૫,૦૦૦	...	૯,૫૫,૦૦૦
૯૨	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૧,૧૩,૦૦૦	...	૨૧,૧૩,૦૦૦
૯૩	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મૂડી	૧,૫૩,૦૮,૦૦૦	...	૧,૫૩,૦૮,૦૦૦
૯૪	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૩,૦૦૦	૫૬,૮૬,૦૦૦	૫૬,૮૯,૦૦૦
		મૂડી	૨,૨૩,૪૧,૦૦૦	૫૧,૬૮,૦૦૦	૨,૭૫,૦૯,૦૦૦
૯૫	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૩,૦૦,૦૦૦	...	૩,૦૦,૦૦૦
૯૬	શહેરી ગૃહ નિર્માણ	મહેસૂલ	...	૪,૮૦,૧૯,૦૦૦	૪,૮૦,૧૯,૦૦૦
		મૂડી	૧,૫૮,૫૯,૦૦૦	...	૧,૫૮,૫૯,૦૦૦
૯૭	શહેરી વિકાસ	મહેસૂલ	૪૮,૯૭,૦૦૦	...	૪૮,૯૭,૦૦૦
		મૂડી	૪૭,૬૬,૪૦,૦૦૦	...	૪૭,૬૬,૪૦,૦૦૦
૯૮	વળતર, સોંપણી અને કરવસુલાત અંગે ખર્ચ	મહેસૂલ	૧,૩૪,૦૦,૦૦૦	...	૧,૩૪,૦૦,૦૦૦
૯૯.	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૯,૪૩,૦૦૦	...	૯,૪૩,૦૦૦
૧૦૧	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૨૩,૭૫,૦૦૦	...	૨૩,૭૫,૦૦૦
૧૦૨	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૪,૧૩,૦૦૦	...	૪,૧૩,૦૦૦
		મહેસૂલ	૯,૨૧,૦૩,૬૭,૦૦૦	૪૦,૭૧,૮૯,૦૦૦	૯,૬૧,૭૫,૫૬,૦૦૦
	કુલ	મૂડી	૩,૪૯,૯૫,૩૨,૦૦૦	૨,૦૩,૭૫,૦૦૦	૩,૫૧,૯૯,૦૭,૦૦૦
	કુલ સરવાળો:		૧૨,૭૦,૯૮,૯૯,૦૦૦	૪૨,૭૫,૬૪,૦૦૦	૧૩,૧૩,૭૪,૬૩,૦૦૦

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ સંબંધી ચાલુ સેવાઓ અને હેતુઓ માટે ખર્ચને પહોંચી વળવા માટે જોઈતા નાણાંના વિનિયોગ અર્થે જોગવાઈ કરવા માટે, આ વિધેયક, ભારતના સંવિધાનની કલમ ૨૦૫ સાથે વાંચતા તેની કલમ ૨૦૪ અનુસાર દાખલ કરવામાં આવે છે.

આ રકમો નીચે દર્શાવેલી છે :—

(ક) મહેસૂલી ખર્ચ		રૂ.	૯,૬૧,૭૫,૫૬,૦૦૦
(ખ) મૂડી ખર્ચ		રૂ.	૩,૫૧,૯૯,૦૩,૦૦૦
	કુલ	રૂ.	૧૩,૧૩,૭૪,૬૩,૦૦૦

તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૫.

સુરેશ મહેતા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૫.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોનો વિભાગના
સચિવ.

IX Ex. 4–3

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 5 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] WEDNESDAY, MARCH 29, 1995/CAITRA 8, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૧૯૯૫.

તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૪નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 4 OF 1995.

THE GUJARAT APPROPRIATION (VOTE ON ACCOUNT) BILL, 1995.

A BILL

to authorise withdrawal of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of a part of the financial year ending on the thirty first day of March, 1996.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ—૧૨૭—અ ના પર તુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૪.

ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક, ૧૯૯૫.

સન ૧૯૯૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના આંશિક ભાગની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમોનો ઉપાડ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

૧. આ અધિનિયમ 'ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે. — ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા ત્રણ હજાર ત્રણસો સત્તાવીસ કરોડ, છયાંસી લાખ, ત્રણ હજારની રકમનો ઉપાડ, સન ૧૯૯૫—૧૯૯૬ ના નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં ખર્ચ આપવાનાં થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી કરી શકાશે. — **સન ૧૯૯૫-૯૬ના નાણાંકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂા.૩,૩,૨૭,૮૬૦૩,૦૦૦ ઉપાડવા બાબત.**

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના ફંડમાંથી જે રકમનો ઉપાડ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષ માટે અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો. — **વિનિયોગ.**

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
		મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી		કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૮૪,૧૬,૦૦૦	...	૮૪,૧૬,૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૯૭,૩૧,૪૮,૦૦૦	...	૯૭,૩૧,૪૮,૦૦૦
		મૂડી	૧,૬૮,૩૪,૦૦૦	...	૧,૬૮,૩૪,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૮,૪૬,૮૧,૦૦૦	...	૮,૪૬,૮૧,૦૦૦
		મૂડી	૩૦,૮૩,૦૦૦	...	૩૦,૮૩,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૧૧,૧૩,૭૧,૦૦૦	...	૧૧,૧૩,૭૧,૦૦૦
		મૂડી	૧,૩૩,૦૦૦	...	૧,૩૩,૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૬,૪૩,૭૫,૦૦૦	...	૬,૪૩,૭૫,૦૦૦
		મૂડી	૪,૯૫,૭૭,૦૦૦	...	૪,૯૫,૭૭,૦૦૦
૬	કૃષિ, સહકાર અને ગ્રામવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨,૩૩,૪૦,૦૦૦	...	૨,૩૩,૪૦,૦૦૦
૭	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૪૮,૩૮,૦૦૦	...	૪૮,૩૮,૦૦૦
૮	શિક્ષણ	મહેસૂલ	૫,૮૧,૬૬,૫૦,૦૦૦	૧૫,૯૦,૩૩,૦૦૦	૫,૯૭,૫૬,૮૩,૦૦૦
		મૂડી	૧,૬૫,૦૦૦	...	૧,૬૫,૦૦૦
૯	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૬૩,૫૪,૦૦૦	...	૧,૬૩,૫૪,૦૦૦
		મૂડી	૨૮,૬૮,૧૭,૦૦૦	...	૨૮,૬૮,૧૭,૦૦૦
૧૦	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૧૯,૬૭,૦૦૦	...	૧૯,૬૭,૦૦૦
૧૧	કર વસુલાત અંગે ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૧,૦૨,૦૦,૦૦૦	...	૧,૦૨,૦૦,૦૦૦
૧૨	ઉર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૧,૬૫,૦૦,૦૦૦	...	૧,૬૫,૦૦,૦૦૦
૧૩	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૮,૪૦,૦૦૦	...	૧૮,૪૦,૦૦૦
૧૪	નાણાં વિભાગ	મહેસૂલ	૯૮,૮૩,૦૦૦	...	૯૮,૮૩,૦૦૦
		મૂડી	૧,૩૫,૦૦૦	...	૧,૩૫,૦૦૦
૧૫	કર વસુલાત અંગે ખર્ચ (નાણાં વિભાગ)	મહેસૂલ	૧૦,૬૪,૮૭,૦૦૦	...	૧૦,૬૪,૮૭,૦૦૦
૧૬	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૬,૮૯,૭૩,૦૦૦	...	૬,૮૯,૭૩,૦૦૦
૧૭	પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ	મહેસૂલ	૧,૧૧,૦૯,૧૭,૦૦૦	૩,૩૩,૦૦૦	૧,૧૫,૧૨,૫૦,૦૦૦
૧૮	નાણાં વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૩૬,૦૧,૭૭,૦૦૦	...	૧,૩૬,૦૧,૭૭,૦૦૦
		મૂડી	૨,૧૯,૩૨,૦૦૦	૩૪,૦૦૦	૨,૧૯,૬૬,૦૦૦
૧૯	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ	...	૪,૦૧,૦૮,૦૩,૦૦૦	૪,૦૧,૦૮,૦૩,૦૦૦
		મૂડી	...	૨,૧૮,૭૬,૨૪,૦૦૦	૨,૧૮,૭૬,૨૪,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૨૦	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૧,૧૦,૧૪,૦૦૦	—	૧,૧૦,૧૪,૦૦૦
૨૧	નાગરિક પુરવઠો	મહેસૂલ	૭,૭૩,૯૬,૦૦૦	—	૭,૭૩,૯૬,૦૦૦
		મૂડી	૩૪,૦૦૦	—	૩૪,૦૦૦
૨૨	અન્ન	મહેસૂલ	૨,૨૭,૨૭,૦૦૦	—	૨,૨૭,૨૭,૦૦૦
		મૂડી	૭,૯૦,૦૦૦	—	૭,૯૦,૦૦૦
૨૩	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૮,૧૦,૦૦૦	—	૩૮,૧૦,૦૦૦
૨૪	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૨૨,૦૬,૦૦૦	—	૨૨,૦૬,૦૦૦
૨૫	વન	મહેસૂલ	૧૮,૦૧,૦૬,૦૦૦	—	૧૮,૦૧,૦૬,૦૦૦
		મૂડી	૧૩,૮૦,૦૭,૦૦૦	—	૧૩,૮૦,૦૭,૦૦૦
૨૬	પર્યાવરણ	મહેસૂલ	૩૬,૦૦,૦૦૦	—	૩૬,૦૦,૦૦૦
૨૭	વન અને પર્યાવરણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭૭,૮૦,૦૦૦	—	૭૭,૮૦,૦૦૦
૨૮	રાજ્યપાલ	મહેસૂલ	...	૨૯,૩૧,૦૦૦	૨૯,૩૧,૦૦૦
૨૯	મંત્રી પરિષદ	મહેસૂલ	૯૪,૯૨,૦૦૦	—	૯૪,૯૨,૦૦૦
૩૦	ચૂંટણી	મહેસૂલ	૧,૬૩,૧૦,૦૦૦	—	૧,૬૩,૧૦,૦૦૦
૩૧	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૭,૩૩,૦૦૦	૪૬,૭૧,૦૦૦	૫૪,૦૪,૦૦૦
૩૨	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૩,૪૨,૬૬,૦૦૦	—	૩,૪૨,૬૬,૦૦૦
૩૩	આર્થિક બાબતો અંગે સલાહ અને આંકડા	મહેસૂલ	૧,૪૬,૩૫,૦૦૦	—	૧,૪૬,૩૫,૦૦૦
૩૪	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૨,૪૮,૯૭,૦૦૦	—	૨૨,૪૮,૯૭,૦૦૦
		મૂડી	૧,૮૫,૮૦,૦૦૦	—	૧,૮૫,૮૦,૦૦૦
૩૫	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૧,૪૦,૧૮,૦૦૦	૧,૩૪,૦૦૦	૧,૪૧,૫૨,૦૦૦
૩૬	ગુજરાત વિધાનસભા સચિવાલયના સરકારી કર્મચારીઓ ને લોન અને પેશગીઓ	મૂડી	૧૯,૭૪,૦૦૦	—	૧૯,૭૪,૦૦૦
૩૭	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૬૯,૭૬,૦૦૦	—	૬૯,૭૬,૦૦૦
૩૮	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧,૦૫,૪૦,૯૨,૦૦૦	...	૧,૦૫,૪૦,૯૨,૦૦૦
૩૯	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૨૨,૫૪,૨૬,૦૦૦	—	૨૨,૫૪,૨૬,૦૦૦
૪૦	પાણી પુરવઠો	મહેસૂલ	૩૨,૪૧,૨૨,૦૦૦	—	૩૨,૪૧,૨૨,૦૦૦
		મૂડી	૧૯,૧૬,૬૭,૦૦૦	—	૧૯,૧૬,૬૭,૦૦૦
૪૧	આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૨,૬૫,૦૨,૦૦૦	—	૧૨,૬૫,૦૨,૦૦૦
		મૂડી	૪,૧૨,૧૪,૦૦૦	—	૪,૧૨,૧૪,૦૦૦
૪૨	ગૃહ વિભાગ	મહેસૂલ	૬૪,૫૭,૦૦૦	...	૬૪,૫૭,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારવી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૪૩	પોલીસ	મહેસૂલ	૧,૧૭,૯૦,૮૨,૦૦૦	...	૧,૧૭,૯૦,૮૨,૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૩,૯૬,૨૨,૦૦૦	...	૩,૯૬,૨૨,૦૦૦
૪૫	પરિવહન	મહેસૂલ	૪,૩૪,૮૨,૦૦૦	...	૪,૩૪,૮૨,૦૦૦
		મૂડી	૩,૩૩,૩૩,૦૦૦	...	૩,૩૩,૩૩,૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭,૮૧,૪૨,૦૦૦	૫૦,૦૦૦	૭,૮૧,૯૨,૦૦૦
		મૂડી	૪,૯૦,૩૩,૦૦૦	...	૪,૯૦,૩૩,૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૪૦,૯૨,૦૦૦	...	૪૦,૯૨,૦૦૦
૪૮	લેખન સામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૭,૭૫,૩૭,૦૦૦	...	૭,૭૫,૩૭,૦૦૦
૪૯	ઉદ્યોગો	મહેસૂલ	૨૬,૯૬,૪૨,૦૦૦	...	૨૬,૯૬,૪૨,૦૦૦
		મૂડી	૧૩,૬૨,૯૨,૦૦૦	...	૧૩,૬૨,૯૨,૦૦૦
૫૦	ખાણ અને ખનિજ	મહેસૂલ	૩,૩૦,૦૩,૦૦૦	...	૩,૩૦,૦૩,૦૦૦
૫૧	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૯,૧૭,૦૦૦	...	૨૯,૧૭,૦૦૦
		મૂડી	૮૮,૭૦,૦૦૦	...	૮૮,૭૦,૦૦૦
૫૨	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૧૧,૪૦,૦૦૦	...	૧૧,૪૦,૦૦૦
૫૩	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૪,૩૯,૭૨,૦૦૦	...	૪,૩૯,૭૨,૦૦૦
૫૪	પ્રવાસન	મહેસૂલ	૧,૦૦,૧૩,૦૦૦	...	૧,૦૦,૧૩,૦૦૦
		મૂડી	૮,૩૩,૦૦૦	...	૮,૩૩,૦૦૦
૫૫	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦,૩૭,૦૦૦	...	૧૦,૩૭,૦૦૦
		મૂડી	૩૩,૬૦,૦૦૦	...	૩૩,૬૦,૦૦૦
૫૬	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૨૪,૧૪,૦૦૦	...	૨૪,૧૪,૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૧૬,૭૩,૩૫,૦૦૦	...	૧૬,૭૩,૩૫,૦૦૦
		મૂડી	૩૩,૦૦૦	...	૩૩,૦૦૦
૫૮	શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૮૪,૨૦,૦૦૦	...	૮૪,૨૦,૦૦૦
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૩૪,૬૮,૦૦૦	...	૩૪,૬૮,૦૦૦
		મૂડી	૮,૦૦૦	...	૮,૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૧૩,૨૮,૫૩,૦૦૦	૧,૮૪,૯૩,૦૦૦	૧૫,૧૩,૫૪,૦૦૦
૬૧	કાનૂન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૨,૮૫,૦૦૦	...	૫૨,૮૫,૦૦૦
		મૂડી	૬૦,૦૫,૦૦૦	...	૬૦,૦૫,૦૦૦
૬૨	વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૨૮,૩૨,૦૦૦	...	૨૮,૩૨,૦૦૦
૬૩	વૈદ્યાનિક અને સંસદીય બાબતોન વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૮,૯૦,૦૦૦	...	૮,૯૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૬૪	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૭૧,૭૫,૦૦૦	...	૭૧,૭૫,૦૦૦
૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૩,૦૧,૩૨,૪૧,૦૦૦	...	૩,૦૧,૩૨,૪૧,૦૦૦
૬૬	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧,૮૪,૪૦,૯૮,૦૦૦	...	૧,૮૪,૪૦,૯૮,૦૦૦
		મૂડી	૫૭,૯૨,૯૦,૦૦૦	...	૫૭,૯૨,૯૦,૦૦૦
૬૭	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ	૪,૯૭,૦૦૦	...	૪,૯૭,૦૦૦
		મૂડી	૩,૬૪,૬૨,૦૦૦	...	૩,૬૪,૬૨,૦૦૦
૬૮	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.	મહેસૂલ	૪૮,૨૮,૦૦૦	...	૪૮,૨૮,૦૦૦
૬૯	સમૂહ વિકાસ	મહેસૂલ	૩૧,૮૧,૯૭,૦૦૦	...	૩૧,૮૧,૯૭,૦૦૦
૭૦	ગ્રામીણ ગૃહ નિર્માણ	મહેસૂલ	૧૧,૨૧,૮૭,૦૦૦	૧૮,૫૨,૦૩,૦૦૦	૨૯,૭૩,૯૦,૦૦૦
		મૂડી	૧,૩૧,૩૩,૦૦૦	...	૧,૩૧,૩૩,૦૦૦
૭૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૬,૮૪,૭૬,૦૦૦	...	૬,૮૪,૭૬,૦૦૦
૭૨	પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ	૩,૬૧,૪૩,૦૦૦	...	૩,૬૧,૪૩ ૦૦૦
		મૂડી	૮,૯૦,૦૬,૦૦૦	...	૮,૯૦,૦૬,૦૦૦
૭૩	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૪,૦૭,૬૧,૦૦૦	...	૪,૦૭,૬૧,૦૦૦
		મૂડી	૬૮,૫૦,૦૦૦	...	૬૮,૫૦,૦૦૦
૭૪	બંદરો	મૂડી	૪,૬૬,૩૩,૦૦૦	...	૪ ૬૬,૩૩,૦૦૦
૭૫	બંદરો અને મત્સ્યોધોગ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ	૧૨,૯૬,૦૦૦	...	૧૨,૯૬,૦૦૦
		મૂડી	૨૭,૧૦,૦૦૦	...	૨૭,૧૦,૦૦૦
૭૬	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૧,૧૩,૧૨,૦૦૦	...	૧,૧૩,૧૨,૦૦૦
૭૭	કર વસુલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૧૦,૫૧,૦૪,૦૦૦	...	૧૦,૫૧,૦૪,૦૦૦
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૧૦,૩૮,૬૨,૦૦૦	...	૧૦,૩૮,૬૨,૦૦૦
૭૯	કુદરતી આફતો અંગે રાહત	મહેસૂલ	૨૬,૫૮,૩૩,૦૦૦	...	૨૬,૫૮,૩૩,૦૦૦
		મૂડી	૧,૭૫,૦૦,૦૦૦	...	૧,૭૫,૦૦,૦૦૦
૮૦	ડાંગ જિલ્લો	મહેસૂલ	૪,૭૬,૩૦,૦૦૦	...	૪,૭૬,૩૦,૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૩,૧૪,૫૩,૦૦૦	૯,૦૭,૦૦૦	૩,૨૩,૬૦,૦૦૦
		મૂડી	૧૯,૬૭,૦૦૦	૭,૬૬,૦૦૦	૨૭,૩૩,૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૭,૪૩,૦૦૦	૧,૦૦૦	૧૭,૪૪,૦૦૦
		મૂડી	૧,૯૨,૪૯,૦૦૦	...	૧,૯૨,૪૯,૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૮૧,૪૦,૦૦૦	...	૮૧,૪૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	ઓકત્રિત ફંડ ખાતે ધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૮૪	બિન-રહેણાંક મકાનો	મહેસૂલ	૩૨,૮૬,૭૦,૦૦૦	૧,૦૪,૦૦૦	૩૨,૮૭,૭૪,૦૦૦
		મૂડી	૧૨,૨૪,૫૮,૦૦૭	...	૧૨,૨૪,૫૮,૦૦૦
૮૫	રહેણાંકના મકાનો	મહેસૂલ	૧૩,૮૪,૩૨,૦૦૦	...	૧૩,૮૪,૩૨,૦૦૦
		મૂડી	૨,૬૫,૩૭,૦૦૦	...	૨,૬૫,૩૭,૦૦૦
૮૬	માર્ગો અને પુલ	મહેસૂલ	૭૯,૬૪,૦૨,૦૦૦	...	૭૯,૬૪,૦૨,૦૦૦
		મૂડી	૧૮,૮૫,૬૭,૦૦૦	...	૧૮,૮૫,૬૭,૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૯૦,૪૮,૦૦૦	...	૯૦,૪૮,૦૦૦
		મૂડી	૨,૩૫,૦૦,૦૦૦	...	૨,૩૫,૦૦,૦૦૦
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ	૨,૨૯,૭૦,૦૦૦	...	૨,૨૯,૭૦,૦૦૦
		મૂડી	૧,૮૯,૬૩,૦૦૦	...	૧,૮૯,૬૩,૦૦૦
૮૯	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	મહેસૂલ	૩૭,૮૦,૦૦૦	...	૩૭,૮૦,૦૦૦
૯૦	રાજ્ય આબકારી	મહેસૂલ	૯૩,૬૦,૦૦૦	...	૯૩,૬૦,૦૦૦
૯૧	સામાજિક સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૨૫,૫૨,૨૪,૦૦૦	૧૦,૦૦,૦૦૦	૨૫,૬૨,૨૪,૦૦૦
		મૂડી	૪૪,૪૭,૦૦૦	...	૪૪,૪૭,૦૦૦
૯૨	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૯,૮૫,૬૧,૦૦૦	...	૯,૮૫,૬૧,૦૦૦
		મૂડી	૧૮,૭૨,૦૦૦	...	૧૮,૭૨,૦૦૦
૯૩	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭૨,૯૫,૦૦૦	...	૭૨,૯૫,૦૦૦
૯૪	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૪૦,૭૨,૧૫,૦૦૦	...	૪૦,૭૨,૧૫,૦૦૦
		મૂડી	૧,૮૯,૩૫,૦૦૦	...	૧,૮૯,૩૫,૦૦૦
૯૫	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૯૩,૯૨,૯૫,૦૦૦	...	૯૩,૯૨,૯૫,૦૦૦
		મૂડી	૨૫,૫૦,૦૬,૦૦૦	...	૨૫,૫૦,૦૬,૦૦૦
૯૬	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૨૫,૦૭,૦૦૦	...	૨૫,૦૭,૦૦૦
૯૭	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૨,૮૪,૨૨,૦૦૦	૪,૫૩,૫૫,૦૦૦	૭,૩૭,૭૭,૦૦૦
		મૂડી	૧,૭૮,૧૦,૦૦૦	...	૧,૭૮,૧૦,૦૦૦
૯૮	શહેરી વિકાસ	મહેસૂલ	૧૮,૮૮,૩૯,૦૦૦	...	૧૮,૮૮,૩૯,૦૦૦
		મૂડી	૩,૧૨,૦૦,૦૦૦	...	૩,૧૨,૦૦,૦૦૦
૯૯	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગે ખર્ચ.	મહેસૂલ	૧૦,૦૦,૦૦,૦૦૦	૨,૩૩,૬૮,૦૦૦	૧૨,૩૩,૬૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલ	કુલ
૧	૨			૩	
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૪,૭૩,૦૦૦	...	૩૪,૭૩,૦૦૦
		મૂડી	૩૦,૫૫,૦૦૦	...	૩૦,૫૫,૦૦૦
૧૦૧	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ.	મહેસૂલ	૧૧,૭૪,૦૦૦	...	૧૧,૭૪,૦૦૦
૧૦૨	યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ	મહેસૂલ	૩,૧૬,૦૪,૦૦૦	...	૩,૧૬,૦૪,૦૦૦
૧૦૩	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૭,૭૫,૦૦૦	...	૧૭,૭૫,૦૦૦
	સરવાળો	મહેસૂલ	૨૦,૬૩,૫૪,૯૫,૦૦૦	૪,૪૫,૨૩,૯૦,૦૦૦	૨૫,૦૮,૭૮,૮૫,૦૦૦
		મૂડી	૬,૦૦,૨૨,૯૪,૦૦૦	૨,૧૮,૮૪,૨૪,૦૦૦	૮,૧૯,૦૭,૧૮,૦૦૦
	કુલ સરવાળો		૨૬,૬૩,૭૭,૮૯,૦૦૦	૬,૬૪,૦૮,૧૪,૦૦૦	૩૩,૨૭,૮૬,૦૩,૦૦૦

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા. ૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

સન ૧૯૭૨નો ગુજરાતનો ૧૦મો. સન ૧૯૭૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો. ૨. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨માં, કલમ ૧૦માં, પેટા-કલમ (૧)માં, "પંદર કરોડ રૂપિયા" એ શબ્દો જે ત્રણ જગાએ આવે છે ત્યાં તેને બદલે, "વીસ કરોડ રૂપિયા" એ શબ્દો મૂકવા.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૧૦ની પેટા--કલમ (૧)થી, પોતાનાં કાર્યો બજાવવાના હેતુ માટે અથવા તે સાથે સંકળાયેલા હેતુઓ માટે, કોર્પોરેશનને જોઈતી મૂડી તરીકે પંદર કરોડ રૂપિયાથી વધુ ન હોય તેવી રકમની જોગવાઈ કોર્પોરેશન માટે કરવાની સત્તા રાજ્ય સરકારને મળે છે. ઉપર્યુકત હેતુઓ માટે, કોર્પોરેશનને જોઈતી મૂડી તરીકે રાજ્ય સરકારને યોગ્ય લાગે તેટલી વીસ કરોડ રૂપિયાથી વધુ ન હોય તેવી રકમની જોગવાઈ, રાજ્ય સરકાર કોર્પોરેશન માટે વખતોવખત કરી શકે તે દ્રષ્ટિએ, કોર્પોરેશનની મૂડીની ટોચ મર્યાદા પંદર કરોડ રૂપિયાથી વધારીને વીસ કરોડ રૂપિયા કરવાનું જરૂરી જણાયું છે. ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે, આ વિધેયકથી, અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે.

કાનજીભાઈ પટેલ.

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૨થી, અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે જેનાથી, કોર્પોરેશનની મૂડીની વિદ્યમાન ટોચ મર્યાદા, પંદર કરોડ રૂપિયા છે તે વીસ કરોડ રૂપિયા સુધી વધારીને, રાજ્ય સરકારને યોગ્ય લાગે તેટલી વીસ કરોડ રૂપિયાથી વધુ ન હોય તેવી રકમની મૂડી તરીકે કોર્પોરેશન માટે વખતોવખત જોગવાઈ કરવાની સત્તા રાજ્ય સરકારને મળે છે. આમ, આ વિધેયકથી, પાંચ કરોડ રૂપિયા સુધીનું વધારાનું આનાવર્તક ખર્ચ થશે; અને રાજ્ય સરકાર યોગ્ય લાગે તે પ્રમાણે, વખતોવખત તે ખર્ચ કરશે.

તારીખ ૧લી જૂન, ૧૯૯૫ **કાનજીભાઈ પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨જી જૂન, ૧૯૯૫

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 15 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JUNE 8, 1995/JYAISTHA 18, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએસટી-૨) જીએસટી/૧૦૯૫/(એસ-૨૩)(૯)/ઠ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT SALES TAX ACT, 1969

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ હેઠળ જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૨મી મે, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએલએમ-૭) જીએસટી/૧૦૯૫/(એસ-૨૩)/(૯)/ઠ.— ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧૯) ની કલમ ૨૩ ની પેટા-કલમ (૨) ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯ સાથે જોડેલી અનુસૂચિ ૨માં ભાગ "ક"ની અનુક્રમાંક નોંધ ૧૪૩ નીચે પ્રમાણે સુધારે છે.—

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ને જોડેલી અનુસૂચિ ૨માં, ભાગ-ક માં અનુક્રમાંક નોંધ ૧૪૩ ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

૧	૨	૩	૪
"૧૪૩	(ક) પ્રતિબંધ સહેજ ચિકોરીનાં મૂળ	રૂપિયે પાંચ પૈસા	રૂપિયે પાંચ પૈસા
	(ખ) સહેજ અથવા સૂકવેલ ચિકોરીની ગાંઠો અથવા ચિકોરીનાં મૂળ.	રૂપિયે પાંચ પૈસા	રૂપિયે પાંચ પૈસા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

Extra No. 16 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, JUNE 12, 1995/JYAISTHA 22, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી જુન, ૧૯૯૫.

તારીખ ૧૨મી જૂન, ૧૯૯૫ ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૫ ના ગુજરાત વિધેયક ક્રમાંક ૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના સંયુકત સચિવ,

INDEX

INDEX

Gujarat Bill No. 6 of 1995.

THE BOMBAY LAND REVENUE (GUJARAT AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Bombay Land Revenue Code, 1879.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે.—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૬

મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૫.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેતાલીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકીસંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૮૭૯નો મુંબઈનો પમો.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૫૭ને બદલે નવી કલમ મૂકવા બાબત.

૨. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં, કલમ ૧૫૭ને બદલે, નીચેની કલમ મૂકવી.—

મહેસૂલ ન આપનારની ગિરફતારી અને અટકાયત.

"૧૫૭(૧). બાકી લેણી થયા પછી કોઈ સમયે, (જેની પાસેથી તેના ભોગવટાના સંબંધમાં આવી બાકી લેણી હોય તેવા ખેડૂત સિવાયના) મહેસૂલ ન આપનારને, ગિરફતાર કરી શકાશે અને તેને કલેકટર અથવા મામલતદારની કચેરીમાં દસ દિવસ સુધી કસ્ટડીમાં અટકાયતમાં રાખી શકાશે, સિવાય કે દંડ અથવા વ્યાજ સહિતનું લેણું થયેલું મહેસૂલ અને ગિરફતારી અંગેનો અને માગણાની નોટિસ, જો હોય તો તેનો ખર્ચ તથા અટકાયત દરમિયાન જીવન-નિર્વાહનો ખર્ચ તરત જ ભરી દેવામાં આવેલો હોય :

પરંતુ, ગુનો જાણીબુઝીને કરેલો હોય અને મહેસૂલ ન ભરનારને તેની ગિરફતારી અને અટકાયત સામે કારણ દર્શાવવાની તક આપવામાં આવી હોય તે સિવાય, આવી કોઈ ગિરફતારી કરી શકશે નહિ.

(૨) મહેસૂલ ન આપનાર પાસેની લેણી રકમ દસ દિવસ પૂરા થયા પછી ભરવામાં ન આવે ત્યારે અથવા કલેકટરને યોગ્ય લાગે તો કોઈપણ વહેલી તારીખે, અનુસૂચિ-ગના નમૂના પ્રમાણેના વોરંટ સહિત, જિલ્લાની દીવાની જેલમાં કેદમાં રાખવા માટે તેને મોકલી શકશે:

પરંતુ મહેસૂલ ન આપનાર, કોઈને તેની મહેસૂલની જે બાકી લેણી હોય તે બાકીની રકમ જેટલા જ દેવા માટે દીવાની કોર્ટના હુકમનામાની બજવણી કરવા માટે કેદમાં રાખવાની જે મુદત કાયદાથી ઠરાવી હોય તે મુદત કરતાં વધારે મુદત સુધી કેદમાં રાખવો નહિ.".

INDEX

ઉદ્દેશો અને કારણો

સરકારી લેણું ભરવામાં કસૂર કરનારને મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૧૫૭ હેઠળ ગિરફતાર કરીને અટકાયતમાં રાખી શકાય છે અને કલેકટર અથવા મામલતદારની કચેરીમાં દસ દિવસ સુધી કસ્ટડીમાં રાખી શકાય છે. આ શિક્ષાત્મક જોગવાઈ હોવાથી, કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પાલન કરવું જરૂરી છે. એ માટે, અટકાયત પહેલાં રૂબરૂ સુનાવણી માટે, સદરહુ કલમ ૧૫૭માં જોગવાઈ કરવા ધાર્યું છે.

જમીન મહેસૂલની બાકી તરીકે, વસૂલ કરવાની લેણી રકમો, ખેડૂતના ભોગવટા સાથે સંબંધ ધરાવતી હોય ત્યારે આવી બાકીની રકમો, ભોગવટો કરનારની જમીનનું લીલામ કરીને અથવા તેના કબજામાંની જમીન જપ્ત કરીને વસૂલ કરી શકાય છે. આવા કેસોમાં, કલમ ૧૫૭ હેઠળ અટકાયતનું પગલું લેવાનું જરૂરી નથી. તેથી, આવા કેસોને સદરહુ કલમ ૧૫૭ની જોગવાઈઓમાંથી બાકાત રાખવા ધાર્યું છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા ધાર્યું છે.

અશોક ભટ્ટ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ–૧.—આ કલમની પેટા–કલમ (૨) થી, રાજ્ય સરકારને, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ, સરકારી રાજપત્રમાં જાહેરનામાથી, નકકી કરવાની સત્તા મળે છે.

૨. ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૨મી જુન, ૧૯૯૫. અશોક ભટ્ટ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોના વિભાગના
સચિવ.

ગાંધીનગર, તા. ૧૨મી જુન, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 17 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 15, 1995/JYAISTHA 25, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી જૂન, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા કમાંક (જીએચએન-૯) જીએસટી-૧૦૯૫-/(એસ-૪૯) (૨૮૧)૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઇ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

Corrigendum

to

GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-35) GST-1094-(S-49)-278-TH, DATED 9TH NOVEMBER, 1994.

નાણાં વિભાગના તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૩૫) જીએસટી-૧૦૯૪- (એસ-૪૯)-૨૭૮-ઠ, સંબંધી શુધ્ધિપત્ર

નાણાં વિભાગ

શુદ્ધિપત્રક

સચિવાલય, ગાંધીનગર, ૮મી જૂન, ૧૯૯૫.

ક્રમાંક : (જીએચએન-૯) જીએસટી-૧૦૯૫/(એસ-૪૯)/(૨૮૧)/ઠ.— ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બીના પાના નં. ૨૧૯-૨ ઉપર પ્રસિધ્ધ કરેલ, તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૪ના નાણા વિભાગના ગુજરાત સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૩૫)જીએસટી-૧૦૯૪-(એસ-૪૯)-(૨૭૮)-ઠ માં, સદરહુ જાહેરનામાને જોડેલ અનુસૂચિમાં અનુક્રમાંક : ૩૭ પરની નોંધમાં, કોલમ-૨માં, "ખાદ્ય" એ શબ્દ પછી, "તેલ," એ શબ્દ અને વિરામચિહ્ન વાંચવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. વી. ગામીત,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 18 REGISTERED NO. G/GNR/7

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 15, 1995/JYAISTHA 25, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી જુન, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (૧) (જીએચએન-૧૦) જીએસટી-૧૦૯૫/(એસ-૪૯) (૨૮૨)-૬ અને (૨) (જીએચએન-૧૧) જીએસટી-૧૦૯૫/(એસ-૪૯) (૨૮૩-ક્મો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENET TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO.(GHN-14) GST-1092/(S.49) (251), TH, DATED THE 1ST APRIL, 1992.

નાણાં વિભાગનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૧૪) જીએસટી-૧૦૯૨/(એસ-૪૯) (૨૫૧),ઠ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૧૦) જીએસટી-૧૦૯૫/(એસ-૪૯) (૨૮૨)-ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૪૯ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૧૪) જીએસટી-૧૦૯૨/(એસ-૪૯)(૨૫૧) ઠ, નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૬ પરની નોંધમાં, પેટા-નોંધ (૩) પછી નીચેની નવી પેટા-નોંધ દાખલ કરવી:—

૧	૨	૩	૪
"૩ક	યોગ્ય ઈલેકટ્રોનિક એકમે બનાવેલા ઈલેકટ્રોનિક માલના વેચાણ	સમગ્ર ટર્ન ઓવર વેરો	૧. યોગ્ય ઈલેકટ્રોનિક એકમ, આ નોંધમાં નિર્દિષ્ટ કરેલી શરતો અને વખતોવખત જણાવવામાં આવે તેવી વધારાની શરતોનું પાલન કરે તો. ૨. ટર્ન ઓવર વેરાની રકમ, યોગ્ય ઈલેકટ્રોનિક એકમની મુકિતની મર્યાદા ખાતે ઉધારવામાં આવશે. ૩. યોગ્ય ઈલેકટ્રોનિક એકમને મળવાપાત્ર એકંદર ટોચમર્યાદા અને મુદતની અંદર મુકિતનો લાભ મળશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

Notification

Re

AMENDMEMT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT(GN/627)/GST/ 1070 (S. 49) TH, DATED 29TH, APRIL, 1970.

નાણાં વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએન/૬૨૭)/જીએસટી/૧૦૭૦/(એસ-૪૯) ઠ, સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જૂન, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૧૧)/જીએસટી-૧૦૯૫-(એસ-૪૯)(૨૮૩)-ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે:—

INDEX

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૪૯ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએન-૬૨૭)/જીઓસટી/૧૦૭૦/(એસ-૪૯) ઠ, નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૨૫૫ પરની નોંધમાં:—(૧) પેટા-નોંધ (૩) પછી નીચેની નવી પેટા-નોંધ ઉમેરવી:—

૧	૨	૩	૪
"૩ક	યોગ્ય એકમે બનાવેલા માલના વેચાણ	સમગ્ર ટર્ન ઓવર વેરો.	૧. યોગ્ય એકમ, આ નોંધમાં નિર્દિષ્ટ કરેલી શરતો અને વખતોવખત જણાવવામાં આવે તેવી વધારાની શરતોનું પાલન કરે તો. ૨. ટર્નઓવર વેરાની રકમ, યોગ્ય એકમની મુકિત મર્યાદા ખાતે ઉધારવામાં આવશે. ૩. યોગ્ય એકમને મળવાપાત્ર એકંદર ટોચ—મર્યાદા અને મુદતની અંદર મુકિતનો લાભ મળશે.".

૨. સ્પષ્ટીકરણ (૨)માં, "આઈએનસી-૧૦૯૦-૧૦૨૩-(૨)-આઈ, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૦" એ શબ્દો, અક્ષર અને આંકડાને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

" (૧) આઈએનસી-૧૦૯૦-૧૦૨૩(૨)-આઈ, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૦,

(૨) આઈએનસી-૧૦૯૦-૧૦૨૩(૩)-આઈ, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૦,

(૩) આઈએનસી-૧૦૯૦-૧૦૨૩(૪)-આઈ, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૦,

(૪) આઈએનસી-૧૦૯૦-૧૦૨૩(૭)-આઈ, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૦,

(૫) આઈએનસી-૧૦૯૧-૯૯૦(૭ક)-આઈ, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૧,

(૬) આઈએનસી-૧૦૯૦-૧૦૨૩(૮)-આઈ, તારીખ ૧૬મી ઓકટોબર, ૧૯૯૦, અને

(૭) આઈએનસી-૧૦૯૦-૧૦૨૩(૯)-આઈ, તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૧.".

૩. શરત ક્રમાંક : ૨૦ પછી, નીચેની શરત દાખલ કરવી :—

"(૨૧) સ્પષ્ટીકરણ (૨)માં ઉલ્લેખેલ સરકારી ઠરાવથી જાહેર કરેલ વિવિધ પ્રોત્સાહન યોજના હેઠળ વેરા મુકિતની માત્રા અને મુદત, આ જાહેરનામાના પરિશિષ્ટ—૧ મુજબ રહેશે.

પરિશિષ્ટ—૧

મુકિતની માત્રા

(૧) તા. ૧૬—૧૦—૧૯૯૦નો સરકારી ઠરાવ ક્રમાંક : આઈએનસી-૧૦૯૦-૧૦૨૩-(૨)-આઈ.

અનુક્રમાંક	કક્ષા	એકમની ક્ષેણી	નિયત યોગ્ય રોકાણની ટકાવારી તરીકે મુકિતની માત્રા	મુદત
૧	૨	૩	૪	૫
૧.	૧	કુટિર	૧૦૦ ટકા	૯ વર્ષ
૨.	૧	લઘુ	૧૦૦ ટકા	૯ વર્ષ
૩.	૧	મધ્યમ અને મોટા	૮૦ ટકા	૯ વર્ષ

INDEX

૧	૨	૩	૪	૫
૪.	૨	કુટિર	૧૦૦ ટકા	૬ વર્ષ
૫.	૨	લઘુ	૧૦૦ ટકા	૬ વર્ષ
૬.	૨	મધ્યમ અને મોટા	૬૦ ટકા	૬ વર્ષ

(૨) તા. ૧૬–૧૦–૧૯૯૦નો સરકારી ઠરાવ ક્રમાંક : આઈએનસી-૧૦૯૦-૧૦૨૩-(૩)-આઈ.

અનુક્રમાંક	વિસ્તારની કક્ષા	મુકિતની માત્રા	વાણિજ્યક ઉત્પાદનના આરંભની તારીખથી સમય મર્યાદા.
૧	૨	૩	૪
૧.	૧	નિયત મૂડી રોકાણના ૧૦૦ ટકા	૧૦ વર્ષ
૨.	૨	નિયત મૂડી રોકાણના ૭૫ ટકા	૮ વર્ષ

(૩) તા. ૧૬–૧૦–૧૯૯૦નો સરકારી ઠરાવ ક્રમાંક : આઈએનસી-૧૦૯૦-૧૦૨૩(૪)-આઈ.–વેચાણવેરા મુકિતની માત્રા

અનુક્રમાંક	વિસ્તારની કક્ષા	મુકિતની માત્રા	વાણિજ્યક ઉત્પાદનના આરંભની તારીખથી સમય મર્યાદા.
૧	૨	૩	૪
૧.	૧	નિયત મૂડી રોકાણના ૧૦૦ ટકા	૧૦ વર્ષ
૨.	૨	નિયત મૂડી રોકાણના ૭૫ ટકા	૮ વર્ષ

(૪) તા. ૧૬–૧૦–૯૦નો સરકારી ઠરાવ ક્રમાંક : આઈએનસી/૧૦૯૦/૧૦૨૩(૭)-આઈ.

અનુક્રમાંક	વિસ્તારની કક્ષા	મુકિતની માત્રા	વાણિજ્યક ઉત્પાદનના આરંભની તારીખથી સમય મર્યાદા
૧	૨	૩	૪
૧.	૧	નિયત મૂડી રોકાણના ૧૦૦ ટકા	૧૦ વર્ષ
૨.	૨	નિયત મૂડી રોકાણના ૭૫ ટકા	૮ વર્ષ
૩.	૩	નિયત મૂડી રોકાણના ૨૫ ટકા	નીચે જણાવ્યા મુજબ ઘટતા દરે ૧૦ વર્ષની મુદત માટે :–

વર્ષ	પાત્રતા	મુકિતની માત્રા
૧લું	૧૦૦ ટકા	
૨જું	૯૦ ટકા	
૩જું	૮૦ ટકા	
૪થું	૭૦ ટકા	

INDEX

૧	૨	૩	૪	૫	૬
		૫મું	૬૦ ટકા	ચૂકવવાની લેણી થતી વેરાની રકમ	
		૬ઠ્ઠું	૫૦ ટકા		
		૭મું	૪૦ ટકા		
		૮મું	૩૦ ટકા		
		૯મું	૨૦ ટકા		
		૧૦મું	૧૦ ટકા		

(૫) તા. ૨૬—૭—૯૧નો સરકારી ઠરાવ ક્રમાંક : આઈએસસી/૧૦૯૧/૯૯૦(૭૬)-આઈ.

મુક્તિની માત્રા	વાણિજ્યિક ઉત્પાદનના આરંભની તારીખથી સમય મર્યાદા
નિયત મૂડી રોકાણના ૯૦ ટકા	વાણિજ્યિક ઉત્પાદનના આરંભની તારીખથી ૧૪ વર્ષની મુદત માટે.

(૬) તા. ૧૬—૧૦—૯૦નો સરકારી ઠરાવ ક્રમાંક : આઈએનસી/૧૦૯૦/૧૦૨૩(૮)-આઈ.

અનુક્રમાંક	સરકારી ઠરાવ મુજબ વિસ્તારની શ્રેણી	કાયમી રોજગારનો દર	વેરા મુક્તિનો વધારાનો દર
૧	૨	૩	૪
૧.	૧	કાયમી ધોરણે ઊભા કરેલ રોજગાર દીઠ રૂા. ૨૫૦૦૦/— સુધીના રોકાણનો દર	નિયત મૂડી રોકાણના ૨૦ ટકા.
૨.	૨	કાયમી ધોરણે ઊભા કરેલ રોજગાર દીઠ રૂા. ૨૫૦૦૦/—થી વધુ પરંતુ રૂા. ૫૦૦૦૦/— કરતાં ઓછાં રોકાણનો દર.	નિયત મૂડી રોકાણના ૧૫ ટકા.
૩.	૩	કાયમી ધોરણે ઊભા કરેલ રોજગાર દીઠ રૂા. ૫૦૦૦૦/—થી વધુ પરંતુ રૂા. ૧,૦૦,૦૦૦/— થી ઓછા રોકાણનો દર.	નિયત મૂડી રોકાણના ૧૦ ટકા.

(૭) તા. ૨—૧—૯૧નો સરકારી ઠરાવ ક્રમાંક : આઈએનસી/૧૦૯૦/૧૦૨૩(૯)-આઈ.

અનુક્રમાંક	કક્ષા	મુક્તિની માત્રા	વાણિજ્યિક ઉત્પાદનના આરંભની તારીખથી સમય મર્યાદા.
૧.	૧	૭૫ ટકા	૮ વર્ષ
૨.	૨	૬૦ ટકા	૬ વર્ષ
૩.	૩	૫૦ ટકા	૫ વર્ષ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 19 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] FRIDAY, JUNE 16, 1995/JYAISTHA 26, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૪૮-એમએમએન-૮૦૯૪-૩૩૫-પી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS ACT, 1949

મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯ હેઠળ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી માર્ચ, ૧૯૯૫.

મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : કેવી-૪૮-એએમએન-૮૦૯૪-૩૩૫-પી.— ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ સુધારવા તાત્કાલિક પગલાં લેવા માટે અને મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇના ૫૯ મા)ની કલમ ૪૫૬ ની પેટા કલમ-(૨) ના પરંતુક હેઠળ તેની પૂર્વપ્રસિધ્ધિ વિના ચલાવી લેવા માટે પૂરતાં કારણો છે;

તેથી, હવે, મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઇના ૫૯ મા)ની કલમ ૮ ની પેટા કલમ(૩) સાથે વાંચતા કલમ ૪૫૬ ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન, (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.—

૧. આ નિયમો, મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી 'સદરહુ નિયમો' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ-૪માં પેટા-નિયમ (૩)માં, "પંદર દિવસ" એ શબ્દોને બદલે, "બાવીસ દિવસ" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ક)માં, "પંદર દિવસ" એ શબ્દોને બદલે "બાવીસ દિવસ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એમ. જોષી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 20

REGISTERED NO. G/GNR/1



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] FRIDAY JUNE 16, 1995/ JYAISTHA 26, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી જુન, ૧૯૯૫ના ગુજરાત સરકારના [illegible] વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૧૯૯૫નો ૬૮-રોશેમરોન-૮૦૯૪-૨૬૮૮-પી નો ગુજરાતી અનુવાદ આથી [illegible] પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ,

INDEX

Notification

Re

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS

(RESERVATION IN THE OFFICE OF THE MAYOR) RULES, 1995.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો આનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુન, ૧૯૯૫.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક કેવી-૧૯૯૫નો ૬૮-એમએન-૮૦૯૪-૨૬૮૮-પી.— મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો આનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ નો મુસદ્દો, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના પ૯મા)ની કલમ ૪૫૬ની પેટા-કલમ (૨) થી ફરમાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૮મી મે, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૬૫-૯૫-એમએન-૮૦૯૪-૨૬૮૮-પી હેઠળ, તારીખ ૧૮મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧એ ના પાના ૧૧૦.૧ થી ૧૧૦.૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, સરકારી રાજપત્રમાં સદરહુ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી પંદર દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને સદરહુ મુસદ્દા અંગે જેવી રીતે મળેલ વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધેલ છે;

તેથી, હવે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧-ક) સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.—

૧. ટૂંકી સંજ્ઞા :— આ નિયમો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો આનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં (હોદ્દા) આનામત રાખવા બાબત.— દરેક કોર્પોરેશનના મેયરનો હોદ્દો, આ નિયમો સાથે જોડેલી અનુસૂચિમાં દર્શાવેલ રોસ્ટર અનુસાર અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં આનામત રાખવામાં આવશે.

૩. પ્રાસંગોપાત ખાલી પડતી જગ્યાઓ માટે ચૂંટણી ચાલુ રાખવા બાબત.— મેયરના હોદ્દામાં પ્રાસંગોપાત કોઈ જગ્યા ખાલી પડે તો, તે ભરવા માટે કોઈ ચૂંટણી કરવાની હોય તો, (જો તે મુદત પૂરી થઈ ન હોય તેવા) અગાઉના મેયરની ચૂંટણી માટે કોઈ આનામત લાગુ પાડી શકાય તો, તે આવી ચૂંટણીને લાગુ પડવાનું ચાલુ રહેશે.

૪. કોર્પોરેશનની પુનઃ રચના થાય ત્યારે રોસ્ટર પોઈન્ટ.— અગાઉની કોર્પોરેશનની મુદત પુરી થયે અથવા તેની મુદત પૂરી થાય તે પહેલાં તે વિખેરી દેવામાં આવે તો, કોર્પોરેશનની પુનઃ રચના કરવામાં આવે ત્યારે, આવી પુનઃ રચના પછી, મેયરની ચૂંટણી માટે છેલ્લે ઉપયોગમાં લીધેલ રોસ્ટર પોઈન્ટ પછીના રોસ્ટર પોઈન્ટનો શરૂઆતના પોઈન્ટ તરીકે ઉપયોગ કરવો જોઈશે.

૫. રોસ્ટરનો અમલ ચાલુ રહેવો:— આ નિયમો સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ રોસ્ટર, સંબંધિત કોર્પોરેશનના પ્રથમ મેયરની ચૂંટણીથી આરંભના દસ વર્ષની મુદત માટે અમલમાં ચાલુ રહેશે.

INDEX

અનુસૂચિ

(જુઓ નિયમ-૨)

કોર્પોરેશનનનું નામ

વર્ષ	અમદાવાદ	ભાવનગર	જામનગર	રાજકોટ	સુરત	વડોદરા
પ્રથમ	સ્ત્રી	અનુ.જાતિ	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સામાન્ય
દ્વિતીય	સામાન્ય	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	પછાત વર્ગ
તૃતીયા	અનુ.જાતિ	સ્ત્રી	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
ચોથા	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય	સ્ત્રી	સ્ત્રી
પાંચમા	સ્ત્રી	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સામાન્ય
છઠ્ઠી	સામાન્ય	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સામાન્ય	સ્ત્રી
સાતમા	સ્ત્રી	પછાતવર્ગ	સામાન્ય	અનુજાતિ	સ્ત્રી	સામાન્ય
આઠમા	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ	સામાન્ય	સામાન્ય	અનુ.જાતિ
નવમા	પછાતવર્ગ	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	પછાતવર્ગ	સામાન્ય
દસમા	સામાન્ય	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	સામાન્ય	સ્ત્રી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. જી. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 21

REGISTERED NO. G[illegible] R/2





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય ડૉ. શાન્તાબેન ચાવડાએ તા. ૨૨મી જૂન, ૧૯૯૫ ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે :-

INDEX

INDEX

Gujarat Bill No. 7 of 1995.

THE GUJARAT RESERVATION OF VACANCIES IN POSTS AND SERVICES (FOR SCHEDULED CASTES AND SCHEDULED TRIBES) BILL, 1995.

A BILL

to provide for adequate representation of Scheduled Castes and Scheduled Tribes in posts and services under the State.

સને ૧૯૯૫ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૭

ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૧૯૯૫.

રાજ્ય હેઠળની જગાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.-

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો--

(ક) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ખ) "ભરતી વર્ષ" એટલે કે જે નાણાકીય વર્ષ દરમિયાન ખરેખર ભરતી કરવામાં આવી હોય તે વર્ષ;

(ગ) "અનામત" એટલે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓનો માટેની જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવી તે;

(ઘ) "અનુસૂચિત જાતિઓ"નો ઉલ્લેખ ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ કરેલ અને વખતોવખત સુધાર્યા પ્રમાણેના સંવિધાન (અનુસૂચિત જાતિ) હુકમ, ૧૯૫૦માં નિર્દિષ્ટ કરેલ અનુસૂચિત જાતિનો ઉલ્લેખ હોય એમ સમજવું;

(ચ) "અનુસૂચિત આદિજાતિઓ"ની ઉલ્લેખ ભારતના સંવિધાનની કલમ ૩૪૨ હેઠળ કરેલા અને વખતોવખત સુધાર્યા પ્રમાણેના સંવિધાન (અનુસૂચિત આદિજાતિ) હુકમ, ૧૯૫૦માં નિર્દિષ્ટ કરેલ અનુસૂચિત આદિજાતિનો ઉલ્લેખ હોય એમ સમજવું;

INDEX

(છ) "પસંદગી યાદી" એટલે રાજ્ય સરકારે તે અર્થે બહાર પાડેલા અને પ્રારંભિક ભરતી અને બઢતીના સંબંધમાં નિમણૂક કરવા માટેના યોગ્ય સત્તાધિકારીએ સ્વીકારેલા નિયમો અને હુકમો અનુસાર તૈયાર કરેલ અગ્રતાક્રમ અનુસાર ગોઠવેલા ઉમેદવારોની યાદી;

(જ) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્યની સરકાર.

લાગુ પડવા બાબત.

૩. આ અધિનિયમ નીચેનાને લાગુ પડશે.--

(૧) રાજ્ય હેઠળની જગાઓ અને સેવાઓની તમામ નિમણૂંકોને સિવાય કે તે જગ્યાઓ :--

(ક) સંશોધન કરવા અથવા તેમાં માર્ગદર્શન આપવા અથવા સંચાલન કરવા માટેની હોય;

(ખ) વૈજ્ઞાનિક જગાઓ તરીકે વર્ગીકરણ કરેલી હોય;

(ગ) કોઈપણ કરારના આધારે ભરેલી હોય;

(ઘ) કેડર બહારની જગાઓ હોય;

(ચ) બદલીથી અથવા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવી હોય;

(છ) રાજ્ય સરકાર, વખતોવખત હુકમ કરીને, નિર્દિષ્ટ કરે તેવી બીજી જગાઓ હોય :

પરંતુ ખંડ (છ) હેઠળ કરેલા તમામ હુકમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ એક અથવા વધુ સત્રો મળીને ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવામાં આવશે.

(૨) જિલ્લા કક્ષાની જગાઓ ઉપરની તમામ નિમણૂકોને;

(૩) રાજ્ય સરકારે રચેલ પંચાયતો, બોર્ડો અને કોર્પોરેશનમાંની તમામ નિમણૂકોને;

(૪) રાજ્ય સરકાર તરફથી સહાય મેળવતી સંસ્થાઓમાંની તમામ નિમણૂકોને;

(૫) રાજ્ય સરકાર, વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી બીજી તમામ નિમણૂકોને.

અનામત અને તેની ટકાવારી.

૪. (૧) આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી જગાઓ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ન હોય તેવા ઉમેદવારો દ્વારા ભરી શકાશે નહિ.

(૨) જગાઓ અને સેવાઓમાંની જગાઓની કુલ સંખ્યામાંથી કેટલી જગાઓ અનામત રાખવી તેની ટકાવારીનું પ્રમાણ, રાજ્ય સરકાર વખતોવખત હુકમો કરીને, નક્કી કરે તેટલું રહેશે.

પરંતુ--

(ક) પ્રારંભિક ભરતીની બાબતમાં, એવી રીતે નક્કી કરેલ ટકાવારીની કોઈપણ સંજોગોમાં રાજ્યની કુલ વસતિમાં, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓની ટકાવારી કરતાં ઓછી હોવી જોઈશે નહીં.

INDEX

(ખ) જિલ્લા કક્ષાની જગાઓ માટેની પ્રારંભિક ભરતીની બાબતમાં, એવી રીતે નક્કી કરેલી ટકાવારી, કોઈપણ સંજોગોમાં તે જિલ્લાની કુલ વસતિમાં, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓની ટકાવારી કરતાં ઓછી હોવી જોઈશે નહિ અને કોઈપણ સંજોગોમાં, રાજ્યની કુલ વસતિમાં, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓની ટકાવારી કરતાં ઓછી હોવી જોઈશે નહિ.

(૧) આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, બઢતી દ્વારા નિમણૂંક કરવાની બાબતમાં, અનામતની ટકાવારી પરિચ્છેદ (ક) અને (ખ) માં ઠરાવી હોય તેટલી રહેશે.

સ્પષ્ટીકરણ.- ''વસતિ'' એ શબ્દપ્રયોગનો અર્થ જેના માટે સંબંધિત આંકડા પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોય તેવી છેલ્લી વસતિ ગણતરી વખતે નક્કી કર્યા પ્રમાણેની વસતિ.

નમૂના રૂપ રોસ્ટર.

૫. (૧) રાજ્ય સરકાર, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા અને કેટલીક જગાઓ અનામત રાખવાની નથી તેની સંખ્યા દર્શાવતું નમૂનારૂપ રોસ્ટર ઠરાવશે.

(૨) નિમણૂક કરનાર સત્તાધિકારીઓએ ઠરાવેલા નમૂનામાં રોસ્ટર રાખવું જોઈશે.

(૩) ફકત અનામત રાખેલી જગાઓની સંખ્યા નક્કી કરવા માટે રોસ્ટરનો આધાર લેવામાં આવશે, પરંતુ નિમણૂક પસંદગી યાદીમાં દર્શાવેલા અગ્રતાક્રમ પ્રમાણે કરવામાં આવશે.

અનામત અને બિન-અનામતને આગળ ખેંચવા બાબત.

૬. કોઈપણ ભરતી વર્ષમાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોની સંખ્યા, તેમના માટે અનામત રાખેલી જગાની સંખ્યા કરતાં ઓછી હોય તો, બાકીની જગાઓ, તે જગાઓને ઠરાવેલી રીતે બિન અનામત હોવાનું ઠરાવ્યા પછી સામાન્ય ઉમેવારો દ્વારા ભરી શકાશે, પણ તેવી રીતે બિન અનામત રાખેલી જગાઓ ભરતી પછીના ત્રણ વર્ષ સુધી આગળ ખેંચવામાં આવશે.

છૂટછાટ અને સવલતો.

૭. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો માટેની પ્રારંભિક નિમણૂક સારુ-

(ક) ભરતી માટે ઠરાવેલી ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષ સુધી છૂટછાટ મૂકવામાં આવશે.

(ખ) કોઈ જગા માટે ઠરાવેલી ફી, બીજાઓ માટે ઠરાવેલી ફી કરતાં એક ચતુર્થાંશ જેટલી રહેશે.

(૩) સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અથવા મૌખિક ઈન્ટરવ્યુમાં હાજર રહેવા માટેનું મુસાફરી ભથ્થું, રાજય સરકાર ઠરાવે તેવા દરોએ આપવામાં આવશે.

(ઘ) સ્પર્ધાત્મક અને ખાતાકીય પરીક્ષા પાસ કરવાની ટકાવારીમાં ૫ ટકાની છૂટછાટ મૂકવામાં આવશે.

પ્રારંભિક ભરતીની રીત.

૮. (૧) રોજગાર વિનિમય કચેરી દ્વારા ભરતી કરવા માટે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત જગાઓની સંખ્યા રોજગાર વિનિમય કચેરીને મોકલવાના માંગણીપત્રમાં ખાલી જગાની કુલ સંખ્યા સામે નિર્દિષ્ટ કરવી જોઈશે

INDEX

(૨) ગુજરાત રાજ્ય સેવા આયોગ અથવા કોઈ પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા અથવા રૂબરૂ મુલાકાતના આધારે કરવાની ભરતી માટે, જાહેર ખબરમાં કુલ ખાલી જગાની સંખ્યા સામે,અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી ખાલી જગાઓની સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઈશે.

(૩) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો, જો તેઓ જગા અથવા સેવાઓ માટેની જરૂરી ઓછામાં ઓછી લાયકાતો ધરાવતા હોય તો, જેટલા પ્રમાણમાં જગાઓ અનામત રાખી હોય તેટલા પ્રમાણમાં તેમની ભરતી કરવામાં આવશે.

(૪) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો જરૂરી સંખ્યામાં અનામત જગાઓ ભરવા માટે ઉપલબ્ધ ન હોય તો, બાકી રહેલ અનામત જગા ભરવા માટે, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોમાંથી જ નવેસરથી ભરતી કરવામાં આવશે.

(૫) એવી રીતે નવેસરથી ભરતી કર્યા પછી, પણ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો મળતા ન હોય અથવા આવા ઉમેદવારોની સંખ્યા, અનામત રાખેલી જગાની સંખ્યા કરતાં ઓછી હોય તો, ભરાયા વિનાની બાકી રહેલી જગાઓ, કલમ ૬માં જણાવેલી કાર્યરીતિ અનુસાર સામાન્ય ઉમેદવાર દ્વારા ભરવામાં આવશે.

(૬) જિલ્લા કક્ષાની જગાઓ માટે, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો, પ્રારંભિક ભરતી વખતે જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હોય તો, યથાપ્રસંગ, જયાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વધુ વસતિ હોય તેવા બીજા જિલ્લાની રોજગાર વિનિમય કચેરી સાથે પરામર્શ કરવી જોઈશે.

સિનિયોરીટી અને યોગ્યતા ઉપર આધારિત બઢતી.

૯. (૧) યોગ્યતાને અધીન રહીને, સિનિયોરીટીના ધોરણે બઢતી આપવાની હોય ત્યારે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના અધિકારીઓને અનામત જગાઓ સામે,પછીની ઊંચી જગા કે ગ્રેડ ઉપર બઢતી આપવામાં આવશે, પરંતુ તે અધિકારીઓ એવી બઢતી માટે જરૂરી ઓછામાં ઓછી લાયકાતો અને અનુભવ ધરાવતા હોવા જોઈશે.

(૨) અનામત જગાઓની સંખ્યા, કલમ ૫ હેઠળ રાખેલ રોસ્ટરમાં દર્શાવેલ અનામત જગાઓના આધારે નકકી કરવામાં આવશે.

પસંદગી ઉપર આધારિત બઢતી.

૧૦. પસંદગીના આધારે બઢતી આપવાની હોય અને સીધી ભરતીનું પ્રમાણ પચાસ ટકાથી વધુ ન હોય ત્યારે અનામત ખાલી જગાઓ ભરવા માટેની કાર્યરીતિ, ઠરાવવામાં આવે તેવી રહેશે અને અનામત ખાલી જગાઓની સંખ્યા કલમ ૫ હેઠળ રાખેલ રોસ્ટરમાં ધર્શાવેલા નિયત મુદ્દાના આધારે નકકી કરવામાં આવશે.

જુદી જુદી સેવાઓમાં પસંદગી.

૧૧. જુદી જુદી સેવાઓમાંથી પસંદગી કરવાની હોય, ભરતી અથવા નિમણૂક કરનાર સત્તાધિકારી, અનામત રાખેલી જગાના પ્રમાણમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો પસંદ કરશે, પરંતુ આવો ઉમેદવાર, સંબંધિત જગા માટે ઠરાવેલી યોગ્યતા, લાયકાત અને અનુભવની શરતો સંતોષતો હોવો જોઈએ.

INDEX

વાર્ષિક રિપોર્ટ સાદર કરવા, અન્ય રેકર્ડ જાળવવા અને તેની તપાસણી બાબત.

૧૨. (૧) દરેક નિમણૂક કરનાર સત્તાધિકારીએ પછીના નાણાકીય વર્ષના જૂન મહિનાની આખર સુધીમાં ઠરાવેલી રીતે વાર્ષિક રીપોર્ટ રાજ્ય સરકારને આપવો જોઈએ અને ઠરાવવામાં આવે તેવા અન્ય રેકર્ડો જાળવવા જોઈશે.

(૨) રાજ્ય સરકારે, તે અર્થે અધિકૃત કરેલા કોઈપણ અધિકારી, કોઈપણ રેકર્ડ અથવા દસ્તાવેજ તપાસી શકશ અને નિમણૂક કરનાર સત્તાધિકારીઓને, તેણે કરેલી નિમણૂકોને લગતા હોય અને તેની કચેરીમાં રાખવામાં આવતા હોય તેવા રોસ્ટર અને અન્ય રેકર્ડો રજૂ કરવા તેને ફરમાવી શકશે.

(૩) ઉપર્યુક્ત હેતુ માટે જરૂરી હોય તેવા રેકર્ડ અને દસ્તાવેજ રજૂ કરવાની, તેવી માહિતી પૂરી પાડવાની અને તેવી તમામ સહાય અને સગવડો આપવાની નિમણૂક કરનાર સત્તાધિકારીની ફરજ રહેશે.

સંપર્ક અધિકારીની નિયુક્તિ

૧૩. રાજ્ય સરકારના દરેક વિભાગમાં, તે અર્થે વિભાગના સચિવે અધિકૃત કરેલ ઉપસચિવના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ અધિકારી, આ અધિનિયમમાં જોગવાઈ કરેલી બાબતોના સંબંધમાં સંપર્ક અધિકારી તરીકે કામ કરશે અને તેઓ ખાસ કરીને નીચેની બાબતો માટે જવાબદાર રહેશે :-

(ક) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો યોગ્ય અમલ થાય છે તેની ખાતરી કરવા;

(ખ) તાબાના સત્તાધિકારીઓ દ્વારા પાલન થાય છે તેની ખાતરી કરવા માટે;

(ગ) પત્રકો સમયસર સાદર થાય તેની ખાતરી કરવા માટે;

(ઘ) રોસ્ટરો અને ઠરાવવામાં આવે તેવા અન્ય રેકડોની વાર્ષિક તપાસણી કરવા માટે;

(ચ) વહીવટી વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગ વચ્ચે સંપર્ક અધિકારી તરીકે કામ કરવા માટે;

(છ) વ્યક્તિઓ પાસેથી અથવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ અથવા સંગઠનો પાસેથી મળેલી ફરિયાદોની તપાસમાં સમાજકલ્યાણ વિભાગને જરૂરી સહાયની ખાતરી માટે.

સ્થાયી સમિતિની રચના.

૧૪. (૧) નીચેના સભ્યોની બનેલી એક સ્થાયી સમિતિ રહેશે :-

(ક) સમાજ કલ્યાણ મંત્રી-અધ્યક્ષ;

(ખ) ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ નક્કી કરે તેવી રીતે ચૂંટાવાના ગુજરાત વિધાનસભાના ત્રણ સભ્યો;

(ગ) સરકારના મુખ્ય સચિવ-સભ્ય;

(ઘ) સરકારના સચિવ, ગૃહ વિભાગ-સભ્ય;

(ચ) સરકારના સચિવ, સમાજ કલ્યાણ વિભાગ-સભ્ય સચિવ;

પરંતુ ભારતના સંવિધાનની કલમ ૩૫૬ હેઠળ ઉદ્‌ઘોષણા બહાર પાડવામાં આવ્યેથી સમિતિની રચનામાં; રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેટલા પ્રમાણમાં પોતાને યોગ્ય લાગે તેટલા પ્રમાણમાં ફેરફાર કરી શકશે.

INDEX

સ્થાયી સમિતિનાં કાર્યો.

૧૫. (૧) સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી ત્રણવાર મળશે અને કોઈપણ બે બેઠકો વચ્ચેનો સમયગાળો છ મહિનાથી વધુ હોવો જોઈએ નહિ.

(૨) સમિતિ નીચેનાં કાર્યો બજાવશે, જેવાં કે :-

(૧) અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના અમલની પુનઃ વિચારણા,
(૨) આવા અમલ અંગેની મુશ્કેલીઓના નિવારણ માટે અથવા તેની સુધારણા માટે ઉપાયો સૂચવવા, અને
(૩) રાજ્ય સરકાર વખતોવખત સમિતિને સોંપે તેવાં અન્ય કાર્યો,

વાર્ષિક રિપોર્ટ.

૧૬. રાજ્ય સરકાર, અધિનિયમના અમલ અંગે વાર્ષિક રિપોર્ટ તૈયાર કરશે અને તે ત્યારપછીના નાણાંકીય વર્ષના અંદાજપત્ર સત્રમાં પંદર દિવસથી ઓછી ન હોય તેટલી મુદત સુધી રાજ્ય વિધાનસભા સમક્ષ મુકશે.

કાનૂની સહાય.

૧૭. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓને તેમની ફરિયાદોની બાબતોમાં ઠરાવેલા દરે રાજ્ય સરકાર કાનૂની સહાય આપશે.

નિયમો કરવાની સત્તા.

૧૮. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી (પૂર્વ પ્રસિધ્ધિ કર્યા પછી) આ અધિનિયમના તમામ અથવા તે પૈકી કોઈપણ હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, સરકાર આ અધિનિયમથી સ્પષ્ટપણે ઠરાવવાનું જરૂરી હોય અથવા છૂટ આપી હોય તેવી તમામ બાબતોના સંબંધમાં નિયમો કરી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ એક અથવા વધારે સત્રોની બનેલી ઓછામાં ઓછી ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને સદરહુ મુદત દરમિયાન રાજ્ય વિધાન મંડળ તેમાં કંઈપણ ફેરફાર કરે તો, નિયમો, ત્યારપછી તેવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે, પરંતુ તે એવી રીતે કે એવા ફેરફારોથી નિયમો હેઠળ અગાઉ કરેલા કોઈપણ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

અધિ નિયમની ચઢિયાતી અસર.

૧૯. આ અધિનિયમની જોગવાઈઓ, રાજ્ય સરકારે કરેલા બીજા કોઈપણ કાયદામાં અથવા કોઈ નિયમ, હુકમ અથવા ઠરાવમાં વિરૂધ્ધનો કોઈપણ મજકૂર હોય તે છતાં, અમલમાં આવશે.

ઉદ્દેશો અને કારણો

બંધારણીય જોગવાઈઓ અનુસાર, રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે જગ્યાઓ અનામત રાખવાની નીતિના અમલ માટે કેટલાક વહીવટી હુકમો કર્યા છે પરંતુ અસરકારક નિયંત્રણના અભાવે એવા વહીવટી હુકમોની જોગવાઈઓનો કડક રીતે અમલ થઈ શકતો નથી અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓને ઘણી વખત અન્યાય થાય છે. તેથી, આ વિધેયકથી આ નીતિના અસરકારક અમલ સારૂ જોગવાઈઓ કરવા માટે પ્રબંધ કરવામાં આવે છે.

ડૉ. શાન્તાબેન ચાવડા,
વિ.સ.સ.

તા. ૩૧મી માર્ચ, ૧૯૯૫.

INDEX

નાણાકીય યાદી.

વિધેયકની કલમ ૧૪થી, રાજ્ય સરકાર માટે સ્થાયી સમિતિ રચવાનું આવશ્યક બને છે અને કલમ ૧૫થી, વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ બેઠકો ભરવાનું આવશ્યક છે. કલમ ૧૭થી રાજ્ય સરકાર માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓને ઠરાવેલા દરોએ કાનુની સહાય આપવાનું આવશ્યક બને છે. ઉપરની જોગવાઈઓ સંબંધી રાજ્યના એકત્રિત ફંડમાંથી થનાર ખર્ચ દર વર્ષે બે લાખ રૂપિયા થશે એવો અંદાજ છે.

તા. ૩૧મી માર્ચ, ૧૯૯૫.

ડૉ. શાન્તાબેન ચાવડા,
વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

કલમ ૧ની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને રાજપત્રમાં જાહેરનામાથી અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નકકી કરવાની સત્તા મળે છે.

કલમ ૩ ની પેટા-કલમ (૧)ના પેરેગ્રાફ (છ) થી, રાજ્ય સરકારને હુકમ બહાર પાડીને પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી હોય તે સિવાયની જગાઓ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૩ ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને અગાઉની પેટા-કલમોમાં નિર્દિષ્ટ કરેલી હોય તે સિવાયની નિમણૂકો વખતોવખત નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૪ ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવાની ટકાવારી નકકી કરવાની સત્તા મળે છે.

કલમ ૫ ની પેટા-કલમ (૧) થી રાજ્ય સરકારને નમૂનારૂપ રોસ્ટર ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫ ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને રોસ્ટર જાળવવા માટે નમૂના ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬ થી, રાજ્ય સરકારને અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોની સંખ્યા, તેમના માટે અનામત રાખેલી જગાઓની સંખ્યા કરતાં ઓછી હોય, તો સામાન્ય ઉમેદવારો દ્વારા અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટેની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭ ના પેરેગ્રાફ (૧) થી રાજ્ય સરકારને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષા અથવા મૌખિક ઈન્ટરવ્યુ માટે આપવાનાં મુસાફરી ભથ્થાના દરો ઠરાવવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૧૦થી રાજ્ય સરકારને પસંદગીના ધોરણે બઢતી આપવાની હોય અને સીધી ભરતીનું પ્રમાણ પચાસ ટકા કરતાં વધુ ન હોય, ત્યારે અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટેની કાર્યરીતિ ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૧૨ની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને વાર્ષિક રિપોર્ટ રાજ્ય સરકારને આપવા માટેની રીત ઠરાવવાની અને અન્ય રેકર્ડ જાળવવાની સત્તા મળે છે.

કલમ ૧૩ના પેરેગ્રાફ (ઘ)થી, રાજ્ય સરકારને અન્ય રેકર્ડ ઠરાવવાની સત્તા મળે છે. સંપર્ક અધિકારી વાર્ષિક તપાસ કરવા માટે જવાબદાર ગણાશે.

કલમ ૧૪ના પેરેગ્રાફ (ખ) થી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષને સ્થાયી સમિતિમાં વિધાનસભાના સભ્યો ચૂંટવા માટેની રીત નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૧૪ના પરંતુકથી, રાજ્ય સરકારને સંવિધાનની કલમ ૩૫૬ હેઠળ ઉદ્‌ઘોષણા બહાર પાડવામાં આવ્યેથી પોતાને યોગ્ય લાગે તેટલે સુધી સ્થાયી સમિતિની રચનામાં ફેરફાર કરવાની સત્તા મળે છે.

કલમ ૧૫ની પેટા-કલમ (૨) ના પેરેગ્રાફ (૩) થી, રાજ્ય સરકારને સ્થાયી સમિતિને વખતો-વખત અન્ય કાર્યો સોંપવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૧૭થી, રાજ્ય સરકારને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓની કાનૂની સહાય આપવા માટે દરો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૮ની પેટા-કલમ (૧) થી રાજ્ય સરકારને અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તા. ૩૧મી માર્ચ, ૧૯૯૫.

ડૉ. શાન્તાબેન ચાવડા,
વિ.સ.સ.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૨૨મી જૂન, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 22 REGISTERED NO. G/GNR/3

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી ડો. શાન્તાબેન ચાવડાએ તા. ૨૨મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે:—

INDEX

INDEX

GUJARAT BILL NO. 8 OF 1995.

THE MEDICAL TERMINATION OF PREGNANCY (GUJARAT AMENDMENT) BILL, 1995

A BILL

further to amend the Medical Termination of Pregnancy Act, 1971 in its application to the State of Gujarat for certain purposes.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૮.

તબીબી ગર્ભપાત (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો તબીબી ગર્ભપાત અધિનિયમ, ૧૯૭૧ અમુક હેતુઓ માટે વધુ સુધારવા બાબત, વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

૧. (૧) આ અધિનિયમ, 'તબીબી ગર્ભપાત (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.

૨. તબીબી ગર્ભપાત અધિનિયમ, ૧૯૭૧ માં, કલમ ૩ માં, પેટા—કલમ (૪) પછી, નીચેની પેટા-કલમો ઉમેરવી જોઈએ :—

સન ૧૯૭૧ ના ૩૪મા અધિનિયમની કલમ ૩ નો સુધારો.

સન ૧૯૭૧નો ૩૪મો.

"(૫) સોનેરિયમ ટેસ્ટના આધારે કોઈ સ્ત્રીનો ગર્ભપાત કરી શકાશે નહિ અને ગર્ભપાત કરતા હોય તેવા રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયીએ બાળકની જાતિ વિશે અગાઉથી જાણ થઈ હોવાને કારણે ગર્ભપાત કરવામાં આવ્યો નથી, એવી બાંયધરી આપવી પડશે.

(૬) બાળક સ્ત્રી જાતિનું છે તેવું પોતે જાણ્યા પછી સ્ત્રીની સંમતિથી અથવા સંમતિ વિના તેનો ગર્ભપાત કરનાર કોઈપણ રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયીને, ગર્ભપાત કરવાના બીજા વધુ ઓપરેશનો કરવામાંથી બાકાત કરવામાં આવશે.

ઉદ્દેશો અને કારણો

સામાન્યત: પ્રચલિત દહેજ પ્રથા અને સ્ત્રીનો સામાજિક દરજ્જો જોતાં, સોનેરિયમ ટેસ્ટના આધારે એવું જણાય કે ગર્ભસ્થ બાળક સ્ત્રી જાતિનું છે, તો ગર્ભપાત કરાવવાના પ્રયત્નો કરવામાં આવતા હોય છે.

તબીબી ગર્ભપાત અધિનિયમ, ૧૯૭૧નો દુરુપયોગ થતો અટકાવવા માટે, ઉપરનો સુધારો કરવા ધાર્યું છે.

ગાંધીનગર,
તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૫.

ડૉ. શાંતાબેન ચાવડા,
વિ. સ. સ.

ગાંધીનગર,
તા. ૨૨મી જૂન ૧૯૯૫,

એન. કે. કથીરિઆ
સચિવ,
ગુજરાત વિધાનસભા

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 23 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી ડૉ. શાન્તાબેન ચાવડાએ તા. ૨૨મી જૂન ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે:—

INDEX

INDEX

GUJARAT BILL NO. 9 OF 1995.

THE GUJARAT PROHIBITION OF EVE—TEASING BILL, 1995.

A BILL

to prohibit Eve-teasing and to provide for certain other matters connected therewith.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક; : ૯.

ગુજરાત સ્ત્રી-છેડતી પ્રતિબંધ વિધેયક, ૧૯૯૫.

સ્ત્રીઓની છેડતી ઉપર પ્રતિબંધ મૂકવા અને તેની સાથે સંકળાયેલી અન્ય અમુક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

સ્ત્રીઓની છેડતી ઉપર પ્રતિબંધ મૂકવાનું અને તેની સાથે સંકળાયેલી અન્ય અમુક બાબતો માટે જોગવાઈ કરવાનું ઈષ્ટ છે;

આથી ભારતના ગણરાજ્યના છેતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧ (૧) આ અધિનિયમ, 'ગુજરાત સ્ત્રી-છેડતી પ્રતિબંધ અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨ આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "પુરુષ" શબ્દ માનવ જાતિના ગમે તે વયના નરનો નિર્દેશ કરે છે. "સ્ત્રી" શબ્દ ગમે તે વયની નારીનો નિર્દેશ કરે છે;

(ખ) "જાહેર સ્થળ" એટલે કે લોકોના ઉપયોગ માટે ઠરાવેલું હોય અથવા લોકો જેમાં પ્રવેશ કરી શકતા હોય તેવું કોઈ સ્થળ અને તેમાં કોઈપણ જાહેર વાહનનો સમાવેશ થાય છે.

સ્ત્રી છેડતી.

૩ 'સ્ત્રી-છેડતી' એટલે કોઈ પુરુષ, કોઈ જાહેર સ્થળે કોઈ સ્ત્રીને પજવણી થાય તે રીતે બોલીને અથવા લખીને અથવા નિશાની વડે અથવા કોઈ અશ્લીલ શબ્દ ગાઈને કે ઉચ્ચારીને અથવા દૃશ્ય રજૂઆતથી અથવા ચેનચાળાથી અથવા ગીત અથવા કાવ્ય દ્વારા કોઈ કૃત્ય કરવું.

સ્ત્રી છેડતી માટે શિક્ષા.

૪ (૧) કોઈ વ્યકિત સ્ત્રી-છેડતી કરે તો, તેને, પ્રથમવાર દોષિત ઠર્યેથી, પંદર દિવસ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે :

પરંતુ એવા કિસ્સાઓમાં કેદની મુદત, સાત દિવસથી ઓછી હોવી જોઈશે નહિ.

(૨) બીજીવાર અથવા તે પછી દોષિત ઠરે તે પ્રસંગે, ગુનેગારને એક મહિના સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે;

પરંતુ એવા કિસ્સાઓમાં કેદની મુદત, પંદર દિવસથી ઓછી હોવી જોઈશે નહિ.

INDEX

ગુનાઓ પોલીસ અધિકારના અને બિન જામીની હોવા બાબત

૫. જે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે કોઈપણ મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો ગુનો, પોલીસ અધિકારનો અને બિન-જામીની ગણાશે.

સંક્ષિપ્ત રીતે કેસની ઈન્સાફી કાર્યવાહી કરવાની કોર્ટની સત્તા.

૬. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે, છતાં આ અધિનિયમ હેઠળના તમામ ગુનાની મેજિસ્ટ્રેટે સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહી કરવી જોઈશે અને સદરહુ અધિનિયમની કલમો ૨૬૨ થી ૨૬૫ (બંને સહિત) ની જોગવાઈઓ, શકય હોય તેટલે સુધી, આવી ઈન્સાફી કાર્યવાહીને લાગુ પડશે. સન ૧૯૭૪ નો ૨જો.

ઉદ્દેશો અને કારણો

તાજેતરના વર્ષોમાં, ખાસ કરીને જાહેર સ્થળોએ સ્ત્રી-છેડતીની ફરીયાદોમાં સૂચક વધારો થયો છે અને સામાન્ય કાયદાની વિદ્યમાન જોગવાઈઓ. આવી વધતી જતી કનડગત અસરકારક રીતે હલ કરવા માટે અપૂરતી જણાઈ છે. સ્ત્રી છેડતી એ સમાજ ઉપરનું કલંક છે, અને તેને શરૂઆતથી જ ડામવું જોઈએ, તેથી, આ સામાજિક સમસ્યા હલ કરવાના ઉદ્દેશથી વૈધાનિક પગલાં લેવાનું જાહેર હિતમાં ઈષ્ટ છે. આથી આવું વૈધાનિક પગલું ગુનેગારોને માનસિક રીતે પ્રતિબંધક સાબિત થાય તે માટે સ્ત્રી છેડતીનો ગુનો પોલીસ અધિકારનો અને બિન-જામીની બનાવવો જોઈશે. ત્વરિત ન્યાયના હિતમાં કેસોની સંક્ષિપ્ત કાર્યવાહી કરવા માટે પણ જોગવાઈ કરવી જોઈએ.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

ડૉ. શાંતાબેન ચાવડા,
વિ.સ.સ.

ગાંધીનગર, તા. ૩૧મી માર્ચ, ૯૫.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં નીચેની બાબતમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ ૧(૩)-આ કલમથી, એવી જોગવાઈ કરી છે કે રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નકકી કરે તેવી તારીખે અધિનિયમ અમલમાં આવશે.

ઉપર્યુકત દરખાસ્ત સામાન્ય પ્રકારની છે.

ડૉ. શાંતાબેન ચાવડા,
વિ. સ. સ.

ગાંધીનગર, તા. ૩૧મી માર્ચ, ૧૯૯૫.

ઓન. કે. કથીરીયા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૨૨મી જૂન, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 24

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compllation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી ડી. શાન્તાબેન ચાવડાએ તા. ૨૨મી જુન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે:—

INDEX

INDEX

GUJARAT BILL NO. 10 OF 1995.

THE GUJARAT MUNICIPALITIES (AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Gujarat Municipalities Act, 1963.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૦.

ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

૨. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં, કલમ ૫૬ પછી, નીચેની કલમ દાખલ કરવી :—

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમમાં કલમ ૫૬-ક દાખલ કરવા બાબત.

સામાજિક ન્યાય સમિતિ.

"૫૬-ક. (૧) દરેક નગરપાલિકામાં, મ્યુનિસિપલ બરોમાં રહેતી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ સહિત સમાજના નબળા વર્ગોને સામાજિક ન્યાય મળે તે માટે આવશ્યક હોય તેવાં કાર્યો બજાવવા માટે સામાજિક ન્યાય સમિતિ એ નામની સમિતિ રહેશે.

(૨) સામાજિક ન્યાય સમિતિ, નગરપાલિકાએ પોતાના સભ્યોમાંથી ચૂંટવાના ૧૫ સભ્યોની બનશે, જેઓ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના હોવા જોઈશે.

પરંતુ નગરપાલિકામાં એવા કાઉન્સિલરની સંખ્યા ૧૫ કરતાં ઓછી હોય, તો એવા તમામ સભ્યો, સમિતિના સભ્યો રહેશે અને નગરપાલિકા, ઠરાવ કરીને, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની અને મ્યુનિસિપલ બરોમાં રહેતી એક અથવા વધુ વ્યકિતઓને, સમિતિના બાકીના સભ્ય અથવા સભ્યો તરીકે ચૂંટી શકશે.

(૩) સમિતિની મુદત, નગરપાલિકાની મુદત જેટલી રહેશે.

(૪) સમિતિના સભ્યો, તેની પ્રથમ બેઠકમાં, પોતાનામાંથી સમિતિના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ચૂંટશે. અધ્યક્ષ અને તેમની ગેરહાજરીમાં, ઉપાધ્યક્ષ, અધ્યક્ષસ્થાન લેશે અને સમિતિની બેઠકોનું નિયમન કરશે.

(૫) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓનું હિત સમાયેલું હોય તેવો કોઈ મુદ્દો અથવા મુદ્દાની સમિતિ વિચારણા કરશે અને તે અંગે નિર્ણય કરશે.

(૬) સમિતિના નિર્ણયથી નારાજ થયેલી કોઈપણ વ્યકિત, એવા નિર્ણયની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને રાજ્ય સરકાર, એવી અપીલ અંગે પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરશે અને એવો હુકમ આખરી ગણાશે."

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩માં, સંબંધિત પંચાયતમાં રહેતી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓને સામાજિક ન્યાય મળે તે માટે, સામાજિક ન્યાય સમિતિની રચના માટે જોગવાઈ કરી છે. તેમ છતાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં આવી કોઈ જોગવાઈ નથી. આ વિધેયકથી, સદરહુ અધિનિયમમાં તેવી જ જોગવાઈઓ કરવા ધાર્યું છે.

શહેરી વિસ્તારોમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના લોકોના રહેઠાણની જગાઓ, રોજગાર અને તેમની અન્ય પ્રાથમિક સુવિધાઓ સંબંધી ઘણી સમસ્યાઓ છે. હાલમાં, આ સમસ્યાઓ પ્રત્યે યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી અને ટોચ અગ્રતાના ધોરણે તે હાથ ધરવામાં આવતી નથી.

આ લોકોને, નગરપાલિકાઓમાં તેમજ નગરપાલિકાઓની અન્ય સમિતિઓમાં પૂરતું પ્રતિનિધિત્વ મળતું નથી અને આથી, તેમનાં હિતોને યોગ્ય રીતે રક્ષણ મળતું નથી. સામાજિક ન્યાય સમિતિ મારફત આ લોકોના હિતને રક્ષણ આપવાનો આ વિધેયકનો ઉદ્દેશ છે.

ગાંધીનગર,
તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૫.

ડૉ. શાંતાબેન ચાવડા,
વિ. સ. સ.

ગાંધીનગર,
તા. ૨૨મી જૂન, ૧૯૯૫.

ઓન. કે. કથીરીયા,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 25 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી, દિનશા પટેલે તા. ૨૨મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભા નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે:—

INDEX

INDEX

GUJARAT BILL NO. 11 OF 1995.

THE GUJARAT LEGISLATIVE ASSEMBLY MEMBERS' PENSION (REPEAL) BILL, 1995.

A BILL

to repeal the Gujarat Legislative Assembly Members' Pension Act, 1984

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૧

ગુજરાત વિધાનસભાના સભ્યોના પેન્શન (રદ કરવા બાબત) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત વિધાનસભાના સભ્યોના પેન્શન બાબત અધિનિયમ, ૧૯૮૪ રદ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ' ગુજરાત વિધાનસભાના સભ્યોના પેન્શન (રદ કરવા બાબત) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) આ અધિનિયમ, તારીખ ૮મી ઓગસ્ટ, ૧૯૮૯ એટલે કે જે તારીખે સન ૧૯૮૯નો ગુજરાત અધિનિયમ ક્રમાંક—૧૮ અમલમાં આવ્યો તે તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

સન ૧૯૮૯નો ગુજરાતનો ૧૮મો અધિનિયમ રદ કરવા બાબત.

૨. ગુજરાત વિધાનસભાના સભ્યોના પેન્શન બાબત અધિનિયમ, ૧૯૮૪ (સન ૧૯૮૯નો ગુજરાતનો ૧૮મો) આથી રદ કરવામાં આવે છે.

ઉદ્દેશો અને કારણો

પેન્શન અધિનિયમ, ગુજરાત વિધાનસભાના તમામ સભ્યો કે જેઓએ એક અથવા વધુ મુદત માટે સભ્ય તરીકે સેવા બજાવી હોય તેમને પેન્શન આપવા માટેની જોગવાઈ કરે છે. તેમાં, કોઈ અપવાદ નથી અને તમામ સભ્યો, તેમની નાણાંકીય સ્થિતિને ધ્યાનમાં લીધા સિવાય, પેન્શન મેળવવા હકદાર છે. સભ્યો, પોતાની મેળે, જાહેર સેવાઓમાં જોડાય છે. જાહેર સેવામાં જોડાવા માટે અને ચૂંટણી લડવા માટે કોઈ તેમને ફરજ પાડતું નથી. કેટલાક કિસ્સાઓમાં નિવૃત્ત સભ્યોને અમુક નાણાંકીય મદદની જરૂરત રહે છે, તેમાં કોઈ શંકા નથી. તે હકીકત, રાજ્ય સરકારના ધ્યાન ઉપર લાવવામાં આવે તો, વહીવટી હુકમથી, આ સભ્યોને સહાય આપી શકાય. આ અધિનિયમનો હેતુ, તમામ સભ્યોને પેન્શન માટે હકદાર બનાવવાને બદલે, જરૂરીયાતવાળા નિવૃત સભ્યોને મદદ કરવાનો છે. તેથી, આ વિધેયક.

ગાંધીનગર,
તારીખ : ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૫.

દિનશા પટેલ,
વિ.સ.સ.

ગાંધીનગર
તા. ૨૨મી જૂન, ૧૯૯૫.

એન. કે. કથીરીઆ,
સચિવ
ગુજરાત વિધાનસભા.

OVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 26

REGISTERED NO. G/GNR/1





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

rati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી ડો. શાન્તાબેન ચાવડાએ તા. ૨૨મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે:—

INDEX

INDEX

GUJARAT BILL NO. 12 OF 1995.

THE SAURASHTRA UNDERGROUND WATER RECHARGE AUTHORITY BILL, 1995.

A BILL

to provide for establishment of an authority to make special provision and to undertake special programmes for increasing underground water level of the Saurashtra areas of the state and for matters and purposes connected therewith.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૨

સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુન:વસન સત્તા મંડળ વિધેયક, ૧૯૯૫.

રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારની ભૂગર્ભ જળની સપાટી વધારવા, ખાસ જોગવાઈ કરવા અને ખાસ કાર્યક્રમ હાથ ધરવા માટે સત્તા મંડળની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો અને હેતુઓ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.

ટૂંકી સંજ્ઞા; વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, "સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુન:વસન સત્તા મંડળ અધિનિયમ, ૧૯૯૫" કહેવાશે.

(૨) તે અમરેલી, ભાવનગર, જુનાગઢ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લાઓમાં સમાવિષ્ટ સૌરાષ્ટ્ર વિસ્તારોને અને રાજ્ય સરકારે નિર્દિષ્ટ કર્યા હોય તેવા અન્ય નજીકના વિસ્તારને લાગુ પડે છે.

(૩) તે તરત જ અમલમાં આવશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય:—

(ક) "સત્તામંડળ" એટલે આ અધિનિયમની કલમ ૩ હેઠળ રાજ્ય સરકારે સ્થાપેલ સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુન:વસન સત્તા મંડળ,

(ખ) "સૌરાષ્ટ્ર વિસ્તાર" એટલે અમરેલી, ભાવનગર, જુનાગઢ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લાઓમાં સમાવિષ્ટ વિસ્તારો અને આ અર્થે રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા અન્ય લગોલગના વિસ્તારો ;

(ગ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું,

(ઘ) "રાજ્ય સરકાર" એટલે ગુજરાત રાજ્ય સરકાર;

(ચ) "ભૂગર્ભ જળ" એટલે ગૃહ વપરાશ, ખેતી અથવા બીજા કોઈપણ હેતુઓ માટે કાઢવામાં આવ્યુ હોય તેવું ભોંયતળિયાની સપાટી નીચેનું જળ.

સૌરાષ્ટ્ર જળ પુન:વસન સત્તામંડળની સ્થાપના.

૩. (૧) રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેર કરવામાં આવે તેવી તારીખથી અમલમાં આવે તે રીતે, સૌરાષ્ટ્ર વિસ્તારની ભૂગર્ભ જળ સપાટી વધારવા માટે સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુન: વસન સત્તામંડળ એ નામના એક સત્તા મંડળની સ્થાપના કરવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલા સત્તામંડળ, સંસ્થાપિત મંડળ રહેશે. અને તેને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સિક્કો રહેશે અને તેના નામથી તે દાવો માંડી શકશે અને તેના પર દાવો માંડી શકાશે અને જંગમ અને સ્થાવર બંને મિલ્કત પ્રાપ્ત કરવાની અને ધરાવવાની અને કરાર કરવાની તેમજ આ અધિનિયમના હેતુ માટે આવશ્યક તમામ બાબતો કરવા માટે સક્ષમ રહેશે.

INDEX

(૩) આ અધિનિયમના હેતુઓ માટે, પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલ સત્તામંડળ, સ્થાનિક સત્તામંડળ તરીકે ગણાશે.

સત્તામંડળની રચના અને તેના હોદ્દાની મુદત.

૪. (૧) સત્તામંડળ, રાજ્ય સરકાર નીમે તેવા અધ્યક્ષ અને અન્ય પાંચ સભ્યોનું બનશે:

પરંતુ અધ્યક્ષ અને સભ્યો, તે બાબત અંગે પૂરતું ટેકનીકલ જ્ઞાન અને અનુભવ ધરાવતા હોય તેવી વ્યકિતઓ હોવા જોઈશે.

વધુમાં રાજ્ય સરકારે નીમવાના પાંચ સભ્યોમાંથી:--

(૧) એક સભ્ય, ટેકનીકલ જ્ઞાન અને અભિરૂચી ધરાવતો, સૌરાષ્ટ્ર વિસ્તારની જિલ્લા પંચાયતોમાંની જિલ્લા પંચાયતનો પ્રમુખ અથવા સભ્ય હોવો જોઈશે.

(૨) એક સભ્ય, રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી ગુજરાત વિધાનસભાનો સભ્ય હોવો જોઈશે.

(૩) એક સભ્ય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે જોડાયેલ એન્જિનીયરીંગ કોલેજમાંથી હોવો જોઈશે.

(૨) સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત, તેમની નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષની રહેશે;

પરંતુ જિલ્લા પંચાયતોના પ્રમુખ અથવા સભ્ય અને ગુજરાત વિધાનસભાના સભ્ય, સંબંધિત મંડળોના સભ્યો તરીકે બંધ થાય કે તરત જ સત્તામંડળના સભ્યો તરીકે બંધ થશે.

(૩) સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોના પગાર, અન્ય ભથ્થા, નોકરીની શરતો અને તેમને લગતી અન્ય બાબતો, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને ઠરાવે તેવા રહેશે.

સત્તામંડળના કાર્યો.

૫. (૧) આ અધિનિયમના હેતુઓ માટે, સત્તામંડળે સૌરાષ્ટ્ર વિસ્તાર ભૂગર્ભ જળ પુન:વસન કરવા માટે કાર્યક્રમ તૈયાર કરવો જોઈશે અને યોજનાઓ અમલમાં મુકવી જોઈશે. સત્તામંડળે છેલ્લામાં છેલ્લી પ્રાપ્ય ટેકનોલોજીને ઉપયોગ કરીને યોજનાઓ તૈયાર કરવી જોઈશે અને ભૂગર્ભ જળ પુન.વસનના કાર્યક્ષેત્રમાં સિધ્ધ પરિણામો મેળવશે.

(૨) યોજનાઓ હાથ ધરવાના હેતુ માટે અને આ અધિનિયમ હેઠળ કરેલા વિનિયમો માટે સત્તામંડળને, આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલ સૌરાષ્ટ્ર વિસ્તારની કોઈપણ જમીનમાં દાખલ થવાનો અને તેનો ઉપયોગ કરવાનો હક રહેશે.

(૩) યોજનાનું કામ હાથ ધરવા માટેના વિગતવાર નિયમો, સત્તામંડળે ઘડવા જોઈશે અને રાજ્ય સરકારની મંજૂરી પછી તે અમલમાં આવશે.

સત્તામંડળનાં ફંડો અને હિસાબો.

૬. (૧) રાજ્ય સરકાર, સત્તામંડળને તેની પ્રવૃત્તિઓ કરવા માટે જરૂરી ફંડ પુરું પાડશે.

(૨) સત્તામંડળને, લોકો પાસેથી અથવા રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે માન્ય કરેલ કોઈપણ સંસ્થા પાસેથી યોગ્ય નાણાંકીય લેખ મારફતે નાણાં ઉછીના લેવાની અથવા ફંડ ઉભુ કરવાની સત્તા રહેશે અને તેને દાન-સ્વીકારવાની પણ સત્તા રહેશે.

(૩) સત્તામંડળે, પોતાને મળેલા ફંડ અથવા નાણાં ભારતીય સ્ટેટ બેન્ક અથવા રાજ્ય સરકારે, માન્ય કરેલ બીજી કોઈપણ બેંકમાં જમા કરાવવા જોઈશે, અને સત્તામંડળ પોતે અધિકૃત કરેલ હોય તેવી વ્યકિતઓ, બેંકના ખાતાનું સંચાલન કરશે.

(૪) સત્તામંડળના હિસાબો, રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂનામાં રાખવા જોઈશે.

વાર્ષિક રિપોર્ટ.

૭. સત્તામંડળ, દરેક વર્ષના અંતે રિપોર્ટ તૈયાર કરશે, જેમાં તેના કાર્યક્રમો, હાથ ધરેલી પ્રવૃત્તિઓ અને, સત્તામંડળના હિસાબોનો સમાવેશ થશે. રિપોર્ટ રાજ્ય સરકારને રજૂ કરવો જોઈશે અને રાજ્ય સરકારે, રાજ્ય વિધાન મંડળના મેજ પર તે મૂકાવવો જોઈશે.

નિયમો કરવાની સત્તા

૮. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં, જાહેરનામા દ્વારા અને પૂર્વ પ્રસિધ્ધની શરતને આધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ રાજ્ય વિધાન મંડળ સમક્ષ મુકવા જોઈશે. અને જે બેઠકમ તેમને તેવ રીતે મૂકવામાં આવ્યા હોય તે બેઠકમાં રાજ્ય વિધાનમંડળ તેમાં તેવા ફેરફારને અથવા રહેશે.

INDEX

(૩) રાજ્ય વિધાનમંડળે એ રીતે કરેલો કોઈપણ ફેરફાર, સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવો જોઈશે અને તેમ થયે તે અમલમાં આવશે.

૯. સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, વખતોવખત, તેના રોજેરોજના કામકાજ કરવા માટે આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમો સાથે સુસંગત વિનિયમો કરી શકશે. વિનિયમો.

ઉદ્દેશો અને કારણો

સૌરાષ્ટ્રના વિસ્તારોમાં, નદીઓ નિરંતર વહેતી નથી, અને તેથી, નહેરથી સિંચાઈ કરવાનું શકય નથી, નહેરથી સિંચાઈ ન થવાથી, ખેતીને ભૂગર્ભ જળ પર આધાર રાખવો પડે છે, અને આ કારણસર, ટ્યુબવેલોની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. તેથી ભૂગર્ભ જળનું સ્તર દિનપ્રતિદિન નીચું જતું જોવા મળે છે. એવી પણ ભીતી જણાય છે કે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળનો જથ્થો આગામી થોડા વર્ષમાં ખલાસ થઈ જશે. આ વિસ્તારના લોકોને પીવા માટે પીવા લાયક પાણી મળતું નથી. અને તેથી તેમને ફ્લોરાઈડ યુકત પાણી તેમજ અશુધ્ધ ભૂગર્ભજળ ઉપર આધાર રાખવો પડે છે જેને પરિણામે તેમના આરોગ્યને ગંભીર નુકશાન થાય છે. ભૂગર્ભ જળ કાઢવા માટે રાજ્ય સરકારે કોઈ પધ્ધતિસરનો કાર્યક્રમ હાથ ધર્યો નથી. આ ગંભીર પ્રશ્નને હલ કરવા માટે, સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ સત્તામંડળ સ્થાપવાનું સૂચવ્યુ છે. જે આ પ્રશ્ન પ્રત્યે ધ્યાન આપશે, અને યોજનાઓ હાથ ધરશે.

તેથી આ વિધેયક.

ડો. શાંતાબેન ચાવડા,
વિ. સ. સ.

તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૫.

નાણાંકીય યાદી

કલમ ૪ ની પેટા કલમ (૩) થી સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોના પગાર અને અન્ય ભથ્થાં માટે જોગવાઈ કરી છે. અને વિધેયકની કલમ ૬ થી સત્તામંડળની પ્રવૃત્તિઓ પાર પાડવા માટે જરૂરી ફંડની જોગવાઈ કરી છે. આ વિધેયકથી અધિનિયમ કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો, રાજ્યના એકત્રિત ફંડમાંથી આશરે રૂા. ૨ કરોડનું આવર્તક ખર્ચ થશે.

તારીખ ૧૯મી એપ્રિલ ૧૯૯૫.

ડો. શાંતાબેન ચાવડા,
વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ ૧ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને અમરેલી, ભાવનગર, જુનાગઢ, જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં સમાવિષ્ટ વિસ્તારો સિવાયના અન્ય વિસ્તારો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૩ની પેટા-કલમ (૧) થી "રાજ્ય સરકારને સૌરાષ્ટ્ર ભૂગર્ભજળ પુનઃવસન સત્તામંડળ" એ નામનું સત્તા મંડળ નિમવાની અને જે તારીખથી તે અમલી બનશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૪ના પેટા-ખંડ (૧)થી રાજ્ય સરકારને, સત્તામંડળ, અધ્યક્ષ, અને પાંચ બીજા સભ્ય નીમવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૪ની પેટા-કલમ (૩) થી રાજ્ય સરકારને અધ્યક્ષ અને સત્તામંડળના સભ્યોના પગાર, અન્ય ભથ્થા, નોકરીની શરતો અને તે સાથે સંકળાયેલી અન્ય બાબતોઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, સત્તામંડળને સૌરાષ્ટ્ર વિસ્તારની કોઈપણ જમીનમાં દાખલ થવા અથવા તેનો ઉપયોગ કરવાનો હક અંગે નિયમો અને વિનિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૫ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, યોજનાનું કામ હાથ ધરવા સત્તામંડળે કરેલા વિગતવાર નિયમો મંજૂર કરવાની સત્તા મળે છે.

કલમ ૬ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, જેમાં સત્તામંડળ પોતાને મળેલા ફંડ અથવા નાણા જમા કરાવી શકે તેવી ભારતીય સ્ટેટ બેંક અથવા કોઈપણ બેંક માન્ય કરવાની સત્તા મળે છે.

કલમ ૬ની પેટા-કલમ (૪) થી રાજ્ય સરકારને, સત્તામંડળના હિસાબો રાખવાનો નમૂનો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૫.

ડો. શાંતાબેન ચાવડા,
વિ. સ. સ.

ગાંધીનગર,
તા. ૨૨મી જૂન, ૧૯૯૫.

એન. કે. કથીરીયા,
સચિવ,
ગુજરાત વિધાનસભા

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra. No. 27 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય શ્રી દિનશા પટેલે તા. ૨૨મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭--આ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે :-

INDEX

INDEX

Gujarat Bill No 13 of 1995

THE GUJARAT PREVENTION OF ACCIDENTS ON HIGHWAYS BILL, 1995

A BILL

to make provisions for prevention of accidents on highways and for matters connevted therewith.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૩

ગુજરાત ધોરીમાર્ગ અકસ્માત નિવારણ વિધેયક, ૧૯૯૫.

ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતોના નિવારણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતોની જોગવાઈઓ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા, અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત ધોરી માર્ગ અકસ્માત નિવારણ અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.,

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય—

(ક) "ખાસ સત્તામંડળ" એટલે આ અધિનિયમ હેઠળ રચાયેલ સત્તામંડળ.

(ખ) "ધોરીમાર્ગ" એટલે રાજ્યના ધોરીમાર્ગો, રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને રાજ્ય સરકારે તે રીતે વર્ગીકૃત કર્યા હોય તેવા બીજા માર્ગો.

(ગ) "ટ્રાફિક પોલીસ" એટલે ધોરીમાર્ગના ટ્રાફીકના નિયમન પાછળ દેખરેખ રાખતો ગુજરાત પોલીસનો એક વિભાગ.

(ઘ) વાપરવામાં આવ્યા હોય પણ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દપ્રયોગોનો અર્થ, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮માં તેમનો જે અર્થ આપ્યો છે તે જ થશે.

ખાસ સત્તામંડળની સ્થાપના.

૩. (૧) રાજ્ય સરકાર, સરકારી રાજપત્રમાં જાહેરનામાથી ગુજરાત રાજ્યમાં ધોરી માર્ગો ઉપરના અકસ્માતોના નિવારણ માટે એક ખાસ સત્તામંડળ સ્થાપશે.

(૨) ખાસ સત્તામંડળ, રાજ્ય સરકાર નીમે તેવા અધ્યક્ષ અને ૧૪ કરતા વધુ ન હોય તેટલા અન્ય સભ્યોનું બનશે :

પરંતુ રાજ્ય સરકારે સત્તામંડળમાં નીમવાના ૧૪ સભ્યોમાંથી ઓછામાં ઓછા બે સભ્યો ગુજરાત વિધાનસભાના સભ્યોમાંથી નીમવા જોઈશે.

સત્તામંડળના સભ્યોની મુદત.

૪. ખાસ સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોને તેમની નિમણૂંકની તારીખથી ૩ વર્ષની મુદત માટે નીમવામાં આવશે :

પરંતુ ગુજરાત વિધાનસભાના સભ્યો, વિધાનસભાના સભ્યો તરીકે તેઓ બંધ ન થાય ત્યાં સુધી ખાસ સત્તામંડળના સભ્યો તરીકે ચાલુ રહેશે.

INDEX

સત્તામંડળના અધ્યક્ષ અને અન્ય સભ્યોને ચુકવવાના ભથ્થાં.

૫. ખાસ સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યો કોઈપણ પગાર મેળવવાને હકદાર થશે નહિ, પરંતુ સરકાર નક્કી કરે તે પ્રમાણે તેમની ફરજ બજાવવા માટે તેવા ભથ્થા મેળવવાને તેઓ હકદાર રહેશે.

ખાસ સત્તા મંડળ હેઠળનો સ્ટાફ.

૬. (૧) ખાસ સત્તામંડળ હેઠળના સ્ટાફમાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) સચિવ, જેમને સરકાર દ્વારા નીમવામાં આવશે; અને

(ખ) ખાસ સત્તામંડળ સરકારની પૂર્વમંજૂરીથી વખતોવખત નીમે તેવા બીજા કર્મચારીઓ.

(૨) સચિવ અને અન્ય કર્મચારીઓનો પગાર, ઠરાવવામાં આવે તે પ્રમાણે રહેશે.

(૩) સચિવ અને અન્ય કર્મચારીઓની નોકરીની બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તે પ્રમાણે રહેશે.

સત્તામંડળના કાર્યો.

૭. ખાસ સત્તામંડળનાં કાર્યો નીચે પ્રમાણે રહેશે:—

(ક) રોડ ટ્રાફિકની દેખરેખ રાખવી અને ધોરી માર્ગો ઉપર થતા અકસ્માતો નિવારવાના પગલાં સૂચવવા.

(ખ) અકસ્માતોનું રેકર્ડ રાખવું અને અકસ્માતોના સામાન્ય કારણો શોધી કાઢવા અને ઉપાયરૂપ પગલાં સૂચવવા.

(ગ) વિદ્યમાન ધોરીમાર્ગ ટ્રાફિક નિયમોમાં ફેરફારો સૂચવવા.

(ઘ) રાજ્ય ધોરીમાર્ગ પોલીસે, ખાસ સત્તામંડળે કરેલા સૂચનોનો અમલ કરવો અને તેમણે કાઢેલી સૂચનાઓનું પણ પાલન કરવું અને સત્તામંડળને જરૂરી સહાય પૂરી પાડવી.

નિયમો.

૮. (૧) રાજ્ય સરકાર, અધિનિયમના ઉદ્દેશો સિધ્ધ કરવા માટે, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિયમો ઘડી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા નિયમો, ત્યાર પછી આવતા રાજ્ય વિધાનમંડળના સત્રમાં, તેની સમક્ષ મૂકવા જોઈશે અને વિધાન મંડળ દ્વારા ઠરાવ પસાર કરીને તેમાં ફેરફાર કરવાને અથવા તે રદ કરવાને પાત્ર થશે અને સરકારી રાજપત્રમાં જાહેર કર્યા પછી આવા નિયમો તદનુસાર ફેરફાર કરેલા અથવા રદ કરેલા ગણાશે.

ઉદ્દેશો અને કારણો

તાજેતરમાં, ગુજરાતના ધોરીમાર્ગો ઉપર થતાં માર્ગ અકસ્માતો ચોંકાવનારા દરે વધી રહ્યા છે. ધોરી માર્ગો ઉપર દરરોજના ઘણાં અકસ્માતો સર્જાય છે. જેના પરિણામે લોકોની જાનહાનિ થાય છે અને તેમાં ઘણાં લોકો ગંભીર અને કાયમી ઈજાથી અશકત પણ બને છે.

ધોરીમાર્ગનું વિદ્યમાન પોલીસતંત્ર ધોરી માર્ગ ઉપરના ટ્રાફિકની દેખભાળ રાખે છે તે, ધોરી માર્ગ ઉપર થતાં અકસ્માતોને અટકાવવા માટે પૂરતું નથી.

તેથી, ગુજરાતના ધોરી માર્ગો ઉપર થતાં અકસ્માતો નિયંત્રિત કરવા અને તે ઓછા કરવાના હેતુથી, ધોરી માર્ગ ઉપરની ટ્રાફિક પોલીસને પગલા સૂચવવા અને આદેશો આપવા માટે અલગ સત્તામંડળની રચના કરવાનું સૂચવવામાં આવ્યું છે.

ગાંધીનગર,
તા. ૯મી મે, ૧૯૯૫.

દિનશા પટેલ,
વિ. સ. સ.

INDEX

નાણાંકીય ચાદી.

કલમ ૫ અને ૬, ખાસ સત્તામંડળના અધ્યક્ષ, સભ્યો અને સ્ટાફને, આપવાના પગાર અને ભથ્થાં આપવાની જોગવાઈ કરે છે. જેમાં રાજ્યના એકત્રિત ફંડમાંથી દર વર્ષે આશરે ૧૫ લાખ રૂપિયાનો ખર્ચ થવાનો સંભવ છે.

ગાંધીનગર
તા. ૯મી મે, ૧૯૯૫.

દિનશા પટેલ,
વિ. સ. સ.

ધારાકીય સત્તા સોંપવાની ચાદી.

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય પ્રકારની સત્તા સોંપવાની જોગવાઈ કરી છે :—

કલમ—૩. આ કલમથી, રાજ્ય સરકારને, રાજ્યપત્રમાં જાહેરનામાથી, ખાસ સત્તામંડળ નિયુકત કરવાની સત્તા મળે છે.

કલમ—૫. આ કલમથી, રાજ્ય સરકારને, સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોના ભથ્થાં નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ—૬. આ કલમથી, રાજ્ય સરકારને, ખાસ સત્તામંડળ હેઠળના સચિવ અને કર્મચારીઓની સંખ્યા અને તેમની સેવાની અન્ય શરતો મંજૂર કરવાની સત્તા મળે છે.

કલમ—૮. આ કલમથી, રાજ્ય સરકારને અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો ઘડવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર.
તારીખ. ૯મી મે, ૧૯૯૫.

દિનશા પટેલ
વિ. સ. સ.

એન. કે. કથીરીયા,
સચિવ.
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર.
તારીખ ૨૨મી જુન ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 28 REGISTERED NO. G/GNR/1



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી દિનશા પટેલે તા. ૨૨મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭--અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે :—

INDEX

INDEX

Gujarat Bill No. 14 of 1995.

THE GUJARAT FAMILY WELFARE BILL, 1995.

A BILL

to control the population growth and provide measures to restrict the size of the family so as to provide opportunities for individual development and to attain family welfare in the State of Gujarat and for matters connected therewith.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૪

ગુજરાત કુટુંબ કલ્યાણ વિધેયક, ૧૯૯૫

વસતી વધારાનું નિયંત્રણ કરવા અને વ્યકિતગત વિકાસ માટે તક આપી શકાય તે માટે કુટુંબનું કદ નિયંત્રિત કરવાના અને ગુજરાત રાજ્યમાં કુટુંબ કલ્યાણની સિધ્ધિ મેળવવા માટેનાં પગલાં માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "ગુજરાત કુટુંબ કલ્યાણ અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય—

(ક) "રાજ્ય સેવક" એટલે

(૧) રાજ્ય સરકારની નોકરીમાં હોય અથવા પગાર મેળવતી હોય અથવા રાજ્ય સરકાર દ્વારા કોઈ ફરજ બજાવવા માટે ફી અથવા કમિશન લઈને મહેનતાણું મેળવતી હોય તેવી કોઈપણ વ્યકિત.

સન ૧૯૫૬નો ૧૯મો.

(૨) રાજ્ય અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ સ્થાપેલ સ્થાનિક સત્તામંડળ અથવા કોર્પોરેશનમાં અથવા રાજ્ય સરકારની માલિકીના અથવા તેના નિયંત્રિત અથવા સહાય મેળવતા મંડળમાં અથવા કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૬૧૭ હેઠળ રાજ્ય સરકારે સ્થાપેલ કોઈ સરકારી કંપનીમાં, નોકરી કરતી હોય અથવા પગાર મેળવતી હોય તેવી કોઈપણ વ્યકિત.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો. સન ૧૯૬૪નો ગુજરાતનો ૬૪મો. સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(ખ) "સ્થાનિક સત્તામંડળ" એટલે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ અથવા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અથવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ અથવા જેની હેઠળ ગુજરાત રાજ્યમાં કોઈ સત્તામંડળ ઊભું કરવામાં આવ્યું હોય અથવા રચવામાં આવ્યું હોય તે બીજા અધિનિયમ હેઠળ રચાયેલ મંડળ.

(ગ) "યુનિવર્સિટી " એટલે ગુજરાત રાજ્યમાં કોઈ કાયદા દ્વારા સ્થપાયેલ કોઈ પણ યુનિવર્સિટી અને તેમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા માન્ય કરેલ કોઈપણ બીજી સંસ્થાનો સમાવેશ થાય છે;

INDEX

(ધ) "જાહેર વિતરણ પધ્ધતિ" એટલે જે પધ્ધતિ હેઠળ, આવશ્યક ચીજ વસ્તુઓ જેવી કે, અનાજ, ખાંડ, કેરોસીન, રાંધણ તેલ વગેરે, કુટુંબ કાર્ડ ઉપર વાજબી ભાવની દુકાન મારફત આપવામાં આવતી હોય તેવી અથવા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ અથવા રાજ્ય સરકારે ઘડેલા બીજા કોઈપણ અધિનિયમ અથવા નિયમો હેઠળ જેનું નિયમન થતું હોય તેવી પધ્ધતિ; સન ૧૯૫૫નો ૧૦મો.

(ચ) "શૈક્ષણિક સંસ્થા" એટલે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ અથવા ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ અથવા ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થાપેલ કોઈપણ યુનિવર્સિટી હેઠળ અથવા રાજ્ય અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ રચાયેલ બીજા સત્તામંડળ હેઠળ માન્ય કરેલ અથવા રજિસ્ટર કરેલ, પ્રાથમિક અથવા માધ્યમિક અથવા ઉચ્ચ શિક્ષણ આપતી કોઈ સંસ્થા; સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો. સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(છ) "નિર્દિષ્ટ કરેલી તારીખ" એટલે આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવા માટે નિર્દિષ્ટ કરેલી તારીખ, જે કલમ ૧ની પેટા-કલમ (૩) હેઠળ નક્કી કરેલી તારીખના એક વર્ષ પછીની તારીખ ગણાશે.

નાના કુટુંબના માપદંડનો ભંગ કરવા અંગેની ગેરલાયકાત.

૩. આ અધિનિયમની કલમ-૪માં જણાવેલ હેતુ માટે, બે કરતાં વધુ બાળકો હોય તેવી વ્યકિત ગેરલાયક ગણાશે.

પરંતુ આ કલમમાંનો કોઈપણ મજકૂર નીચેની કોઈપણ વ્યકિતને લાગુ પડશે નહિ—

(ક) આ અધિનિયમના આરંભની તારીખે અથવા યથાપ્રસંગ, આવા આરંભના એક વર્ષની મુદતની અંદર, બે કરતાં વધુ બાળકો હોય, સિવાય કે એક વર્ષની સદરહુ મુદત પછી, વધારાનું બાળક તેણે પેદા કર્યું હોય;

(ખ) આ અધિનિયમના આરંભની તારીખે અથવા યથાપ્રસંગ, આવા આરંભની એક વર્ષની મુદતની અંદર એક બાળક હોય, સિવાય કે પછીના બાળકનો જન્મ, એક કરતાં વધુ બાળકના જન્મમાં પરિણમ્યો હોય.

સ્પષ્ટીકરણ:— આ કલમના હેતુઓ સારુ, કોઈ વ્યકિત, માત્ર તેના બાળકને દત્તક આપવાને કારણે ગેરલાયક ગણાતી બંધ થશે નહિ.

ગેરલાયકાત ધરાવતી વ્યકિતઓ, અનુકૂલતાઓ/ સુવિધાઓ મેળવવાને હકદાર થશે નહિ.

૪. આ અધિનિયમની કલમ ૩ હેઠળ ગેરલાયકાત ધરાવતી વ્યકિત—

(૧) સ્થાનિક મંડળનું સભ્યપદ મેળવવાને હકદાર થશે નહિ;

(૨) જો તે રાજ્ય સેવક હોય તો,—

(ક) વાર્ષિક ઈજાફો અથવા નિયત બઢતી;

(ખ) રહેણાંકની સગવડ, વાહન અને અનાજની ખરીદી માટે પેશગીઓ, જેવી સુવિધાઓ મેળવવા હકદાર થશે નહિ.

(૩) જો તે યુનિવર્સિટીમાં, અથવા કોઈ બીજી શૈક્ષણિક સંસ્થાઓમાં કારકુની અથવા શૈક્ષણિક સ્ટાફ તરીકે કામ કરતી વ્યકિત હોય તો, તે વાર્ષિક ઈજાફો અથવા નિયત બઢતી મેળવવાને હકદાર થશે નહિ.

(૪) રાજ્ય સરકાર દ્વારા અથવા સ્થાનિક મંડળ દ્વારા અથવા રાજ્ય સરકારની ગ્રાન્ટ મેળવતા બીજા કોઈપણ સત્તા મંડળ દ્વારા ચલાવાતી કોઈપણ હોસ્પિટલમાં તબીબી સગવડ મેળવવા હકદાર થશે નહિ.

(૫) વાજબી ભાવની દુકાનેથી કોઈપણ આવશ્યક ચીજવસ્તુ મેળવવા માટે અથવા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની કોઈપણ સગવડ મેળવવા હકદાર થશે નહિ.

(૬) નવું ગેસ જોડાણ મેળવવા હકદાર થશે નહિ.

આરોગ્ય અને તબીબી સેવા નિયામકના કાર્યો.

૫. (૧) આરોગ્ય અને તબીબી સેવા નિયામકે, આ અધિનિયમની જોગવાઈઓની જાણકારી માટે તમામ જરૂરી પગલાં લેવાં જોઈશે.

INDEX

(૨) ગુજરાત રાજ્યના આરોગ્ય અને તબીબી સેવા નિયામક, આ અધિનિયમનના અમલની દેખરેખ રાખશે અને આ અધિનિયમની જોગવાઈઓના ભંગનું એક પત્રક તૈયાર કરશે અને ગુજરાત વિધાનસભા સમક્ષ મૂકાવડાવશે.

નિયમો કરવાની સત્તા.

૬. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં, જાહેરનામા દ્વારા અને પૂર્વ પ્રસિધ્ધીની શરતને આધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકાશે.

(૨) આ કલમ હેઠળ કરેલા નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, વિધાનમંડળ સમક્ષ મુકાવવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે અથવા રદ કરે તેને તે આધીન રહેશે

(૩) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ ફેરફાર કરે અથવા રદ કરે તે, રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવું જોઈશે અને તેમ થયે તેનો અમલ થશે.

ઉદ્દેશો અને કારણો

સ્વતંત્રતા પછી, રાજ્ય દ્વારા મોટા પાયે સામાજીક આર્થિક વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. સાથોસાથ, અનિયંત્રિત જન્મ દર, આપણા સામાજીક આર્થિક વિકાસને વિપરીત અસર કરે છે, જેના પરિણામે વિકાસનો ઘણો જ મોટો હિસ્સો વ્યકિતને ફાળે આવે છે. સન ૧૯૯૧ની વસતી ગણત્રી અનુસાર, ભારતની વસતી ૮૪૪.૩ લાખની છે અને દર વર્ષે ૧૭ લાખ કરતાં વધુ વસતી વધારો થાય છે. બદલાતા સંજોગોમાં વસતીનું પ્રમાણ સ્થિર રહે એ સૌથી વધુ રાષ્ટ્રીય અગ્રિમતા ધરાવે છે.

વિશ્વમાં, ચીન જેવા દેશોએ, જન્મ દરને નિયંત્રિત કરવા માટે સખત પગલાં લીધાં છે. ભારતમાં કેન્દ્રીય કુટુંબ કલ્યાણ, મંત્રીશ્રીએ પણ, જન્મ દરનું નિયંત્રણ કરવા રાજસભામાં વિધેયક દાખલ કર્યું છે. જેથી કરીને જન્મ દરનું નિયંત્રણ થઈ શકે. વિધેયકની યોજનામાં, એવું સૂચવવામાં આવ્યું છે કે, આ અધિનિયમની જોગવાઈઓ એક વર્ષના લાંબા ગાળા પછી અમલમાં આવશે જેથી દરેકે દરેક વ્યકિત આ અધિનિયમની જોગવાઈઓની અસરની જાણકાર બની શકે અને પોતાના કુટુંબના કદનું નિયંત્રણ કરી શકે. આ વિધેયકનો મુખ્ય હેતુ, લોકોના માનસમાં તેમના કુટુંબના કદનું નિયંત્રણ કરવા માટે જાગૃત્તિ લાવવાનો છે. જો આમ ન થાય તો નવા વિકાસનું ક્ષેત્ર, બહુ નાનું રહે. કુટુંબ કલ્યાણ અને વ્યકિતગત વિકાસ માટે, આ વિધેયક કરવા ધાર્યું છે.

ગાંધીનગર,
તા. ૯મી મે, ૧૯૯૫.

દિનશા પટેલ
વિ. સ. સ.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ ૧ની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૬ ની પેટા કલમ (૧) થી રાજ્ય સરકારને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત સત્તાની, સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર,
તારીખ ૯મી મે, ૧૯૯૫.

દિનશા પટેલ,
વિ. મ. સ.

ગાંધીનગર,
તારીખ ૨૨મી જૂન, ૧૯૯૫.

એન. કે. કથીરીયા,
સચિવ.
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 29 REGISTERED NO. G/GNR/4

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય શ્રી બેચરભાઈ ભાદાણીએ તા. ૨૨મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાન-સભાના નિયમોના નિયમ--૧૨૭--અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

INDEX

Gujarat Bill No. 15 of 1995.

THE BOMBAY TENANCY AND AGRICULTURAL LANDS (GUJARAT AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Bombay Tenancy and Agricultural Lands Act, 1948 in its application to the State of Gujarat.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક :—૧૫.

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫" કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૪૮નો મુંબઈનો ૬૭મો.

સન ૧૯૪૮ના મુંબઈના ૬૭મા અધિનિયમ... કલમ ૪૩નો સુધારો.

૨. મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮માં, કલમ ૪૩માં,—

(૧) પેટા—કલમ (૧)માં, "અને કલેકટરની પૂર્વમંજુરી વિના આવી કોઈ જમીન અથવા તેમાંના હિત-સંબંધના ભાગલા પાડી શકાશે નહિ" એ શબ્દો કમી કરવા,

(૨) પેટા—કલમ (૨) માં, "અથવા ભાગલા" એ શબ્દો કમી કરવા.

ઉદ્દેશો અને કારણો

મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ની વિદ્યમાન જોગવાઈઓ હેઠળ જમીનના ભાગલાના કિસ્સામાં તબદીલીની પરવાનગી આપવામાં આવતી નથી અને નોંધો પ્રમાણિત કરવામાં આવતી નથી, એમ માલુમ પડયું છે. કાયદાની સદરહુ જોગવાઈઓના કારણે, ભાઈઓ, જે વારસાગત મિલકત મેળવવા માટે હકદાર છે. તેવા ભાઈઓને પણ જમીન પર હક મળતો નથી તેથી, હવે, ભાગલાના કિસ્સામાં. જમીન ગમે તે માપની હોય તો પણ, વારસા હકથી, દાવેદારના નામે, તે જમીન તબદીલ કરવા માટે, કોઈ બાધ આવે નહિ તેવી જોગવાઈ કરવાનું સંપૂર્ણપણે આવશ્યક છે, તેથી આ વિધેયક.

ગાંધીનગર,
તારીખ : ૩જી જૂન, ૧૯૯૫.

બેચરભાઈ ભાદાણી,
વિ.સ.સ.

ગાંધીનગર.
તારીખ ૨૨મી જૂન, ૧૯૯૫.

એન. કે. કથીરીઆ,
સચિવ.
ગુજરાત વિધાનસભા.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 30 REGISTERED NO. G/GNR/12

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય શ્રી બેચરભાઈ ભાદાણીએ તા. ૨૨મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭--અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

INDEX

GUJARAT BILL NO. 16 OF 1995.

THE BOMBAY PREVENTION OF FRAGMENTATION AND CONSOLIDATION OF HOLDINGS (GUJARAT AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Bombay Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947 in its application to the State of Gujarat.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૬.

મુંબઈના ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો મુંબઈનો ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ, કરવામાં આવે છે.—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, "મુંબઈનો ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫" કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, તરતજ અમલમાં આવશે.

સન ૧૯૪૭નો મુંબઈનો ૬૨મો.

સન ૧૯૪૭ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ૩૧નો સુધારો.

૨. મુંબઈનો ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ, ૧૯૪૭માં, કલમ ૩૧માં—

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ખ) માં, "કલેકટરની લેખિત પરવાનગી સહિત," એ શબ્દોને બદલે, "હિત ધરાવતા વારસદારને હિસ્સો આપવાના કારણે" એ શબ્દો મૂકવા.

(૨) પેટા-કલમ(૨)માં, ખંડ (ક)માં, "અને તેનાથી કોઈ ટૂકડા પડતા ન હોય" એ શબ્દો કમી કરવા.

ઉદ્દેશો અને કારણો

મુંબઈના ખેતીની જમીનના ટૂકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના અધિનિયમ, ૧૯૪૭ની જોગવાઈઓ પ્રમાણે કોઈપણ બ્લોકની જમીન તબદીલ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે બ્લોક નક્કી થયાં પછી, એવા બ્લોકમાં જમીનનો માલિક, કલેકટરની પરવાનગી સિવાય તેના હિત ધરાવતા વારસદારની તરફેણમાં જમીન તબદીલ કરી શકતો નથી અથવા પેટા-વિભાગ પાડી શકતો નથી, એવું ધ્યાનમાં આવ્યું છે. સમય જવા સાથે એવું ધ્યાનમાં આવ્યું છે કે કલેકટર ઘણાં વર્ષો સુધી એવી પરવાનગી આપતા નથી કે જમીનના રેકર્ડમાં કોઈ નોંધ કરતા નથી, આવી હાડમારી દૂર કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે તેથી આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા ધાર્યું છે.

ગાંધીનગર,
તા. ૩જી જૂન, ૧૯૯૫.

બેચરભાઈ ભાદાણી,
વિ. સ. સ.

ગાંધીનગર,
તારીખ ૨૨મી જૂન, ૧૯૯૫.

એન. કે. કથીરીઆ,
સચિવ.
ગુજરાત વિધાનસભા.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra. No. 31 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 29, 1995/ASADHA 8, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા એ તા. ૨૯મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ- ૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

INDEX

Gujarat Bill No. 17 1995.

THE GUJARAT ADVERTISEMENT (PROHIBITION OF FALSE AND MISLEADING REPRESENTATION) BILL, 1995.

A BILL

to prohibit false and misleading Advertisements to promote sale of goods or articles in the State of Gujarat.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭.

ગુજરાત જાહેરખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત રાજયમાં માલ અથવા ચીજવસ્તુઓના વેચાણને ઉત્તેજન આપવા માટે ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાહેરખબરો પર પ્રતિબંધ મુકવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, 'ગુજરાત જાહેરખબર (ખોટી અને ગેરમાર્ગે દોરનારી રજૂઆત પર પ્રતિબંધ) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, તરત જ અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, "રજૂઆત" એટલે અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે :—

(ક) વેચાણ માટે મૂકેલ અથવા પ્રદર્શિત કરેલ કોઈ ચીજવસ્તુ અથવા તેના રેપર અથવા પાત્ર ઉપરનું લખાણ.

(ખ) વેચાણ માટે મૂકેલ અથવા પ્રદર્શિત કરેલ કોઈ ચીજવસ્તુ સાથે જોડેલ કોઈ લેબલ ઉપરનું લખાણ.

(ગ) વર્તમાનપત્રો અથવા મેગેઝીનોમાંની જાહેરખબર.

ખોટી રજૂઆત પર પ્રતિબંધ.

૩. કોઈપણ ધંધામાંના હિતને, માલ અથવા ચીજવસ્તુના વેચાણને, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, ઉત્તેજન આપવાના ઉદ્દેશથી, કોઈ વ્યકિત,—

(ક) મહત્વની બાબતમાં, ખોટી હોય તેવી રજૂઆત જાહેરમાં કરી શકશે નહી;

(ખ) વેચાણ માટે મૂકેલ ચીજવસ્તુઓ અથવા માલની ગુણવત્તા અંગે કસોટી કરી શકાય એમ ન હોય, પણ જેના માટે રજૂઆત કરનાર વ્યકિત ઉપર જ આધાર રાખવો પડતો હોય તેવી ગુણવત્તા સંબંધી રજૂઆત, કથન અથવા પ્રચાર સ્વરૂપે જાહેરમાં કરી શકાશે નહિ;

(ગ) કોઈ ચીજવસ્તુ, તેનો કોઈપણ ભાગ બદલવા, જાળવવા અથવા તેની મરામત કરવા માટે અથવા નિર્દિષ્ટ પરિણામ સિધ્ધ કરવા માટે સેવા આપવાનું ચાલુ રાખવાની રજૂઆત કરી શકશે નહિ અથવા તેનું વચન આપી શકશે નહિ.

(ઘ) કોઈ બનાવટ અથવા તેના જેવી જ બનાવટો જે કિંમતે વેચવામાં આવી હોય, આવતી હોય અથવા સામાન્યત: વેચવામાં આવશે તે કિંમત સંબંધી વસ્તુત: ગેરમાર્ગે દોરનારી રજૂઆત જાહેરમાં કરી શકશે નહિ.

INDEX

ગુનો. ૪. કલમ ૩ માંની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કરેલું કોઈ કાર્ય, પોલીસ અધિકારનો ગુનો ગણાશે.

શિક્ષા. ૫. કલમ ૩ હેઠળના ગુના બદલ દોષિત જણાયેલ કોઈ વ્યકિતને, છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે.

નિયમો. ૬. રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે નિયમો કરી શકશે.

ઉદ્દેશો અને કારણો

માલ અથવા ચીજવસ્તુઓના વેચાણને ઉત્તેજન આપવા માટે ખોટી અને ગેરમાર્ગે દોરનારી જાહેર ખબરોના અનેક કિસ્સાઓ બનતા હોય છે. એવો અંદાજ છે કે મહત્વનાં મેગેઝીનોમાં આશરે ૫૦ ટકા જગાનો ઉપયોગ જાહેરખબરો માટે કરવામાં આવે છે. જાહેર ખબરો અને રજૂઆતોની પ્રસિધ્ધિનું નિયમન કરવાનો સમય પાકી ગયો છે, જેથી ખોટી, ગેરમાર્ગે દોરનારી અને ઠગારી જાહેરખબરો અને રજૂઆતો અટકાવી શકાય.

ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા,
વિ. સ. સ.

ગાંધીનગર,
તા. ૮મી જુન, ૧૯૯૫.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની કલમ ૬ થી, રાજ્ય સરકારને, આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

સૂચિત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા,
વિ. સ. સ.

ગાંધીનગર,
તા. ૮મી જૂન, ૧૯૯૫.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૨૯મી જૂન, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 32 REGISTERED NO. G/GNR/4

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIj THURSDAY, JUNE 29, 1995/ASADHA 8, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી ડો. ચંદ્રિકાબેન ચુડાસમા એ તા. ૨૯મી જૂન, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

INDEX

Gujarat Bill No. 18 of 1995.

THE GUJARAT NURSING HOMES AND CLINICAL ESTABLISHMENTS (REGISTRATION AND LICENSING), BILL 1995.

A BILL

to introduce a system of registration and licensing of nursing homes and clinical establishments in the State of Gujarat and for matters connected therewith.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૮.

ગુજરાત શુશ્રૂષા ગૃહો અને ચિકિત્સા કેન્દ્રો (રજિસ્ટર કરવા અને લાઈસન્સ આપવા બાબત) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત રાજ્યમાં શુશ્રૂષા ગૃહો (નર્સિગ હોમ) અને ચિકિત્સા કેન્દ્રો (ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ) રજિસ્ટર કરવા અને લાઈસન્સ આપવાની પધ્ધતિ દાખલ કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો અંગેનું વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

પ્રકરણ ૧

પારંભિક

ટૂંકી સજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત શુશ્રૂષા ગૃહો અને ચિકિત્સા કેન્દ્રો (રજિસ્ટર કરવા અને લાઈસન્સ આપવા બાબત) અધિનિયમ, ૧૯૯૫, કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અને તેવા વિસ્તારમાં તે અમલમાં આવશે અને જુદા જુદા વિસ્તારો માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(ક) "ચિકિત્સા કેન્દ્ર (ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ)" એટલે તબીબી પ્રયોગશાળા, શરીર વ્યાયામ દ્વારા ઉપચાર કેન્દ્ર, ક્લિનિક અથવા તે પૈકી કોઈપણ એકને સદૃશ ગમે તે નામે ઓળખાતું કેન્દ્ર;

(ખ) "હોસ્પિટલ" એટલે માંદાને દાખલ કરવા માટે વપરાતી કોઈપણ જગા;

(ગ) "પ્રસૂતિ ગૃહ" એટલે પ્રસવ અવસ્થાના અને બાળકના જન્મ અને તે સાથે સંબંધ ધરાવતી કોઈપણ વસ્તુ માટે પ્રસૂતિ પૂર્વેની અને પ્રસૂતિ પછીની સંભાળના હેતુ માટે સ્ત્રીઓને સામાન્ય રીતે જ્યાં દાખલ કરવામાં અને રાખવામાં આવતી હોય તેવું કોઈ કેન્દ્ર;

(ઘ) "તબીબી પ્રયોગશાળા" એટલે એવું કેન્દ્ર, જ્યાં સામાન્ય રીતે રોગના નિદાન અથવા ઉપચારના સંબંધમાં :—

(૧) જૈવિક, જંતુ વિજ્ઞાનવિષયક, કિરણશાસ્ત્ર વિષયક સૂક્ષ્મદર્શીય, રાસાયણિક અથવા બીજી કસોટી, તપાસ અથવા પૃથક્કરણ અથવા
(૨) 'કલચર', રસી, 'સીરી' અથવા બીજા જૈવિક અથવા જંતુવિજ્ઞાન વિષયક બનાવટો તૈયાર કરવામાં આવતી હોય

(ચ) "શુશ્રૂષા ગૃહ" એટલે શારીરિક અથવા માનસિક કોઈ માંદગી, ઈજા અથવા અશકતતાથી પીડાતી વ્યકિતઓને દાખલ કરવા અને રાખવા સારું અને તેમને માટે ઉપચાર અથવા શુશ્રૂષા અથવા એ બંનેનો પ્રબંધ કરવા માટે ઉપયોગમાં લીધેલ અથવા ઉપયોગમાં લેવાનું કેન્દ્ર અથવા જગા અને તેમાં પ્રસૂતિગૃહનો સમાવેશ થાય છે, પરંતુ નીચેનાનો સમાવેશ થતો નથી:—

INDEX

(૧) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા અથવા સક્ષમ વિધાનમંડળના કોઈ ધારાથી અથવા તે હેઠળ રચાયેલ અન્ય કોઈપણ સત્તામંડળ અથવા મંડળ દ્વારા નિભાવેલ અથવા નિયંત્રિત કોઈ હોસ્પિટલ અથવા બીજું કેન્દ્ર અથવા જગાનો ;

(૨) ભારતના પાગલપણ બાબતના અધિનિયમ, ૧૯૧૨ હેઠળ સ્થાપેલ અથવા લાઈસન્સ આપેલ કોઈ આશ્રમ સ્થાનનો ; સન ૧૯૧૨નો ૪થો.

(છ) "શરીર વ્યાયામ દ્વારા ઉપચાર કેન્દ્ર" (ફીઝીયો થેરેપી-એસ્ટાબ્લિશમેન્ટ) એટલે રોગના અથવા અશકતતાના ઉપચારના હેતુઓ માટે અથવા આરોગ્ય સુધારવા માટે અથવા આરામના હેતુ માટે અથવા આ ખંડમાં આમાં અગાઉ જણાવ્યા પ્રમાણેના હેતુઓનો સદ્દશ હોય કે ન હોય તેવા બીજા કોઈ હેતુ માટે જ્યાં મસાજ, ઈલેકટ્રોથેરેપી, હાઈડ્રોથેરેપી, ઉપચારાત્મક વ્યાયામ અથવા તેવી બીજી પ્રક્રિયા કરવામાં આવતી હોય તેવું કોઈ કેન્દ્ર ;

(જ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઝ) "લાયકાત ધરાવતા તબીબી વ્યવસાયી" એટલે તબીબી વ્યવસાયીના રજિસ્ટ્રેશન માટે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ ભારતમાંના કોઈપણ રાજ્યમાં રજિસ્ટર થયેલા તબીબી વ્યવસાયી;

(ટ) "લાયકાત ધરાવતી દાયણ" એટલે કોઈ દાયણ અથવા સહાયક દાયણ, જે ભારતના નર્સિંગ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૪૭ની અનુસૂચિના ભાગ-૧ના યથાપ્રસંગ, વિભાગ-ખ અથવા ગમાં સમાવિષ્ટ કરેલ લાયકાતો પૈકી કોઈપણ લાયકાત ધરાવતી હોય અને ભારતમાં, રાજ્ય રજિસ્ટરમાં દાયણ અથવા સહાયક દાયણ તરીકે જેનું નામ નોંધાયેલ હોય ; સન ૧૯૪૭નો ૪૮મો.

(ઠ) "લાયકાત ધરાવતી નર્સ" એટલે ભારતના નર્સિંગ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૪૭ની અનુસૂચિના ભાગ-૧ના વિભાગ 'ક'માં સમાવિષ્ટ કરેલ લાયકાતો ધરાવતી હોય અને ભારતમાં, રાજ્ય રજિસ્ટરમાં નર્સ તરીકે જેનું નામ નોંધાયેલ હોય તેવી કોઈ વ્યકિત;

(ડ) "રજિસ્ટર" એટલે આ અધિનિયમ હેઠળ રાખવામાં આવેલ રજિસ્ટર અને "રજિસ્ટર થયેલ" અને "રજિસ્ટ્રેશન" એ શબ્દ પ્રયોગનો અર્થ તદ્નુસાર કરવાનો રહેશે ;

(ઢ) "નિયમો" એટલે આ અધિનિયમ હેઠળ કરેલ નિયમો;

(ત) દેખરેખ રાખનાર સત્તાધિકારી" એટલે રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ હેઠળ દેખરેખ રાખનાર સત્તાધિકારીનાં તમામ કાર્યો અથવા તે પૈકી કોઈ કાર્ય બજાવવા માટે નિમેલ વ્યકિત અથવા સત્તાધિકારી.

પ્રકરણ ૨

શુશ્રૂષા ગૃહો અને ચિકિત્સા કેન્દ્રોને રજિસ્ટર કરવા અને લાઈસન્સ આપવા બાબત.

રજિસ્ટ્રેશન અને લાઈસન્સ સિવાય શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર નહીં ખોલવા, રાખવા અથવા ચલાવવા બાબત.

૩. કોઈપણ વ્યકિત, કોઈ શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રને માટે રજિસ્ટર થયું હોય તે સિવાય અને તે માટે આપેલ લાઈસન્સની શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાય, ખોલી શકશે નહીં, રાખી શકશે નહીં અથવા ચલાવી શકશે નહીં.

સ્પષ્ટીકરણ.-- "શુશ્રૂષા ગૃહ ચલાવવું" એ શબ્દપ્રયોગનો અર્થ, કલમ ૨ના ખંડ (ચ)માં જણાવેલ હેતુઓ પૈકી કોઈપણ હેતુ માટે શુશ્રૂષા ગૃહમાં વ્યકિતઓને દાખલ કરવી અને તેમને માટે ઉપચાર અથવા શુશ્રૂષા અથવા એ બંનેનો પ્રબંધ કરવો એવો થાય છે.

રજિસ્ટ્રેશન અને લાઈસન્સ માટેની અરજી.

૪. (૧) શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર ખોલવા, રાખવા અથવા ચલાવવા માંગતી દરેક વ્યકિતએ, દેખરેખ રાખનાર સત્તાધિકારીને શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રના સંબંધમાં રજિસ્ટ્રેશન માટે અને તે માટેના લાઈસન્સ મેળવવા માટે અથવા રજિસ્ટ્રેશન અને લાઈસન્સ તાજું કરવા માટે, દર વર્ષે અરજી કરવી જોઈશે :

INDEX

પરંતુ આ ક્લમમાંનો અથવા ક્લમ ઉમાંનો કોઈપણ મજકૂર આ અધિનિયમના આરંભની તારીખે કોઈપણ વિસ્તારમાં અસ્તિત્વમાં હોય તેવા તે વિસ્તારમાંના શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રની બાબતમાં, એવી તારીખથી ત્રણ મહિનાની મુદત સુધી અથવા રજિસ્ટ્રેશન અને લાઈસન્સ મેળવવા માટેની કોઈ અરજી,પેટા-ક્લમ (૨) અનુસાર તે મુદતની અંદર કરવામાં આવી હોય, તો એવી અરજીનો આખરી નિકાલ કરવામાં આવ્યો ન હોય ત્યાં સુધી લાગુ પડશે નહીં.

(૨) શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રના સંબંધમાં રજિસ્ટ્રેશન માટે અને તે માટે લાઈસન્સ, મેળવવા માટે અથવા રજિસ્ટ્રેશન અને લાઈસન્સ તાજું કરવા માટેની દરેક અરજીમાં ઠરાવવામાં આવે તેવી વિગતો હોવી જોઈશે અને તેવી ફી તેની સાથે સામેલ કરવી જોઈશે.

(૩) દેખરેખ રાખનાર સત્તાધિકારી, જો તેને ખાતરી થાય કે અરજદારે અને યથાપ્રસંગ, શુશ્રૂષાગૃહે અથવા ચિકિત્સા કેન્દ્ર ઠરાવવામાં આવે તેવી શરતોનું પાલન કર્યું છે, તો અરજદારને શેવા શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રના સંબંધમાં રજિસ્ટર કરશે અને તે માટે તેને લાઈસન્સ આપશે.

(૪) દેખરેખ રાખનાર સત્તાધિકારી, જો તેને,

(ક) અરજદાર અથવા તેણે શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રમાં નોકરીએ રાખેલ કોઈપણ વ્યકિત, અરજીમાં શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર તરીકેનું જે વર્ણન આપ્યું છે તેવા પ્રકારના શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર ચલાવવા માટે અથવા તેમાં કામ કરવા માટે ઉંમરને કારણે અથવા અન્યથા યોગ્ય વ્યકિત નથી ;

(ખ) અરજદાર અથવા શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર, પેટા-ક્લમ (૩) હેઠળ ઠરાવેલ શરતોનું પાલન કરતું નથી; અથવા

(ગ) શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રનો, અસામાજિક અથવા અનૈતિક હેતુઓ માટે અથવા તે બંને ટે ઉપયોગ કરવાનો કે ઉપયોગ કરવા દેવાનો અરજદારનો ખરો ઉદ્દેશ છે, અથવા

(૫) પ્રસૂતિ ગૃહ સિવાયના અન્ય શુશ્રૂષા ગૃહની બાબતમાં, શુશ્રૂષા ગૃહ તેમાં રહેનાર લાયકાત ધરાવતા તબીબી વ્યવસાયીના ચાર્જ હેઠળ નથી અથવા રહેશે નહીં અને તેમાં દાખલ કરેલી અને રહેલી વ્યકિતઓની સારવાર, તેમાં રહેનાર લાયકાત ધરાવતી નર્સની દેખરેખ હેઠળ થતી નથી અથવા થશે નહીં; અથવા

(૬) પ્રસૂતિ ગૃહની બાબતમાં, આવું પ્રસૂતિ ગૃહ લાયકાત ધરાવતી દાયણના ચાર્જ હેઠળ નથી અથવા રહેશે નહીં અને બાળકના જન્મ પહેલાં, તેના જન્મ વખતે અથવા તે પછી દરેક સ્ત્રીની અથવા કોઈ જન્મેલ બાળકની સારવાર, તેમાં રહેનાર, લાયકાત ધરાવતી દાયણની દેખરેખ હેઠળ થતી નથી અથવા થશે નહીં.

(૭) સ્થાન, બાંધકામ, જગાની સગવડ,સ્ટાફ અથવા સાધનો અંગેનાં કારણોસર શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર જેનું, વર્ણન અરજીમાં આપ્યું છે તેવા પ્રકારના શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર તરીકે ઉપયોગ કરવા માટે યોગ્ય નથી ;

તેવી ખાતરી થાય, તો અરજી નામંજૂર કરી શકશે અને અરજી નામંજૂર કરવામાં આવે તેવા દરેક પ્રસંગે નામંજૂરી માટેના કારણોની નોંધ કરશે.

(૫) પેટા-ક્લમ (૩) હેઠળ દરેક લાઈસન્સ, ઠરાવવામાં આવે તેવી શરતોને આધિન આપવામાં આવશે અને તેવી શરતોથી, તે ની સાથેસાથ નીચે પ્રમાણે કરવાનું આવશ્યક રહેશે:—

(ક) શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રનો ઉપયોગ અસામાજિક અથવા અનૈતિક હેતુઓ અથવા તે બંને માટે થતો નથી તે માટેની ખાતરી કરવા માટે લેવાની સાવચેતી ;

(ખ) દેખરેખ રાખનાર સત્તાધિકારી નિર્દિષ્ટ કરે તેવા સ્વચ્છતા અને આરોગ્યલક્ષી પગલાં લેવા બાબત અને તેવી જગાની સગવડનો પ્રબંધ કરવા બાબત ;

(ગ) દેખરેખ રાખનાર સત્તાધિકારી આ માટે નિર્દિષ્ટ કરે તેવા ઓછામાં ઓછા સાધનો ;

(ઘ) શુશ્રૂષા ગૃહોની બાબતમાં, તેમાં દાખલ કરવામાં અને રાખવામાં આવેલ વ્યકિતઓનો રેકર્ડ અથવા બાબત અને નિર્દિષ્ટ સત્તાધિકારીઓને જન્મ મરણ, અને કસુવાવડની ખબર આપવી બાબત અને આવા આંકડા, વાર્ષિક રીપોર્ટ ઉપરાંત કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયને અને ઠરાવવામાં આવે તેવા બીજા સત્તામંડળોને દર મહિને મોકલવા ;

(ચ) ચિકિત્સા કેન્દ્રની બાબતમાં, તેમાં તપાસેલી અથવા ઉપચાર કરેલી વ્યકિતઓના રેકર્ડ રાખવા બાબત અને તેવા આંકડા, રાજ્ય સરકારને કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયને બે નકલોમાં દર મહીને મોકલવા.

INDEX

(૬) આ કલમ હેઠળ આપવામાં આવેલ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર અને લાઈસન્સ, કલમ–૫ની જોગવાઈઓને આધીન રહીને અમલમાં રહેશે, અને જે તારીખે આવું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું તે તારીખ પછીના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી કાયદેસર ગણાશે.

(૭) શુશ્રૂષા ગૃહ અને ચિકિત્સા કેન્દ્રના સંબંધમાં આપવામાં આવેલ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર યથાપ્રસંગ શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે ચોંટાડીને રાખવું જોઈશે.

રજિસ્ટ્રેશન અને લાઈસન્સ રદ કરવા બાબત

૫. કોઈ શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રના સંબંધમાં કોઈ વ્યકિતને, કોઈપણ સમયે રજિસ્ટર કરવામાં આવી હોય તે પછી અને તે માટેનું લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે પછી, દેખરેખ રાખનાર સત્તાધિકારીને ખાતરી થાય કે—

(૧) લાઈસન્સની શરતોનું પાલન થતું નથી; અથવા

(૨) રજિસ્ટ્રેશન અથવા લાઈસન્સ માટેની અરજી તે નામંજૂર કરી શકે તેવું કોઈપણ કારણ છે: અથવા

(૩) રજિસ્ટર થયેલી અને લાઈસન્સ આપેલી વ્યકિતને આ અધિનિયમ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠરાવવામાં આવી છે; અથવા

(૪) આ અધિનિયમ હેઠળ ગુના માટે દોષિત ઠરેલ અન્ય કોઈ વ્યકિત શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રમાં વસ્તુતઃ હિત ધરાવે છે ;

તો, તે આવા રજિસ્ટ્રેશન અને લાઈસન્સ રદ કરી શકશે.

રજિસ્ટ્રેશન નામંજૂર અથવા રદ કર્યાની નોટિસ.

૬. (૧) કોઈ શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રના સંબંધમાં, રજિસ્ટ્રેશન તથા લાઈસન્સ માટેની અરજી નામંજૂર કરતો હુકમ અથવા તેના સંબંધમાં કોઈ રજિસ્ટ્રેશન તથા લાઈસન્સ રદ કરતો હુકમ કરતાં પહેલાં, દેખરેખ રાખનાર સત્તાધિકારીએ અરજદારને અથવા રજિસ્ટર થયેલ અને લાઈસન્સ આપેલ વ્યકિતને, એવો હુકમ કરવાના પોતાના ઈરાદાની ઓછામાં ઓછા એક અંગ્રેજી મહિનાની નોટિસ આપવી જોઈશે અને આવી દરેક નોટિસમાં, દેખરેખ રાખનાર સત્તાધિકારી કયા કારણોસર હુકમ કરવા ઈચ્છે છે તે જણાવવા જોઈશે અને તેમાં એવા મતલબની સૂચના સમાવિષ્ટ કરવી જોઈશે કે અરજદાર અથવા રજિસ્ટર થયેલ વ્યકિત સત્તાધિકારીને નોટિસ મળ્યાના એક અંગ્રેજી મહિનાની અંદર લેખિત જાણ કરે કે તે તેમ કરવા ઈચ્છે છે, તો દેખરેખરાખનાર સત્તાધિકારીએ, હુકમ કરતાં પહેલાં તેને હુકમ શા માટે ન કરવો જોઈએ તેનું કારણ (જાતે અથવા પ્રતિનિધિ મારફત) દર્શાવવાની તક આપવી જોઈશે.

(૨) અરજદારને અથવા રજિસ્ટર થયેલ વ્યકિતને, ઉપર કહયા પ્રમાણે કારણ દર્શાવવાની તક આપ્યા પછી, દેખરેખ રાખનાર સત્તાધિકારી, યથાપ્રસંગ, રજિસ્ટ્રેશન અને લાઈસન્સ માટેની અરજી નામંજૂર કરવાનું અથવા રજિસ્ટ્રેશન અને લાઈસન્સ રદ કરવાનું નક્કી, કરે, તો તેણે તે મતલબનો હુકમ કરવો જોઈશે અને તે હુકમની નકલ અરજદારને અથવા રજિસ્ટર થયેલ વ્યકિતને રજિસ્ટર ટપાલથી મોકલવી જોઈશે.

(૩) રજિસ્ટ્રેશન અને લાઈસન્સ માટેની અરજી નામંજૂર કરતાં અથવા કોઈ રજિસ્ટ્રેશન અને લાઈસન્સરદ કરતા હુકમથી નારાજ થયેલ કોઈ વ્યકિત, જે તારીખે તેને હુકમથી નકલ મળી હતી તે તારીખ પછી એક અંગ્રેજી મહિનાની મુદતની અંદર, રાજય સરકારને એવા નામંજૂરીના હુકમ સામે અપીલ કરી શકશે. એવી કોઈ અપીલ અંગે રાજય સરકારનો નિર્ણય આખરી ગણાશે અને તેની સામે કોઈપણ કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

શુશ્રૂષા ગૃહો અને ચિકિત્સા કેન્દ્રોની તપાસ

૭. (૧) ઠરાવવામાં આવે તેવા વિનિયમોને અધીન રહીને, રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલ પોતાના કોઈ અધિકારી—

(ક) શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર તરીકે વપરાતં હોવાનું તેને માનવાને કારણ હોય તેવા કોઈ સ્થળમાં અથવા કેન્દ્રમાં નોટિસ આપીને કે આપ્યા વિના, રાત્રે કે દિવસે કોઈપણ સમયે દાખલ થઈ શકશે.

(ખ) તપાસ, પૃથ્થકરણ, અન્વેષણ અથવા પુરાવાના હેતુ માટે તેને જરૂરી લાગે તેવી તે સ્થળ અથવા કેન્દ્રની તપાસ કરી શકશે અને તેમાંથી મળી આવેલ સાધનો, ચીજો અથવા દસ્તાવેજો તપાસી શકાશે અને તેમાંથી કે તેવા કોઈ સાધનો ચીજો અથવા દસ્તાવેજો કબજે લઈને બહાર લઈ જઈ શકશે અને એવા હેતુઓ માટે તેમ કરવું તેને જરૂરી લાગે ત્યાં સુધી, તે પોતાની પાસે રાખી શકશે ;

(ગ) આવા સ્થળ અથવા કેન્દ્રનો ઉપયોગ શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર તરીકે થાય છે કે નહિ તે નક્કી કરવા માટે પોતે જરૂરી ગમે તેવી તપાસ કરી કરી શકશે અને તે સ્થળ અથવા કેન્દ્રમાંથી મળી આવેલી કોઈ વ્યકિતને પ્રશ્નો પૂછી શકશે.

INDEX

(૨) કોઈપણ વ્યકિતએ, પેટા–કલમ (૧) હેઠળ અધિકૃત કરેલ કોઈ અધિકારીને, તે પેટા–કલમની રૂએ તેને સોંપેલી કોઈ સત્તા વાપરતી વેળા અવરોધ કરવો નહિ અથવા તે પેટા–કલમના ખંડ (ગ) હેઠળ આવા અધિકારીને સોંપેલી સત્તા વાપરતી વેળા તેણે પૂછેલા કોઈપણ પ્રશ્નના જવાબમાં કોઈ ખોટું અથવા અવિચારી કથન કરવું નહિ.

પ્રકરણ –૩

શિક્ષા

આ અધિનિયમ હેઠળના ગુના બદલ શિક્ષા.

૮. (૧) જે કોઈ વ્યકિત.—

(ક) કલમ–૩ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, અથવા

(ખ) કલમ ૭ની પેટા–કલમ (૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, અથવા.

(ગ) કોઈ શુશ્રુષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રના સંબંધમાં, આ અધિનિયમ હેઠળ આપવામાં આવેલું લાઈસન્સ ધરાવનાર હોઈને, આવા શુશ્રુષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રનો, અસામાજિક અથવા અનૈતિક હેતુઓ માટે અથવા તે બંને માટે ઉપયોગ કરે અથવા તેમ કરવાની છૂટ આપે,

તે વ્યકિત, ગુના માટે દોષિત થશે; અને

(૧) પ્રથમ ગુના માટે, દોષિત ઠર્યેથી, પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે, અને

(૨) બીજા અથવા ત્યારપછીના ગુના માટે દોષિત ઠર્યેથી, ત્રણ મહિના સુધીની મુદતની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંન્નેની શિક્ષાને પાત્ર થશે અને તદુપરાંત દોષિત ઠર્યા પછી એવો ગુનો ચાલુ રહયાના દરેક દિવસ માટે પચીસ રૂપિયા સુધીના દંડને તે પાત્ર થશે.

કોર્પોરેશનોએ કરેલા ગુના બાબત.

૯. આ અધિનિયમ હેઠળ ગુનો કરનાર વ્યકિત, કંપની અથવા અન્ય સંસ્થાપિતમંડળ અથવા (સંસ્થાપિત હોય કે ન હોય તેવું) વ્યકિતઓનું એસોસિએશન હોય ત્યારે જે દરેક વ્યકિત, ગુનો થયાના સમયે તેના સંચાલન સાથે સંકળાયેલ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી એજન્ટ અથવા અન્ય અધિકારી અથવા વ્યકિત હોય તે વ્યકિત, ગુનો તેની જાણ બહાર થયો હતો તે સાબિત કરે તે સિવાય, એવા ગુના માટે દોષિત ગણાશે.

લાઈસન્સ નહિ આપેલા અને રજિસ્ટર નહીં થયેલા શુશ્રૂષાગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રમાં કામ કરવા બદલ શિક્ષા.

૧૦. જે કોઈ વ્યકિત, આ અધિનિયમ હેઠળ યોગ્ય રીતે રજિસ્ટર થયેલ ન હોય અને લાઈસન્સ આપેલ ન હોય તેવા અથવા અસામાજિક અથવા અનૈતિક હેતુઓ માટે ઉપયોગ થતો હોય તેવા શુશ્રુષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રમાં જાણીજોઈને કામ કરે તે, ગુના માટે દોષિત ગણાશે અને પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

પ્રકરણ ૪

પ્રકીર્ણ

આ અધિનિયમ હેઠળના ગુના પોલીસ અધિકારના ગણવા બાબત.

૧૧. આ અધિનિયમ હેઠળના તમામ ગુના પોલીસ અધિકારના ગણાશે.

INDEX

આ અધિનિયમ હેઠળના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા સત્તા ધરાવતી કોર્ટો.

૧૨. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રેસિડેન્સી મેજિસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની કોર્ટથી ઉતરતા દરજ્જાની કોર્ટથી, આ અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર કોઈ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરી શકાશે નહિ. સન ૧૯૭૪ નો ૨જો.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાં અંગે રક્ષણ.

૧૩. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય સંબંધી કોઈ વ્યકિત સામે કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યથી થયેલ અથવા થવાનો સંભવ હોય તેવી કોઈ નુકશાની માટે સરકાર સામે કોઈપણ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

ફી અને દંડ જમા કરવા બાબત.

૧૪. આ અધિનિયમ હેઠળ મળેલી કોઈ ફી અથવા લીધેલ કોઈ દંડ રાજ્યના એકત્રિત ફંડમાં જમા કરાવવામાં આવશે.

દેખરેખ રાખનાર દરેક સત્તાધિકારીએ કરેલ ખર્ચ બાબત.

૧૫. આ અધિનિયમ અને તે અન્વયે કરેલા નિયમો હેઠળ અને તેના હેતુ માટે દેખરેખ રાખનાર સત્તાધિકારીએ કરેલ તમામ ખર્ચ, રાજ્યના એકત્રિત ફંડમાંથી ચૂકવવામાં આવશે.

નિયમો કરવાની સત્તા.

૧૬. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના તમામ અથવા કોઈપણ હેતુ સિદ્ધ કરવા માટે નિયમો કરી શકશે.

(૨) પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના, આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :—

(ક) કલમ ૪ હેઠળ કરવાની અરજીનો નમૂનો, અરજી કરવાની તારીખ અને એવા રજિસ્ટ્રેશન અથવા રજિસ્ટ્રેશન તાજું કરવા માટે આપવાની ફી,

(ખ) કલમ ૪ની પેટા-કલમ (૨) હેઠળ જેને અરજી કરવાની હોય તે સત્તાધિકારી અને તેવી અરજીમાં સમાવિષ્ટ કરવાની વિગતો અને એવી અરજી સાથે મોકલવાની ફી,

(ગ) કલમ ૪ની પેટા-કલમ (૩) હેઠળ અરજદારે અને શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્ર પાળવાની શરતો;

(ઘ) કલમ ૬ની પેટા-કલમ (૩) હેઠળ અપીલ માટે ભરવાની ફી અને એવી અપીલની કાર્યરીતિ;

(ચ) આ અધિનિયમ હેઠળ રાખવાના રજિસ્ટરનો નમૂનો;

(છ) કલમ ૪ હેઠળ કાઢી આપવાના લાઈસન્સનો નમૂનો અને શરતો;

(જ) શુશ્રૂષા ગૃહમાં દાખલ કરેલ દર્દીઓના અને પ્રસૂતિગૃહની બાબતમાં, કસૂવાવડ, ગર્ભપાતના અથવા શુશ્રૂષા ગૃહમાં મૃતજાત શિશુના અને તેમાં જન્મેલાં બાળકોના અને એવા જન્મેલા બાળકો, જેમને માતા પિતા કે વાલી કે સગાના હવાલા અથવા સંભાળ હેઠળ હોય તે સિવાય અન્યથા શુશ્રૂષા ગૃહમાંથી ખસેડવામાં આવ્યા હોય તેમના રેકર્ડ રાખવા બાબત;

(ઝ) શુશ્રૂષા ગૃહમાં થયેલ કોઈપણ મરણ માટે આપવાની જરૂરી જાહેરાત;

(ટ) જગ્યાની સગવડ, સ્વચ્છતા અને બીજી સુવિધા સંબંધી શરતો અને ન્યૂનતમ સાધનો;

(ઠ) કલમ ૭ની પેટા-કલમ (૧) હેઠળ અધિકૃત અધિકારી, જેને આધીન રહીને, તે પેટા-કલમ હેઠળ પોતાની સત્તા વાપરી શકશે તે વિનિયમો;

(ડ) ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત

(૩) આ કલમ હેઠળ નિયમો કરવાની સત્તા, રાજ્યપત્રમાં પૂર્વ પ્રસિદ્ધિની શરતને આધીન રહેશે

(૪) રાજ્ય સરકારે આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત સુધી, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મુકવામાં આવે તેમાં અથવા ત્યારપછીના તરતના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તે, રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

ઉદ્દેશો અને કારણો

કેટલાંક શુશ્રૂષા ગૃહો અને ચિકિત્સા કેન્દ્રો, ખાનગી વ્યકિતઓ દ્વારા લાયકાત ધરાવતા તબીબી વ્યવસાયીઓ અથવા લાયકાત ધરાવતા સ્ટાફ, આવશ્યક તબીબી સાધનો રાખ્યા વિના અને પૂરતી જગાની અને સ્વચ્છતાની સગવડ વગર અને આરોગ્યલક્ષી પરિસ્થિતિ જાળવ્યા વિના ચલાવવામાં આવતા હોય છે, અને તેથી પ્રત્યક્ષરીતે મૂલ્યવાન માનવ જીવનને પુરાઈ ન શકે તેવું નુકસાન અને માનવ જાનહાનિ પણ થતી હોય છે. તદુપરાંત શુશ્રૂષા ગૃહો અને ચિકિત્સા કેન્દ્રો, જન્મ-મરણ, કસુવાવડ, ગર્ભપાત અંગેના અને જુદા જુદા રોગોના કેસો અને તે માટે કરેલ ઉપચાર અંગેના રેકર્ડ રાખતા નથી અને સરકારને પૂરાં પાડતા નથી, તેથી સરકારને આ બાબતમાં ખરી અને પૂરી માહિતી મળતી નથી. તેથી જાહેર આરોગ્યની સુધારણા માટે ગુજરાત રાજ્યમાં શુશ્રૂષા ગૃહો અને ચિકિત્સા કેન્દ્રોને રજિસ્ટર કરવા , લાઈસન્સ આપવા અને તપાસ કરવા માટે જોગવાઈ કરવા ધાર્યું છે.

વિધેયકથી ઉપરોકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

ગાંધીનગર,
તારીખ ૮મી જુન, ૧૯૯૫.

ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા,
વિ. સ. સ.

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૧૫થી, દેખરેખ રાખનાર સત્તાધિકારીના ખર્ચ માટે જોગવાઈ કરી છે. આ વિધેયકની જોગવાઈઓથી રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂા. ૫ લાખનો આવર્તક ખર્ચ થવાનો અંદાજ છે,.

ગાંધીનગર,
તારીખ ૮મી જુન, ૧૯૯૫.

ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા,
વિ. સ. સ.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

વિધેયકની કલમ ૨ની પેટા-કલમ (ત)થી રાજ્ય સરકારને, દેખરેખ રાખનાર સત્તાધિકારીનાં કાર્યો બજાવવા માટે વ્યકિત અથવા સત્તાધિકારીની નિમણૂક કરવાની સત્તા મળે છે.

કલમ ૧ની પેટા--કલમ (૩)થી રાજ્ય સરકારને આ અધિનિયમની જોગવાઈઓ કયા વિસ્તારોને લાગુ પડશે તે નક્કી કરવાની અને આ અધિનિયમના આરંભ માટેના તમામ વિસ્તારો અથવા તે પૈકી કોઈપણ વિસ્તાર માટે તારીખ અથવા તારીખો નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૪ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રેશન માટેની, લાઈન્સન્સ મેળવવા માટેની અને રજિસ્ટ્રેશન તાજું કરવા માટેની અરજીમાં કઈ વિગતો હોવી જોઈએ તે અને તે માટે સામેલ કરવાની ફી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૪ની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, શુશ્રૂષા ગૃહ અથવા ચિકિત્સા કેન્દ્રનાં રજિસ્ટ્રેશન માટે પાળવાની શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૪ની પેટા-કલમ (૫)થી, રાજ્ય સરકારને, પેટા-કલમ (૩) હેઠળ જે શરતો માટે લાઈસન્સ આપવામાં આવશે તે શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪ની પેટા-કલમ (૫)ના પરિચ્છેદ (ઘ)થી, રાજ્ય સરકારને, અમુક માહિતી અને વાર્ષિક રિપોર્ટ મોકલવા માટે કેન્દ્ર સરકાર સિવાયના અન્ય સત્તામંડળો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૭ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને શુશ્રૂષા ગૃહો અથવા ચિકિત્સા કેન્દ્રોની તપાસ માટે વિનિયમો ઠરાવવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૧૬થી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારના છે.

ગાંધીનગર,
તા, .૮મી જુન, ૧૯૯૫.

ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા,
વિ. સ. સ.

ગાંધીનગર

તા. ૨૯મી જુન, ૧૯૯૫.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 33 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, JULY 1, 1995/ASADHA 10, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી જૂન, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેર-નામા ક્રમાંક : (જીએચએન-૧૨)-/જીએસટી-૧૮૯૫-(એસ-૪૯)-(૨૮૪)-ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે .

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION FINANCE DEPARTMENT NO. (GHN-(14)/ GST/1092/(S.49)/(251)-TH. DATED THE 1ST APRIL, 1992.

નાણાં વિભાગનું તારીખ ૧લી એપ્રિલ ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૧૪)-જીએસટી-૧૦૯૨-(એસ-૪૯)-(૨૫૧)-ઠ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જૂન, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૧૨)-/જીએસટી-૧૦૯૫-(એસ-૪૯)-(૨૮૪)-ઠ.— ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે ;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા) ની કલમ ૪૯ ની પેટા કલમ (૨) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચ-એન-૧૪)/જીએસટી/૧૦૯૨/(એસ-૪૯)/(૨૫૧)-ઠ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં,

(૧) અનુક્રમાંક ૧૧ની નોંધમાં, પેટા-નોંધ (૨)માં, કોલમ ૪માં, "ખાદ્યતેલ" એ શબ્દો પછી, "અથવા કપાસિયા તેલ" એ શબ્દો દાખલ કરવા.

(૨) અનુક્રમાંક ૩૭ની નોંધમાં, કોલમ ૨માં, "ખાદ્યતેલ" એ શબ્દો પછી અને "ખોળ" એ શબ્દ પહેલાં, "કપાસિયા તેલ, શુધ્ધ કરેલ ખાદ્ય તેલ" એ શબ્દો દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 34 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, JULY 3, 1995/ASADHA 12, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી જુન, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૬૭-૧૯૯૫-એનપીએલ-૪૫૯૪-૪૮૧૩-એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MUNICIPALITIES (PRESIDENT AND VICE-PRESIDENT) ELECTION RULES, 1964.

ગુજરાત નગરપાલિકા (પ્રમુખ અને ઉપ-પ્રમુખ) ચૂંટણી નિયમો, ૧૯૬૪ સુધારવા સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુન, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેચી-૬૭-૧૯૯૫-એનપીએલ-૪૫૯૪-૪૮૧૩-એમ.-- ગુજરાત નગરપાલિકા (પ્રમુખ અને ઉપ-પ્રમુખ) ચૂંટણી નિયમો, ૧૯૬૪ વધુ સુધારતા મુસદ્દાના કેટલાક નિયમો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૨) થી કરવામાં આવેલી [illegible] સરકારી જાહેરનામા ક્રમાંક : કચી-૧૩-૧૯૯૫-એનપીએલ-૪૫૯૪-૪૮૧૩-એમ હકિકત તારિખ ૧૬મા જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ--૧-એ, સેન્ટ્રલ સેકશનનાં પાના ૧૩-૧ થી ૧૩--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતાં;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દા અંગે સરકારને કંઈપણ વાંધા અથવા સૂચનો મળ્યાં નથી ;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૩૨ સાથે વાંચતા, કલમ ૨૭૭ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (પ્રમુખ અને ઉપ-પ્રમુખ) ચૂંટણી નિયમો, ૧૯૬૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.--

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (પ્રમુખ અને ઉપ-પ્રમુખ) ચૂંટણી (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (પ્રમુખ અને ઉપ-પ્રમુખ) ચૂંટણી નિયમો, ૧૯૬૪માં, નિયમ ૩ પછી નીચેનો નિયમ દાખલ કરવો.--

"૩ક. પ્રથમ સામાન્ય બેઠક.-- નગરપાલિકાની સામાન્ય ચૂંટણી પછી, કલેકટર, પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી માટે નગર-પાલિકાની પ્રથમ સામાન્ય બેઠક બોલાવશે, આવી બેઠક, નગરપાલિકાના કાઉન્સિલરોના નામો રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખના પંદર દિવસની અંદર બોલાવવી જોઈશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી,

સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 35 REGISTERED NO. G/GNR/3

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] TUESDAY, JULY 4, 1995/ASADHA 13, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ. ૪થી જુલાઈ, ૧૯૯૫

તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

Gujarat Act No. 5 of 1995.

THE GUJARAT TRIBAL DEVELOPMENT CORPORATION (AMENDMENT) ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૩જી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 5 OF 1995.

AN ACT

further to amend the Gujarat Tribal Development Corporation Act, 1972.

સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૫.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, (સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૪થી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના છેતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન (સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

સન ૧૯૭૨ના ગુજરાતના ૫મા અધિનિયમની કલમ ૫નો સુધારો.

૨. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૭૨માં, કલમ ૫માં, પેટા-કલમ (૧)માં, "પંદર કરોડ રૂપિયા" એ શબ્દો જે ત્રણ જગાએ આવે છે ત્યાં તેને બદલે, "વીસ કરોડ રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૨નો ગુજરાતનો ૫મો,

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 36 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] TUESDAY, JULY 4, 1995/ASADHA 13, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૪થી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજ્યપત્ર ભાગ--૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંદપે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

Gujarat Act No. 6 of 1995.

THE BOMBAY LAND REVENUE (GUJARAT AMENDMENT) ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૩જી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 6 OF 1995

AN ACT

further to amend the Bombay Land Revenue Code, 1879

સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૬.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૪થી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના છેતાલીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૮૭૯નો મુંબઈનો પમો.

૨. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯માં, કલમ ૧૫૭ને બદલે, નીચેની કલમ મૂકવી.—

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૫૭ને બદલે નવી કલમ મૂકવા બાબત.

મહેસૂલ ન આપનારની ગિરફતારી અને અટકાયત.

"૧૫૭(૧). બાકી લેણી થયા પછી કોઈ સમયે, (જેની પાસેથી તેના ભોગવટાના સંબંધમાં આવી બાકી લેણી હોય તેવા ખેડૂત સિવાયના) મહેસૂલ ન આપનારને, ગિરફતાર કરી શકાશે અને તેને કલેકટર અથવા મામલતદારની કચેરીમાં દસ દિવસ સુધી કસ્ટડીમાં અટકાયતમાં રાખી શકાશે, સિવાય કે દંડ અથવા વ્યાજ સહિતનું લેણું થયેલું મહેસૂલ અને ગિરફતારી અંગેનો અને માગણાની નોટિસ, જો હોય તો તેનો ખર્ચ તથા અટકાયત દરમિયાન જીવન-નિર્વાહનો ખર્ચ તરત જ ભરી દેવામાં આવેલો હોય :

પરંતુ, ગુનો જાણીબુઝીને કરેલો હોય અને મહેસૂલ ન ભરનારને તેની ગિરફતારી અને અટકાયત સામે કારણ દર્શાવવાની તક આપવામાં આવી હોય તે સિવાય, આવી કોઈ ગિરફતારી કરી શકશે નહિ.

(૨) મહેસૂલ ન આપનાર પાસેની લેણી રકમ દસ દિવસ પૂરા થયા પછી ભરવામાં ન આવે ત્યારે અથવા કલેકટરને યોગ્ય લાગે તો કોઈપણ વહેલી તારીખે, અનુસૂચિ-ગના નમૂના પ્રમાણેના વોરંટ સહિત, જિલ્લાની દીવાની જેલમાં કેદમાં રાખવા માટે તેને મોકલી શકશે:

પરંતુ મહેસૂલ ન આપનાર, કોઈને તેની મહેસૂલની જે બાકી લેણી હોય તે બાકીની રકમ જેટલા જ દેવા માટે દીવાની કોર્ટના હુકમનામાની બજવણી કરવા માટે કેદમાં રાખવાની જે મુદત કાયદાથી ઠરાવી હોય તે મુદત કરતાં વધારે મુદત સુધી કેદમાં રાખવો નહિ.".

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

EXTRA NO- 37

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL XXXVI] THURSDAY, JULY 13, 1995/ ASADHA 22, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય ડૉ. ચન્દ્રિકાબેન ચુડાસમાએ તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૫ ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે :-

INDEX

INDEX

GUJARAT BILL NO. 19 OF 1995

THE GUJARAT CHILDREN BILL, 1995.

A BILL

to consolidate and amend the law relating to the custody, protection, treatment and rehabilitation of neglected children and for the trial of children who have committed any offence.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૯.

ગુજરાત બાળક વિધેયક, ૧૯૯૫

ઉપેક્ષિત બાળકોનાં સંભાળ, રક્ષણ, ઉપચાર અને પુનરૂધ્ધાર માટે અને ગુનેગાર બાળકોની ઈન્સાફી કાર્યવાહી માટે કાયદો એકત્રિત કરી સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ભાગ-૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત બાળક અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને અધિનિયમની બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તે તારીખે અમલમાં આવશે અને અધિનિયમની જુદી જોગવાઈઓ સંબંધમાં અને રાજ્યના જુદા વિસ્તારો સંબંધમાં જુદી તારીખો નિર્દિષ્ટ કરી શકાશે.

અપવાદ.

૨. રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આદેશ કરી શકશે કે આ અધિનિયમની તમામ જોગવાઈઓ અથવા તે પૈકી કોઈ જોગવાઈ, સમગ્ર રાજ્યમાં અથવા તેના કોઈ ખાસ વિસ્તારમાં કોઈ વર્ગના બાળકોને લાગુ પડશે નહિ.

વ્યાખ્યા.

૩. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(ક) "પુખ્ત વયની વ્યકિત" એટલે, બાળક ન હોય તેવી વ્યકિત;

(ખ) "ભીખ માંગવી" એટલે, મુંબઈના ભીખ માગવા ઉપર પ્રતિબંધ બાબતના અધિનિયમ, ૧૯૫૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણે ભીખ માગવી તે;

સન ૧૯—૬૦નો મુંબઈ-નો ૧૦મો.

INDEX

સન ૧૯૫૬ નો ૧૦૪ મો.

(ગ) "વેશ્યાગૃહ", "વેશ્યા", "વેશ્યાવૃત્તિ" અને "જાહેર સ્થળ"નો અર્થ, સ્ત્રી-કન્યા અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ, ૧૯૫૬માં અનુક્રમે તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે;

(ઘ) "પ્રમાણિત શાળા" એટલે, કલમ ૨૨ હેઠળ રાજ્ય સરકારે સ્થાપેલી કોઈ ઔદ્યોગિક શાળા અથવા પ્રમાણિત કરેલી અન્ય કોઈ શાળા અથવા સંસ્થા;

(ચ) "મુખ્ય ઈન્સ્પેકટર" એટલે, કલમ ૩૫ હેઠળ નિમવામાં આવેલા પ્રમાણિત શાળાના મુખ્ય ઈન્સ્પેકટર;

(છ) "બાળક" એટલે, સોળ વર્ષની ઉંમર પૂરી થઈ ન હોય તેવો છોકરો અથવા છોકરી;

સન ૧૯–૩૦નો ૨જો.

(જ) "હાનિકારક ઔષધ" એટલે, હાનિકારક ઔષધ અધિનિયમ, ૧૯૩૦માં "હાનિકારક ઔષધ" તરીકે વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ ચીજ;

(ઝ) "સમાજ સુરક્ષા નિયામક" એટલે, રાજ્ય સરકારે સમાજ સુરક્ષા નિયામક તરીકે નીમેલી કોઈ વ્યકિત;

(ટ) "આખરી હુકમ" એટલે, બાળ ગુના કોર્ટે અથવા બાળ ગુના કોર્ટની સત્તા વાપરતી અન્ય કોઈ કોર્ટે, નીચેની કલમો, એટલે કે :–

૪૦, ૪૧, ૪૨, ૪૬, ૭૧, ૭૩, ૭૬, ૭૯, ૮૧, ૮૨, ૯૨ અને ૯૩ હેઠળ કરેલો હુકમ;

(ઠ) "યોગ્ય વ્યકિત" માં યોગ્ય વ્યકિતઓની સંસ્થાનો સમાવેશ થાય છે અને કોઈ બાળકની સંભાળના સંબંધમાં, એવી સંસ્થા એટલે, બાળકોને સ્વીકારવા અથવા તેમનું રક્ષણ કરવા અથવા બાળકો પ્રત્યે ક્રૂરતા અટકાવવા માટે સ્થપાયેલું અથવા તેવા ઉદ્દેશવાળું અને તેની સંભાળ હેઠળ સોંપવામાં આવેલા કોઈ બાળકને તેના જન્મ વખતના ધર્મને અનુરુપ હોય તે રીતે ઉછેરવાનું અથવા ઉછેરવા માટેની સગવડો આપવાનું કામ હાથ ધરતું હોય તેવું વ્યકિતઓનું કોઈ એસોસિયેશન અથવા મંડળ, પછી તે સંસ્થાપિત હોય કે ન હોય ;

(ડ) બાળકના સંબંધમાં, "વાલી"માં કોઈ બાળક સંબંધી કોઈ કાર્યવાહીની વિચારણા કરતી બાળ-ગુના કોર્ટના અભિપ્રાય પ્રમાણે, તે બાળક તત્સમયે જેના ખરેખરા ચાર્જમાં હોય અથવા જેના નિયંત્રણ હેઠળ હોય તેવી કોઈ વ્યકિતનો સમાવેશ થાય છે;

(ઢ) "અનૈતિક વર્તણૂક" માં અશિષ્ટ અથવા અશ્લીલ હોય એવું કોઈ કાર્ય અથવા વર્તનનો સમાવેશ થાય છે ;

(ત) "ઈન્સ્પેકટર" અને "મદદનીશ ઈન્સ્પેકટર" એટલે, કલમ ૩૫ હેઠળ નીમેલા અનુક્રમે પ્રમાણિત શાળાના ઈન્સ્પેકટર અને પ્રમાણિત શાળાઓના મદદનીશ ઈન્સ્પેકટર;

(થ) "બાળગુના કોર્ટ" એટલે, કલમ ૬ હેઠળ સ્થાપેલી કોર્ટ અને આવી કોઈ કોર્ટ સ્થાપવામાં આવી ન હોય, ત્યારે આ અધિનિયમથી અથવા તે હેઠળ બાળ ગુના કોર્ટને મળેલી સત્તા વાપરવા કલમ ૭ની પેટા-કલમ (૨) હેઠળ સત્તા આપેલી મેજિસ્ટ્રેટની કોર્ટ;

(૬) મેટ્રોપોલિટન વિસ્તારના સંબંધમાં, "પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ" એટલે, તે વિસ્તાર માટે નિમાયેલા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ;

(૭) "ઉપેક્ષિત બાળક" એટલે, એવું કોઈ બાળક—

(૧) જે કોઈ ઘર અથવા રહેવાના નિશ્ચિત સ્થળ વગરનું અથવા નિર્વાહનાં દેખીતાં યોગ્ય સાધન વગરનું માલુમ પડે અથવા ભીખ માગતું માલુમ પડે અથવા બાળકના કલ્યાણને પ્રતિકૂળ સંજોગોમાં, અવેજ બદલ કોઈ કાર્ય કરતું માલુમ પડે અથવા તો નિરાધાર માલુમ પડે, પછી તે અનાથ હોય કે ન હોય ; અથવા

(૨) જેને એવા માતા કે પિતા અથવા વાલી હોય, કે જેઓ બાળકની યોગ્ય સંભાળ અને તેના ઉપર નિયંત્રણ રાખવાને અયોગ્ય અથવા અસમર્થ હોય અથવા એવી સંભાળ અને નિયંત્રણ રાખતા ન હોય; અથવા

(૩) વેશ્યાગૃહમાં અથવા વેશ્યાની સાથે રહેતું હોય અથવા વેશ્યાવૃત્તિના હેતુ માટે વપરાતા કોઈ સ્થળે વારંવાર જતું હોય અથવા કોઈ વેશ્યાની અથવા અનૈતિક, પીવાની આદતવાળી અથવા નીતિભ્રષ્ટ જીવન ગુજારતી અન્ય કોઈ વ્યકિતની સોબત કરતું માલુમ પડે ; અથવા

(૪) તે અન્યથા એવા સંજોગોમાં રહેતું માલુમ પડે કે તે ખરાબ સોબતમાં પડવાનો અથવા અનૈતિક જોખમમાં મૂકાવાનો અથવા ગુનાહિત જીવન શરૂ કરવાનો સંભવ હોય;

(૮) "અવેક્ષણ ગૃહ" એટલે, કલમ ૨૩ હેઠળ અવેક્ષણગૃહ તરીકે સ્થાપેલ અથવા માન્ય કરેલ કોઈ સંસ્થા અથવા સ્થળ ;

(૯) "ગુનો" એટલે, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ શિક્ષાપાત્ર ગુનો;

(૧૦) "સુરક્ષિત સ્થળ"માં, જેનો કાર્યાધ્યક્ષ અથવા વ્યવસ્થાપક બાળકને હંગામી સમય માટે સ્વીકારવાને ખુશી હોય તેવા અવેક્ષણ ગૃહ, અન્ય કોઈ યોગ્ય સ્થળ અથવા સંસ્થાનો સમાવેશ થાય છે અથવા જ્યાં આવું અવેક્ષણ ગૃહ અથવા અન્ય યોગ્ય સ્થળ અથવા સંસ્થા ન હોય ત્યાં માત્ર છોકરાની બાબતમાં, અન્ય ગુનેગારોથી બાળકોને કસ્ટડીમાં અલગ રીતે રાખવા માટેની વ્યવસ્થા હોય અથવા થઈ શકે તેમ હોય એવા પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે ;

(૧૧) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(૧૨) "સારા વર્તનની અજમાયશ" એટલે, આ અધિનિયમ હેઠળ કોઈ ગુના માટે દોષિત ઠરેલ બાળકને તેના જાતમુચરકા ઉપર સારી વર્તનની અજમાયશ ઉપર છોડી મૂકવું અને "સારા વર્તનના અજમાયશી હુકમ" એ શબ્દપ્રયોગનો અર્થ તદનુસાર કરવાનો રહેશે ;

(૧૩) "પ્રોબેશન અધિકારી" એટલે, આ અધિનિયમ હેઠળ પ્રોબેશન અધિકારી તરીકે નિમાયેલી કોઈ વ્યકિત ;

(૧૪) "મંડળી" એટલે, મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ અથવા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલ વ્યકિતઓનું મંડળ અથવા એસોસિયેશન ;

સન ૧૮૬૦નો ૨૧મો.

સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો.

INDEX

(૨) આ અધિનિયમ હેઠળ કોઈ માતા કે પિતા, વાલીની અથવા બીજી યોગ્ય વ્યક્તિની સંભાળ હેઠળ મૂકેલા બાળકના સંબંધમાં "દેખરેખ" એટલે, બાળકની યોગ્ય રીતે સંભાળ લેવાય છે અને બાળગુના કોર્ટે મૂકેલી શરતોનું પાલન કરાય છે તે જોવાના હેતુ માટે પ્રોબેશન અધિકારી દ્વારા તે બાળકની દેખરેખ અને "દેખરેખ હુકમ" એ શબ્દપ્રયોગનો અર્થ તદનુસાર કરવાનો રહેશે ;

(૯) "એચ્છિક ગૃહ" એટલે, સ્વૈચ્છિક ફાળા દ્વારા પૂર્ણત : અથવા અંશત : ચલાવાતું, બાળકોના સ્વીકાર માટેનું કોઈ સ્થળ ;

(૧૦) આ અધિનિયમમાં વાપરવામાં આવેલા હોય અને વ્યાખ્યા કરવામાં આવી ન હોય, પરંતુ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં વ્યાખ્યા કરવામાં આવી હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, તે અધિનિયમમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે. સન ૧૯૭૪નો ૨જો.

બાળક હોતું બંધ થાય ત્યારે બાળક સામે કાર્યવાહી ચાલુ રાખવા બાબત.

૪. આ અધિનિયમના હેતુઓ માટે કોઈ વ્યકિત,આ અધિનિયમ હેઠળ તેની સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવે તે સમયે અથવા જેના સંબંધમાં આ અધિનિયમ હેઠળ તેની સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેવી તેની ગિરફતારીના સમયે, તે વ્યકિત, કલમ ૩ના ખંડ (છ) માં નિર્દિષ્ટ કરેલી ઉંમરની થઈ ન હોય, તો બાળક છે એમ ગણાશે :

પરંતુ આ અધિનિયમ હેઠળ કાર્યવાહી ચાલતી હોય તે દરમિયાન, એવી વ્યકિત, સદરહુ ખંડમાં નિર્દિષ્ટ કરેલી ઉંમરની થાય, તો શરૂ કરવામાં આવેલી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને આ અધિનિયમમાં વિરુધ્ધનો કંઈપણ મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળ એવી વ્યકિતના સંબંધમાં, જાણે એવી વ્યકિત બાળક હોય તેમ હુકમો કરી શકાશે.

સુધારણા શાળા અધિનિયમ, ૧૮૯૭ અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની અમુક જોગવાઈઓ લાગુ નહિ પડવા બાબત.

૫. સુધારણા શાળા અધિનિયમ, ૧૮૯૭ની અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૭ની જોગવાઈઓ, જે કોઈ વિસ્તારમાં, આ અધિનિયમના ભાગો ૨ થી૧૧ અમલમાં લાવવામાં આવ્યા હોય તે વિસ્તારને લાગુ પડશે નહિ. સન ૧૮૯૭નો ૮મો. સન ૧૯૭૪નો ૨જો.

ભાગ-૨

બાળ ગુના કોર્ટ

બાળ ગુના કોર્ટ.

૬. (૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા કોઈ વિસ્તાર માટે, એક અથવા વધારે બાળ ગુના કોર્ટો સ્થાપી શકશે; અને એવી કોર્ટ આ અધિનિયમ હેઠળ બાળકોના સંબંધમાં, તેને સોંપેલી અથવા તેના ઉપર મૂકેલી સત્તા વાપરશે અને ફરજો અદા કરશે. સન ૧૯૭૪નો ૨જો.

(૨) પ્રથમ વર્ગના મેજિસ્ટેટ આવી દરેક કોર્ટનું અધ્યક્ષસ્થાન લેશે જેમને હાઈકોર્ટ નીમશે. આવી દરેક કોર્ટને, ઠરાવવામાં આવે તેવી લાયકાતો ધરાવતા બે માનદ્ સામાજિક કાર્યકરોની પેનલ મદદ કરશે, જેમાંના એક કાર્યકર સ્ત્રી હશે અને એ પેનલની નિમણૂક રાજ્ય સરકાર કરશે.

INDEX

બાળ ગુના કોર્ટની સત્તા.

૭. (૧) કોઈ વિસ્તાર માટે બાળગુના કોર્ટ સ્થાપવામાં આવી હોય, ત્યારે આવી કોર્ટને, તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ આ અધિનિયમમાં અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરી હોય તે સિવાય આ અધિનિયમ હેઠળ બાળકોને લગતી, તમામ કાર્યવાહીનો અનન્ય-રીતે નિકાલ કરવાની સત્તા રહેશે, પરંતુ જેમાં, આ અધિનિયમના ભાગ ૭ હેઠળના ગુના માટે પુખ્ત વયની વ્યકિત ઉપર તહોમત મૂકવામાં આવ્યું હોય તે કોઈ કેસમાં ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા રહેશે નહિ.

(૨) કોઈ બાળ ગુના કોર્ટ કોઈ વિસ્તાર માટે સ્થાપવામાં આવી ન હોય, ત્યારે આ અધિનિયમથી અથવા તે હેઠળ બાળ ગુના કોર્ટને આપવામાં આવેલી સત્તા, તે વિસ્તારમાં માત્ર પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની સત્તા વાપરતા મેજિસ્ટ્રેટથી જ વાપરી શકાશે.

(૩) આ અધિનિયમથી અથવા તે હેઠળ બાળ ગુના કોર્ટને આપવામાં આવેલી સત્તા, આ અધિ-નિયમની જોગવાઈઓને અધીન રહીને, કોઈ કેસની, મૂળથી અથવા અપીલ અથવા ફેરતપાસ ઉપરથી ઈન્સાફી કાર્યવાહી કરતી હાઈ કોર્ટ અથવા સેશન્સ કોર્ટ પણ વાપરી શકશે.

અધિનિયમ હેઠળ સત્તા નહિ આપેલા મેજિસ્ટ્રેટે અનુસરવાની કાર્યરીતિ.

૮.(૧) આ અધિનિયમ હેઠળ બાળ ગુના કોર્ટની સત્તા વાપરવાની સત્તા નહિ આપેલા કોઈ મેજીસ્ટ્રેટનો એવો અભિપ્રાય થાય કે(પુરાવો આપવાના હેતુ માટે હોય તે સિવાય અન્યથા)આ અધિ-નિયમની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ હેઠળ તેની સમક્ષ લાવવામાં આવેલી વ્યકિત, બાળક છે, તો તે, આવો અભિપ્રાય નોંધશે અને એ બાળક અને કાર્યવાહીનો રેકર્ડ, આવી કાર્યવાહી અંગેની હકૂમત ધરાવતી બાળ ગુના કોર્ટને મોકલવાં જોઈશે.

(૨) જેને પેટા-કલમ (૧) હેઠળ કાર્યવાહી મોકલાવી હોય તે બાળ ગુના કોર્ટ જાણે, બાળકને પહેલેથી જ તેની સમક્ષ લાવવામાં આવ્યું હોય તેમ તપાસ કરશે.

જ્યાં બાળ ગુના કોર્ટ અસ્તિત્વમાં હોય તે વિસ્તારમાં બાળક અને પુખ્ત વયની વ્યકિતની સંયુકત ઈન્સાફી કાર્યવાહી કરવી નહિ.

સન ૧૯૭૪નો ૨ જો

૯. (૧)ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૨૩માં અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે કોઈ મજકૂર હોય તે છતાં, જ્યાં કોઈ બાળક ઉપર પુખ્ત વયની વ્યકિત સાથે તહોમત મૂકીને કેસની ઈન્સાફી કાર્યવાહી કરવાની હોય તે વિસ્તારમાં બાળગુના કોર્ટ સ્થાપવામાં આવી હોય, તો બાળક ઉપર પુખ્ત વયની વ્યકિત સામે તહોમત મૂકવું નહિ અથવા તે માટે ઈન્સાફી કાર્યવાહી કરવી નહિ.

સન ૧૯૭૪નો ૨જો.

(૨) જો કોઈ ગુના માટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૨૨૩ અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કાયદા હેઠળ બાળક ઉપર તહોમત મૂકવામાં આવ્યું હોય, તો એવા બાળક અને પુખ્ત વયની વ્યકિતની, પેટા-કલમ (૧)ની જોગવાઈઓ ન હોત, તો સંયુકત ઈન્સાફી કાર્યવાહી કરી શકાય તેમ હોય તે ગુનાની વિચારણા કરતી કોર્ટે બાળક અને પુખ્ત વયની વ્યકિતની અલગ ઈન્સાફી કાર્યવાહી કરવાનો આદેશ કરવો. જો તે સ્થાનિક વિસ્તાર માટે બાળ ગુના કોર્ટ સ્થાપવામાં આવી હોય, તો બાળ ગુના કોર્ટે બાળકની ઈન્સાફી કાર્યવાહી કરવી અને ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની હકૂમત ધરાવતી કોર્ટે પુખ્ત વયની વ્યકિતની અલગરીતે ઈન્સાફી કાર્યવાહી કરવી.

બાળકોની ઈન્સાફી કાર્યવાહીમાં બાળગુના કોર્ટે, અપીલ થઈ શકે તેવા સમન્સના કેસોમાં જે અનુસરાય છે તે કાર્યરીતિ અનુસરવી.

સન ૧૯૭૪નો ૨જો.

૧૦. બાળગુના કોર્ટે, બને ત્યાંસુધી અને આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, અપીલ થઈ શકે તેવા સમન્સ કેસોમાં, સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩થી ઠરાવેલી કાર્યરીતિ અનુસરવી જોઈશે.

INDEX

બાળગુના કોર્ટની બેઠક, વગેરે.

૧૧. (૧) બાળગુના કોર્ટ, ઠરાવવામાં આવે તે સ્થળે અને તે દિવસે અને તે રીતે પોતાની બેઠકો ભરશે.

(૨) કલમ ૮ની પેટા-કલમ (૨) હેઠળ બાળગુના કોર્ટની સત્તા વાપરવા સત્તા આપેલા મેજિસ્ટ્રેટ, આ અધિનિયમ હેઠળ બાળક અંગેની કોઈ તપાસ કરતી વેળા, બને ત્યાંસુધી, દીવાની અને ફોજદારી કોર્ટોની સામાન્ય બેઠકો જ્યાં ભરવામાં આવતી હોય તેનાથી જુદા મકાન અથવા ઓરડામાં અથવા જે દિવસોએ અને જે સમયે આવી કોર્ટની સામાન્ય બેઠકો ભરવામાં આવતી હોય તેનાથી જુદા દિવસોએ અથવા જુદા સમયે બેસશે.

બાળગુના કોર્ટની બેઠકોમાં વ્યકિતઓએ હાજર રહેવા બાબત.

૧૨. આ અધિનિયમમાં જોગવાઈ કરી હોય તે સિવાય—

(ક) બાળગુના કોર્ટ સમક્ષના કેસના પક્ષકારો અને પોલીસ અધિકારીઓ અને કાયદા વ્યવસાયીઓ સહિત કેસમાં પ્રત્યક્ષ રીતે સંબંધ ધરાવતી અન્ય વ્યકિતઓ સિવાય; અને

(ખ) બાળગુના કોર્ટ જેમને હાજર રહેવાને ખાસ રીતે અધિકૃત કરે તેવી અન્ય વ્યકિતઓ સિવાય;

કોઈપણ વ્યકિત, બાળગુના કોર્ટની કોઈપણ બેઠકમાં હાજર રહી શકશે નહિ.

બાળગુનાદ કોર્ટમાંથી વ્યકિતઓએ જતા રહેવા બાબત.

૧૩. કોઈ કેસ અથવા કાર્યવાહીના ઈન્સાફનું કામ ચાલતું હોય તે દરમિયાન કોઈપણ તબક્કે બાળગુના કોર્ટને બાળકના હિતમાં, બાળકના માતા કે પિતા, વાલી અથવા પત્ની કે પતિ અથવા તે બાળક સહિત કોઈપણ વ્યકિતને જતા રહેવાનો આદેશ આપવાનું ઈષ્ટ લાગે, તો બાળગુના કોર્ટ એવો આદેશ આપી શકશે અને તેમ થયે, આવી વ્યકિતએ જતા રહેવું જોઈશે. કોઈ વ્યકિત જતા રહેવાની ના પાડે તો બાળગુના કોર્ટ તેને દૂર કરવા પગલાં લઈ શકશે.

બાળકની હાજરી વિના ચલાવી લેવા .....

૧૪. કેસ અથવા કાર્યવાહીના ઈન્સાફનું કામ ચાલતું હોય તે દરમિયાન, કોઈપણ તબક્કે, બાળગુના કોર્ટને એવી ખાતરી થાય કે, તે કેસ અથવા કાર્યવાહીની સુનાવણીના હેતુઓ માટે બાળકની હાજરી આવશ્યક નથી, તો બાળગુના કોર્ટ તેની હાજરી વગર ચલાવી શકશે અને બાળકની ગેરહાજરીમાં કેસના ઈન્સાફનું કામ આગળ ચલાવી શકશે.

જ્યારે બાળકને સાક્ષી તરીકે તપાસવામાં આવવું હોય, ત્યારે કોર્ટમાંથી વ્યકિતઓએ જતા રહેવા બાબત.

૧૫. શિષ્ટતા અથવા નીતિમત્તા વિરૂધ્ધના કોઈ ગુના અથવા તે વિરૂધ્ધની કોઈપણ વર્તણૂક અંગેના કોઈ કેસ અથવા કાર્યવાહીના ઈન્સાફનું કામ ચાલતું હોય તે દરમિયાન કોઈપણ તબક્કે, બાળકને સાક્ષી તરીકે બોલાવવામાં આવે, તો કેસનો ઈન્સાફ કરનાર અથવા કાર્યવાહી કરનાર કોઈપણ કોર્ટ, પોતાને યોગ્ય લાગે, તો કેસ અથવા કાર્યવાહીના પક્ષકારો ન હોય તેવી વ્યકિતઓને, તેમના કાનૂની સલાહકારોને અને કેસ અથવા કાર્યવાહી સાથે સંબંધ ધરાવતા અધિકારીઓને જતા રહેવાનો આદેશ કરી શકશે. પછી આવી વ્યકિતઓએ જતા રહેવું જોઈશે. જો કોઈપણ વ્યકિત જતા રહેવાની ના પાડે, તો કોર્ટ, તેને દૂર કરવા પગલાં લઈ શકશે.

બાળકના માતા કે પિતા અથવા વાલીની હાજરી.

૧૬. (૧) આ અધિનિયમ હેઠળ બાળગુના કોર્ટ સમક્ષ લાવવામાં આવેલા બાળકને, માતા કે પિતા અથવા વાલી હોય, ત્યારે આવા માતા કે પિતા અથવા વાલીને, કોઈપણ કેસમાં, આ અધિનિયમ હેઠળ આવા બાળકના સંબંધમાં ચાલતી કોઈપણ કાર્યવાહીમાં હાજર રહેવાનું ફરમાવી શકાશે અને જો માતા કે પિતા કે વાલી મળી આવે અને વાજબી અંતરે રહેતા હોય, તો તેને તેમ ફરમાવવું જોઈશે, સિવાય કે બાળગુના કોર્ટને એમ ખાતરી થાય કે તેને હાજર રાખવાનું ઝેરવાજબી થશે, તો તેમ કરવું નહિ.

(૨) આ કલમ હેઠળ જેમને હાજર રહેવાનું ફરમાવવાનું હોય તે માતા કે પિતા અથવા વાલી, બાળક જેના ખરેખરા ચાર્જમાં અથવા નિયંત્રણમાં હોય તે માતા કે પિતા અથવા વાલી હોવા જોઈએ:

પરંતુ એવા માતા કે પિતા અથવા વાલી પિતા ન હોય, તો પિતાને પણ હાજર રહેવાનું ફરમાવી શકાશે.

(૩) જે કોઈ કેસમાં, કાર્યવાહી કરતાં પહેલાં કોર્ટના હુકમથી બાળકને, તેના માતા પિતાની સંભાળ અથવા ચાર્જમાંથી ખસેડવામાં આવ્યું હોય તે કેસમાં, આ કલમ હેઠળ બાળકના માતા કે પિતાને હાજર રહેવા ફરમાવવું નહિ.

ભયંકર રોગથી પીડાતા બાળકને મંજૂર કરેલા સ્થળ મોકલવા બાબત.

૧૭. (૧) આ અધિનિયમની કોઈપણ જોગવાઈ હેઠળ બાળગુના કોર્ટ સમક્ષ લાવવામાં આવેલું બાળક લાંબી તબીબી સારવારની જરૂર હોય તેવા રોગથી પીડાતું હોવાનું અથવા ઉપચારથી ફાયદો થાય તેવા શારીરિક અથવા માનસિક દર્દથી પીડાતું હોવાનું જણાય, ત્યારે બાળગુના કોર્ટ, તે બાળકની જરૂરી સારવાર માટે, પોતાને જરૂરી લાગે તેટલી મુદત માટે, આ અધિનિયમની હેઠળ કરેલા નિયમો અનુસાર, આ કલમના હેતુ માટે, અવેક્ષણ ગૃહમાં અથવા મંજૂર કરેલા સ્થળ તરીકે માન્ય કરેલા બીજા કોઈ સ્થળે મોકલી શકશે.

સન ૧૮-૯૮નો ૩જો સન ૧૯-૧૨નો ૪થો

(૨) કોઈ બાળક રક્તપિતના રોગથી પીડાતું હોવાનું અથવા અસ્થિર મગજનું હોવાનું જણાય, ત્યારે યથા પ્રસંગ, રક્તપિત્તિયા અધિનિયમ, ૧૮૯૮ અથવા ભારતના પાગલપન બાબતના અધિનિયમ, ૧૯૧૨-ની જોગવાઈઓ હેઠળ, તે બાળક માટે તજવીજ કરવાની રહેશે.

(૩) બાળગુના કોર્ટે, ચેપી અથવા સ્પર્શજન્ય રોગથી પીડાતા બાળકની બાબતમાં, પેટા-કલમ (૧) હેઠળ કાર્યવાહી કરી હોય, ત્યારે સદરહુ બાળકને, યથાપ્રસંગ, તેનો લગ્ન સાથી કોઈ હોય, તો તેને અથવા તેના વાલીને પાછું સોંપતા પહેલાં, એવી કાર્યવાહી કરવાનું સદરહુ બાળકના હિતમાં છે એવી બાળગુના કોર્ટને ખાતરી થાય ત્યારે, બાળગુના કોર્ટ, યથાપ્રસંગ, તેના લગ્ન સાથી અથવા વાલીને બાળકની તબીબી તપાસ કરાવી પોતાને એવી ખાતરી કરાવી આપવાનું જણાવી શકશે કે એવો સાથી કે વાલી જેના સંબંધમાં હુકમ કરવામાં આવ્યો છે તે બાળકને ફરી ચેપ લગાડશે નહિ.

બાળગુના કોર્ટે હુકમ કરતી વેળા વિચારણામાં લેવાની બાબતો.

૧૮. બાળગુના કોર્ટે આ અધિનિયમ હેઠળ જે કોઈપણ હુકમ કરવાનો હોય તેના હેતુ માટે, બાળગુના કોર્ટે નીચેની બાબતો લક્ષમાં લેવાની રહેશે.—

(ક) બાળકનું ચારિત્ર્ય અને ઉંમર :

(ખ) જે સંજોગોમાં બાળક રહેતું હોય તે સંજોગો;

(ગ) પ્રોબેશન અધિકારીએ કરેલા રિપોર્ટો;

(ઘ) બાળક પાળતું હોય તે ધર્મ ;

(ચ) બાળગુના કોર્ટના અભિપ્રાય પ્રમાણે, બાળકના હિતમાં વિચારણામાં લેવાની જરૂર હોય તેવી બીજી બાબતો :

પરંતુ બાળકે ગુનો કર્યો હોવાનું જણાય, ત્યારે બાળગુના કોર્ટે, બાળકે ગુનો કર્યો છે એવો તેની સામે ચુકાદો નોંધ્યા પછી, ઉપરની બાબતો વિચારણામાં લેવી જોઈએ:

વધુમાં કલમ ૪૪ હેઠળ, પોતાને જાણ કર્યાના દસ અઠવાડિયાની અંદર પ્રોબેશન અધિકારીનો કોઈ રિપોર્ટ મળ્યો ન હોય તો બાળગુના કોર્ટ તેના વિના કાર્યવાહી કરી શકશે.

પ્રોબેશન અધિકારીનો રિપોર્ટ અને બીજા રિપોર્ટો ગુપ્ત રાખવા બાબત.

૧૯. કલમ ૧૮ હેઠળ, બાળગુના કોર્ટે વિચારણામાં લીધેલ પ્રોબેશન અધિકારીનો રિપોર્ટ અથવા બીજો કોઈ રિપોર્ટ, ગુપ્ત ગણવામાં આવશે;

પરંતુ આવો રિપોર્ટ, બાળક અથવા તેના માતા કે પિતાના ચારિત્ર્ય, સ્વાસ્થ્ય અથવા વર્તનને અથવા બાળક અથવા માતા કે પિતા રહેતા હોય તે સંજોગોને લગતા હોય, તો બાળગુના કોર્ટ પોતાને ઈષ્ટ લાગે, તો તેનો સારાંશ, યથાપ્રસંગ, બાળક અથવા સંબંધિત માતા કે પિતાને જણાવી શકશે અને બાળક અથવા માતા કે પિતાને રિપોર્ટમાં જણાવેલી બાબતોને લગતો પુરાવો રજૂ કરવાની તક આપી શકશે.

INDEX

અધિનિયમ હેઠળનો કેસો માં અથવા કાર્યવાહીમાં સંડોવાયેલા બાળકોનાં નામ, સરનામા, વગેરે પ્રસિધ્ધ કરવા ઉપર પ્રતિબંધ.

૨૦. આ અધિનિયમ હેઠળ કોઈ બાળગુના કોર્ટ સમક્ષના કેસ, તપાસ શોધ અથવા કાર્યવાહી, જેમાં બાળક સંડોવાયેલું હોય તેનો કોઈપણ વર્તમાનપત્ર, સામયિક અથવા સમાચાર પત્રિકાના કોઈ રિપોર્ટ-આવે તેમાં એવા કોઈપણ બાળકનું નામ, સરનામું અથવા શાળા જાહેર કરવા નહિ અથવા એવા બાળકને ઓળખી કાઢી શકાય તેવી કોઈપણ વિગત તેમાં સમાવિષ્ટ કરવી નહિ. તેમજ એવા કોઈ બાળકનું ચિત્ર હોય તેવું અથવા તેના ચિત્ર સહિતનું કોઈપણ ચિત્ર પ્રસિધ્ધ કરવું નહિ.

પરંતુ કેસનું ઈન્સાફી કામ કરનાર અથવા કાર્યવાહી ચલાવનાર બાળ-ગુના કોર્ટ, જો તેના અભિપ્રાય પ્રમાણે આવી જાહેરાત બાળક કલ્યાણના હિતમાં હોય અને સંબંધિત બાળકના હિતને પ્રતિકૂળ અસર થાય તેમ ન હોય, તો કારણોની લેખિત નોંધ કરીને, જાહેરાત કરવાની પરવાનગી આપી શકશે.

બાતલ રાખ-વામાં આવી ન હોય તો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ, અધિનિયમ હેઠળના કેસો નું ઈન્સાફી કામ કરવાને અને કાર્ય-વાહી ચલા-વવાને લાગુ પડશે.

૨૧. આ અધિનિયમ અથવા તે અન્વયે કરેલા નિયમો હેઠળ સ્પષ્ટપણે જોગવાઈ કરી હોય તે સિવાય આ અધિનિયમ હેઠળ કેસોની ઈન્સાફી કામ કરવામાં અને કાર્યવાહી ચલાવવામાં અનુસરવાની કાર્યરીતિ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની, ૧૯૭૩ની જોગવાઈઓ અનુસાર રહેશે. **સન ૧૯૭૪ નો ૨જો.**

ભાગ--૩

પ્રમાણિત શાળાઓ, અવેક્ષણ ગૃહો, પછીની સંભાળ-સંસ્થા અને ઐચ્છિક-ગૃહો

શાળાઓના સ્થાપના અને પ્રમાણન.

૨૨. (૧) રાજ્ય સરકાર, ઉપેક્ષિત બાળકોના અને ગુનો કર્યો હોવાનું જણાયેલા બાળકોના સ્વીકાર માટે જરૂર હોય તેટલી ઔદ્યોગિક શાળાઓ સ્થાપી શકશે અને નિભાવી શકશે.

(૨) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલી ન હોય તેવી કોઈ ઔદ્યોગિક શાળા અથવા બીજી કોઈ શૈક્ષણિક સંસ્થા, ગુનો કર્યા હોવાનું જણાયેલા બાળકોના સ્વીકાર માટે યોગ્ય છે તો તે, આવી શાળા સંસ્થાને, આ અધિનિયમના હેતુઓ માટે પ્રમાણિત શાળા તરીકે પ્રમાણિત કરી શકશે.

અવેક્ષણ ગૃહો તરીકે સ્થળોની સ્થાપના અને માન્યતા.

૨૩. (૧) રાજ્ય સરકાર, આ અધિનિયમ હેઠળ બાળકો સંબંધી કોઈ તપાસ ચાલુ હોય તે દરમિયાન તેમનો હંગામી રીતે સ્વીકાર કરવા માટે જરૂરી હોય તેટલા અવેક્ષણ ગૃહો સ્થાપી શકશે અને-નિભાવી શકશે.

(૨) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલ સંસ્થા સિવાયની કોઈ સંસ્થા, આ અધિનિયમ હેઠળ બાળકો સંબંધી કોઈ તપાસ ચાલુ હોય તે દરમિયાન, તેમનો હંગામી રીતે સ્વીકાર કરવા માટે યોગ્ય છે, તો તે, આવી સંસ્થાને આ અધિનિયમના હેતુઓ માટે અવેક્ષણ-ગૃહ તરીકે માન્ય કરી શકશે.

INDEX

પછીની સંભાળ સંસ્થાઓ.

૨૪. (૧) રાજ્ય સરકાર, આ અધિનિયમ હેઠળ નિયમો કરીને, પછીની સંભાળ સંસ્થાની સ્થાપના અથવા માન્યતા માટે જોગવાઈ કરી શકશે અને આ અધિનિયમ હેઠળ તેમનાં કાર્યો અસરકારક રીતે બજાવવા માટે જરૂરી સત્તા તેમને સોંપી શકશે.

(૨) આવી દરેક સંસ્થા, જ્યારે બાળકો અવેક્ષણગૃહો અથવા પ્રમાણિત શાળાઓ છોડી જાય, ત્યારે તેમની સંભાળ લેશે અને તેઓ પ્રામાણિક, ઉદ્યમી અને ઉપયોગી જીવન જીવી શકે તે હેતુ માટે, તેને જરૂરી જણાય અથવા ઠરાવવામાં આવે તેવા તમામ પગલાં લેશે.

સરકારે સ્થાપેલી પ્રમાણિત શાળાઓનું સંચાલન.

૨૫. કલમ ૨૨ની પેટા કલમ (૧) હેઠળ સ્થાપેલી દરેક ઔદ્યોગિક શાળાના નિયંત્રણ અને સંચાલન માટે રાજ્ય સરકાર એક સુપરિન્ટેન્ડન્ટ અને નિરીક્ષણસમિતિ નીમશે અને આવા સુપરિન્ટેન્ડન્ટ અને સમિતિ, આ અધિનિયમના હેતુઓ માટે શાળાના સંચાલકો ગણાશે.

સરકારે તે માટે પ્રમાણિત કરેલ હોય તેવી પ્રમાણિત શાળાઓના વહીવટ.

૨૬. કલમ ૨૨ની પેટા-કલમ (૨) હેઠળ પ્રમાણિત કરેલ દરેક શાળા અથવા સંસ્થા, સંચાલન મંડળના વહીવટ હેઠળ રહેશે, જેના સભ્યો આ અધિનિયમના હેતુઓ માટે, યથાપ્રસંગ, શાળા અથવા સંસ્થાના સંચાલકો ગણાશે.

સંચાલકોની જવાબદારી.

૨૭. (૧) કોઈ બાળકને સોંપવામાં આવે તે પહેલાં બાળગુના કોર્ટે, રાજ્ય સરકારે સ્થાપેલી અથવા પ્રમાણિત કરેલી અથવા માન્ય કરેલી પ્રમાણિત શાળાના સંચાલકો સાથે વિચારવિનિમય કરવો જોઈશે.

(૨) રાજ્ય સરકારે પ્રમાણિત કરેલ હોય તેવી પ્રમાણિત શાળાના સંચાલકો, કારણો લેખિતમાં આપીને, આ અધિનિયમ હેઠળ, તેને સોંપવામાં આવનાર કોઈ બાળક સ્વીકારવાની ના પાડી શકશે:

પરંતુ આવી શાળાએ કોઈ બાળકને એકવાર સ્વીકાર્યો હોય, ત્યારે, એવી શાળા, જે મુદત માટે તે બાળકને એવી શાળામાં અટકમાં રાખવાને પાત્ર થાય તે સમગ્ર મુદત દરમિયાન અથવા શાળાનું પ્રમાણપત્ર પાછું ખેંચી લેવામાં અથવા પાછું આપી દેવામાં ન આવે ત્યાં સુધી, તે, તેનું રક્ષણ કરવા, શિક્ષણ આપવા, તાલીમ આપવા, રહેવા દેવા, કપડાં આપવા અને ખોરાક આપવા માટે બંધાયેલી રહેશે.

પ્રમાણિત શાળાઓની તબીબી તપાસ.

૨૮. રાજ્ય સરકારે આ અર્થે સત્તા આપેલ કોઈ રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયી, કોઈ પ્રમાણિત શાળાના અંતેવાસીઓના આરોગ્ય અને એવી શાળાની સ્વચ્છતા અંગેની સ્થિતિ વિષે મુખ્ય ઈન્સ્પેકટરને રિપોર્ટ કરવા માટે, તેના સંચાલકોને નોટિસ આપીને અથવા આપ્યા વિના, કોઈપણ સમયે તે શાળાની મુલાકાત લઈ શકશે.

પ્રમાણપત્ર અથવા માન્યતા પાછું ખેંચી લેવાની રાજ્ય સરકારની સત્તા.

૨૯(૧) રાજ્ય સરકારને, પ્રમાણિત શાળાની સ્થિતિ, નિયમો, સંચાલન અથવા દેખરેખથી અસંતોષ થયો હોય તો શાળાના સંચાલક ઉપર નોટિસ બજાવીને કોઈપણ સમયે જાહેર કરી શકશે કે શાળાનું પ્રમાણપત્ર નોટિસમાં નિર્દિષ્ટ કરેલ તારીખથી પાછું ખેંચી લેવામાં આવે છે અને આવી જાહેરાત થયે, પ્રમાણપત્ર પાછું ખેંચી લેવામાં આવશે અને શાળા પ્રમાણિત શાળા હોતી બંધ થશે.

(૨) રાજ્ય સરકાર, શાળાના સંચાલક ઉપર નોટિસ બજાવીને પ્રમાણપત્ર પાછું ખેંચી લેવાને બદલે, નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે સમય સુધી અથવા નોટિસ રદબાતલ ન થાય ત્યાં સુધી, બાળકોને શાળામાં દાખલ કરવાની મનાઈ કરી શકશે:

પરંતુ પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ નોટિસ બહાર પાડવામાં આવતા પહેલાં, પ્રમાણિત શાળાના સંચાલકને, યથાપ્રસંગ, પ્રમાણપત્ર શા માટે પાછું ખેંચી ન લઈ લેવું અથવા શા માટે શાળામાં બાળકોને પ્રવેશ આપવાની મનાઈ ન કરવી તેનું કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવશે.

સંચાલકોએ પ્રમાણપત્ર અથવા માન્યતા પાછું આપી દેવા બાબત.

૩૦. પ્રમાણિત શાળાના સંચાલકે શાળાનું પ્રમાણપત્ર પાછું આપી દેવાના પોતાના ઈરાદાના છ મહિનાની નોટિસ મુખ્ય ઈન્સ્પેકટર મારફત રાજ્ય સરકારને આપીને શાળાનું પ્રમાણપત્ર પાછું આપી દઈ શકશે અને તદ્નુસાર એવી નોટિસની તારીખથી છ મહિના પૂરા થયે, પ્રમાણપત્ર પાછું આપી દેવાની બાબત, તે સમય પહેલાં નોટિસ પાછી ખેંચી લેવામાં ન આવે, તો અમલમાં આવશે અને શાળા પ્રમાણિત શાળા હોતી બંધ થશે.

પ્રમાણપત્ર પાછું ખેંચી લેવા અથવા પાછું આપી દેવાનું પરિણામ.

૩૧. પ્રમાણપત્ર પાછું ખેંચી લેવાની નોટિસ શાળા સંચાલકને મળ્યાની તારીખ પછી અથવા પ્રમાણપત્ર પાછું આપી દેવાની નોટિસની તારીખ પછી, કોઈ બાળકને આ અધિનિયમ હેઠળ પ્રમાણિત શાળામાં સ્વીકારી શકાશે નહિ :

પરંતુ ઉપર્યુકત સંબંધિત તારીખોએ શાળામાં અટકમાં રાખેલા કોઈ બાળકને રક્ષણ આપવાની, શિક્ષણ આપવાની, તાલીમ આપવાની, રહેવા દેવાની, કપડાં આપવાની અને ખોરાક આપવાની સંચાલકની જવાબદારી, રાજ્ય સરકાર અન્યથા આદેશ કરે તેટલા પ્રમાણમાં હોય તે સિવાય, પ્રમાણપત્ર પાછું ખેંચી લેવાની અથવા પાછું આપી દેવાની બાબત અમલમાં આવે ત્યાંસુધી ચાલુ રહેશે.

પ્રમાણપત્ર પાછું ખેંચી લેવામાં આવે અથવા પાછું આપી દેવામાં આવે એટલે, અંતેવાસીઓ માટે કઈ રીતે વ્યવસ્થા કરવી.

૩૨. કોઈ પ્રમાણિત શાળા, પ્રમાણિત શાળા હોતી બંધ થાય, ત્યારે તેમાં અટકમાં રાખેલાં બાળકોને છૂટાં અથવા બદલી કરવા બાબતને લગતી આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર બિન-શરતે અથવા રાજ્ય સરકાર મૂકે તે શરતોએ, છૂટાં કરવામાં આવશે અથવા મુખ્ય ઈન્સ્પેકટરના હુકમથી તેમની બીજી કોઈ પ્રમાણિત સંસ્થામાં બદલી કરવામાં આવશે.

ઐચ્છિક ગૃહોનું નિરીક્ષણ.

૩૩. (૧) બાળકોનાં આરોગ્ય અને કલ્યાણ અને જગાઓની સ્વચ્છતા જાળવવાના હેતુ માટે, રાજ્ય સરકાર, મુખ્ય ઈન્સ્પેકટર અથવા નિરીક્ષક સ્ટાફની કોઈ વ્યકિત વખતોવખત વાજબી સમયે કોઈપણ ઐચ્છિક ગૃહની મુલાકાત લે અને તેનું નિરીક્ષણ કરે તે માટે વ્યવસ્થા કરી શકશે.

(૨) મુખ્ય ઈન્સ્પેકટર અથવા નિરીક્ષક સ્ટાફની કોઈપણ વ્યકિતને, ઉપર્યુકત હેતુઓ માટે તમામ વાજબી વખતે કોઈ ઐચ્છિક ગૃહમાં દાખલ થવાની અને તેની તથા તેને લગતા તમામ રજિસ્ટરોનું સંપૂર્ણ નિરીક્ષણ કરવાની સત્તા રહેશે.

(૩) કોઈ સ્વૈચ્છિક ગૃહ, છોકરીઓને સ્વીકારવા માટે હોય, ત્યારે શકય હોય ત્યાં, મુખ્ય ઈન્સ્પેકટરે અથવા સમાજ સુરક્ષા નિયામકે અધિકૃત કરેલી અથવા નીમેલી કોઈ સ્ત્રી પાસે નિરીક્ષણ કરાવવું જોઈશે.

(૪) રાજ્ય સરકારને ખાતરી થાય કે કોઈ ઐચ્છિક ગૃહનું સંચાલન અથવા તેમાંના બાળકો માટે રહેવાની સગવડ અથવા તેમના પ્રત્યેનો વર્તાવ અસંતોષકારક છે, તો તે, ઐચ્છિક ગૃહના સંચાલન માટે જવાબદાર વ્યકિત ઉપર એવા ગૃહમાંના બાળકોના કલ્યાણ માટે પોતાને ઈષ્ટ લાગે તેવી ઉપર્યુકત તમામ બાબતો અથવા તે પૈકી કોઈપણ બાબત સંબંધી સામાન્ય અથવા ખાસ આદેશો બજાવડાવી શકશે.

(૫) પૂર્વવર્તી પેટા-કલમ હેઠળના આદેશમાં, રાજ્ય સરકાર, ત્યારપછીના આદેશથી ફેરફાર કરી શકશે અથવા તે પાછો ખેંચી લઈ શકશે.

(૬) એવા કોઈપણ આદેશનું પાલન કરવામાં ન આવે તે પ્રસંગે, જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજ્ય સરકારે તે હેતુ માટે નીમેલી કોઈ વ્યકિતની ફરિયાદ ઉપરથી, ઐચ્છિક ગૃહનો હવાલો સંભાળતી વ્યકિત ઉપર અને

તેને યોગ્ય લાગે તેવી વ્યકિત ઉપર સમન્સ બજાવડાવી શકશે અને જેની ઉપર સમન્સ બજાવવામાં આવ્યું હોય તે વ્યકિતને સાંભળીને, જો તેને યોગ્ય લાગે, તો ઐચ્છિક ગૃહમાંથી તમામ બાળકોને ખસેડવા માટે હુકમ કરી શકશે.

(૭) જિલ્લા મેજિસ્ટ્રેટ, પોતાને લાગે, તો એવો હુકમ કરી શકશે કે એવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલે સુધી, તે આદેશમાં ફેરફાર કરવામાં આવ્યો છે એમ ગણાશે અને આદેશ તદનુસાર અમલમાં આવશે.

(૮) એવા ઐચ્છિક ગૃહમાંથી તમામ બાળકોને ખસેડવા માટેના કોઈ હુકમથી તે હુકમમાં જણાવેલ કોઈપણ વ્યકિતને અને ઈન્સ્પેકટરના દરજ્જાથી ઊતરતા ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીને, ઐચ્છિક ગૃહમાં દાખલ થવાનો અને તેમાંના બાળકોને સુરક્ષિત સ્થળે ખસેડવાનો અધિકાર પ્રાપ્ત થશે.

(૯) એવા ઐચ્છિક ગૃહમાંથી તમામ બાળકોને ખસેડવા માટે કોઈ હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે તે ગૃહનો ઉપયોગ, રાજ્ય સરકારની સંમતિ વિના, બાળકોને સ્વીકારવા માટે કરી શકાશે નહિ.

પ્રમાણિત શાળાઓનું નિરીક્ષણ.

૩૪. (૧) દરેક પ્રમાણિત શાળા, તેના તમામ વિભાગો સહિત, તમામ સમયે સમાજ સુરક્ષા નિયામક, મદદનીશ સમાજ સુરક્ષા નિયામક, પ્રમાણિત શાળાના મુખ્ય ઈન્સ્પેકટર, ઈન્સ્પેકટર અથવા મદદનીશ ઈન્સ્પેકટર અથવા સમાજ સુરક્ષા નિયામકે ખાસ અધિકૃત કરેલા એવા બીજા અધિકારીના નિરીક્ષણને પાત્ર થશે અને આવું નિરીક્ષણ વર્ષમાં ઓછામાં ઓછું એકવાર કરવાનું રહેશે.

(૨) સમાજ સુરક્ષા નિયામક, મદદનીશ સમાજ સુરક્ષા નિયામક, મુખ્ય ઈન્સ્પેકટર, ઈન્સ્પેકટર અથવા મદદનીશ ઈન્સ્પેકટર અથવા રાજ્ય સરકાર મંજૂર રાખે એવા બીજા અધિકારીઓને, આ અધિનિયમ હેઠળ કોઈપણ સમયે માન્ય કરેલ કોઈ સંસ્થાની મુલાકાત લેવાનો અને તેનું નિરીક્ષણ કરવાનો હક રહેશે:

પરંતુ એવી કોઈ પ્રમાણિત શાળા મુખ્યત્વે છોકરીઓને જ સ્વીકારવા માટે હોય અને સમાજ સુરક્ષા નિયામકે અથવા મુખ્ય ઈન્સ્પેકટરે, આવું નિરીક્ષણ કર્યું ન હોય અથવા મુલાકાત લીધી ન હોય, ત્યારે આવા નિરીક્ષક અથવા ઈન્સ્પેકટર, શકય હોય ત્યાંસુધી, સ્ત્રી હોવાં જોઈશે.

ભાગ-૪

અધિકારીઓ, તેમની સત્તા અને ફરજો

અધિકારીઓની નિમણૂક.

૩૫. (૧) સમાજ સુરક્ષા નિયામક ઉપરાંત, રાજ્ય સરકાર, આ અધિનિયમના હેતુ માટે નીચેના અધિકારીઓ નીમી શકશે:—

(ક) પ્રમાણિત શાળાના મુખ્ય ઈન્સ્પેકટર,

(ખ) મદદનીશ સમાજ સુરક્ષા નિયામક, પ્રમાણિત શાળાના ઈન્સ્પેકટરો અને મદદનીશ ઈન્સ્પેકટરો,

(ગ) પ્રોબેશન અધિકારીઓ,

(ઘ) જરૂરી હોય એવા બીજા અધિકારીઓ અને તેમના હોદ્દા.

(૨) રાજ્ય સરકારે આ અર્થે માન્ય કરેલી કોઈપણ સોસાયટી, સમાજ સુરક્ષા નિયામકની મંજૂરી લઈને, પ્રોબેશન અધિકારી પણ નીમી શકશે.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) માં ગમે તે મજકૂર હોય તે છતાં, બાળગુના કોર્ટ, કોઈપણ ખાસ કેસ અથવા કાર્યવાહીના હેતુ માટે, જો તેના અભિપ્રાયમાં બીજા કોઈપણ અધિકારીને પ્રોબેશન અધિકારી તરીકે નીમવાનું ઈષ્ટ અથવા જરૂરી જણાય, તો તેની નિમણૂક કરી શકશે.

INDEX

પ્રોબેશન અધિકારીનાં દેખરેખ અને નિયંત્રણ.

૩૬. (૧) આ અધિનિયમ હેઠળ પોતાની ફરજો બજાવતી વખતે, પ્રોબેશન અધિકારી, બાળગુના કોર્ટના અધિકારી રહેશે અને બાળગુના કોર્ટના દેખરેખ અથવા માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે.

(૨) આ કલમમાંના કોઈપણ મજકૂરથી, જિલ્લા મેજિસ્ટ્રેટ, સમાજ સુરક્ષા નિયામક અથવા મુખ્ય ઈન્સ્પેકટરની દેખરેખ રાખવાની સત્તા ઓછી થશે નહિ.

પ્રોબેશન અધિકારીઓ અને ઈન્સ્પેકટરોની સત્તા અને ફરજો.

૩૭. મુખ્ય ઈન્સ્પેકટર, સમાજ સુરક્ષા મદદનીશ નિયામક, ઈન્સ્પેકટર, મદદનીશ ઈન્સ્પેકટર અને પ્રોબેશન અધિકારીઓની અને કલમ ૩૫ની પેટા-કલમ (૧) હેઠળ રાજ્ય સરકાર નીમે તેવા બીજા અધિકારીઓની સત્તા અને ફરજો, આ અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ હેઠળ ઠરાવ્યા પ્રમાણે હોય તે રહેશે અને આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે રાજ્ય સરકાર અથવા સમાજ સુરક્ષા નિયામક અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારી કરે તેવા સામાન્ય અથવા ખાસ હુકમો અનુસાર હોવી જોઈશે.

ભાગ-૫

ઉપેક્ષિત બાળકો

ઉપેક્ષિત બાળકોને બાળગુના કોર્ટ સમક્ષ હાજર કરવા બાબત.

૩૮. (૧) કોઈ બાળકના સંબંધમાં કોઈપણ પોલીસ અધિકારીનો અથવા રાજ્ય સરકારે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો અનુસાર આ અર્થે અધિકૃત કરેલ કોઈ વ્યકિત (જેનો આમાં હવે પછી, "અધિકૃત વ્યકિત" તરીકે ઉલ્લેખ કરેલ છે તે) નો એવો અભિપ્રાય થાય કે બાળક દેખીતી રીતે ઉપેક્ષિત બાળક છે, તો એવા પોલીસ અધિકારી અથવા એવી બીજી વ્યકિત, બાળકને બાળગુના કોર્ટ સમક્ષ લાવવા માટે તેનો હવાલો લઈ શકશે.

(૨) પોલીસ મથકનો હવાલો ધરાવતા કોઈ અધિકારીને એવા મથકની હદની અંદર મળી આવેલા કોઈપણ ઉપેક્ષિત બાળક વિશે માહિતી આપવામાં આવી હોય, ત્યારે તેણે, આવી માહિતીનો સારાંશ, તે હેતુ માટે રાખવામાં આવેલી બુકમાં નોંધવો જોઈશે અને તે અંગે પોતાને યોગ્ય લાગે તેવું પગલું તે લેશે અને એવો અધિકારી બાળકની સંભાળ લેવાનું સૂચવે નહિ, તો તેણે કરેલી નોંધની એક નકલ બાળ ગુના કોર્ટને મોકલાવવી જોઈશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ હવાલામાં લીધેલું દરેક બાળક, તેનો હવાલો લીધો હોય તે સ્થળેથી બાળગુના કોર્ટ સુધી લઈ જવા મુસાફરી માટેનો જરૂરી સમય લાગે તે ન ગણતાં એવો હવાલો લીધા પછી ચોવીસ કલાકની મુદતની અંદર બાળગુના કોર્ટ સમક્ષ હાજર કરવું જોઈશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ હવાલો લીધેલા દરેક બાળકને, તેના માતા કે પિતા અથવા વાલી સાથે તેને રાખવામાં આવ્યું હોય તે સિવાય, તેને બાળગુના કોર્ટ સમક્ષ હાજર કરવામાં ન આવે ત્યાંસુધી (પોલીસ મથકે અથવા જેલમાં નહિ, પણ) અવેક્ષણ ગૃહમાં મોકલવું જોઈશે.

ઉપેક્ષિત બાળકને માતા કે પિતા હોય, ત્યારે અનુસરવાની ખાસ કાર્યરીતિ.

૩૯. (૧) જો કોઈ બાળક પોલીસ અધિકારી અથવા અધિકૃત વ્યકિતના અભિપ્રાય પ્રમાણે ઉપેક્ષિત બાળક હોય તે બાળકને, માતા કે પિતા અથવા વાલી હોય અને તેઓ બાળક ઉપર ખરેખરો હવાલો ધરાવતા હોય અથવા નિયંત્રણ રાખતા હોય, તો પોલીસ અધિકારી અથવા અધિકૃત વ્યકિત, બાળકનો હવાલો લેવાને બદલે, તે બાળક સંબંધી તપાસ શરૂ કરવા બાળગુના કોર્ટને રિપોર્ટ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ રિપોર્ટ મળ્યે, બાળગુના કોર્ટ, માતા કે પિતા અથવા વાલીને, બાળકને તેની સમક્ષ હાજર કરવાનું અને તે બાળક માટે આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ ઉપેક્ષિત બાળક તરીકે વ્યવસ્થા શા માટે ન કરવી જોઈશે તેનું કારણ દર્શાવવાનું ફરમાવી શકશે અને બાળ ગુના કોર્ટને એમ જણાય કે બાળકને તેની હકૂમતમાંથી ખસેડી લેવામાં આવે અથવા છૂપાવી દેવામાં આવે તેવો સંભવ છે, તો તે બાળકને તાત્કાલિક હાજર કરવા માટે જરૂરી હોય, તો ઝડતી વોરંટ કાઢીને તેને અવેક્ષણ ગૃહમાં ખસેડવાનો તરત હુકમ કરી શકશે.

INDEX

૪૦. (૧) ઉપેક્ષિત બાળક હોવાનું કહેવાનું હોય તેવા કોઈ બાળકને બાળગુના કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવે, ત્યારે, તેણે, બાળકને લાવનાર અથવા રિપોર્ટ કરનાર પોલીસ અધિકારી અથવા અધિકૃત વ્યકિતને તપાસવી જોઈશે અને આવી તપાસનો સારાંશ નોંધવો જોઈશે અને ઠરાવેલી રીતે તપાસ કરીને તે બાળકના સંબંધમાં પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરવા જોઈશે. ઉપેક્ષિત બાળકો સંબંધી બાળગુના કોર્ટે તપાસ કરવા બાબત.

(૨) તપાસ ઉપરથી બાળગુના કોર્ટને એવી ખાતરી થાય કે બાળક ઉપેક્ષિત બાળક છે અને તેની તે રીતે વ્યવસ્થા કરવાનું ઈષ્ટ છે, તો બાળગુના કોર્ટે તેવું બાળક એકવીસ વર્ષની ઉંમર પૂરી ન કરે ત્યાંસુધીની મુદત માટે તેને અવેક્ષણ ગૃહમાં અથવા પ્રમાણિત શાળામાં મોકલવાનો અને યોગ્ય વ્યકિતની સંભાળ હેઠળ મૂકવાનું ફરમાવતો હુકમ કરી શકશે:

પરંતુ બાળગુના કોર્ટને એવી ખાતરી થાય કે કેસના સંજોગો ધ્યાનમાં લેતાં તેમ કરવાનું ઈષ્ટ છે, તો તે કારણોની લેખિત નોંધ કરીને, પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી રોકાણની મુદત ઘટાડી શકશે.

(૩) બાળક સંબંધી કોઈ તપાસ અનિર્ણીત હોય તે દરમિયાન, બાળકને, તેના માતા કે પિતા અથવા વાલી સાથે રાખવામાં આવ્યું હોય તે સિવાય, બાળગુના કોર્ટના હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત સુધી, અવેક્ષણ ગૃહમાં મોકલવું જોઈશે:

પરંતુ બાળગુના કોર્ટના અભિપ્રાય પ્રમાણે કોઈ બાળકના માતા કે પિતા અથવા વાલી તેની યોગ્ય કાળજી લેવાને અથવા તેના ઉપર નિયંત્રણ રાખવાને અયોગ્ય છે અથવા તેની યોગ્ય કાળજી લેતાં નથી અથવા તેના ઉપર નિયંત્રણ રાખતાં નથી, તો એવા બાળકને તેના માતા કે પિતા અથવા વાલી સાથે રાખવું નહિ.

૪૧. બાળ ગુના કોર્ટને તેમ કરવાનું યોગ્ય લાગે, તો તે બાળકને, અવેક્ષણ ગૃહમાં અથવા પ્રમાણિત શાળામાં મોકલવા માટે કલમ ૪૦ની પેટા-કલમ (૨) હેઠળ હુકમ કરવાને બદલે, માતા કે પિતા, વાલી અથવા બીજી વ્યકિત બાળકની સારી વર્તણૂક તથા કલ્યાણ માટે અને બોળગુના કોર્ટને મૂકવાનું યોગ્ય લાગે તેવી શરતોના પાલન માટે જવાબદાર રહેવાને જામીનવાળું કે જામીનવગરનું ખત કરી આપે એટલે એવા માતા કે પિતા, વાલી અથવા બીજી યોગ્ય વ્યકિતની સંભાળ હેઠળ બાળકને મૂકવાનો હુકમ કરી શકશે. ઉપેક્ષિત બાળકને યોગ્ય સંભાળમાં મૂકવાની સત્તા.

(૨) પેટા-કલમ (૧) હેઠળ હુકમ કરતી વખતે અથવા ત્યાર પછી કોઈપણ સમયે બાળગુના કોર્ટ વધારામાં એવો હુકમ કરી શકશે કે બાળકને પ્રથમ તબક્કે ત્રણ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી કોઈપણ મુદત માટે દેખરેખ હેઠળ મૂકવું.

(૩) પેટા કલમ (૧) અને (૨) માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રોબેશન અધિકારી પાસેથી રિપોર્ટ મળ્યે અથવા બીજી રીતે, કોઈપણ સમયે, બાળગુના કોર્ટને એમ જણાય કે બાળકના સંબંધમાં પોતે મૂકેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયો છે, તો તે પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, બાળકને, અવેક્ષણ ગૃહ, પ્રમાણિત શાળા અથવા યોગ્ય વ્યકિતની સંસ્થામાં મોકલવાનો હુકમ કરી શકશે.

(૪) જેની સમક્ષ બાળકને લાવવામાં આવ્યું હોય તે બાળગુના કોર્ટની હકૂમત બહાર સામાન્ય રીતે જેનું રહેઠાણનું સ્થળ આવેલું હોય તે બાળકની બાબતમાં, કોર્ટ ને યોગ્ય તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે તેમ કરવું ઈષ્ટ છે, તો તે, બાળકને, જે કોઈ સગા અથવા વ્યકિત પોતાના સામાન્ય રહેઠાણના સ્થળે તેને સ્વીકારવા માટે યોગ્ય અને ખુશી હોય અને તેની યોગ્ય કાળજી લેતા હોય અને તેના ઉપર નિયંત્રણ રાખતા હોય તેની પાસે પાછું મોકલી શકશે.

INDEX

કાબૂ બહારનાં બાળકો.

૪૨. કોઈ બાળકના માતા કે પિતા અથવા વાલી બાળગુના કોર્ટને ફરિયાદ કરે કે તે બાળકની યોગ્ય કાળજી લઈ શકે તેમ નથી અને તેના ઉપર કાબૂ રાખી શકે તેમ નથી અને બાળગુના કોર્ટને તપાસ કર્યા પછી ખાતરી થાય કે તે બાળક અંગે આ અધિનિયમ હેઠળની કાર્યવાહી શરૂ કરવી જોઈએ, ત્યારે તે બાળકને અવેક્ષણ ગૃહમાં મોકલી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવી વધુ તપાસ કરી શકશે અને કલમો ૪૦ અને ૪૧ની જોગવાઈઓ, શકય હોય તેટલે સુધી, એવી કાર્યવાહીને લાગુ પડશે.

ભાગ-૬.

બાળ ગુનેગારો

બાળકોનાં જામીન અને સંભાળ.

૪૩. (૧) જે કોઈ વ્યકિત ઉપર જામીની અથવા બિન-જામીની ગુનાનું તહોમત હોય અને દેખીતી રીતે બાળક હોય તે વ્યકિતને ગિરફતાર કરવામાં આવી હોય અથવા અટકમાં રાખી હોય અથવા તે બાળગુના કોર્ટ સમક્ષ હાજર થાય અથવા તેને લાવવામાં આવી હોય, ત્યારે એવી વ્યકિતને, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, તારણ લઈને અથવા લીધા વિના, જામીન ઉપર છોડવી, પણ એવી રીતે છોડવાથી તે કોઈપણ નામીચા ગુનેગારોના સંપર્કમાં આવવાનો સંભવ છે અથવા નૈતિક જોખમમાં મૂકાવવાનો સંભવ છે અથવા તેને છોડવાથી ન્યાયનો હેતુ નિષ્ફળ જશે એમ માનવા માટે વાજબી કારણો જણાય, તો તેને તેવી રીતે છોડી શકાશે નહિ. સન ૧૯૭૪ નો ૨જો.

(૨) જેને ગિરફતાર કરવામાં આવી હોય તેવી વ્યકિતને, પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ પેટા—કલમ (૧) હેઠળ જામીન ઉપર છોડેલ ન હોય, ત્યારે આવા અધિકારી, તેને બાળગુના કોર્ટ સમક્ષ લાવવામાં આવે નહિ ત્યાંસુધી (પોલીસ સ્ટેશન અથવા જેલમાં નહિ, પણ) ઠરાવેલી રીતે અવેક્ષણ ગૃહમાં રખાવશે.

(૩) એવી વ્યકિતને, પેટા-કલમ (૧) હેઠળ જામીન ઉપર છોડવામાં આવી ન હોય, ત્યારે તેને જેલમાં મોકલવાને બદલે, બાળ ગુના કોર્ટ, તે બાળક સંબંધી તપાસ ચાલુ હોય તે દરમિયાન હુકમ કાઢીને, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત માટે અવેક્ષણ ગૃહમાં મોકલવાનો હુકમ કરશે.

માતા કે પિતા અથવા વાલી અથવા પ્રોબેશન અધિકારીને જાણ કરવા બાબત.

૪૪. કોઈ ગુના બદલ કોઈ બાળકને ગિરફતાર કરવામાં આવ્યું હોય, ત્યારે જ્યાં બાળકને લાવવામાં આવ્યું હોય તે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી, તે બાળકને ગિરફતાર કર્યા પછી, જેમ બને તેમ જલદી—

(ક) બાળકનાં માતા કે પિતા અથવા વાલી, જો જાણી શકાય, તો તેને આવી ગિરફતારીની જાણ કરવી જોઈશે અને જેની સમક્ષ બાળક હાજર થશે તે બાળગુના કોર્ટ સમક્ષ હાજર રહેવા તેને આદેશ કરવો જોઈશે, અને

(ખ) બાળકનો પૂર્વ-વૃતાંત અને કટુંબનો ઈતિહાસ અને બાળગુના કોર્ટને તપાસ કરવા માટે મદદરૂપ થઈ પડે તેવા અન્ય મહત્વના સંજોગો અંગે માહિતી મેળવી શકે તે માટે પ્રોબેશન અધિકારીને આવી ગિરફતારીની જાણ કરવી જોઈશે.

બાળગુનેગાર સંબંધી બાળગુના કોર્ટ દ્વારા તપાસ.

૪૫. જેના ઉપર કોઈ ગુનાનું તહોમત મૂકવામાં આવ્યું હોય તે બાળક બાળગુના કોર્ટ સમક્ષ હાજર થાય અથવા તેને રજૂ કરવામાં આવે, ત્યારે બાળગુના કોર્ટ, કલમ ૧૧૭ની જોગવાઈઓ અનુસાર તપાસ હાથ ધરશે અને આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બાળકના સંબંધમાં, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

INDEX

૪૬. (૧) બાળગુના કોર્ટને તપાસ ઉપરથી એમ ખાતરી થાય કે કોઈ બાળકે ગુનો કર્યો છે, ત્યારે તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, બાળગુના કોર્ટ, પોતાને તેમ કરવાનું યોગ્ય લાગે, તો— **બાળગુનેગારો સંબંધી કરી શકાય તેવા હુકમો.**

(ક) સલાહ અથવા ઠપકો આપીને બાળકને ઘેર જવા દઈ શકશે;

(ખ) ત્રણ વર્ષથી વધુ નહિ તેટલી મુદત માટે, સારા વર્તનના પ્રોબેશન ઉપર બાળકને છોડી મૂકવાનો અને કોઈ માતા કે પિતા, વાલી અથવા અન્ય યોગ્ય વ્યકિત તે બાળકની સારી વર્તણૂક અને હિત માટે, તે કોર્ટ જણાવે તેવું જામીનવાળું અથવા જામીનવગરનું બોન્ડ કરી આપે એટલે, એવા માતા કે પિતા અથવા વાલી અથવા અન્ય યોગ્ય વ્યકિતની સંભાળ હેઠળ તેને મૂકવાનો આદેશ કરી શકશે;

(ગ) બાળક એકવીસ વર્ષની ઉંમર પૂરી કરે ત્યાંસુધી, બાળકને પ્રમાણિત શાળામાં મોકલવાનો અથવા યોગ્ય વ્યકિતની સંભાળ હેઠળ મૂકવાનો આદેશ કરતો હુકમ કરી શકશે:

પરંતુ બાળગુના કોર્ટ, જો તેને એમ ખાતરી થાય કે ગુનાનો પ્રકાર અને કેસના સંજોગો લક્ષમાં લેતાં, તેમ કરવું ઈષ્ટ છે, તો કારણોની લેખિત નોંધ કરીને, પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી બાળકને શાળામાં કે સંભાળમાં રાખવાની મુદત ઘટાડી શકશે;

(ઘ) જો બાળક ચૌદ વર્ષ ઉપરનું હોય અને પૈસા કમાતું હોય, તો તેને દંડ ભરવાનો હુકમ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (ખ) અથવા (ઘ) હેઠળ હુકમ કરવામાં આવે, ત્યારે બાળગુના કોર્ટ, જો તેનો એવો અભિપ્રાય થાય કે બાળકના અને જાહેર હિતમાં તેમ કરવું ઈષ્ટ છે, તો વધારામાં એવો હુકમ કરી શકશે કે તે બાળકને તે હુકમમાં જણાવેલ પ્રોબેશન અધિકારીની દેખરેખ હેઠળ, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ત્રણ કરતાં વધુ નહિ તેટલા વર્ષની મુદત સુધી રાખવું અને આવા દેખરેખ અંગેના હુકમમાં બાળકની યોગ્ય દેખરેખ માટે પોતાને જરૂરી લાગે તેવી શરતો મૂકી શકશે:

પરંતુ ત્યારપછી કોઈપણ સમયે, પ્રોબેશન અધિકારી પાસેથી અથવા બીજી રીતે રિપોર્ટ મળ્યે, બાળગુના કોર્ટને એમ જણાય કે બાળક દેખરેખની મુદત દરમિયાન સારી વર્તણૂંકવાળું થયું નથી, તો પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, કોર્ટ બાળકને પ્રમાણિત શાળામાં મોકલવાનો હુકમ કરી શકશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ દેખરેખનો હુકમ કરતી બાળ-ગુના કોર્ટ, યથાપ્રસંગ, બાળક અને જેની સંભાળ હેઠળ બાળકને મૂકવામાં આવ્યું હોય તે માતા કે પિતાને, વાલી અથવા અન્ય યોગ્ય વ્યકિતને, હુકમની બોલીઓ અને શરતો સમજાવશે અને દેખરેખ હુકમની નકલ, યથાપ્રસંગ, બાળકને, માતા કે પિતાને, વાલીને અથવા અન્ય યોગ્ય વ્યકિતને, જામીનો કોઈ હોય, તો તેને અને પ્રોબેશન અધિકારીને આપશે.

(૪) આ અધિનિયમ હેઠળ જેની સંભાળમાં બાળકને મોકલવાનું અથવા સોંપવાનું હોય તે પ્રમાણિત શાળા અથવા કોઈ વ્યકિત, નક્કી કરતી વેળા, બાળ ગુના કોર્ટ, બાળક જે ધર્મ પાળે છે તેની વિરુધ્ધનું ધાર્મિક શિક્ષણ તેને અપાય નહિ તે જોવા માટે બાળકના ધાર્મિક સંપ્રદાય પ્રત્યે યોગ્ય લક્ષ આપવું જોઈશે.

૪૭. (૧) તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈ કાયદામાં વિરુધ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ બાળકને, દંડ ભરવામાં કસૂર થાય અથવા જામીનગીરી પૂરી પાડવામાં કસૂર થાય, તો મોતની અથવા કેદની સજા કરી શકાશે નહિ અથવા જેલમાં મોકલી શકાશે નહિ: **બાળકો વિરુદ્ધ કરી ન શકાય તેવા હુકમો.**

INDEX

પરંતુ ચૌદ વર્ષની ઉંમરનું થયું હોય તે બાળકે ગુનો કર્યો હોય અને બાળગુના કોર્ટને એમ ખાતરી થાય કે કરવામાં આવેલો ગુનો એટલો ગંભીર પ્રકારનો છે અથવા તેનું વર્તન અને રીતભાત એવાં છે કે કોઈ પ્રમાણિત શાળામાં તેને મોકલવો તે તેના હિતમાં અથવા એવી પ્રમાણિત શાળાનાં અન્ય બાળકોનાં હિતમાં નથી અને આ અધિનિયમ હેઠળ જોગવાઈ કરેલ અન્ય કોઈપણ ઉપાયો યોગ્ય અથવા પૂરતાં નથી, ત્યારે બાળગુના કોર્ટ, પોતાને યોગ્ય લાગે તે સ્થળે અને તે રીતે બાળકને સલામત કસ્ટડીમાં રાખવાનો હુકમ કરી શકશે અને રાજ્ય સરકારના હુકમો માટે કેસનો રિપોર્ટ કરશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ બાળગુના કોર્ટ તરફથી રિપોર્ટ મળે એટલે, રાજ્ય સરકાર, બાળકના સંબંધમાં પોતાને યોગ્ય લાગે તેવી વ્યવસ્થા કરી શકશે અને પોતાને યોગ્ય લાગે તેવા સ્થળે અને તેવી શરતોને એવા બાળકને અટકમાં રાખવાનો હુકમ કરી શકશે:

પરંતુ તેવી રીતે હુકમ કરવામાં આવેલ અટકાયતની મુદત, બાળકને જે ગુનો કરવામાં આવ્યો હોય તે માટે કેદની વધુમાં વધુ મુદતની સજા થઈ શકત તેના કરતાં વધવી જોઈએ નહિ.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમના પ્રકરણ ૮ હેઠળની કાર્યવાહી, બાળક વિરુદ્ધ યોગ્ય ગણાશે નહિ.

૪૮. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં વિરુધ્ધનો કોઈપણ મજકૂર હોય તે છતાં, સદરહુ અધિનિયમના પ્રકરણ ૮ હેઠળ, બાળક સામે કોઈ કાર્યવાહી કરી શકાશે નહિ અને કોઈ હુકમ કરી શકાશે નહિ. સન ૧૯૭૪ નો ૨જો.

ગુનાસાબિતીના ઠરાવ સાથે સંકાળાયેલ ગેરલાયકાતો દૂર કરવા બાબત.

૪૯. કોઈ બાળકે ગુનો કર્યો હોવાનું જણાય, ત્યારે તેવી રીતે જણાયું હોવાની હકીકતનો, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૭૫ હેઠળ અથવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૩૫૬ હેઠળ કોઈ અમલ થઈ શકશે નહિ અથવા કોઈ કાયદા હેઠળ કોઈ હોદ્દા અથવા રોજગાર અથવા ચૂંટણી માટેની ગેરલાયકાત તરીકે તેનો અમલ થશે નહિ. સન ૧૯૬૦ નો ૪૫મો.

સન ૧૯૭૪ નો ૨જો.

'ગુનાસાબિતી' અને 'સજા' એ શબ્દપ્રયોગો બાળકના સંબંધમાં નહિ વાપરવા બાબત.

૫૦. આ અધિનિયમમાં જોગવાઈ કરી હોય તે સિવાય, "ગુના સાબિતી" અને "સજા" એ શબ્દો, આ અધિનિયમ હેઠળ જેમની તજવીજ કરવામાં આવતી હોય તેવાં બાળકોનાં સંબંધમાં વપરાતા બંધ થશે અને કોઈ અધિનિયમમાં, દોષિત ઠરેલી વ્યકિત, ગુના સાબિતી અથવા સજા અંગે કરેલા કોઈ સંદર્ભનો અર્થ, બાળકની બાબતમાં, યથાપ્રસંગ, ગુના બદલ દોષિત જણાયેલ વ્યકિત, દોષિત સાબિત થયાનો નિર્ણય અથવા આવા નિર્ણય ઉપર કરેલ હુકમ કોઈ હોય, તો તેના સંદર્ભ સહિત છે એમ સમજવું.

બાળકનો કેસ અનિયત મુદત સુધી મુલતવી રાખવા બાબત.

૫૧. પૂર્વવર્તી જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, બાળગુના કોર્ટ, બાળકોના કેસ અનિયત મુદત સુધી મુલતવી રાખી શકશે અને બાળગુના કોર્ટ સમક્ષ વધારાનાં કારણો અંગેનું સાહિત્ય મૂકવામાં આવતાં, તે કોર્ટ, કાર્યવાહીના જે તબક્કે કેસ મુલતવી રાખવામાં આવ્યો હોય, ત્યારે બાકી રહ્યો હોય તે તબક્કે તે કેસ શરૂ કરી શકશે.

કોર્ટને, એક અથવા વધારે પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ સત્તા ભોગવવાની સત્તા આપી શકાશે.

૫૨. આ ભાગ હેઠળ બાળકના સંબંધમાં હુકમ કરતી વેળા, બાળગુના કોર્ટ, બાળકના હિતમાં તેમ કરવું આવશ્યક અને ઈષ્ટ હોય, તો તે જ સમયે એક અથવા વધારે પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ પોતાના સત્તા વાપરે તે કાયદેસર ગણાશે.

હકૂમતની બહાર બાળકને મોકલવા બાબત અને બાળકના નિવાસસ્થાને કોર્ટની સત્તા.

૫૩. જેની સમક્ષ બાળકને લાવવામાં આવ્યું હોય તે બાળગુના કોર્ટની હકુમતની બહાર જેનું સામાન્ય નિવાસસ્થાન આવેલું હોય તે બાળકની બાબતમાં, બાળગુના કોર્ટને, યોગ્ય તપાસ કર્યા પછી એમ ખાતરી થાય કે તેમ કરવું ઈષ્ટ છે, તો તે, જે કોઈ સગા અથવા અન્ય વ્યકિત યોગ્ય હોય અને તેના સામાન્ય નિવાસસ્થાને બાળકને સ્વીકારવા અને તેની યોગ્ય કાળજી લેવા અને તેના પર નિયંત્રણ રાખવા ખુશી હોય તેને ત્યાં, એવું નિવાસસ્થાન બાળગુના કોર્ટની હકૂમત બહાર આવેલું હોય તો પણ, બાળકને પાછું મોકલી શકશે. જે સ્થળે બાળકને મોકલવામાં આવ્યું હોય તે સ્થળ ઉપર હકૂમત ધરાવતી બાળગુના કોર્ટને, ત્યારપછી ઉપસ્થિત થતી કોઈપણ બાબતના સંબંધમાં, જાણે કે પોતે મૂળ હુકમ કર્યો હોય તેમ, બાળકના સંબંધમાં હોય છે તેવી જ સત્તા રહેશે.

ભાગ-૭

બાળકો સંબંધી ખાસ ગુના

બાળકો પ્રત્યે ક્રૂરતાથી વર્તવા બદલ શિક્ષા.

૫૪. (૧) જેના ખરેખરા હવાલામાં અથવા નિયંત્રણ હેઠળ કોઈ બાળક હોય તેવી કોઈ વ્યકિત, એવા બાળકને બિનજરૂરી માનસિક અથવા શારીરિક પીડા થવાનો સંભવ હોય એવી રીતે જાણીબૂઝીને તેના ઉપર હુમલો કરે, તેના તરફ ખરાબ વર્તાવ કરે, તેની ઉપેક્ષા કરે, તેનો ત્યાગ કરે, તેને એકલું બહાર મૂકે અથવા તેના ઉપર હુમલો થાય, તેના તરફ ખરાબ વર્તાવ થાય, તેની ઉપેક્ષા થાય અથવા તેનો ત્યાગ થાય, તેને એકલું બહાર મૂકવામાં આવે તેવું કરાવે અથવા એવું કરાવવા માટે તેને મેળવે અથવા તે બાળકને પૂરતો ખોરાક, કપડાં, અથવા તબીબી સહાય અથવા રહેવાની જગા પૂરી પાડવામાં બેદરકારી-પૂર્વક ચૂક કરે તે વ્યકિતને, દોષિત ઠર્યે, બે વર્ષથી વધુ નહિ તેટલી મુદતની, બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે:

પરંતુ પરિણીત બાળકની બાબતમાં, આ કલમ હેઠળ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરતી કોર્ટ, કારણોની લેખિત નોંધ કરીને તેની માંડવાળ માટે મંજૂરી આપી શકશે.

(૨) (ક) જે કોઈ વ્યકિત, બાળકને કામે રાખનાર હોઈને, બાળક પાસે તેના આરોગ્યને નુકસાન થાય તેટલા પ્રમાણમાં કામ કરાવે અથવા તે રીતે તેના તરફ ખરાબ વર્તાવ કરે તેને, છ મહિના સુધીની મુદતની, બેમાંથી ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

(ખ) આ પેટા-કલમ ના હેતુ માટે, આરોગ્યને નુકસાનમાં, જોવાને અથવા સાંભળવાને નુકસાન અથવા જોવાની અથવા સાંભળવાની શકિત ગુમાવવી તે અને શરીરના અવયવ અથવા અંગને નુકસાન અને કોઈપણ માનસિક અસ્થિરતાનો સમાવેશ થાય છે.

(૩) આરોગ્યને ખરેખર હાનિ અથવા નુકસાન થવાનું અન્ય વ્યકિતના કાર્યથી દૂર થયું હોય તો પણ, આ પેટા- કલમ હેઠળ એ વ્યકિતને દોષિત ઠરાવી શકાશે.

(૩) બાળકને યોગ્ય કારણસર વાજબી શિક્ષા કરવામાં આવે તે, આ કલમ હેઠળ ગુનો ગણાશે નહિ.

INDEX

ભીખ માંગવા માટે બાળકોને રોકવા બાબત.

૫૫. જે કોઈ વ્યકિત, કોઈ બાળકને ભીખ માગવાના હેતુઓ માટે રોકે અથવા કોઈ બાળક પાસે ભીખ મંગાવે અથવા બાળકની સંભાળ, હવાલો, અથવા કાળજી રાખતી હોય તેવી કોઈ વ્યકિત, બાળકને ભીખ માગવા માટે રોકવામાં આવે અથવા બાળક પાસે ભીખ મંગાવવામાં આવે તે તરફ આંખ આડા કાન કરે અથવા તેને ઉત્તેજન આપે અથવા જે કોઈ વ્યકિત, ભીખ માગવાના હેતુઓ માટે બાળકનો એક પ્રદર્શનીય વસ્તુ તરીકે ઉપયોગ કરે તેને, દોષિત ઠર્યે, એક વર્ષ સુધીની મુદતની, બેમાંથી ગમે તે પ્રકારની, કેદની અથવા ત્રણસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

બાળકનો હવાલો ધરાવતા હોય, ત્યારે પીધેલી હાલતમાં હોવા બદલ શિક્ષા.

૫૬. જે કોઈ વ્યકિત, બાળક તેના હવાલામાં હોય તે વેળા કોઈ સાર્વજનિક રસ્તા અથવા મકાન હોય કે ન હોય તેવા અન્ય જાહેર સ્થળમાં પીધેલી હાલતમાં મળી આવે અને પીધેલી હાલતમાં હોવાને કારણે બાળકની યોગ્ય સંભાળ લઈ શકે એમ ન હોય, ત્યારે એવી વ્યકિતને, દોષિત ઠર્યે, બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

બાળકને કેફી દારૂ અથવા હાનિકારક ઔષધ આપવા બદલ શિક્ષા.

૫૭. જે કોઈ વ્યકિત, કોઈ બાળકને યોગ્ય લાયકાતવાળા તબીબી વ્યવસાયીએ માંદગીની બાબતમાં અથવા અન્ય અગત્યના કારણસર કહયું હોય તે સિવાય, કોઈ જાહેર રસ્તા અથવા મકાન હોય કે ન હોય તેવા અન્ય જાહેર સ્થળમાં કોઈ કેફી દારૂ અથવા હાનિકારક ઔષધ આપે અથવા અપાવે તેને, દોષિત ઠર્યે, બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

દારૂ અથવા હાનિકારક ઔષધ વેચાતા હોય તે સ્થળોમાં દાખલ થવાની બાળકને પરવાનગી આપવા બદલ શિક્ષા

૫૮. જે કોઈ વ્યકિત, જ્યાં કેફી દારૂ અથવા હાનિકારક ઔષધ વેચવામાં આવતાં હોય તે કોઈ સ્થળે કોઈ બાળકને લઈ જાય અથવા જે કોઈ વ્યકિત, એવા સ્થળના સ્વામી, માલિક અથવા તેનો હવાલો ધરાવની વ્યકિત હોઈને આવા સ્થળે દાખલ થવાની બાળકને પરવાનગી આપે અથવા જે કોઈ વ્યકિત, એવા સ્થળે બાળકને મોકલાવે અથવા મોકલવા માટે મેળવે તેને, દોષિત ઠર્યે, બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

કોઈ બાળકને હોડ બોલાવવા અથવા નાણાં કરજે લેવાં માટે પ્રેરવા બાબત.

૫૯. જે કોઈ વ્યકિત, મૌખિક અથવા લેખિત શબ્દોથી અથવા નિશાનીઓથી અથવા બીજી રીતે કોઈ બાળકને કોઈ શરત અથવા હોડ બોલવા અથવા કોઈ શરત અથવા હોડ બોલવાનો વ્યવહાર કરવાને અથવા તેમાં કંઈપણ હિસ્સો અથવા હિત રાખવાને પ્રેરે અથવા પ્રેરવાની કોશિશ કરે અથવા કોઈ બાળકને નાણાં કરજે લેવા અથવા જેમાં નાણાં કરજે લેવાની બાબતનો સમાવેશ થતો હોય તેવો કોઈ વ્યવહાર કરવાને એવી રીતે પ્રેરે અથવા પ્રેરવાની કોશિશ કરે તેને, દોષિત ઠર્યે, એક મહિના સુધીની, બેમાંથી ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

બાળક પાસેથી ચીજો આડગીરે અથવા ધરણે લેવા બાબત.

૬૦. જે કોઈ વ્યકિત, કોઈ બાળક પાસેથી કોઈ ચીજ, પછી તે ચીજ તેણે પોતાના વતી અથવા કોઈ વ્યકિતના વતી આપવા દરખાસ્ત કરી હોય તો પણ, તે ચીજ ધરણે રાખે તેને, દોષિત ઠર્યે, એક વર્ષની મુદત સુધીની, બેમાંથી ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બન્નેની શિક્ષા થશે.

કોઈ બાળકને વેશ્યાગૃહમાં રહેવા દેવા અથવા તેમ કરવાની પરવાનગી આપવા બાબત.

૬૧. જે કોઈ વ્યકિત, ચાર વર્ષથી વધુ ઉંમરના બાળકને, કોઈ વેશ્યાગૃહમાં રહેવા દે અથવા તેમ કરવાની પરવાનગી આપે અથવા વારંવાર જવા દે તેને, દોષિત ઠર્યે, બે વર્ષની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

ફોસલાવવા અથવા તેમ કરવા ઉત્તેજન આપવા વગેરે બાબત.

૬૨. (૧) જેના ખરેખરા હવાલામાં અથવા નિયંત્રણ હેઠળ સોળ વર્ષથી ઓછી ઉંમરની કોઈ છોકરી હોય એવી જે કોઈ વ્યકિત, એવી છોકરીને ફોસલાવે, (જેમાં અનૈતિક વર્તણૂક ચલાવવા માટે લલચાવવાનો સમાવેશ થશે) અથવા વેશ્યાવૃત્તિ કરાવે અથવા તેને ફોસલાવવામાં અથવા વેશ્યાવૃત્તિ કરવામાં ઉત્તેજન આપે અથવા તેના પતિ સિવાય અન્ય કોઈ વ્યકિતને તેની સાથે સંભોગ કરાવે અથવા તેમ કરવામાં ઉત્તેજન આપે તેને, દોષિત ઠર્યે, બે વર્ષની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બન્નેની શિક્ષા થશે.

(૨) આ કલમના હેતુ માટે, જે કોઈ વ્યકિત, જાણીબૂઝીને કોઈ છોકરીને કોઈ વેશ્યાની અથવા અનૈતિક ચારિત્ર માટે જાણીતી કોઈ વ્યકિતની સોબત કરવા દે અથવા તેની નોકરીમાં દાખલ થવા દે અથવા તેમાં ચાલુ રહેવા દે, તો તે વ્યકિતએ તે છોકરીને ફોસલાવી છે અથવા ફોસલાવવામાં ઉત્તેજન આપ્યું છે અથવા અનૈતિક રીતે વર્તવા તેને લલચાવી છે એમ ગણાશે.

ફોસલાવવા અથવા લાજ લેવા બાબત.

૬૩. જે કોઈ વ્યકિત, સોળ વર્ષથી ઓછી ઉંમરની કોઈ છોકરીને ફોસલાવે અથવા તેની સાથે અનૈતિક વર્તણૂક ચલાવે તેને, દોષિત ઠર્યે, બે વર્ષની મુદત સુધીની, બેમાંનાં ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બન્નેની શિક્ષા થશે.

ફોસલાવવા વગેરેના ભયમાં મૂકાયેલી તરૂણ છોકરીઓ.

૬૪. કોઈ વ્યકિતની ફરિયાદ ઉપરથી કોર્ટને એમ જણાય કે સોળ વર્ષથી ઓછી ઉંમરની કોઈ છોકરી, તેના માતા કે પિતા અથવા વાલીની જાણથી અથવા જાણ બહાર ફોસલાવવાના અથવા વેશ્યાવૃત્તિ કરવાના ભયમાં મૂકાયેલી છે, તો કોર્ટ, આવી છોકરીના સંબંધમાં યોગ્ય કાળજી અને દેખરેખ રાખવાને માતા કે પિતા અથવા વાલીને મુચરકો આપવાનો આદેશ કરી શકશે.

બાળનોકરોનું શોષણ.

૬૫. (૧) જે કોઈ વ્યકિત, બાળકને દેખાવ ખાતર, ઘરકામના હેતુ માટે અથવા ડક્કા ઉપર, કારખાનામાં અથવા અન્ય સંસ્થામાં મજૂરી માટે રાખે, પણ વસ્તુતઃ બાળકનું પોતાના હેતુઓ માટે શોષણ કરે અથવા તેની આવક રોકે અથવા તેની કમાઈ ઉપર નિર્વાહ કરે તેને, દોષિત ઠર્યે, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

(૨) જે કોઈ વ્યકિત, કોઈ બાળકને દેખાવ ખાતર, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા હેતુઓ પૈકી કોઈ હેતુ માટે રાખે, પણ એવા બાળકને ફોસલાવવાના, તેની સાથે સૃષ્ટિક્રમ વિરૂધ્ધ કર્મ કરવાના, વેશ્યાવૃત્તિ કરવાના અથવા અન્ય અનૈતિક પરિસ્થિતિમાં પડવાના ભયમાં મૂકે તેને, દોષિત ઠર્યે, બે વર્ષની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

(૩) જે કોઈ વ્યકિત, પેટા-કલમ (૧) અથવા (૨)-માં ઉલ્લેખેલી રીતે શોષણ થયેલા કોઈ બાળકની મજૂરીનો લાભ લે અથવા જેના અનૈતિક સંતોષ માટે એવા બાળકનો ઉપયોગ થતો હોય તે વ્યકિત મદદગાર તરીકે જવાબદાર ગણાશે.

INDEX

બાળક અથવા તરૂણ ગુનેગારને નાસી જવામાં મદદગારી કરવા બદલ શિક્ષા.

૬૬. જે કોઈ વ્યકિત—

(ક) કોઈ પ્રમાણિત શાળામાં અટકમાં રાખેલા અથવા એવી શાળામાંથી કલમ ૮૨ હેઠળ લાઈસન્સ આપીને બહાર મૂકેલા કોઈ બાળકને, યથાપ્રસંગ, તે શાળામાંથી અથવા આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ જે વ્યકિત પાસે લાઈસન્સથી તેને મૂકવામાં આવ્યું હોય તે વ્યકિત પાસેથી અથવા જેની કાળજી હેઠળ તેને સોંપવામાં આવ્યું હોય તે વ્યકિત પાસેથી કોઈ બાળકને નાસી જવામાં જાણીબુજીને, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સહાય કરે અથવા લલચાવે, અથવા

(ખ) એવી રીતે નાસી ગયેલા બાળકને જાણીબુજીને આકાય આપે, છૂપાવી રાખે, તેના તરફ આંખ આડા કાન કરે અથવા પ્રમાણિત શાળામાં અથવા આ અધિનિયમ હેઠળ લાઈસન્સથી જે વ્યકિત પાસે તેને મૂકવામાં આવ્યું હોય અથવા જેની કાળજી હેઠળ તેને સોંપવામાં આવ્યું હોય તે વ્યકિતને ત્યાં પાછું જતાં અટકાવે અથવા તેમ કરવામાં જાણીબુઝીને સહાય કરે અથવા આંખ આડા કાન કરે,

તેને, દોષિત ઠર્યે, ત્રણ મહિનાની મુદત સુધીની, બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બન્નેની શિક્ષા થશે.

કલમ ૩૩નું ઉલ્લંઘન કરીને ઔચ્છિક ગૃહનો ઉપયોગ કરવા બદલ શિક્ષા.

૬૭. જે કોઈ વ્યકિત, કલમ ૩૩ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કોઈ ઔચ્છિક ગૃહનો ઉપયોગ કરે અથવા જાણીબુજીને તેનો ઉપયોગ કરવાની છૂટ આપે તેને, દોષિત ઠર્યે, પાંચસો રૂપિયા સુધીના દંડની અને દોષિત ઠર્યા પછી જે દરેક દિવસ દરમિયાન તે સંસ્થાનો આવી રીતે ઉપયોગ કરવામાં આવ્યો હોય અથવા ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવી હોય તે દરેક દિવસના સંબંધમાં પચાસ રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા વધારે દંડની શિક્ષા થશે.

બાળકોને લગતા રિપોર્ટ અથવા ચિત્રો પ્રસિદ્ધ કરવા બદલ શિક્ષા.

૬૮. જે કોઈ વ્યકિત, કલમ ૨૦ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કોઈ રિપોર્ટ અથવા ચિત્ર પ્રસિદ્ધ કરે તેને, દોષિત ઠર્યે, બે મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદતની, બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

આ ભાગ હેઠળના ગુના પોલીસ અધિકારના જાણવા બાબત.

૬૯. આ ભાગ હેઠળના તમામ ગુના, પોલીસ અધિકારના ગણાશે.

ભાગ-૮

ભોગ બનેલાં બાળકોને અટકાયતમાં રાખવાં, વગેરે માટેનાં પગલાં

બાળકોને સુરક્ષિત સ્થળે અટકાયતમાં રાખવા બાબત.

૭૦. (૧) સબ-ઈન્સ્પેકટરના દરજ્જા કરતાં ઊતરતા ન હોય તેવા કોઈ પોલીસ અધિકારી અથવા રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર આ અર્થે અધિકૃત કરેલ પોલીસ અધિકારી અથવા વ્યકિત, જે કોઈ બાળકના સંબંધમાં ગુનો કરવામાં આવ્યો હોય અથવા ગુનો કરવામાં આવ્યો છે અથવા ગુનો કરવામાં આવે તેવો સંભવ છે એમ માનવાને કારણ હોય તે બાળકને સુરક્ષિત સ્થળે લઈ જઈ શકશે.

(૨) એવી રીતે સુરક્ષિત સ્થળે લઈ જવામાં આવેલા બાળકને અને સુરક્ષિત સ્થળે આકાય લેવા માગતા હોય તેવા કોઈ બાળકને પણ, બાળગુના કોર્ટ સમક્ષ તેને લાવવામાં ન આવે ત્યાંસુધી અટકાયતમાં રાખી શકાશે:

પરંતુ અટકાયતમાં રાખવાના સ્થળથી બાળગુના કોર્ટ સુધી મુસાફરી માટેનો જરૂરી સમય બાદ કરતાં, આવી અટકાયતની મુદત, બાળગુના કોર્ટનો ખાસ હુકમ ન હોય, તો ચોવીસ કલાક કરતાં વધુ હોવી જોઈશે નહિ.

INDEX

(૩) તેમ થયે, બાળગુના કોર્ટ, આમાં હવે પછી જોગવાઈ કર્યા પ્રમાણેનો હુકમ કરી શકશે.

બાળકની સંભાળ માટે અને અટકાયત માટે બાળગુના કોર્ટની સત્તા.

૭૧. (૧) બાળગુના કોર્ટને એમ જણાય કે પોતાની સમક્ષ લાવવામાં આવેલા કોઈ બાળકના સંબંધમાં, કલમ ૭૦ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો ગુનો કરવામાં આવ્યો છે અથવા કરવામાં આવે એવો સંભવ છે અને આ અધિનિયમ હેઠળ તે અંગે પગલાં લેવાં એ બાળકના હિતમાં ઈષ્ટ છે, ત્યારે બાળગુના કોર્ટ, બાળકના સંબંધમાં ગુનો કર્યો હોય તે વ્યકિત સામે કાર્યવાહી કરવા માટે અથવા જરૂરી બીજાં કાયદેસર પગલાં લેવાના હેતુઓ માટેનો વાજબી સમય વીતે નહિ ત્યાંસુધી, તે બાળકની કાળજી રાખવા અને તેને અટકાયતમાં રાખવા માટે, સંજોગોની આવશ્યકતા પ્રમાણે, હુકમ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો અટકાયતનો હુકમ, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલા ગુના માટે કોઈ વ્યકિત સામે કરેલી કાર્યવાહી, દોષિત ઠરાવવામાં, છોડી મૂકવામાં અથવા નિર્દોષ ઠરાવીને છોડી મૂકવામાં પરિણમે નહિ તેટલા સમય સુધી અમલમાં રહેશે :

પરંતુ કાર્યવાહીને પરિણામે તે વ્યકિતને દોષિત ઠરાવવામાં આવે, તો અટકાયતનો હુકમ એક મહિનાની વધુ મુદત માટે અમલમાં રહેશે.

(૩) બાળકની સંભાળ લેવા માટે કોઈ વ્યકિત દાવો કરતી હોય તે છતાં, આ કલમ હેઠળ કરેલા હુકમનો અમલ કરવામાં આવશે.

ભોગ બનેલાં બાળકોને પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની બાળગુના કોર્ટ સમક્ષ મોકલવા બાબત.

૭૨. કોઈ બાળકના સંબંધમાં ગુનો કર્યા બદલ જે કોઈ કોર્ટે કોઈ વ્યકિતને દોષિત ઠરાવી હોય અથવા જેની સમક્ષ કોઈ વ્યકિતને આવા કોઈ ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે લાવવામાં આવી હોય અથવા જેણે કોઈ વ્યકિત પાસેથી બાળક પ્રત્યે શાંત રીતે વર્તવા માટે જામીન લીધેા હોય તે કોર્ટે, જે બાળકની સામે ગુનો કરવામાં આવ્યો હોય અથવા કહેવાતા ગુના સંબંધી જેની સામે ઈન્સાફી કાર્યવાહી ચાલુ હોય અથવા જેના પ્રત્યે શાંત રીતે વર્તવા માટે સંબંધિત પુખ્ત વયની વ્યકિત પાસેથી જામીન લેવામાં આવેલ હોય તે બાળકને, બાળગુના કોર્ટ સમક્ષ રજૂ કરવાનો આદેશ કરી શકશે, જેથી બાળગુના કોર્ટ, યોગ્ય હોય તેવો વચગાળાનો અને આખરી હુકમ કરી શકે :

પરંતુ જ્યાં કોઈ બાળગુના કોર્ટ સ્થાપવામાં આવી ન હોય તે વિસ્તારમાં, જો કોર્ટ કલમ ૭ હેઠળ બાળગુના કોર્ટની સત્તા વાપરવાને સક્ષમ ન હોય, તો તેણે, બાળગુના કોર્ટની સત્તા વાપરવાને સક્ષમ હોય તેવા પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટની કોર્ટને કાર્યવાહી સાદર કરવી જોઈશે અને તેની સમક્ષ બાળકને મોકલી આપવું જોઈશે.

ભોગ બનેલાં બાળકોને સોંપવાનો હુકમ.

૭૩. જેની સમક્ષ કલમ ૭૨ અનુસાર, બાળકને રજૂ કરવામાં આવે તે કોર્ટ, નીચે પ્રમાણેનો હુકમ કરી શકશે :—

(ક) બાળકને, કોઈ પ્રમાણિત શાળાને, તે એકવીસ વર્ષની ઉંમરનું ન થાય ત્યાંસુધી અથવા અપવાદરૂપ સંજોગોમાં, તે કરતાં ઓછી મુદત સુધી સોંપવું અને એવી ઓછી મુદત માટે લેખિત કારણો નોંધવાં; અથવા

(ખ) બાળકને, યોગ્ય કાળજી, નિયંત્રણ અને રક્ષણ હેઠળ રાખવાને અને બાળકના હિતમાં કોર્ટ મૂકે તેવી અન્ય શરતો, જેમાં જરૂરી હોય ત્યાં ત્રણ વર્ષથી વધુ નહિ એવી કોઈ મુદત માટે દેખરેખ રાખવાની શરતનો સમાવેશ થાય છે તેનું પાલન કરવા ખુશી અને સમર્થ હોય એવા સગા અથવા યોગ્ય વ્યકિતની સંભાળ હેઠળ કોર્ટ ફરમાવે તે પ્રમાણે જામીનવાળા અથવા જામીન વગરના બોન્ડ પર સોંપવું :

પરંતુ બાળકને યોગ્ય કાળજી, નિયંત્રણ અને રક્ષણ હેઠળ રાખવાને, કોર્ટના અભિપ્રાય પ્રમાણે યોગ્ય અને સમર્થ માતા કે પિતા અથવા વાલી હોય, તો કોર્ટ, બાળકને તેની સંભાળમાં રાખવા દઈ શકશે અથવા ઠરાવેલા નમૂના પ્રમાણેના જામીનવાળા અથવા જામીન વગરના અને બાળકના હિતમાં કોર્ટ મૂકે તેવી શરતોનું પાલન કરવા માટેના બોન્ડ ઉપર બાળકને તેની કાળજી હેઠળ સોંપી શકશે:

INDEX

ગુમ થયેલાં બાળકોની બાબત.

૭૪. પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ બાળકને તેના માતા કે પિતા, વાલી અથવા અન્ય યોગ્ય વ્યકિતની કાળજી હેઠળ સોંપવાનો હુકમ કરતી કોર્ટ, વધુમાં, બાળકને દેખરેખ હેઠળ મૂકવું એવો હુકમ કરી શકશે.

દેખરેખના હુકમનો ભંગ કરવા બાબત.

૭૫. પ્રોબેશન અધિકારી તરફથી અથવા અન્યથા રિપોર્ટ મળ્યે, બાળ ગુના કોર્ટને એમ જણાય કે જેના સંબંધમાં દેખરેખનો હુકમ કરવામાં આવ્યો હોય તે બાળક અંગેના દેખરેખના હુકમનો ભંગ થયો છે, તો તે, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, બાળકને કોઈ પ્રમાણિત શાળામાં અથવા કોઈ યોગ્ય વ્યકિતની કાળજી હેઠળ અટકાયતમાં રાખવાનો હુકમ કરી શકશે.

ભોગ બનેલા બાળકને વતન પાછું મોકલવા બાબત.

૭૬. (૧) જે કોર્ટ સમક્ષ જેને હાજર કરવામાં આવ્યું હોય તે કોર્ટની હકૂમતની બહાર જેનું સામાન્ય રહેવાનું સ્થળ આવેલું હોય તેવા બાળકની બાબતમાં, યોગ્ય તપાસ કર્યા પછી, બાળ ગુના કોર્ટને એવી ખાતરી થાય કે બાળકની રુએ રીતે તજવીજ કરવી ઈષ્ટ છે, તો કોર્ટ, બાળકને તેના પોતાના બોન્ડ ઉપર, તેના વતનમાં, તેને સ્વીકારવા માટે અને તેને યોગ્ય કાળજી અને નિયંત્રણ હેઠળ રાખવા માટે, યોગ્ય અને ખુશી હોય તેવા સગા અથવા યોગ્ય વ્યકિતને ત્યાં તે બાળકને, તેનું રહેવાનું સ્થળ રાજ્ય બહાર ગયે તે સ્થળે આવેલું હોય તે છતાં, મોકલવાનો હુકમ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરી આપેલા બોન્ડનો ભંગ કરીને, બાળક, જો ફરીથી રાજ્યમાં હોવાનું માલુમ પડે, તો પ્રમાણિત શાળાને અથવા યોગ્ય વ્યકિતની સંભાળ હેઠળ સોંપાવાને પાત્ર થશે.

કલમો ૭૩થી ૭૬ હેઠળના હુકમો માટેના કારણો નોંધવા બાબત.

૭૭. કલમો ૭૩ થી ૭૬ હેઠળ કરેલા કોઈ હુકમ માટેનાં કારણો લેખિતમાં નોંધવાં જોઈશે અને કોર્ટ, એવો કોઈ હુકમ, બાળકની ગેરહાજરીમાં કરી શકશે.

કહેવાતા ભોગ બનાવવાના ગુના બદલ દોષિત ઠરાવવાનો હુકમ રદ કરવામાં આવે તો પણ, કલમો ૭૩થી ૭૬ હેઠળનો હુકમ અમલમાં રહેશે.

૭૮. કલમ ૭૩ થી ૭૬ હેઠળ હુકમ કરવામાં આવે અને ગુનાની સાબિતીનો હુકમ અથવા શાંત રીતે વર્તવા માટે કોઈ વ્યકિતને બાંયી લેવાનો હુકમ રદ કરવામાં આવે અથવા વ્યકિતને દોષમુકત ઠરાવવામાં આવે, ત્યારે સદરહુ કલમો હેઠળ કરેલો હુકમ અમલમાં રહેશે, પણ એ રીતે દોષમુકત ઠરાવવામાં આવેલી અથવા શાંત રીતે વર્તવા માટેના પોતાના જામીનખતમાંથી છૂટી કરવામાં આવેલી વ્યકિતને, બદલાયેલા સંજોગોના પરિણામે, સદરહુ હુકમને ફરીથી વિચારણામાં લેવા માટે અરજી કરવાની છૂટ રહેશે.

બાળક માટે ઝડતીનું વોરંટ.

૭૯. (૧) બાળગુના કોર્ટને, તેના અભિપ્રાય પ્રમાણે, બાળકના હિતમાં કામ કરતી કોઈ વ્યકિતએ સોગંદ અથવા પ્રતિજ્ઞા ઉપર આપેલી માહિતી ઉપરથી એમ જણાય કે બાળકના સંબંધમાં ગુનો કરવામાં આવ્યો છે અથવા કરવામાં આવી રહ્યો છે અથવા તાત્કાલિક પગલાં લેવામાં ન આવે, તો ગુનો કરવામાં આવશે એવો શક લાવવાને વાજબી કારણ છે, તો બાળગુના કોર્ટ, વોરંટમાં જણાવેલા કોઈપણ પોલીસ અધિકારીને એવા બાળક માટે ઝડતી લેવાનો અને જો એમ જણાય કે ઉપર જણાવેલી રીતે જાણીજોઈને તેના તરફ ખરાબ વર્તન કરવામાં આવ્યું છે અથવા આવી રહ્યું છે અથવા તેની ઉપેક્ષા કરવામાં આવી છે અથવા આવી રહી છે અથવા તે બાળકના સંબંધમાં કોઈ ગુનો કરવામાં આવ્યો છે અથવા આવી રહ્યો છે, તો તેને કોર્ટ સમક્ષ લાવવામાં ન આવે ત્યાંસુધી, સુરક્ષિત સ્થળે લઈ જવાનો અને અટકાયતમાં રાખવાનો અધિકાર આપતું વોરન્ટ કાઢી શકશે અને જેની સમક્ષ બાળકને લાવવામાં આવે તે બાળગુના કોર્ટ, પ્રથમતઃ તેને ઠરાવેલી રીતે કોઈ સુરક્ષિત સ્થળે પાછું મોકલી શકશે.

INDEX

(૨) આ કલમ હેઠળ વૉરન્ટ કાઢનાર બાળગુના કોર્ટ, પોતાના વિવેક અનુસાર, તે જ વૉરંટથી એવો આદેશ કરી શકશે કે બાળકના સંબંધમાં કોઈ ગુના માટે, જેના ઉપર તહોમત મૂકવામાં આવ્યું હોય તે કોઈ વ્યકિતને પકડવી અને પોતાની સમક્ષ લાવવી અથવા એવો આદેશ કરી શકશે કે બાળગુના કોર્ટ અન્યથા આદેશ કરે નહિ ત્યાંસુધી, જો આવી વ્યકિત, નિર્દિષ્ટ કરેલા સમયે અને ત્યાર-પછી, બાળગુના કોર્ટ સમક્ષ હાજર રહેવા માટે, પૂરતા જામીનવાળું બૉન્ડ કરી આપે, તો જે અધિકારીને તે વૉરંટથી આદેશ આપવામાં આવ્યો હોય તે અધિકારીએ તેવી જામીનગીરી લેવી અને એવી વ્યકિતને કસ્ટડીમાંથી છોડી મૂકવી.

(૩) વૉરંટ બજાવનાર પોલિસ અધિકારીની સાથે, માહિતી આપનાર વ્યકિતની મરજી હોય, તો તેણે જવું અને જેણે વૉરંટ કાઢયું હોય તે બાળગુના કોર્ટ એવો આદેશ કરે, તો તેની સાથે યોગ્ય લાયકાતવાળા તબીબી વ્યવસાયી પણ જઈ શકશે.

(૪) બાળકનું નામ, જાણમાં હોય, તો આ કલમ હેઠળની કોઈ માહિતી અથવા વૉરંટમાં તે આપવું જોઈશે.

પોલીસ અથવા ગિરફ્તાર કરનાર કોઈ વ્યકિતએ પ્રોબેશન અધિકારીને જાણ કરવા બાબત.

૮૦.(૧) બાળકને ગિરફ્તાર કર્યા પછી તરત જ પોલીસ અધિકારીની ફરજ રહેશે કે તેણે કલમ ૪૪માં જણાવેલા હેતુ માટે અવેક્ષણ ગૃહના પ્રોબેશન અધિકારી અથવા ઈનચાર્જ અધિકારીને જાણ કરવી.

(૨) કલમ ૪૪માં ઠરાવેલા હોય તેવા હેતુ માટે પ્રોબેશન અધિકારીને જાણ કરવાની, આવી રીતે ગિરફ્તાર કરનાર અન્ય કોઈ વ્યકિતની ફરજ રહેશે.

(૩) આવી તપાસના હેતુ માટે બાળગુના કોર્ટ, બાળકને, તેની ગેરહાજરીમાં પણ એકી સાથે ચૌદ દિવસથી વધારે ન હોય તેટલી મુદત માટે જરૂરી માહિતી મેળવવામાં ન આવે ત્યાંસુધી, વખતોવખત પાછું મોકલી શકશે.

(૪) આવી રીતે ગિરફ્તાર કરનાર પોલીસ અધિકારી અથવા અન્ય કોઈ વ્યકિતએ, જો બાળકના માતા કે પિતા મળી આવે, તો તેને, આવી ગિરફ્તારીની જાણ કરવી અને બાળકને જ્યાં હાજર કર-વાનું હોય તેવી બાળગુના કોર્ટ સમક્ષ તેને હાજર રહેવા આદેશ કરવો.

ભાગ-૯

સોંપેલાં બાળકોના નિર્વાહ અને તેમના પ્રત્યેનું વર્તન

માતા કે પિતાએ ફાળો આપવા બાબત.

૮૧. (૧) કોઈ બાળકને પ્રમાણિત શાળામાં મોકલવા માટે અથવા એવા કોઈ બાળકને, કોઈ સગા અથવા અન્ય યોગ્ય વ્યકિતની સંભાળ હેઠળ મૂકવા માટે હુકમ કરનાર બાળગુના કોર્ટ, તે બાળકના નિર્વાહ માટે જવાબદાર માતા કે પિતા અથવા અન્ય વ્યકિતને, તેઓ તેમ કરી શકે તેમ હોય, તો તેના નિર્વાહ માટે, ઠરાવેલી રીતે ફાળો આપવાનો હુકમ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કોઈ હુકમ કરતાં પહેલાં, બાળગુના કોર્ટે, બાળકના નિર્વાહ માટે જવાબ-દાર માતા કે પિતા અથવા અન્ય વ્યકિતના સંજોગોની તપાસ કરવી જોઈશે અને, યથાપ્રસંગ, માતા કે પિતા અથવા તેવી અન્ય વ્યકિતની હાજરીમાં, પુરાવો હોય, તો તે નોંધવો જોઈશે.

(૩) જવાબદાર પક્ષકારે કરેલી અરજી ઉપરથી અથવા અન્યથા, બાળગુના કોર્ટ, આ કલમ હેઠળ કરાયેલા કોઈ હુકમમાં ફેરફાર કરી શકશે.

(૪) પેટા-કલમ (૧) ના હેતુ માટે, બાળકના નિર્વાહ માટે જવાબદાર વ્યકિતમાં, અનૌરસ બાળકની બાબતમાં, તેના મનાતા પિતાનો સમાવેશ થાય છે.

INDEX

પરંતુ બાળક અનૌરસ હોય અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ ૧૨૫ હેઠળ તેના નિર્વાહ માટે હુકમ કરવામાં આવ્યો હોય, તો બાળગુના કોર્ટે, મનાતા પિતા સામે ફાળો આપવા માટેનો કોઈ હુકમ સામાન્યત: રીતે કરવો નહિ, પણ નિર્વાહ માટે સદરહુ હુકમ હેઠળ લેણી થતી સમગ્ર રકમ અથવા તેનો કોઈ ભાગ, તેમાં જેનાં નામ હોય તે વ્યકિત અથવા વ્યકિતઓને, બાળકના નિર્વાહ પેટે, યથાપ્રસંગ, તેણે અથવા તેઓએ આપવાનો હુકમ કરી શકશે. સન ૧૯–૭૪નો ૨જો.

(૫) આ કલમ હેઠળના કોઈપણ હુકમનો અમલ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૨૫ હેઠળના હુકમનો જે રીતે અમલ થાય છે તે જ રીતે કરી શકાશે. સન ૧૯–૭૪નો ૨જો.

લાઈસન્સ ઉપર બહાર મૂકવા બાબત.

૮૨. (૧) ઠરાવેલી શરતોને અધીન રહીને, મુખ્ય ઈન્સ્પેકટર, પ્રમાણિત શાળામાં બાળકને અટકાયતમાં રાખ્યાની અથવા યોગ્ય વ્યકિત અથવા સંસ્થાની સંભાળમાં બાળકને મૂકયાની શરૂઆત પછી ગુજરાત રાજ્ય પ્રોબેશન અને આફટર કેર એસોસિએશન મારફત અથવા બીજી રીતે કરેલી સ્થાનિક તપાસથી જેને પુષ્ટિ મળી હોય તેવી પ્રમાણિત શાળાનાં અધિક્ષકો અથવા સંચાલકોની ભલામણ ઉપરથી અથવા માતા કે પિતા, અન્ય સગા અથવા વાલીની અરજી ઉપરથી, કોઈપણ સમયે આવા બાળકને શાળા અથવા સંસ્થામાંથી છોડી મૂકી શકશે અને બાળકને કોઈ ઉપયોગી હુન્નર અથવા વ્યવસાયનું શિક્ષણ અને તાલીમ આપવા માટે તેને સ્વીકારવાને અને હવાલો લેવાને ખુશી હોય અને મુખ્ય ઈન્સ્પેકટરે મંજૂર કરેલ હોય અને જેનું નામ લાઈસન્સમાં હોય તે જવાબદાર વ્યકિત અથવા સોસાયટી સાથે અથવા તેની દેખરેખ અથવા અધિકાર હેઠળ રહેવાની તેને પરવાનગી આપતું ઠરાવેલા નમૂનામાં અને ઠરાવેલી શરતે તેને લેખિત લાઈસન્સ આપી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ આપેલું કોઈ લાઈસન્સ, તે લાઈસન્સમાં નિર્દિષ્ટ મુદત હોય, તો ત્યાંસુધી અથવા જે શરતોએ તે આપવામાં આવ્યું હોય તે પૈકી કોઈપણ શરતનો ભંગ થવાથી રદ કરવામાં અથવા જપ્ત કરવામાં ન આવે ત્યાંસુધી, અમલમાં રહેશે.

(૩) મુખ્ય ઈન્સ્પેકટર, કોઈપણ સમયે, લેખિત હુકમ કરીને, કોઈપણ સમયે એવું લાઈસન્સ રદ કરી શકશે અને બાળકને, યથાપ્રસંગ, જ્યાંથી છોડી મૂકવામાં આવ્યું હોય તે પ્રમાણિત શાળા અથવા યોગ્ય વ્યકિત અથવા સંસ્થામાં પાછું મોકલવાનો હુકમ કરી શકશે અને જે વ્યકિત અથવા સોસાયટી સાથે અથવા જેની દેખરેખ હેઠળ તેને રહેવાનું લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે વ્યકિત અથવા સોસાયટીની ઈચ્છા પ્રમાણે, તેણે તેમ કરવું. બાળક, યથાપ્રસંગ, શાળા અથવા યોગ્ય વ્યકિત અથવા સંસ્થામાં પાછું જવાની ના પાડે અથવા તેમ કરવાને ચૂકે, તો મુખ્ય ઈન્સ્પેકટર, જરૂરી હોય, તો કાગળો મંગાવી શકશે અને બાળકના હિતમાં પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરીને તે કેસની તજવીજ જાતે કરી શકશે અથવા બાળકને ગિરફતાર કરવાનો આદેશ કરી શકશે અને તેને બાળગુના કોર્ટ સમક્ષ રજૂ કરાવી શકશે અથવા, યથાપ્રસંગ, શાળા અથવા યોગ્ય વ્યકિત અથવા સંસ્થામાં પાછું લઈ જવા આદેશ કરી શકશે.

(૪) (ક) લાઈસન્સ રદ કરવામાં અથવા જપ્ત કરવામાં આવ્યું હોય અને શાળા અથવા યોગ્ય વ્યકિત અથવા સંસ્થામાં પાછા જવાની ના પાડનાર અથવા તેમ કરવામાં ચૂક કરનાર બાળકને, પેટા-કલમ (૩)ની જોગવાઈઓ હેઠળ પકડવામાં આવ્યું હોય અને બાળગુના કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હોય, ત્યારે સોગંદ અથવા અંત:કરણપૂર્વક પ્રતિજ્ઞા ઉપર આપેલી માહિતીથી, બાળગુના કોર્ટને એમ ખાતરી થાય કે, તેની માતા કે પિતા અથવા વાલી બાળકને રજૂ કરી શકે એમ છે એવું માનવાને વાજબી કારણ છે, તો સમન્સ કાઢીને, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખે બાળગુના કોર્ટમાં હાજર રહેવાને અને બાળકને રજૂ કરવાને માતા કે પિતા અથવા વાલીને ફરમાવી શકશે.

(ખ) માતા કે પિતા અથવા વાલી વાજબી કારણ સિવાય તેમ કરવાને ચૂકે, તો તે, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ બીજી જે કોઈપણ જવાબદારીને પાત્ર થાય તે ઉપરાંત, દોષિત ઠર્યે, તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.

સન ૧૯૭૪નો ૨જો.

(૫) માતા કે પિતા અથવા વાલીને આ કલમ હેઠળ દંડ ભરવાનો આદેશ કર્યો હોય, ત્યારે તે રકમ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ અનુસાર વસૂલ કરી શકાશે.

(૬) આ કલમ હેઠળ આપેલા લાઈસન્સ અનુસાર કોઈ બાળક કોઈ પ્રમાણિત શાળા અથવા યોગ્ય વ્યક્તિ પાસે જે મુદત દરમિયાન ગેરહાજર હોય તે મુદત, યથાપ્રસંગ, તે શાળામાં અથવા યોગ્ય વ્યક્તિની સંભાળમાં તેને અટકમાં રાખવાની મુદતના એક ભાગ તરીકે ગણાશે:

પરંતુ લાઈસન્સ રદ કરવામાં અથવા જપ્ત કરવામાં આવ્યેથી, બાળક, તે શાળામાં અથવા યોગ્ય વ્યક્તિ પાસે પાછું જવાને ચૂકે, ત્યારે એ રીતે પાછું જવાને તે ચૂકયા પછી જે મુદત વીતે તે મુદત, તેને જે મુદત દરમિયાન શાળામાં અટકાયતમાં રાખવાનું હોય અથવા, યથાપ્રસંગ, યોગ્ય વ્યક્તિ અથવા સંસ્થાની સંભાળ હેઠળ મૂકવાનું હોય તે મુદતની ગણતરી કરવામાંથી બાતલ કરવી જોઈશે.

નાસી છુટેલા બાળકો અંગે પોલીસે પગલાં લેવા બાબત.

૮૩. (૧) જે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ પોલીસ અધિકારી કોઈ પ્રમાણિત શાળામાંથી અથવા જેની દેખરેખ હેઠળ રહેવાનો તેને આદેશ કર્યો હોય તે સોસાયટી અથવા વ્યક્તિની દેખરેખમાંથી નાસી છૂટેલા કોઈ બાળકને વોરંટ સિવાય ગિરફતાર કરી શકશે અને તેણે કોઈપણ ગુનો નોંધ્યા સિવાય અથવા બાળક સામે કંઈપણ ફરિયાદ માંડયા સિવાય, તે બાળકને પ્રમાણિત શાળા, સોસાયટી અથવા વ્યક્તિની પાસે પાછું મોકલવું જોઈશે અને આવી રીતે નાસી જવાને લીધે સદરહુ બાળકે કંઈપણ ગુનો કર્યો છે એમ ગણાશે નહિ, પણ સંબંધિત સંસ્થાના સત્તાધિકારીઓએ પોતાને યોગ્ય લાગે તે રીતે તે બાળક અંગે તજવીજ કરવી જોઈશે.

(૨) પ્રમાણિત શાળામાંથી નાસતા ફરતા બાળકને કોઈ જુદે સ્થળેથી પકડવામાં આવ્યું હોય, ત્યારે પ્રમાણિત શાળામાં તેને ખસેડવામાં ન આવે ત્યાંસુધી તેને કોઈ સુરક્ષિત સ્થળે અટકાયતમાં રાખવું જોઈશે.

ભાગ-૧૦

અપીલો

અપીલો.

૮૪. (૧) આખરી હુકમથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, આમાં હવે પછી જણાવેલી કોર્ટોને અપીલ કરી શકશે.

(૨) જો આખરી હુકમ—

(ક) બાળગુના કોર્ટે કર્યો હોય, તો અપીલ, સેશન કોર્ટને થઈ શકશે;

(ખ) સેશન કોર્ટે કર્યો હોય, તો અપીલ હાઈકોર્ટને થઈ શકશે.

(૩) આ કલમમાં જોગવાઈ કરી હોય તે સિવાય, બાળગુના કોર્ટે આ અધિનિયમ હેઠળ કરેલા કોઈ હુકમ સામે અપીલ થઈ શકશે નહિ.

સન ૧૯૭૪નો ૨જો.

અપીલોને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ લાગુ પડવા બાબત.

૮૫. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમો ૩૯૨ થી ૩૯૪ (બન્ને સહિત)ની જોગવાઈઓ, જોઈતા ફેરફારો સાથે આખરી હુકમો સામેની અપીલોને, જાણે કે સદરહુ હુકમો ફોજદારી કોર્ટે દોષિત ઠરાવ્યાના અને સજા કર્યાના હુકમો હોય તેમ, લાગુ પડશે.

INDEX

અપીલ માટેની મુદત મર્યાદા.

૮૬. (૧) આખરી હુકમ સામે અપીલ કરવાની મુદત મર્યાદા, હાઈકોર્ટ સિવાયની અન્ય કોર્ટને કરવાની અપીલોની બાબતમાં, જેની સામે અપીલ કરવાની હોય તે હુકમની તારીખથી ત્રીસ દિવસની અને હાઈકોર્ટને કરવાની અપીલની બાબતમાં, સદરહુ તારીખથી સાઠ દિવસની રહેશે.

(૨) મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૫, ૭ અને ૧૨ ની જોગવાઈઓ, આવી અપીલો કરવાની બાબતને લાગુ પડશે. સન ૧૯૬૩ નો ૩૬મો.

ફેરતપાસ

૮૭. પોતાની મેળે અથવા આ અર્થે મળેલી અરજી ઉપરથી, હાઈકોર્ટ, કોઈપણ સમયે, જેમાં કોઈ બાળગુના કોર્ટે અથવા સેશન કોર્ટે હુકમ કર્યો હોય તે કોઈ કાર્યવાહીનો રેકર્ડ, એવા કોઈપણ હુકમની કાયદેસરતા અથવા ઔચિત્યતાની પોતે ખાતરી કરવાના હેતુ માટે મંગાવી શકશે અને તે અંગે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે:

પરંતુ હાઈકોર્ટ કોઈપણ વ્યકિતને સાંભળવાની વાજબી તક આપ્યા વિના, તેને બાધ આવે તે રીતે આ કલમ હેઠળ કોઈ હુકમ કરવો નહિ.

ભાગ-૧૧

પ્રકીર્ણ

છૂટા કરવા બાબત અને બદલી કરવા બાબત.

૮૮. (૧) રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારે આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારી, કોઈપણ સમયે પ્રમાણિત શાળામાંથી કોઈ બાળકને, બિનશરતે અથવા રાજ્ય સરકાર અથવા આવા અધિકારીને મૂકવી યોગ્ય લાગે તે શરતોએ છૂટો કરવા હુકમ કરી શકશે.

(૨) (ક) પ્રમાણિત શાળામાં અટકાયતમાં રાખેલા જે બાળકની સોળ વર્ષની ઉંમર થઈ હોય તેની બદલી, રાજ્ય સરકાર શિસ્તના હિતમાં અથવા બીજા ખાસ કારણોસર મુંબઈ બોર્સ્ટલ શાળા અધિનિયમ, ૧૯૨૯ હેઠળ સ્થાપેલી બોર્સ્ટલ શાળામાં કરવાનો આદેશ કરી શકશે; સન ૧૯૨૯ નો મુંબઈ નો ૧૮મો.

(ખ) સોળ વર્ષથી વધુ ઉંમરના જે કોઈ બાળકને લાઈસન્સ ઉપર છોડી મૂકવામાં આવેલ હોય અને જેણે લાઈસન્સની કોઈપણ શરતનો ભંગ કર્યો હોય અને જેને તેની પોતાની શાળા અથવા સંસ્થામાં પાછો મોકલવાનું સલાહભરેલું ન હોય તેની બદલી બોર્સ્ટલ શાળામાં કરી શકાશે:

પરંતુ આવી બદલીથી બાળકની અટકાયતની કુલ મુદત વધવી જોઈએ નહિ.

(૩) પેટા-કલમ (૨) હેઠળ કોઈ બાળકની બદલી બોર્સ્ટલ શાળામાં કરવામાં આવે, ત્યારે મુંબઈ બોર્સ્ટલ શાળા અધિનિયમ, ૧૯૨૯ની જોગવાઈઓ, એવા બાળકને, જાણે કે તે અધિનિયમ હેઠળ તેને બોર્સ્ટલ શાળામાં અટકાયતમાં રાખવાનો પ્રથમથી જ હુકમ કરવામાં આવ્યો હોય તેમ, લાગુ પડશે. સન ૧૯૨૯ નો મુંબઈ નો ૧૮મો.

(૪) રાજ્ય સરકાર અથવા આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે, યથાપ્રસંગ, કોઈપણ સમયે, કોઈ બાળકને, આ અધિનિયમ હેઠળ જેની સંભાળ અથવા હેઠળ તેને સોંપવામાં આવ્યું હોય તેવી કોઈ વ્યકિત અથવા વ્યકિતઓના મંડળની સંભાળ અથવા દેખરેખમાંથી બિનશરતે અથવા રાજ્ય સરકાર કે આવા અધિકારીને મૂકવી યોગ્ય લાગે તે શરતોએ છૂટું કરી શકશે.

સંસ્થાઓ અને ભારતના જુદા જુદા ભાગોમાં આવેલી એવા જ પ્રકારની બીજી સંસ્થાઓ વચ્ચે બદલી.

૮૯. (૧) રાજ્ય સરકાર અથવા આ અર્થે રાજ્ય સરકારે અધિકૃત કરેલા અધિકારી, પ્રમાણિત શાળાના સંચાલક સાથે વિચારવિનિમય કરીને, જેના સંબંધમાં, તેને કોઈ પ્રમાણિત અથવા સુધારણા શાળામાં અથવા તેવા જ પ્રકારની સંસ્થામાં મોકલવાનો આ અધિનિયમ હેઠળના હુકમના જેવો જ હુકમ ભારતના કોઈપણ ભાગમાં બાળગુના કોર્ટે કરેલ હોય તે બાળકની બદલી તેવી શાળા અથવા સંસ્થામાં કરવાની સંમતિ આપી શકશે આવી રીતે બદલી કરવામાં આવતાં, આ અધિનિયમની જોગવાઈઓ, એવા બાળકને લાગુ પડશે.

(૨) રાજ્ય સરકાર અથવા આ અર્થે અધિકૃત કરેલ કોઈ અધિકારી, કોઈ બાળકની બદલી, કોઈ પ્રમાણિત અથવા સુધારણા શાળા અથવા સંસ્થામાંથી ભારતના બીજા કોઈ ભાગમાં આવેલી

INDEX

જે શાળા અથવા સંસ્થાના સંબંધમાં ગુજરાત રાજ્યમાં હોય તેવી જોગવાઈ તે ભાગની સરકારે તેમાં અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ કરી હોય તે શાળા અથવા સંસ્થામાં કરવાનો આદેશ કરી શકશે:

પરંતુ આ કલમ હેઠળ આવા કોઈ બાળકની બદલી, બીજા કોઈ રાજ્યમાં, તે રાજ્યની સરકારની સંમતિ વિના કરી શકાશે નહિ.

અસ્થિર મનના અથવા રકતપિત્તથી પીડાતાં બાળકોની બદલી.

૯૦. (૧) રાજ્ય સરકારને એમ જણાય કે બાળગુના કોર્ટના કોઈ હુકમ હેઠળ કોઈ પ્રમાણિત શાળામાં અટકાયતમાં રાખેલું કોઈ બાળક અસ્થિર મનનું અથવા રકતપિત્તિયું છે, ત્યારે રાજ્ય સરકાર, તે બાળક અસ્થિર મનનું અથવા રકતપિતયું હોવાની માન્યતા બાબતનાં કારણો જણાવીને એવો હુકમ કરી શકશે કે તેને કોઈ મનોરોગ હોસ્પિટલમાં અથવા રકતપિત્તિયાના આશ્રમમાં અથવા સલામત અભિરક્ષાના બીજા સ્થળે ખસેડવું અને તેને જે મુદત માટે અટકાયતમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદતની બાકીની મુદત દરમિયાન અથવા તે મુદત પૂરી થતાં, તબીબી અધિકારી એવું પ્રમાણપત્ર આપે કે બાળકની અથવા બીજાઓની સલામતી માટે તેને તબીબી સંભાળ અથવા ઉપચાર હેઠળ વધુ વખત અટકાયતમાં રાખવું જોઈએ, તો કાયદેસર તેને છૂટું કરવામાં ન આવે ત્યાંસુધી, રાજ્ય સરકાર, આદેશ કરે તેમ રાખવું અને તેનો ઉપચાર કરવો.

(૨) રાજ્ય સરકારને એમ જણાય કે બાળક સ્થિર મનનું થયું છે અથવા તેને રકતપિત્તનો રોગ મટી ગયો છે, ત્યારે જો બાળક હજુ સંભાળમાં રહેવાને પાત્ર હોય, તો તે બાળક જેના હવાલામાં હોય તે વ્યકિતને હુકમ કરીને, રાજ્ય સરકાર જેમાંથી તેને ખસેડવામાં આવ્યું હોય તે પ્રમાણિત શાળામાં મોકલવાનો આદેશ કરશે અથવા જો બાળક વધુ વખત સંભાળમાં રાખવાને પાત્ર ન હોય, તો તેને છૂટું કરવાનો હુકમ કરશે.

સન ૧૯૧૨નો ૪થો. સન ૧૯૮૬નો ૩જો.

(૩) ભારતના પાગલપન બાબતના અધિનિયમ, ૧૯૧૨ની કલમ ૩૧ની જોગવાઈઓ અથવા પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, રકતપિત્તિયા અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૧૪ની જોગવાઈઓ, પેટા-કલમ (૧) હેઠળ મનોરોગ હોસ્પિટલ અથવા રકતપિત્તિયાના આશ્રમમાં રાખેલા દરેક બાળકને, તેને જે મુદત માટે અટકાયતમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે મુદત પૂરી થયા પછી લાગુ પડશે અને તે પેટા-કલમ હેઠળ જે સમય દરમિયાન બાળકને મનોરોગ હોસ્પિટલમાં અથવા રકતપિત્તિયાના આશ્રમમાં રાખવામાં આવ્યું હોય તે સમય, બાળગુના કોર્ટ તેને જે મુદત માટે અટકાયતમાં રાખવાનો હુકમ કરી શકયું હોત તે મુદતના એક ભાગ તરીકે ગણાશે:

સન ૧૯૧૨નો ૪થો સન ૧૮૯૮નો ૩જો.

પરંતુ અસ્થિર મગજ અથવા રકતપિત્તને કારણે કોઈ બાળકને ખસેડવાની તાત્કાલિક જરૂર હોય, ત્યારે જે સંસ્થામાં બાળકને અટકાયતમાં રાખવામાં આવ્યું હોય તે સંસ્થાના રાત્તાધિકારીઓને, આ બાબતમાં રાજ્ય સરકારનો હુકમ મેળવી શકાય ત્યાંસુધી, મનોરોગ હોસ્પિટલ અથવા રકતપિત્તિયાના આશ્રમમાં બાળકને સોંપવાનો તાત્કાલિક હુકમ મેળવવા માટે, યથાપ્રસંગ, ભારતના પાગલપન બાબતના અધિનિયમ, ૧૯૧૨ અથવા રકતપિત્તિયા અધિનિયમ, ૧૮૯૮ હેઠળ હકૂમત ધરાવતી કોર્ટને અરજી કરવાની છૂટ રહેશે.

એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં બદલી.

૯૧. મુખ્ય ઈન્સ્પેકટર, કોઈપણ બાળકની બદલી, એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં કરવાનો આદેશ કરી શકશે, પછી તે સંસ્થા પ્રમાણિત શાળા કે યોગ્ય વ્યકિતની સંસ્થા હોય:

પરંતુ આવી બદલીથી બાળકને અટકાયતમાં રાખવાની કુલ મુદત, વધવી જોઈએ નહિ.

ખોટી અને નજીવી અથવા ત્રાસદાયક માહિતી બદલ વળતર.

૯૨. (૧) જે કોઈ કેસમાં કોઈપણ વ્યકિતએ કલમ ૭૯ની જોગવાઈઓ હેઠળ માહિતી આપી હોય તે કેસમાં, પોતાને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, બાળગુના કોર્ટનો એવો અભિપ્રાય થાય કે આવી માહિતી ખોટી અને નજીવી અથવા ત્રાસદાયક હતી, તો બાળગુના કોર્ટ, કારણોની લેખિત નોંધ કરીને, એવો હુકમ કરી શકશે કે એવી માહિતી આપનારે એકસો રૂપિયા કરતાં વધુ નહિ તેવી જે રકમ તે નકકી કરે તેટલી રકમનું વળતર જે વ્યકિતની વિરૂદ્ધ માહિતી આપવામાં આવી હોય તે વ્યકિતને ચૂકવવું.

INDEX

(૨) વળતર ચૂકવવા માટેનો હુકમ કરતાં પહેલાં, બાળગુના કોર્ટે, માહિતી આપનાર વ્યક્તિને, તેણે શા માટે વળતર ન ચૂકવવું જોઈએ તેનું કારણ દર્શાવવા ફરમાવશે અને આવી માહિતી આપનાર જે કંઈ કારણ દર્શાવે તે વિચારણામાં લેશે.

(૩) વળતર ચૂકવણીનો આદેશ કરતા હુકમથી બાળગુના કોર્ટ વધુ હુકમ કરી શકશે કે વળતર ચૂકવવામાં કસૂર થયે, આવું વળતર ચૂકવવાનો જે વ્યક્તિને હુકમ કરવામાં આવ્યો હોય તેણે, ત્રીસ દિવસ કરતાં વધે નહિ એટલી મુદત સુધીની સાદી કેદ ભોગવવી પડશે.

(૪) કોઈ વ્યક્તિને, પેટા-કલમ (૩) હેઠળ કેદ કરવામાં આવે, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૬૮ અને ૬૯ની જોગવાઈઓ, શક્ય હોય તેટલે સુધી, લાગુ પડશે. સન ૧૮૬૦ નો ૪૫મો.

(૫) આ કલમ હેઠળ વળતર ચૂકવવાનો જેને હુકમ કરવામાં આવ્યો હોય એવી કોઈ વ્યક્તિ, તેણે આપેલી માહિતિના સંબંધમાં કોઈ દીવાની અથવા ફોજદારી જવાબદારીમાંથી આવા હુકમનાં કારણોથી મુકત થશે નહિ, પણ વળતર ચૂકવવામાં આવેલી કોઈ રકમ, એવી બાબતને લગતા ત્યાર-પછીના કોઈ દીવાની દાવામાં ગણતરીમાં લેવામાં આવશે.

(૬) પેટા-કલમ (૧) હેઠળ વળતર ચૂકવવા માટેનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે જેને વળતર લેવાનો હુકમ કરવામાં આવ્યો હોય તે વ્યક્તિને, અપીલ રજૂ કરવા માટે આપવામાં આવેલી મુદત પૂરી થાય તે પહેલાં, વળતર ચૂકવવું નહિ.

હુકમો સુધારવાની સત્તા.

૯૩. (૧) અપીલ કોર્ટ અને ફેરતપાસની સત્તાને બાધ આવ્યા સિવાય, સંભાળ માટેનો હુકમ, દેખરેખનો હુકમ અથવા પ્રોબેશન હુકમ જેણે કર્યો હોય તે બાળગુના કોર્ટ કસ્ટોડીયન, સુપરવાઈઝર અથવા પ્રોબેશન અધિકારી તરીકે નિર્દિષ્ટ વ્યકિતના સંબંધમાં અથવા સંભાળની, દેખરેખની અથવા પ્રોબેશનની મુદત સંબંધમાં અથવા જરૂરી લાગે તેવી બીજી વિગતોના સંબંધમાં, આવો હુકમ સુધારી શકશે:

પરંતુ તાકીદના પ્રસંગે, અને તાત્કાલિક જરૂરિયાત માટે બાળકને સંસ્થાને સોંપવાના હુકમમાં, જેને તે હુકમ લગતો હોય તે સંસ્થા બદલવા પૂરતો ફેરફાર કરી શકાશે. આવો ફેરફાર મુખ્ય ઈન્સ્પેકટરની બહાલીને અધીન રહેશે.

(૨) બાળ ગુના કોર્ટે કરેલા હુકમોમાં કારકૂની ભૂલો અથવા કોઈ આકસ્મિક ભૂલ અથવા ચૂકને કારણે તેમાં ઉદ્‌ભવતી ગલતીઓ બાળગુના કોર્ટ, પોતાની મેળે અથવા આ અર્થે મળેલી અરજી ઉપરથી કોઈપણ સમયે સુધારી શકશે.

બાળકના કસ્ટોડિયન ઉપર નિયંત્રણ.

૯૪. આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, જેની સંભાળ હેઠળ કોઈ બાળકને સોંપવામાં આવ્યું હોય તેવી વ્યકિત, હુકમ અમલમાં હોય, ત્યારે જાણે પોતે તે બાળકની માતા કે પિતા હોય તેમ તેના ઉપર રાખતા હોય તેવું નિયંત્રણ રાખશે અને તેના નિર્વાહ માટે જવાબદાર રહેશે અને તે બાળકની માતા કે પિતા અથવા બીજી કોઈ વ્યકિત તેના ઉપર દાવો કરતી હોય તે છતાં, બાળગુના કોર્ટે જણાવેલી મુદત સુધી બાળક તેની સંભાળ હેઠળ ચાલુ રહેશે:

પરંતુ આવી સંભાળમાં હોય તેવું કોઈ બાળક, બાળગુના કોર્ટની પરવાનગી વિના લગ્ન કરી શકશે નહિ.

બાળકોને પ્રમાણિત શાળાઓ અથવા સંસ્થાઓને બદલે, અન્વેક્ષણ ગૃહોમાં મોકલવા અધિકૃત કરવાની સત્તા.

૯૫. આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ એવું ઠરાવવામાં આવ્યું હોય કે બાળકને કોઈ પ્રમાણિત શાળામાં સોંપવું, ત્યારે સંબંધિત સત્તાધિકારી આવા બાળકને એવી શાળાને બદલે, તેને, અવેક્ષણ ગૃહ અથવા ઐચ્છિક ગૃહમાં મોકલવાનો હુકમ કરે તે કાયદેસર ગણાશે, પણ આવો હુકમ, બાળકના હિતમાં છે એવો તેનો અભિપ્રાય હોવો જોઈએ.

INDEX

સન ૧૯–૭૪નો ૨જો.

૯૬. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમો ૪૪૫થી ૪૫૦ (બન્ને સહિત)ની જોગવાઈઓ, આ અધિનિયમ હેઠળ લીધેલાં બોન્ડને, શક્ય હોય તેટલે સુધી, લાગુ પડશે.

અધિનિયમ હેઠળ લીધેલાં બોન્ડ.

સન ૧૯–૬૦નો ૪૫મો

૯૭. પ્રોબેશન અધિકારીઓ, મદદનીશ સમાજ સુરક્ષા નિયામક, મુખ્ય ઈન્સ્પેકટર સહિત પ્રમાણિત શાળાઓના ઈન્સ્પેકટરો અને આ અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઈ હેઠળ કામ કરવાને અધિકૃત અથવા હકદાર બીજી તમામ વ્યકિતઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે.

પ્રોબેશન અધિકારીઓ, મુખ્ય ઈન્સ્પેકટર અને ઈન્સ્પેકટરો તેમજ અધિકૃત વ્યકિતઓ રાજ્ય સેવકો ગણાશે.

૯૮. આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય બદલ, કોઈપણ વ્યકિત સામે, કોઈ દાવો, ફરિયાદ અથવા કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

આ અધિનિયમ હેઠળ લીધેલાં પગલાંનું રક્ષણ.

૯૯. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના હેતુઓ સિદ્ધ કરવા માટે નિયમો કરી શકશે.

નિયમો કરવાની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમો, નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે કરી શકાશે :—

(ક) કલમ ૬ની પેટા-કલમ (૨) હેઠળ માનદ્ સામાજિક કાર્યકરોની લાયકાતો;

(ખ) કલમ ૧૧ની પેટા-કલમ (૧) હેઠળ કયા સ્થળે, કયા દિવસોએ અને કઈ રીતે બાળગુના કોર્ટ, પોતાની બેઠકો ભરી શકશે તે ;

(ગ) આ અધિનિયમ હેઠળ તપાસ હાથ ધરવામાં બાળ ગુના કોર્ટે અનુસરવાની કાર્યરીતિ અને ભયંકર રોગોથી પીડાતા અથવા માનસિક ફરિયાદોવાળા બાળકો સાથે વર્તવાની રીત ;

(ઘ) કયા સંજોગોમાં અને કઈ શરતને અધીન રહીને, સંસ્થાઓ પ્રમાણિત શાળાઓ તરીકે પ્રમાણિત કરી શકાય અથવા અવેક્ષણ ગૃહો તરીકે માન્ય કરી શકાય તે અને પ્રમાણન અને માન્યતા પાછી ખેંચી શકાય તે;

(ચ) પ્રમાણિત શાળાઓ અને અવેક્ષણ ગૃહોનું સંચાલન;

(છ) પ્રમાણિત શાળાઓ અને અવેક્ષણ ગૃહોનાં કાર્યો અને જવાબદારીઓ;

(જ) પ્રમાણિત શાળાઓ, અવેક્ષણ ગૃહો અને પછીની સંભાળ-સંસ્થાઓની તપાસ;

(ઝ) પછીની સંભાળ સંસ્થાઓનાં સ્થાપના, સંચાલન અને કાર્યો; કયા સંજોગોમાં અને કઈ શરતોને અધીન રહીને, સંસ્થાઓને કલમ ૨૪ હેઠળ પછીની સંભાળ-સંસ્થાઓ તરીકે માન્ય કરી શકાય તે;

(ટ) પ્રોબેશન અધિકારીની લાયકાતો અને ફરજો;

(ઠ) મુખ્ય ઈન્સ્પેકટર, મદદનીશ સમાજ સુરક્ષા નિયામક, ઈન્સ્પેકટરો, મદદનીશ ઈન્સ્પેક્ટરો, પ્રોબેશન અધિકારીઓની અને કલમ ૩૫ હેઠળ રાજ્ય સરકારે નીમેલા બીજા અધિકારીઓની સત્તા અને ફરજો;

(ડ) અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નીમેલી વ્યકિતઓની ભરતી અને તાલીમ અને તેમની નોકરીની બોલીઓ અને શરતો;

(ઢ) કલમો ૩૮ અને ૭૦ના હેતુઓ માટે વ્યકિતઓને અધિકૃત કરવાની રીત;

(ત) કઈ રીતે કલમ ૪૦ની પેટા-કલમ (૧) હેઠળ બાળગુના કોર્ટ તપાસ હાથ ધરી શકશે તે;

(થ) કઈ રીતે કલમ ૭૩ના ખંડ (ક) અને (ખ) હેઠળ કોઈ બાળકને પ્રમાણિત શાળામાં અથવા યોગ્ય વ્યકિતની સંસ્થામાં અથવા સગાની અથવા બીજી યોગ્ય વ્યકિતની સંભાળમાં સોંપવાનો હુકમ કરવો તે અને તે કલમના પરંતુક હેઠળ બોન્ડનો નમૂનો;

(દ) કઈ રીતે બાળકને કલમ ૭૯ની પેટા-કલમ (૧) હેઠળ સલામત સ્થળે પાછું મોકલવું તે;

(ધ) કઈ રીતે કલમ ૮૧ની પેટા-કલમ (૧) હેઠળ બાળકના નિર્વાહ માટે ફાળો આપવાનો હુકમ કરવામાં આવે તે;

(ન) કઈ શરતો હેઠળ બાળકને કલમ ૮૨ની પેટા-કલમ (૧) હેઠળ પ્રમાણિત શાળા અથવા યોગ્ય વ્યકિતની સંસ્થામાંથી લાઈસન્સ ઉપર લાવી શકાય તે અને એવા લાઈસન્સનો નમૂનો અને શરત;

(પ) અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવી શકાય તેવી કોઈ બાબત.

(૩) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ પ્રસિદ્ધિની શરતને અધીન રહેશે.

(૪) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જેમાં એ નિયમો એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્રમાં અથવા ત્યારપછી તરત આવતા સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

મુંબઈ બોર્સ્ટલ શાળા અધિનિયમ, ૧૯૨૯ ની કલમ ૬નો સુધારો.

૧૦૦. મુંબઈ બોર્સ્ટલ શાળા અધિનિયમ, ૧૯૨૯માં, કલમ ૬માં, ખંડ (અ)માં, "અથવા જે કોઈપણ જિલ્લામાં અથવા સ્થળમાં મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૨૪ અમલમાં ન હોય ત્યાં, પંદર વર્ષ કરતાં ઓછી ઉંમરનો " એ શબ્દો કમી કરવા. **સન ૧૯૨૯ નો મુંબઈ-નો ૧૮મો.**

INDEX

સન ૧૯૪૮નો મુંબઈ નો ૬૧ મો.

સન ૧૯૫૬નો સૌરાષ્ટ્રનો ૨૯મો.

રદ કરવા બાબત અને અપવાદ.

૧૦૧. (૧) મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ અને સૌરાષ્ટ્ર બાળક અધિનિયમ, ૧૯૫૬ આથી રદ કરવામાં આવે છે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ અધિનિયમો (જેનો આમાં હવે પછી, "રદ કરેલા અધિનિયમો" તરીકે ઉલ્લેખેલ છે તે) રદ કરવા છતાં—

(ક) રદ કરેલા અધિનિયમો હેઠળ સ્થાપેલ બાળગુના કોર્ટો અને બાળકોર્ટ, આ અધિનિયમ હેઠળ સ્થાપેલ બાળગુના કોર્ટ છે એમ ગણાશે;

(ખ) ખાસ અથવા પ્રમાણિત શાળાઓ, રિમાન્ડ હોમ, અવેક્ષણ ગૃહો, માન્ય જગાઓ, ઐચ્છિક ગૃહો અને રદ કરેલા અધિનિયમો હેઠળ સ્થાપેલી, પ્રમાણિત કરેલી અથવા માન્ય કરેલી બીજી સંસ્થાઓ, આ અધિનિયમ હેઠળની સંસ્થાઓને તત્સમાન સંસ્થાઓ તરીકે સ્થાપેલ છે, પ્રમાણિત કરેલ છે અથવા માન્ય કરેલ છે એમ ગણાશે અને રિમાન્ડ હોમ, અવેક્ષણ ગૃહને તત્સમાન છે એમ ગણાશે;

(ગ) રદ કરેલા અધિનિયમ હેઠળ આપેલા તમામ પ્રમાણપત્રો અથવા તેવા અધિકારપત્રો અને કરેલ બદલીઓ, આ અધિનિયમ હેઠળ આપેલ અથવા કરેલ છે એમ ગણાશે ;

(ઘ) રદ કરેલા અધિનિયમો હેઠળ કોઈપણ કોર્ટ સમક્ષ ચાલુ હોય તેવા તમામ કેસો, કાર્યવાહી અને અપીલો, સદરહુ કોર્ટ ચાલુ રાખશે અથવા યથાપ્રસંગ, સદરહુ કોર્ટને તબદીલ કરવામાં આવશે અને સદરહુ કોર્ટ તે ચાલુ રાખશે અથવા યથાપ્રસંગ, જે કોર્ટને આવા કેસો, કાર્યવાહી અથવા અપીલો ચલાવવાની હકૂમત હોય તે કોર્ટ સમક્ષ, જાણે કે તે આ અધિનિયમ હેઠળના કેસો, કાર્યવાહી અને અપીલો હોય તેમ, તબદીલ કરવામાં આવશે અને ચાલુ રાખવામાં આવશે;

(ચ) રદ કરેલા અધિનિયમો હેઠળ નીમેલી કોર્ટોના હુકમો સામેની જે અપીલો તે અધિનિયમ હેઠળ થઈ શકી હોત તે તમામ અપીલો આ અધિનિયમ હેઠળ કોર્ટોએ કરેલા હુકમો ઉપરની અપીલો છે એમ ગણાશે અને આ અધિનિયમ હેઠળ અપીલો સાંભળવા માટેની સત્તા ધરાવતી કોર્ટો સમક્ષ રજૂ કરવી જોઈશે અને તદ્નુસાર તેનો નિકાલ કરવો જોઈશે;

(છ) રદ કરેલા અધિનિયમો હેઠળ કરેલ અથવા બહાર પાડેલ કોઈપણ નિમણૂક, જાહેરનામું, નોટિસ, હુકમ, નિયમ અથવા નમૂનો અથવા કરેલ બીજું કોઈ કાર્ય અથવા લીધેલ પગલું, જેટલે સુધી એવી નિમણૂક, જાહેરનામું, નોટિસ, હુકમ, નિયમ, નમૂનો, કાર્ય અથવા પગલું, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, આ અધિનિયમની તત્સમાન જોગવાઈઓ હેઠળ ચાલુ રહેશે અને કરેલ, બહાર પાડેલ અથવા કરેલ અથવા લીધેલ છે એમ ગણાશે અને આ અધિનિયમ હેઠળ કરેલ, બહાર પાડેલ, કરેલ અથવા લીધેલ કોઈપણ નિમણૂક, જાહેરનામા, નોટિસ, હુકમ, નિયમ, નમૂના, કાર્ય અથવા પગલાંથી તે રદ કરવામાં ન આવે ત્યાં સુધી ચાલુ, રહેશે.

સન ૧૯૦૪નો મુંબઈ નો ૧લો.

(૩) પેટા-કલમ (૨)માંની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય અને તેને આધીન રહીને, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ની કલમ ૭, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ અધિનિયમો રદ કરવાના સંબંધમાં જાણે કે સદરહુ અધિનિયમો, સદરહુ કલમ ૭ના અર્થ મુજબ અધિનિયમિતિઓ હોય તેમ, લાગુ પડશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

બાળકો અને કિશોર ગુનેગારોનાં કસ્ટડી, રક્ષણ, ઉપચાર અને પુનરુદ્ધાર અને કિશોર ગુનેગારોની ઈન્સાફી કાર્યવાહીને લગતા કાયદાને લાગેવળગે છે તેટલે સુધી ગુજરાત રાજ્યના મુંબઈ અને કચ્છ વિસ્તારોમાં, મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ અને રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌરાષ્ટ્ર બાળક અધિનિયમ, ૧૯૫૬ અમલમાં છે. રાજ્યમાં કાયદાનું એકીકરણ કરવાની સરકારની નીતિ અનુસાર રાજ્યના તમામ વિસ્તારોને સમાન રીતે લાગુ પડે એવો એ વિષય અંગે એક નવો કાયદો અધિનિયમિત કરવા અને એ વિષય અંગેના વિદ્યમાન અધિનિયમો રદ કરવા ધાર્યું છે. આ કાયદાનું એકીકરણ કરતી વેળા, આ વિધેયકમાં, મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ના વિદ્યમાન માળખામાં રહીને, સંઘ રાજ્યક્ષેત્રોને લાગુ પડતો બાળક અધિનિયમ ૧૯૬૦ (સન ૧૯૬૦નો ૬૦મો), જે કેન્દ્ર અધિનિયમ છે તેની કેટલીક ખાસ જોગવાઈઓ સમાવિષ્ટ કરી છે.

૨. આ વિષય અંગેના વિદ્યમાન કાયદાના માળખામાં કેટલાક અગત્યના ફેરફારો કર્યા છે, જે ખાસ મહત્વના છે તે, નીચે પ્રમાણે છે :—

૧. "અવેક્ષણ ગૃહો" અને "પછીની સંભાળ--સંસ્થા" તરીકે ઓળખાતી બે નવા વર્ગોની સંસ્થાઓ માટે જોગવાઈ કરી છે. પહેલી સંસ્થા તપાસ બાકી હોય તે દરમિયાન બાળકોના હંગામી સ્વીકાર માટે પ્રબંધ કરશે, જ્યારે બાળકોને અવેક્ષણ ગૃહો અથવા પ્રમાણિત શાળાઓમાંથી છૂટા કર્યા પછી, તેમની સંભાળ રાખવા માટે બીજી સંસ્થા પ્રબંધ કરશે.

૨. જે તે કલમો અંગેની નીચેની નોંધોમાં, વિધેયકની મુખ્ય જોગવાઈઓ ટૂંકમાં સમજાવવામાં આવી છે :—

કલમ ૬:—આ વિધેયક હેઠળ બાળગુના કોર્ટોને મળેલી અથવા તેમના ઉપર મૂકેલી સત્તા વાપરવા માટે અને ફરજો બજાવવા માટે બાળગુના કોર્ટો સ્થાપવા માટે આ કલમથી જોગવાઈ કરી છે.

કલમ ૭:—આ કલમથી, બાળગુના કોર્ટોની હકૂમત માટે જોગવાઈ કરી છે.

કલમ ૯:—આ કલમથી, જ્યાં બાળગુના કોર્ટ સ્થાપવામાં આવી હોય તે વિસ્તારમાં બાળક અને તરૂણની સંયુકત ઈન્સાફી કાર્યવાહી કરવાની મનાઈ કરી છે.

કલમ ૨૨:—આ કલમથી, બાળકો સ્વીકારવા માટે પ્રમાણિત શાળાઓ તરીકે ઔદ્યોગિક શાળાઓ સ્થાપવા અને નિભાવવા અને વળી તેના પ્રમાણન માટે જોગવાઈ કરી છે.

કલમ ૨૩:—આ કલમથી, બાળકો સંબંધી કોઈ તપાસ બાકી હોય તે દરમિયાન તેમના હંગામી સ્વીકાર માટે અવેક્ષણ ગૃહો સ્થાપવા માટે જોગવાઈ કરી છે.

કલમ ૨૪:—આ કલમથી, બાળકો, અવેક્ષણ ગૃહો અથવા પ્રમાણિત શાળાઓ છોડી જાય તે પછી તેમની સંભાળ લેવા માટે પછીની સંભાળ--સંસ્થાઓ સ્થાપવા માટે જોગવાઈ કરી છે.

કલમ ૩૩:—આ કલમથી, સ્વૈચ્છિક ફાળા દ્વારા નિભાવાતા ઐચ્છિક ગૃહોની તપાસણી માટે અને એવા ગૃહોમાં બાળકોના કલ્યાણ માટે સામાન્ય અથવા ખાસ આદેશો આપવા માટે જોગવાઈ કરી છે.

કલમ ૩૪:—આ કલમથી, પ્રમાણિત શાળાઓની તપાસણી માટે જોગવાઈ કરી છે.

કલમ ૩૮:—આ કલમથી, બાળગુના કોર્ટ સમક્ષ ઉપેક્ષિત બાળકને રજૂ કરવા માટે અને તેને કોર્ટ સમક્ષ લાવી ન શકાય ત્યાંસુધી, અવેક્ષણ ગૃહમાં મોકલવા માટે જોગવાઈ કરી છે.

INDEX

કલમ ૩૯:—આ કલમથી, માતા કે પિતા અથવા વાલીના હવાલા અથવા નિયંત્રણ હેઠળ હોય તેવા ઉપેક્ષિત બાળક સંબંધી તપાસ શરૂ કરવા માટે ખાસ જોગવાઈ કરી છે.

કલમ ૪૦:—આ કલમથી, બાળગુના કોર્ટે, પોતાની સમક્ષ રજૂ કરાયેલ ઉપેક્ષિત બાળકો સંબંધી તપાસ કરવા માટે અને બાળકને બાળ-ગૃહને અથવા યોગ્ય વ્યકિત પાસે મોકલવાનો આદેશ કરતો હુકમ કરવા બાળગુના કોર્ટને સત્તા આપવા માટે જોગવાઈ કરી છે.

કલમ ૪૪:—આ કલમથી, એવી જોગવાઈ કરી છે કે બાળકને ગિરફતાર કરવામાં આવે, ત્યારે પોલીસ અધિકારીએ, બનતી ત્વરાએ, બાળકના માતા કે પિતા અથવા વાલીને અને પ્રોબેશન અધિકારીને જાણ કરવી.

કલમો ૪૫ અને ૪૬:—આ કલમોથી, ગુનો કર્યો હોવાનું કહેવાતા ગુનેગાર બાળક સંબંધી બાળ-ગુના કોર્ટે તપાસ કરવા માટે અને બાળકે ગુનો કર્યો વિષે કોર્ટને ખાતરી થાય, ત્યારે એવી તપાસ ઉપરથી કરવાના હુકમો માટે જોગવાઈ કરી છે.

કલમ ૪૭:—આ કલમથી, બાળકોને મોતની અથવા કેદની શિક્ષા કરવાની મનાઈ કરી છે.

કલમ ૫૩:—આ કલમથી, બાળગુના કોર્ટને, જરૂર હોય, તો તેની હકૂમતની બહાર રહેતા હોય તેવા સગાને ત્યાં, બાળક પાછું મોકલવાની સત્તા મળે છે.

કલમો ૫૪ થી ૬૯:—આ કલમો બાળકો સંબંધમાં ખાસ ગુનાઓ સંબંધી છે.

કલમો ૭૦ થી ૮૦:—આ કલમો ભોગ બનેલા બાળકો સંબંધમાં ખાસ પગલાં લેવા સંબંધી છે.

કલમો ૮૧ થી ૮૩:—આ કલમોથી, સોંપાયેલા બાળકોના નિર્વાહ અને વર્તાવ માટે જોગવાઈ કરી છે.

કલમો ૮૪ થી ૮૭:—આ કલમોથી, અપીલો અને ફેરતપાસ માટે જોગવાઈ કરી છે.

કલમો ૮૮ થી ૯૧:—આ કલમોથી, પ્રમાણિત શાળામાંથી બાળકને છૂટું કરવાની અથવા એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં બાળકને મોકલવાની સરકારની અને બીજા અધિકૃત અધિકારીઓની સત્તા માટે જોગવાઈ કરી છે.

કલમ ૯૨:—આ કલમથી, ખોટી, નજીવી અથવા ત્રાસદાયક માહિતી બદલ વળતર આપવાની જોગવાઈ કરી છે.

કલમ ૯૯:—આ કલમથી, નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા માટે અને નિયમોથી જોગ-વાઈ કરવાની બીજી બાબતો માટે જોગવાઈ કરી છે.

કલમ ૧૦૧:—આ કલમથી, વિદ્યમાન અધિનિયમો રદ કરવા માટે અને એવી રીતે રદ કરવામાંથી ઉપસ્થિત થતા પરિણામ માટે જોગવાઈ કરી છે.

ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા
વિ. સ. સ.

તારીખ : ૧૩મી જુન, ૧૯૯૫.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધિયકથી નીચેની કલમોમાં ધારાકીય પ્રકારની સત્તા સોંપવા માટે જોગવાઈકરી છે :—

કલમ ૧:—આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, કઈ તારીખે અથવા કઈ જુદી જુદી તારીખોએ અધિનિયમની, યથાપ્રસંગ, તમામ અથવા જુદી જુદી જોગવાઈઓ સમગ્ર રાજ્યમાં અથવા રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં અમલમાં આવશે તે નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૨:—આ કલમથી, રાજ્ય સરકારને, એવો આદેશ કરવાની સત્તા મળે છે કે અધિનિયમની તમામ અથવા કોઈપણ જોગવાઈ સમગ્ર રાજ્યમાં અથવા તેના કોઈ વિસ્તારમાં કોઈપણ વર્ગના બાળકોને લાગુ પડશે નહિ.

કલમ ૧૧:—આ કલમથી, રાજ્ય સરકારને, કયા સ્થળે, કયા દિવસે અને કઈ રીતે બાળગુના કોર્ટ પોતાની બેઠકો ભરશે તે ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૪:—આ કલમથી, રાજ્ય સરકારને, પછીની સંભાળ—સંસ્થાઓની સ્થાપના, સંગઠન અને સંચાલન માટે અને કયા સંજોગોમાં અને કઈ શરતોને અધીન રહીને, કોઈ સંસ્થાને, પછીની સંભાળ—સંસ્થા તરીકે માન્ય કરી શકાય તે માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૩૭:—આ કલમથી, રાજ્ય સરકારને, તેમાં નિર્દિષ્ટ કરેલા જુદા જુદા અધિકારીઓની સત્તા અને ફરજો ઠરાવવાની સત્તા મળે છે.

કલમો ૩૮ અને ૭૦:—આ કલમોથી, રાજ્ય સરકારને, તે કલમોમાં નિર્દિષ્ટ હેતુઓ માટે વ્યક્તિઓને અધિકૃત કરવાની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૪૦:—આ કલમથી, રાજ્ય સરકારને, તે કલમ હેઠળ બાળગુના કોર્ટે તપાસ કરવાની રીત માટે જોગવાઈ કરવાની સત્તા મળે છે.

કલમ ૮૦:—આ કલમથી, રાજ્ય સરકારને, કઈ રીતે બાળકના નિર્વાહ માટે જવાબદાર માતા કે પિતાએ અથવા બીજી વ્યક્તિએ, ઉપેક્ષિત અને ગુનેગાર બાળકના નિર્વાહ માટેનો ફાળો આપવો તે ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮૨:—આ કલમથી, રાજ્ય સરકારને, કઈ શરતોએ બાળકને લાઈસન્સથી છોડી મૂકવો તે ઠરાવવાની અને લાઈસન્સનો નમૂનો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૯૯:—આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓનો અમલ સિદ્ધ કરવા માટે અને ખાસ કરીને પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ બાબતો માટે નિયમો કરવાની સત્તા મળે છે.

સત્તા સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ડો. ચંદ્રિકાબેન ચુડાસમા
વિ. સ. સ.

તારીખ : ૧૩મી જુન, ૧૯૯૫.

INDEX

નાણાકીય ચાદી

હાલમાં ગુજરાત રાજ્યના મુંબઈ વિસ્તાર અને કચ્છ વિસ્તારમાં, મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ અને ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં, સૌરાષ્ટ્ર બાળક અધિનિયમ, ૧૯૫૬ અમલમાં છે. આ વિધેયકથી, રાજ્યમાં આ વિષય અંગેના કાયદાનાં એકીકરણ માટે જોગવાઈ કરવામાં આવી છે. સૂચિત અધિનિયમિતિને લીધે ખાસ વધારાની નાણાકીય અસરો પડતી નથી, કેમ કે સૂચિત અધિનિયમિતિની જોગવાઈઓના અમલ માટે વહીવટતંત્ર અસ્તિત્વમાં છે જ. પરંતુ મુંબઈ બાળક અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે કોઈ બાળકને પ્રમાણિત શાળામાં મોકલવામાં આવે તેને, તેની ૧૮ વર્ષની ઉંમર ન થાય ત્યાંસુધી, તે શાળામાં રાખી શકાય છે. જ્યારે સૌરાષ્ટ્ર અધિનિયમ, ૧૯૫૬ હેઠળ બાળકને તેની ૨૧ વર્ષની ઉંમર ન થાય ત્યાંસુધી, તેવી સંસ્થામાં રાખી શકાય છે. નવા સૂચિત અધિનિયમમાં આ ઉમ્મર, ૨૧ વર્ષની નક્કી કરવા ધાર્યું છે. આ જોગવાઈને પરિણામે, દર વર્ષે આશરે એક લાખ રૂપિયાનું વધારાનું અંદાજી ખર્ચ થશે. આ ખર્ચ આવર્તક પ્રકારનું રહેશે.

ડો. ચંદ્રિકાબેન ચુડાસમા
વિ. સ. સ.

તારીખ : ૧૩મી જુન, ૧૯૯૫.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 38

REGISTERED NO. G/GN/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVI] WEDNESDAY, JULY 19, 1995/ASADHA 28, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલ એ તા. ૧૯મી જુલાઇ, ૧૯૯૫ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામા આવે છે.

INDEX

INDEX

GUJARAT BILL NO. 20 OF 1995

THE GUJARAT MEDICAL COUNCIL (AMENDMENT) BILL, 1995.

A BILL

further amend the Gujarat Medcial Council Act, 1967.

"સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૦"

ગુજરાત મેડિકલ કાઉન્સિલ (સુધારા) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણ રાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા :

૧. આ અધિનિયમ ગુજરાત મેડિકલ કાઉન્સિલ (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

સન ૧૯૬૮નો ગુજરાતનો ૧૦મો.

સન ૧૯૬૮ની ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૧૬ નો સુધારો.

૨. ગુજરાત મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૧૬માં, પેટા–કલમ (૩)માં, " પચાસ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૬૮ની ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૧૭ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, પેટા-કલમ (૨) માં, "પચાસ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૬૮ની ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૧૯નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં, પેટા–કલમ (૧) માં, "પાંચ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૬૮ની ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૨૩નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ માં,—

(૧) ખંડ (ખ)માં, " બે રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા ;

(૨) ખંડ (ગ) માં, પરંતુકમાં, "પાંચ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

INDEX

ઉદ્દેશો અને કારણો

હાલમાં, ગુજરાત મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ની કલમ ૧૬ (૩) અને ૧૭ (૨) થી તબીબી વ્યવસાયીઓના રજિસ્ટ્રેશન માટે રૂા. ૧૦૦/- ની રજિસ્ટ્રેશન ફી માટે જોગવાઈ કરેલી છે અને કલમ ૧૯ (૧)થી કામચલાઉ રજિસ્ટ્રેશન માટે રૂા. ૫/-ની ફી માટે જોગવાઈ કરેલી છે. તે જ રીતે, રજિસ્ટ્રેશન ફરી તાજું કરવા માટે કલમ-૨૩ના ખંડ (ખ) હેઠળ રૂા. ૨/-ની ફી લેવાપાત્ર છે અને રજિસ્ટરમાં નામ ફરી દાખલ કરવા માટે તે કલમના ખંડ (ગ) હેઠળ પાંચ રૂપિયા લેવાપાત્ર છે. પ્રવર્તમાન ભાવ માળખાને અને કાઉન્સિલના કર્મચારીઓના વેતનમાં થતા વધારાને ધ્યાનમાં લઈને વખતોવખત નિયમોથી ફીનું ધોરણ ઠરાવવાની રાજ્ય સરકારને સત્તા આપવાનું જરૂરી જણાયું છે. આથી, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે અધિનિયમની કલમો ૧૬, ૧૭, ૧૯ અને ૨૩ સુધારવા ધાર્યું છે.

નીતિન પટેલ

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયક નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય પ્રકારની સત્તાની સોંપણી માટે જોગવાઈ કરે છે.—

કલમ : ૨.— આ કલમથી સુધારવા ધારેલ કલમ ૧૬ની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને, કોઈ વ્યકિતને પોતાનું નામ તબીબી વ્યવસાયી તરીકે રજિસ્ટર કરવા માટે ભરવાપાત્ર ફી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ : ૩.— આ કલમથી સુધારવા ધારેલ કલમ ૧૭ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, ભારતના પ્રદેશ બહારના કોઈ સ્થળે કોઈ સત્તાધિકારીએ એનાયત કરેલી તબીબી લાયકાત ધરાવનારને પોતાનું નામ તબીબી વ્યવસાયી તરીકે રજિસ્ટર કરવા માટે ભરવાપાત્ર ફી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ : ૪.— આ કલમથી સુધારવા ધારેલ કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, ભારતના મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ કામ ચલાઉ રીતે રજિસ્ટર થવા ઈચ્છા ધરાવતી વ્યકિતએ ભરવાપાત્ર ફી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ : ૫.—(૧) આ કલમથી સુધારવા ધારેલ કલમ ૨૩ના ખંડ (ખ) થી, રાજ્ય સરકારને, તબીબી વ્યવસાયી તરીકે રજિસ્ટ્રેશન ફરી તાજું કરવા માટે ફી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ ખંડથી સુધારવા ધારેલ કલમ ૨૩ના ખંડ (ગ) થી, રાજ્ય સરકારને રજિસ્ટરમાંથી કાઢી નખાયેલું નામ ફરી દાખલ કરવા માટે ફી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૨મી જુલાઈ, ૧૯૯૫

નીતિન પટેલ

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૧૯મી જુલાઈ, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 39 REGISTERED NO. G/GN[redacted]





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JULY 20, 1995/ASADHA 29, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલાં સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ,

INDEX

INDEX

GUJARAT BILL NO. 21 OF 1995.

THE GUJARAT SALES TAX (AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Gujarat Sales Tax Act, 1969.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-આ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે. :—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક :૨૧.

ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ વધુ સુધારવા બાબત વિધેયક

આથી ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટુંકી સંજ્ઞા આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત વેચાણવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૨ને સુધારો.

૨. ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૧૨માં, "છ મહિનાની" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "બાર મહિનાની" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં "છ મહિનાની" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "બાર મહિનાની" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૬નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા--કલમ (૫) ને બદલે, નીચેની પેટા--કલમ મૂકવી :—

"(૫) કોઈ વેપારી આ કલમ હેઠળ વેરો ભરવાને જવાબદાર થાય, ત્યારે કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (કક) અથવા પેટા--કલમ (૨)ના ખંડ (કક) હેઠળ લીધેલો કે લેવાપાત્ર વેચાણવેરો અથવા કલમ ૧૫--ક હેઠળ લીધેલો કે લેવાપાત્ર ખરીદી વેરો, આ કલમ હેઠળ ભરવાના ખરીદી વેરા સામે મજરે આપવામાં આવશે.".

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૧નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૧માં, પેટા કલમ (૩)માં બીજા પરંતુકમાં ખંડ (ક)માં, "પાંચ લાખ" એ શબ્દોને બદલે "દસ લાખ" એ શબ્દો મૂકવા અને "પાંચ હજાર" એ શબ્દોને બદલે "દસ હજાર" એ શબ્દો મૂકવા અને તે સન ૧૯૯૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી હંમેશા મૂકવામાં આવ્યા છે એમ ગણાશે.

INDEX

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૧નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૧ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી:—

સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાની મુદત માટે આકારણી થયેલી ગણવા માટે ખાસ જોગવાઈ.

"૪૧ક.(૧) કલમ ૪૧ની પેટા--કલમો(૨) અને (૩) માં ગમે તે મજકૂર હોય તે છતાં,—

કોઈપણ નિર્દિષ્ટ મુદતના સંબંધમાં તે માટે ઠરાવેલી તારીખોએ કોઈપણ વેપારીએ ઓકરાર અથવા પત્રક પૂરા પાડયા હોય અને આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવેલા સમયની અંદર એવા ઓકરાર અથવા પત્રક અનુસાર લેણાં વેરાની રકમ ભરી હોય ત્યારે,—

(ક) કલમ ૪૧ની પેટા--કલમ (૩) હેઠળ જેના ઉપર નોટીસ કાઢવામાં આવી હોય અને ઓકરાર અથવા પત્રક જે મુદતને લગતું હોય તે નિર્દિષ્ટ મુદત દરમિયાન જેનું ખરીદીનું ટર્નઓવર અથવા નિર્દિષ્ટ વેચાણોનું ટર્નઓવર અથવા વેચાણોનું ટર્નઓવર પાંચ લાખ કરતા વધતું ન હોય અને નિર્દિષ્ટ મુદત માટે ભરવાનો વેરો પાંચ હજાર રૂપિયા કરતા વધતો ન હોય તેવા વેપારીના કિસ્સામાં, આવા ઓકરાર અથવા પત્રકના સંબંધમાં તે વેપારી પાસે લેણાં થતાં વેરાની રકમ, જો વેપારી તેના વિકલ્પે દરેક નિર્દિષ્ટ મુદત માટે તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ અથવા તે પહેલા સરકારી તિજોરીમાં બસો પચાસ રૂપિયા ભરે તો આકારણી કરવામાં આવી છે એમ ગણાશે;

(ખ) ઓકરાર અથવા પત્રક જે મુદતને લગતું હોય તે નિર્દિષ્ટ મુદત દરમિયાન જેનું ખરીદીનું ટર્ન-ઓવર અથવા નિર્દિષ્ટ વેચાણોનું ટર્નઓવર અથવા વેચાણોનું ટર્નઓવર પંદર લાખ રૂપિયા કરતાં વધુ ન હોય અને નિર્દિષ્ટ મુદત માટે ભરવાનો વેરો પચ્ચીસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તે વેપારીના કિસ્સામાં આવા ઓકરાર અથવા પત્રકના સંબંધમાં, આવા વેપારી પાસે લેણાં થતાં વેરાની રકમ, કલમ ૪૧ની પેટા-કલમ (૩) હેઠળ, નોટિસ કાઢી હોય કે કાઢી ન હોય તે છતાં, વેપારી તેના વિકલ્પે દરેક નિર્દિષ્ટ મુદત માટે તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ અથવા તે પહેલા સરકારી તિજોરીમાં પાંચસો રૂપિયા ભરે તો આકારણી કરવામાં આવી છે એમ ગણાશે;

(ગ) ઓકરાર અથવા પત્રક જે મુદતને લગતું હોય તે નિર્દિષ્ટ મુદત દરમિયાન જેનું ખરીદીનું ટર્ન-ઓવર અથવા નિર્દિષ્ટ વેચાણોનું ટર્ન-ઓવર અથવા વેચાણોનું ટર્નઓવર પંદર લાખ રૂપિયા કરતાં વધુ હોય પણ પચ્ચીસ લાખ રૂપિયા કરતાં વધુ ન હોય અને નિર્દિષ્ટ મુદત માટે ભરવાનો વેરો પચ્ચીસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તે વેપારીના કિસ્સામાં, આવા ઓકરાર અથવા પત્રકના સંબંધમાં, આવા વેપારી પાસે લેણા થતા વેરાની રકમ, કલમ ૪૧ની પેટા--કલમ (૩) હેઠળ, નોટિસ કાઢી હોય કે કાઢી ન હોય તે છતાં જો વેપારી તેના વિકલ્પે દરેક નિર્દિષ્ટ મુદત માટે તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ અથવા તે પહેલાં સરકારી તિજોરીમાં એક હજાર રૂપિયા ભરે તો આકારણી કરવામાં આવી છે એમ ગણાશે.

(૨) પેટા--કલમ (૧) ના ખંડ (ક), (ખ) અથવા (ગ) હેઠળ કોઈ વેપારીએ કરેલી ચૂકવણી,—

(ક) જાણે કે વેપારીએ, કલમ ૪૦ની પેટા-કલમ (૩) હેઠળ સુધારેલ ઓકરાર અથવા સુધારેલ પત્રક પૂરું પાડયું હતું; અને

(ખ) આવા સુધારેલ ઓકરાર અથવા સુધારેલ પત્રક હેઠળ, વેરો ભરવા માટેની જવાબદારી પેટે કલમ ૪૭ની પેટા--કલમ (૩) હેઠળ, કરેલ ચૂકવણી તરીકે,

સમજવામાં આવશે.

(૩) આ કલમનો કોઈપણ મજકૂર, કલમ ૫૯ની પેટા-કલમ (૪) હેઠળ જેનાં હિસાબો, રજિસ્ટર્સ અથવા દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હોય તે વેપારીને લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે, "નિર્દિષ્ટ મુદત" એટલે,

(ક) હિસાબના નિયમિત ચોપડા રાખતો હોય તેવા કોઈ વેપારીના સંબંધમાં, જેના સંદર્ભમાં પોતે હિસાબો રાખતો હોય તેવું સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાનું કોઈપણ વર્ષ અથવા વર્ષનો કોઈ ભાગ અને.

(ખ) બીજા કોઈપણ વેપારીના સંબંધમાં, સદરહુ તારીખ આગાઉનું કોઈપણ નાણાંકીય વર્ષ અથવા નાણાંકીય વર્ષનો કોઈ ભાગ.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૭નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૭માં, પેટા-કલમ (૪ક) માં, પરંતુકમાં, ખંડ (૫) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:—

(૬) કોઈપણ મુદતના સંબંધમાંઆ અધિનિયમ હેઠળ કોઈપણ વેપારી પાસેથી વેરાની રકમ આકારતી વખતે, આકારણીનો હુકમ કરવા માટે લીધેલ સમય, કલમ ૪૭ની પેટા-કલમો (૧), (૨) અથવા (૩) હેઠળ વેરાની ચૂકવણી માટે ઠરાવેલ સમય પૂરો થયાની તારીખથી છત્રીસ મહિના કરતાં વધતો હોય તે પ્રસંગે, છત્રીસ મહિનાથી વધારાની મુદતના સંબંધમાં.",

INDEX

૮. મુખ્ય અધિનિયમમાં કલમ ૫૫-ખમાં, "શમીયાણા" એ શબ્દ પછી, "ઈલેકટ્રિક પંખા, ઈલેકટ્રિક માલ-સામાન, ફર્નિચર અને વાસણો" એ શબ્દો દાખલ કરવા. સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૫-ખ નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ—૧ માં, સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

(૧) અનુક્રમાંક ૧૪ની નોંધમાં, કોલમ ૨માં, "(પણ તેમાં કપાસીયા સિવાય) બીજો ખોળ અને તેલ રહિત ખોળ" એ કૌંસ અને શબ્દોને બદલે, "(પણ તેમાં બીજા ખોળ અને તેલરાહત ખોળ સિવાય)" એ કૌંસ અને શબ્દો મૂકવાં;

(૨) અનુક્રમાંક ૩૭ની નોંધમાં, કોલમ ૨માં, "એક સો રૂપિયા" એ શબ્દોને બદલે, "એક સો પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૩) અનુક્રમાંક ૪૧ની નોંધમાં, કોલમ ૨માં, "ધમેલા અને તગારાં" એ શબ્દોને બદલે, "જી. પી. શીટ્સ અને સી. આર. શીટ્સના બનેલા ધમેલા અને તગારાં" એ શબ્દો મૂકવા;

(૪) અનુક્રમાંક ૪૯ની નોંધમાં, કોલમ ૨માં "રૂપિયા ચાળીસ" એ શબ્દોને બદલે, " રૂપિયા પચાસ" એ શબ્દો મૂકવા ;

(૫) અનુક્રમાંક ૮૩ ની નોંધ કમી કરવી;

(૬) અનુક્રમાંક : ૮૯ની નોંધમાં, કોલમ ૨માં, "રમકડાં" એ શબ્દોને બદલે, "ઈલેકટ્રોનિક રમકડાં સિવાયના રમકડાં" એ શબ્દો મૂકવા.

૧૦. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨, સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૨ નો સુધારો.

(ક) ભાગ-કમાં,—

(૧) અનુક્રમાંક ૩૧ની નોંધ ને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧	૨	૩	૪
"૩૧	હોઝિયરીમાલ	રૂપિયે બે પૈસા	રૂપિયે બે પૈસા".

(૨) અનુક્રમાંક ૩૧ની નોંધ પછી, નીચેની નવી નોંધ ઉમેરવી :—

૧	૨	૩	૪
"૩૧ ક.	ઈસબગુલ	રૂપિયે ત્રણ પૈસા	રૂપિયે ત્રણ પૈસા",

(૩) અનુક્રમાંક ૬૬ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧.	૨	૩.	૪.
"૬૬	અગરબત્તી, પડી, ધૂપ, ધૂપબત્તી અને લોબાન.	રૂપિયે બે પૈસા	રૂપિયે બે પૈસા",

(૪) અનુક્રમાંક ૭૮ની નોંધમાં, કોલમ ૩ અને ૪ માં, "રૂપિયે બાર પૈસા", એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૫) અનુક્રમાંક ૯૭ ની નોંધમાં પેટા-નોંધ (ધ)માં, બાબત (૯) માં, કોલમ (૨)માં "ઈલેકટ્રોનિક ગેઈમ્સ" એ શબ્દો બે જગ્યાએ આવે છે ત્યાં તે પછી, "ઈલેકટ્રોનિક રમકડાં" એ શબ્દો દાખલ કરવા;

INDEX

(૬) અનુક્રમાંક ૧૨૧ની નોંધમાં, કોલમ ૩ અને ૪ માં, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દોને બદલે "રૂપિયે વીસ પૈસા" એ શબ્દો મૂકવા;

(૭) અનુક્રમાંક ૧૨૭ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧	૨	૩	૪
"૧૨૭.	કોઈપણ પ્રકારના મચ્છર પ્રતિરોધકો તેની સાધનસામગ્રી અને ડીવાઈસ સહિત.	રૂપિયે ચાર પૈસા.	રૂપિયે ચાર પૈસા".

(૮) અનુક્રમાંક ૧૨૮ની નોંધમાં, પેટા-નોંધ (૬)માં, કોલમ-૨માં, "ટાયરો અને ટયુબો" એ શબ્દોને બદલે "ટાયરો, ટયૂબો અને ફ્લેપો" એ શબ્દો મૂકવા;

(૯) અનુક્રમાંક ૧૩૪ ની નોંધમાં કોલમ ૩ અને ૪માં, "રૂપિયે છ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા.

(૧૦) અનુક્રમાંક ૧૫૧ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે પાંચ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૧) અનુક્રમાંક ૧૫૨ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧	૨	૩	૪
"૧૫૨	(૧) ચશ્મા, ઓપ્થેલ્મીક લેન્સ, કોન્ટેકટ લેન્સ ફ્રેમો તેના છૂટા ભાગો અને ઉપસાધનો. અને રફ બ્લેન્ક.	રૂપિયે ચાર પૈસા	રૂપિયે ચાર પૈસા.
	(૨) ગોગલ્સ અને સનગ્લાસીસ	રૂપિયે બાર પૈસા.	રૂપિયે બાર પૈસા"

(૧૨) અનુક્રમાંક ૧૬૫ની નોંધમાં, પેટા-નોંધ (૨)માં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે સાત પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૩) અનુક્રમાંક ૧૮૦ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે ચૌદ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૪) અનુક્રમાંક ૧૮૨ની નોંધમાં, પેટા-નોંધ (૧)માં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે એક પૈસો" એ શબ્દોને બદલે, "રૂપિયે બે પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૫) અનુક્રમાંક ૧૮૩ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે બાર પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૬) અનુક્રમાંક ૧૮૪ ખની નોંધ પછી, નીચેની નવી નોંધ દાખલ કરવી :—

૧	૨	૩	૪
"૧૮૪-ગ	(૧) વરીયાળી (એની સીડ્સ), (૨) જીરૂ (કયુમીન સીડ્સ), (૩) મેથી (ફેનુગ્રુ સીડ્સ), (૪) અજમો (આજવા), (૫) કાલિંગડાના બી, (૬) અશળિયો.	રૂપિયે ત્રણ પૈસા	રૂપિયે ત્રણ પૈસા";

(૧૭) અનુક્રમાંક ૧૯૨ની નોંધમાં, પેટા-નોંધ (૨)માં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે ચૌદ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૮) અનુક્રમાંક ૧૯૩ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે સાત પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા.

(ખ) અનુસૂચિ ૨માં, ભાગ-ખમાં, અનુક્રમાંક ૩, ૪, ૫ અને ૬ની નોંધો કમી કરવી.

INDEX

ઉદ્દેશો અને કારણો

૨૧મી જૂન, ૧૯૯૫ના રોજ વિધાનસભામાં નાણામંત્રીશ્રીના બજેટ પ્રવચનમાં સમાવિષ્ટ દરખાસ્તોને અમલમા બનાવવાના હેતુથી ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ ને આ વિધેયકથી સુધારવા ધાર્યું છે.

(૧) કલમ ૧૬ હેઠળ, ખરીદવેરા સામે લીધેલા અથવા લેવાપાત્ર વેરાને પૂરેપૂરો મજરે આપવાનું મંજૂર કરી શકાય તે માટે સન ૧૯૯૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૧૦ દ્વારા કલમ ૧૨માં કરેલ સુધારાના પરિણામે કલમ ૧૬ સુધારવાની;

(૨) સદરહુ નોંધોના અંતર્ગત ઈરાદાઓના સ્પષ્ટીકરણના હેતુથી, અનુસૂચિ ૧માં, નોંધો ક્રમાંક ૧૪, ૪૧ અને ૮૯ સુધારવાની; તક પણ લેવામાં આવી છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

સુરેશ મહેતા

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ ૧.— આ કલમની પેટા–કલમ (૨)થી રાજ્ય સરકારને રાજપત્રમાં જાહેરનામા દ્વારા જે તારીખે આ અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તા. ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

સુરેશ મહેતા,

ગુજરાતના રાજ્યપાલકશ્રીના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ. ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોનો વિભાગના
સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 40 REGISTERED NO. G/GNR/3

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVII] THURSDAY, JULY 20, 1995/ASADHA 29, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૫ના ગુજરાત રાજ્યપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 22 OF 1995.

THE BOMBAY LAND REVENUE (GUJARAT SECOND AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Bombay Land Revenue Code, 1879.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :-

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૨.

મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક, ૧૯૯૫.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમના પ્રકરણ ૧૦-ખનો સુધારો.

૨. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, પ્રકરણ ૧૦ ખમાં, "તલાટી" એ શબ્દ જ્યાં જ્યાં આવે છે, ત્યાં ત્યાં તેને બદલે, "સક્ષમ સત્તાધિકારી" એ શબ્દો મૂકવા.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં, નવી કલમ ૧૩૫-ઠઠ દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૧૦ ખમાં, "ખેડૂત-પાસ-બુક ખાતાવહી બાબત" એ શીર્ષક પછી, પરંતુ કલમ ૧૩૫-ત પહેલાં, નીચેની નવી કલમ દાખલ કરવી :-

લાગુ પાડવા બાબત.

"૧૩૫-ઠઠ. (૧) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા કોઈ જિલ્લાના તાલુકાને લાગુ પડશે.

(૨) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા કોઈ જિલ્લાના તાલુકાને લાગુ પડવાનું બંધ થશે.

(૩) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા કોઈ જિલ્લાના તાલુકાને ફરી લાગુ પડવાનું ચાલુ થશે.".

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫-તનો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ત માં,-

(૧) પેટા-કલમ (૧) માં, "જેના માટે તલાટી નીમવામાં આવ્યો હોય તેવા ગામ અથવા ગામના સમૂહમાં" એ શબ્દોને બદલે, "કલમ ૧૩૫-ઠઠની પેટા-કલમ (૧) હેઠળ જેનો આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા તેની પેટા-કલમ (૩) હેઠળ ફરી લાગુ પડતું હોય અને જેના માટે સક્ષમ સત્તાધિકારી નીમવામાં આવ્યા હોય તે તાલુકામાં" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

INDEX

(૨) પેટા-કલમ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૨) (ક) કલમ ૧૩૫-ઢઢની પેટા-કલમ (૧) હેઠળ જેને આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા પેટા-કલમ (૩) હેઠળ ફરી લાગુ પડતું હોય તે તાલુકામાં જમીન ધરાવતા ખેડૂતને ખેડૂત-પાસ-બુક પૂરી પાડવી જોઈશે.

(ખ) ખંડ (ક) હેઠળ—

(૧) જે તારીખે તાલુકાને આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા ફરી લાગુ પડતું હોય તે તારીખથી રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર; અને

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી ભર્યેથી,

પાસ-બુક આપવામાં આવશે.

(ગ) ખેડૂત-પાસ-બુકની બીજી પ્રત સક્ષમ સત્તાધિકારીએ રાખવી જોઈશે."

સન ૧૮૭૯ ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫-થનો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫—થમાં, સ્પષ્ટીકરણમાં,—

(૧) "અને કલમ ૧૩૫-દમાં," એ શબ્દો, આંકડા અને અક્ષરને બદલે, "અને કલમો ૧૩૫-દ અને ૧૩૫-પમાં" એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા;

સન ૧૯૮૦ નો ૪૦મો.

(૨) ખંડ (૪)માં, "૧૯૭૦" આ આંકડા પછી "અથવા બેન્કીંગ કંપની (અન્ડરટેકિંગ સંપાદન અને તબદીલી) અધિનિયમ, ૧૯૮૦" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા;

(૩) ખંડ (૯) પછી, નીચેના ખંડો દાખલ કરવા:—

સન ૧૯૬૨ નો ગુજરાતનો ૧૦મો.

"(૯-ક) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલ સહકારી મંડળી;

સન ૧૯૯૩ નો ગુજરાતનો ૧૮મો.

(૯-ખ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલ કોઈ પંચાયત.".

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં નવી કલમ ૧૩૫-દદ અને ૧૩૫-દદદ દાખલ કરવા બાબત.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-દ પછી, નીચેની નવી કલમો દાખલ કરવી :—

ખેતીની જમીનની તબદીલીના રજિસ્ટ્રેશન દસ્તાવેજ સાથે ખેડૂત પાસ-બુક જોડવા બાબત.

"૧૩૫-દદ.(૧) કોઈપણ ખેતીના જમીન, વેચાણ દ્વારા, ખરીદી દ્વારા, બક્ષિસ દ્વારા, ગીરો દ્વારા પછી તે કબજા સાથે કે કબજા રહિત હોય, અદલા-બદલી દ્વારા, વિભાજન દ્વારા, પટ્ટે આપીને, સુપ્રત કરીને અથવા અન્યથા તબદીલ કરવાનો કોઈપણ દસ્તાવેજ, આવી જમીનને લગતી ખેડૂત પાસ-બુક આવા દસ્તાવેજ સાથે જોડી હોય તે સિવાય, આ પ્રકરણ કલમ ૧૩૫-ઢઢની પેટા-કલમ (૧) હેઠળ જેને લાગુ પડતું હોય અથવા પેટા-કલમ (૩) હેઠળ ફરી લાગુ પડતું હોય તે તાલુકામાં, કોઈપણ રજિસ્ટર કરનાર સત્તાધિકારી, રજિસ્ટર કરી શકશે નહિ.

(૨) રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ, આવો દસ્તાવેજ રજિસ્ટર કર્યા પછી, ખેડૂતની ખેડૂત-પાસ-બુકમાં જરૂરી નોંધો કરવી જોઈશે અને ત્યારપછી, પાસ-બુક ખેડૂતને પરત કરવી જોઈશે.

(૩) રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ, આવા રજિસ્ટ્રેશનનો લેખિત રિપોર્ટ સક્ષમ સત્તાધિકારીને કરવો જોઈશે.

સક્ષમ સત્તાધિકારીની જવાબદારી.

૧૩૫--દદદ : સક્ષમ સત્તાધિકારીની, અનુક્રમે કલમો ૧૩૫--ધ અને ૧૩૫--ન માં જોગવાઈ કર્યા મુજબ ખેડૂત પાસ-બુક અને પોતે રાખેલી ખેડૂત પાસ-બુકની બીજી નકલ, તેમાં જરૂરી નોંધો કરીને અદ્યાવત રાખવાની જવાબદારી રહેશે."

સન૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં કલમ ૧૩૫--ધ બદલવા બાબત

૭. મુ[illegible] અધિનિયમમાં, કલમ-૧૩૫-ધને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"૧૩૫- ધ. જ્યારે પણ કલમ ૧૩૫-ઘ હેઠળ ફેરફારના રજિસ્ટરમાંથી હકપત્રમાં નોંધો બદલવામાં આવે ત્યારે, સક્ષમ સત્તાધિકારીએ સંબંધિત ખેડૂત પાસેથી ખેડૂત-પાસ-બુક માંગવી જોઈશે અને તેમ થયે, ખેડૂતે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર, સક્ષમ સત્તાધિકારી સમક્ષ, ખેડૂત-પાસ-બુક રજૂ કરવી જોઈશે અને આવી રીતે પાસ-બુક રજૂ કર્યેથી, સક્ષમ સત્તાધિકારીએ, હકપત્રમાંની તત્સમાન હોય તેવી નોંધો તેમાં કરવી જોઈશે અને આવી પાસ બુક અદ્યાવત રાખવી જોઈશે.".

ખેડૂત-પાસ-બુક અદ્યાવત રાખવા બાબત.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-૫ સ્પષ્ટીકરણ સહિતને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

સન ૧૯૭૯ના મુંબઈના ૩૫ મા અધિનિયમની કલમ ૧૩૫–૫ બદલવા બાબત.

"૧૩૫-૫. (ક) સક્ષમ સત્તાધિકારીએ રાખેલી ખેડૂત–પાસ–બુકની બીજી પ્રતમાંની, અથવા

(ખ) ખેડૂતની ખેડૂત–પાસ–બુકમાંની,

બેન્કે અથવા રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ કરેલી નોંધ ન હોય તેવી કોઈપણ નોંધની પ્રમાણિત નકલ, તમામ કાનૂની કાર્યવાહીમાં, આવી નોંધ હોવાના પ્રથમ દર્શનીય પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે અને હકપત્રમાં ખરે મૂળ નોંધ જ હોય તેમ તેટલા પ્રમાણમાં, તેમાં નોંધાયેલ બાબતો, બોજાઓ અને હિસ્સાઓના પુરાવા તરીકે ગ્રાહ્ય ગણાશે., પણ વિશેષ અથવા બીજી રીતે નહિ.".

ખેડૂત પાસ-બુકની નોંધો પ્રમાણિત કરવાની રીત.

૯. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૧૦-ખમાં, કલમ ૧૩૫–૫ પછી, નીચેની કલમો અને સ્પષ્ટીકરણ દાખલ કરવામાં આવશે :—

સન ૧૯૭૯ની મુંબઈના ૩૫ મા અધિનિયમનાં પ્રકરણ ૧૦-ખમાં નવી કલમો અને સ્પષ્ટીકરણ દાખલ કરવા બાબત.

"૧૩૫-૬. જે કોઈ ખેડૂત કલમ ૧૩૫-ધની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

કલમ ૧૩૫-ધ નું ઉલ્લંઘન કરવા માટે દંડ કરવા બાબત.

૧૩૫-૭. જે કોઈ વ્યકિત, પાસ–બુકમાં અનધિકૃત રીતે કોઈ નોંધ કરે, તેમાં ફેરફાર કરે અથવા તે રદ કરે અથવા પાસ-બુક સંબંધી ખોટી માહિતી સક્ષમ સત્તાધિકારીને પૂરી પાડે, તેને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

પાસબુકમાં અનધિકૃત ફેરફાર કરવા અથવા ખોટી માહિતી પૂરી પાડવા માટે દંડ કરવા બાબત.

સ્પષ્ટીકરણ :—આ પ્રકરણના હેતુઓ માટે,—

(૧) "ખેડૂત" એ શબ્દપ્રયોગનો અર્થ, ખેતીના હેતુ માટે જમીન ધરાવનાર જમીન ધારક" એવો કરવો;

(૨) "સક્ષમ સત્તાધિકારી" એ શબ્દપ્રયોગનો અર્થ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નીમે તેવા મહેસૂલી અધિકારી એવો કરવો;

INDEX

(3) "રજિસ્ટર કરનાર સત્તાધિકારી" એ શબ્દ પ્રયોગનો અર્થ, રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નીમાયેલ રજિસ્ટર કરનાર સત્તાધિકારી.". સન ૧૯૦૮ નો ૧૬મો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧૪માં, પેટા--કલમ (૨) માં, ખંડ (ભ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :-

સન ૧૮૬૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૨૧૪ને સુધારશે.

"(મ) ખેડૂત પાસ-બુક પૂરી પાડવાનું નિયમન કરવા બાબત." .

ઉદ્દેશો અને કારણો.

અનુભવથી, મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૬૯ના ખેડૂત—પાસ—બુક સંબંધી પ્રકરણ ૧૦-ખ ને, નીચેની બાબતોને લક્ષમાં લઈને સુધારવાનું જરૂરી જણાયું છે:—

(૧) રાજ્યમાં પ્રકરણ, ક્રમશ: તાલુકાવાર લાગુ પાડવા માટેની જોગવાઈ કરવા;

(૨) આ પ્રકરણ કોઈ તાલુકામાં લાગુ પડવાની તારીખથી ઠરાવેલી મુદતની અંદર તાલુકામાંના ખેડૂતોને પાસ—બુકો પૂરી પાડવાની જોગવાઈ કરવા;

(૩) કોઈપણ જમીનની તબદીલીના દસ્તાવેજો રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ, ખેડૂત—પાસ—બુકમાં જરૂરી નોંધો કરવા માટે જોગવાઈ કરવા;

(૪) ખેડૂત પાસ બુકમાં જરૂરી નોંધો કરીને તે અદ્યાવત રાખવાની સક્ષમ સત્તાધિકારીની જવાબદારી નક્કી કરવા;

(૫) ખેડૂત—પાસ—બુકમાં સક્ષમ સત્તાધિકારીએ કરેલ નોંધોને માટે પુરાવાજન્ય મૂલ્યની જોગવાઈ કરવા;

(૬) પાસ--બુકમાં અનધિકૃત ફેરફાર કરવા અને સક્ષમ સત્તાધિકારીને ખોટી માહિતી પૂરી પાડવાને ગુનો ગણવા અને તે માટે દંડ ઠરાવવા બાબત;

(૭) અમલ કરનાર અધિકારી હોય તેવા તલાટીની જગ્યાએ સક્ષમ સત્તાધિકારી મૂકવા બાબત.

વજુભાઈ વાળા

નાણાંકીય યાદી

આ વિધેયકની કલમ ૪ની પેટા-કલમ (૨)થી મૂકવા ધારેલી કલમ ૧૩૫-તની નવી પેટા-કલમ (૨)માં જેને પ્રકરણ ૧૦-ખ લાગુ પાડી શકાય તે તાલુકામાં ખેતીની જમીન ધરાવનાર ખેડૂતને ખેડૂત--પાસ-બુક, નિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી ભર્યે પૂરી પાડવા માટે જોગવાઈ કરી છે. પ્રકરણ ૧૦-ખની જોગવાઈઓ, રાજ્યમાં ક્રમશ: તાલુકાવાર લાગુ પાડવાનો ઈરાદો છે. શરૂઆતમાં, પ્રકરણ ૧૦-ખની જોગવાઈઓ રાજ્યમાંના માત્ર ત્રણ જુદા જુદા તાલુકાઓને જ લાગુ પાડવાનો ઈરાદો છે. સદરહુ પેટા-કલમ(૨)ની જોગવાઈઓ, અધિનિયમિત કરવામાં અને શરૂઆતમાં ત્રણ જુદા જુદા તાલુકાઓમાં અમલમાં લાવવામાં આવે તો, રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂપિયા એક કરોડનો અંદાજિત ખર્ચ થશે. સદરહુ ખર્ચ, બિન-આવર્તક પ્રકારનો ગણાશે. પાસ-બુક પૂરી પાડવા માટે થનાર ખર્ચ, ખેડૂત-પાસ-બુક પૂરી પાડવા માટે ભરેલી ફીમાંથી અંશત: વસૂલ થશે.

વજુભાઈ વાળા

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

આ વિધેયકમાં, નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમ ૧.—આ કલમની પેટા—કલમ (૨) થી રાજ્ય સરકારને, અધિનિયમની બાકીની જોગવાઈઓ અમલમાં લાવવાની તારીખ, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.—આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૩૫—ઢઢ ની પેટા-કલમો (૧), (૨) અને (૩) થી રાજ્ય સરકારને રાજપત્રમાં જાહેરનામા દ્વારા આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા જિલ્લાના તાલુકાને પ્રકરણ ૧૦-ખ લાગુ પાડવાની અથવા લાગુ પડતું બંધ કરવાની અથવા ફરી લાગુ પાડવાનું ચાલુ કરવાની સત્તા મળે છે.

કલમ ૪.—(૧) આ કલમની પેટા-કલમ (૨) થી મૂકવા ધારેલી પેટા-કલમ (૨)ના ખંડ (ખ) થી, રાજ્ય સરકારને રાજપત્રમાં જાહેરનામા દ્વારા પ્રકરણ ૧૦-ખ લાગુ પડવાની તારીખથી કેટલી મુદતની અંદર ખેડૂતને ખેડૂત-પાસ-બુક પૂરી પાડવી જોઈશે તે નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

(૨) સદરહુ પેટા-કલમ (૨) ના ખંડ (ખ) ના પેટા-ખંડ (૨) થી, રાજ્ય સરકારને ખેડૂતને પૂરી પાડેલી પાસ-બુક માટે તેણે ચૂકવવાની ફી નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭.—આ કલમથી મૂકવા ધારેલી કલમ ૧૩૫-ધ થી, રાજ્ય સરકારને, ખેડૂતે કેટલી મુદતની અંદર ખેડૂત-પાસ-બુક સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કરવી તે મુદત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૯.—આ કલમથી દાખલ કરવા ધારેલા સ્પષ્ટીકરણના ખંડ (૨) થી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા મહેસૂલી અધિકારીને સક્ષમ સત્તાધિકારી તરીકે નીમવાની સત્તા મળે છે.

કલમ ૧૦.—આ કલમથી કલમ ૨૧૪ની પેટા-કલમ (૨)માં ઉમેરવા ધારેલા ખંડ (૫) થી રાજ્ય સરકારને, નિયમો કરીને, ખેડૂત-પાસ-બુક પૂરી પાડવાનું નિયમન કરવાની સત્તા મળે છે.

સૂચિત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫. વજુભાઈ વાળા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૫.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોનો વિભાગના
સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 41 REGISTERED NO. G/GNR/3

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JULY 20, 1995/ASADHA 29, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 23 OF 1995.

THE GUJARAT APPROPRIATION BILL, 1995.

A BILL

to authorise payment and appropriation of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the Financial year ending on the thirty-first day of March, 1996.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-આ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૩.

ગુજરાત વિનિયોગ વિધેયક, ૧૯૯૫.

સન ૧૯૯૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

સન ૧૯૯૫ —૯૬ના નાણાંકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂ. ૭૭,૮૪,૨૧, ૧૮,૦૦૦ કાઢવા બાબત.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા સાત હજાર સાતસો ચૌર્યાશી કરોડ, એકવીસ લાખ, અઢાર હજારની રકમ એ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૧૯૯૫--૯૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાંકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

વિનિયોગ.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧,૬૮,૩૨,૦૦૦	—	૧,૬૮,૩૨,૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૨,૬૧,૮૭,૨૬,૦૦૦	—	૨,૬૧,૮૭,૨૬,૦૦૦
		મૂડી	૩,૩૬,૬૬,૦૦૦	—	૩,૩૬,૬૬,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૨૮,૩૭,૯૦,૦૦૦	—	૨૮,૩૭,૯૦,૦૦૦
		મૂડી	૬૧,૬૭,૦૦૦	—	૬૧,૬૭,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૨૮,૩૫,૭૬,૦૦૦	—	૨૮,૩૫,૭૬,૦૦૦
		મૂડી	૨,૬૭,૦૦૦	—	૨,૬૭,૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૧૨,૮૬,૮૫,૦૦૦	—	૧૨,૮૬,૮૫,૦૦૦
		મૂડી	૧૦,૫૪,૮૯,૦૦૦	—	૧૦,૫૪,૮૯,૦૦૦
૭	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૯૬,૭૭,૦૦૦	—	૯૬,૭૭,૦૦૦
૮	શિક્ષણ	મહેસૂલ	૧૧,૬૮,૮૦,૭૩,૦૦૦	૩૧,૮૦,૬૭,૦૦૦	૧૨,૦૦,૬૧,૪૦,૦૦૦
		મૂડી	૩,૫૫,૦૦૦	—	૩,૫૫,૦૦૦
૯	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૩૪,૭૬,૦૦૦	—	૩,૩૪,૭૬,૦૦૦
૧૦	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૩૯,૩૩,૦૦૦	—	૩૯,૩૩,૦૦૦
૧૧	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૨,૦૪,૦૦,૦૦૦	—	૨,૦૪,૦૦,૦૦૦
૧૨	ઉર્જા યોજનાઓ	મહેસૂલ	૨,૬૨,૯૪,૪૦,૦૦૦	—	૨,૬૨,૯૪,૪૦,૦૦૦
		મૂડી	૨,૧૪,૩૩,૦૦,૦૦૦	—	૨,૧૪,૩૩,૦૦,૦૦૦
૧૩	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨,૦૦,૦૦,૦૦૦	—	૨,૦૦,૦૦,૦૦૦
૧૪	નાણાં વિભાગ	મહેસૂલ	૨,૦૨,૧૭,૦૦૦	—	૨,૦૨,૧૭,૦૦૦
		મૂડી	૨,૭૧,૦૦૦	—	૨,૭૧,૦૦૦
૧૫	કર વસૂલાત અંગેનું ખર્ચ (નાણાં વિભાગ)	મહેસૂલ	૨૧,૨૯,૭૩,૦૦૦	—	૨૧,૨૯,૭૩,૦૦૦
૧૬	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૧૩,૭૯,૪૬,૦૦૦	—	૧૩,૭૯,૪૬,૦૦૦
૧૭	પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો	મહેસૂલ	૨,૩૦,૧૮,૩૩,૦૦૦	૬,૬૭,૦૦૦	૨,૩૦,૨૫,૦૦,૦૦૦
૧૮	નાણાં વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪,૨૯,૬૮,૫૩,૦૦૦	—	૪,૨૯,૬૮,૫૩,૦૦૦
		મૂડી	૧૬,૬૭,૦૦૦	૬૬,૦૦૦	૧૭,૩૩,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૧૯	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ	—	૮,૦૨,૧૬,૦૬,૦૦૦	૮,૦૨,૧૬,૦૬,૦૦૦
		મૂડી	—	૪,૩૭,૫૨,૪૭,૦૦૦	૪,૩૭,૫૨,૪૭,૦૦૦
૨૦	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૨,૨૦,૨૮,૦૦૦	—	૨,૨૦,૨૮,૦૦૦
૨૧	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧,૨૧,૯૭,૯૨,૦૦૦	—	૧,૨૧,૯૭,૯૨,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	—	૬૭,૦૦૦
૨૨	અન્ન	મહેસૂલ	૪,૭૪,૬૯,૦૦૦	—	૪,૭૪,૬૯,૦૦૦
		મૂડી	૩૫,૯૫,૦૦૦	—	૩૫,૯૫,૦૦૦
૨૪	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૪૪,૧૩,૦૦૦	૫૦,૦૦૦	૪૪,૬૩,૦૦૦
૨૫	વન	મહેસૂલ	૩૯,૦૧,૩૨,૦૦૦	...	૩૯,૦૧,૩૨,૦૦૦
		મૂડી	૨૮,૩૦,૭૩,૦૦૦		૨૮,૩૦,૭૩,૦૦૦
૨૬	પર્યાવરણ	મહેસૂલ	૧,૨૫,૦૦,૦૦૦	૨૫,૦૦૦	૧,૨૫,૨૫,૦૦૦
૨૮	રાજ્યપાલ	મહેસૂલ	...	૬૦,૮૦,૦૦૦	૬૦,૮૦,૦૦૦
૨૯	મંત્રી મંડળ	મહેસૂલ	૧,૮૯,૮૩,૦૦૦	...	૧,૮૯,૮૩,૦૦૦
૩૦	ચૂંટણી	મહેસૂલ	૧૮,૩૩,૭૧,૦૦૦	...	૧૮,૩૩,૭૧,૦૦૦
૩૧	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૨૯,૬૭,૦૦૦	૯૩,૪૪,૦૦૦	૧,૨૩,૧૧,૦૦૦
૩૨	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૭,૧૦,૫૪,૦૦૦	૫૨,૦૦૦	૭,૧૧,૦૬,૦૦૦
૩૩	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૩,૩૩,૬૫,૦૦૦	...	૩,૩૩,૬૫,૦૦૦
૩૪	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦,૯૮,૦૮,૦૦૦	...	૨૦,૯૮,૦૮,૦૦૦
૩૫	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૨,૮૦,૩૬,૦૦૦	૨,૬૭,૦૦૦	૨,૮૩,૦૩,૦૦૦
૩૭	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૧,૩૯,૫૧,૦૦૦	...	૧,૩૯,૫૧,૦૦૦
૩૮	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૨,૨૯,૭૪,૩૯,૦૦૦	૧,૧૬,૦૦૦	૨,૨૯,૭૫,૫૫,૦૦૦
૩૯	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૪૫,૦૮,૫૨,૦૦૦	૪,૪૮,૦૦૦	૪૫,૧૩,૦૦,૦૦૦
૪૦	પાણી પુરવઠા	મહેસૂલ	૩૮,૯૨,૪૩,૦૦૦	...	૩૮,૯૨,૪૩,૦૦૦
		મૂડી	૧,૧૬,૫૦,૫૧,૦૦૦	...	૧,૧૬,૫૦,૫૧,૦૦૦
૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૪,૪૬,૫૩,૦૦૦	...	૪૪,૪૬,૫૩,૦૦૦
૪૨	ગૃહ વિભાગ	મહેસૂલ	૧,૩૧,૫૮,૦૦૦	...	૧,૩૧,૫૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૪૩	પોલીસ	મહેસૂલ	૨,૩૭,૧૦,૬૩,૦૦૦	...	૨,૩૭,૧૦,૬૩,૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૮,૨૪,૯૫,૦૦૦	...	૮,૨૪,૯૫,૦૦૦
૪૫	વાહનવ્યવહાર	મહેસૂલ	૫૮,૬૯,૬૫,૦૦૦	...	૫૮,૬૯,૬૫,૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫,૬૨,૮૫,૦૦૦	૧,૦૦,૦૦૦	૧૫,૬૩,૮૫,૦૦૦
		મૂડી	૩,૯૭,૪૨,૦૦૦	...	૩,૯૭,૪૨,૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૮૧,૮૫,૦૦૦	...	૮૧,૮૫,૦૦૦
૪૮	લેખન સામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૧૬,૫૨,૭૩,૦૦૦	...	૧૬,૫૨,૭૩,૦૦૦
૪૯	ઉદ્યોગો	મહેસૂલ	૬૦,૧૧,૧૩,૦૦૦	...	૬૦,૧૧,૧૩,૦૦૦
		મૂડી	૧,૫૧,૫૯,૮૩,૦૦૦	...	૧,૫૧,૫૯,૮૩,૦૦૦
૫૦	ખાણ અને ખનીજ	મહેસૂલ	૬,૯૭,૦૭,૦૦૦	...	૬,૯૭,૦૭,૦૦૦
૫૧	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૮,૩૩,૦૦૦	...	૫૮,૩૩,૦૦૦
		મૂડી	૫૦,૦૦,૦૦૦	...	૫૦,૦૦,૦૦૦
૫૨	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૨૨,૮૦,૦૦૦	...	૨૨,૮૦,૦૦૦
૫૩	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૧,૧૯,૪૩,૦૦૦	...	૧૧,૧૯,૪૩,૦૦૦
		મૂડી	૨૦,૦૦,૦૦૦	...	૨૦,૦૦,૦૦૦
૫૪	પ્રવાસન	મહેસૂલ	૨,૧૫,૨૭,૦૦૦	...	૨,૧૫,૨૭,૦૦૦
		મૂડી	૧૭,૬૭,૦૦૦	...	૧૭,૬૭,૦૦૦
૫૫	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૦૪,૩૯,૦૦૦	...	૧,૦૪,૩૯,૦૦૦
૫૬	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૪૮,૨૯,૦૦૦	...	૪૮,૨૯,૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૩૭,૭૬,૫૭,૦૦૦	...	૩૭,૭૬,૫૭,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	...	૬૭,૦૦૦
૫૮	કાયદા વિભાગ	મહેસૂલ	૬૯,૩૭,૦૦૦	...	૬૯,૩૭,૦૦૦
		મૂડી	૧૭,૦૦૦	...	૧૭,૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૨૭,૨૦,૪૭,૦૦૦	૪,૦૬,૧૦,૦૦૦	૩૧,૨૬,૫૭,૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૦૫,૭૦,૦૦૦	...	૧,૦૫,૭૦,૦૦૦
૬૨	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.	મહેસૂલ	૫૬,૬૩,૦૦૦	...	૫૬,૬૩,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૬૪	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૧,૪૩,૫૦,૦૦૦	...	૧,૪૩,૫૦,૦૦૦
૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૬,૦૩,૮૦,૩૯,૦૦૦	...	૬,૦૩,૮૦,૩૯,૦૦૦
૬૬	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૩,૭૫,૪૨,૮૬,૦૦૦	૧૦,૮૬,૦૦૦	૩,૭૫,૫૩,૭૨,૦૦૦
		મૂડી	૧,૨૨,૮૪,૨૬,૦૦૦	૧૮,૭૫,૦૦૦	૧,૨૩,૦૩,૦૧,૦૦૦
૬૭	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯,૯૫,૦૦૦	૧૯,૩૧,૦૦૦	૨૯,૨૬,૦૦૦
૬૮	પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ.	મહેસૂલ	૯૬,૫૭,૦૦૦	...	૯૬,૫૭,૦૦૦
૬૯	સમૂહ વિકાસ	મહેસૂલ	૫૯,૫૨,૯૫,૦૦૦	...	૫૯,૫૨,૯૫,૦૦૦
૭૦	ગ્રામ ગૃહનિર્માણ	મહેસૂલ	૨૨,૪૩,૭૩,૦૦૦	૩૭,૦૪,૦૭,૦૦૦	૫૯,૪૭,૮૦,૦૦૦
		મૂડી	૩,૩૯,૬૭,૦૦૦	...	૩,૩૯,૬૭,૦૦૦
૭૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૧૩,૬૯,૫૨,૦૦૦	...	૧૩,૬૯,૫૨,૦૦૦
૭૨	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭,૨૨,૮૭,૦૦૦	...	૭,૨૨,૮૭,૦૦૦
૭૩	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૮,૧૫,૨૩,૦૦૦	...	૮,૧૫,૨૩,૦૦૦
		મૂડી	૧,૩૭,૦૦,૦૦૦	...	૧,૩૭,૦૦,૦૦૦
૭૪	બંદરો	મૂડી	૪,૮૦,૧૭,૦૦૦	...	૪,૮૦,૧૭,૦૦૦
૭૫	બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૫,૯૧,૦૦૦	...	૨૫,૯૧,૦૦૦
૭૬	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૨,૨૬,૨૩,૦૦૦	...	૨,૨૬,૨૩,૦૦૦
૭૭	કર વસૂલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૨૧,૪૨,૫૩,૦૦૦	...	૨૧,૪૨,૫૩,૦૦૦
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૨૧,૪૨,૭૩,૦૦૦	૪,૫૦,૦૦૦	૨૧,૪૭,૨૩,૦૦૦
૭૯	કુદરતી આફતો અંગે રાહત	મહેસૂલ	૧,૦૫,૧૯,૬૭,૦૦૦	...	૧,૦૫,૧૯,૬૭,૦૦૦
		મૂડી	૩,૫૦,૦૦,૦૦૦	...	૩,૫૦,૦૦,૦૦૦
૮૦	ડાંગ જિલ્લો.	મહેસૂલ	૯,૫૨,૬૦,૦૦૦	...	૯,૫૨,૬૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ.		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ.
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૬,૨૯,૦૩,૦૦૦	૧૮,૧૩,૦૦૦	૬,૪૭,૨૦,૦૦૦
		મૂડી	૩૯,૩૩,૦૦૦	૧૫,૩૪,૦૦૦	૫૪,૬૭,૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૪,૮૫,૦૦૦	...	૩૪,૮૫,૦૦૦
		મૂડી	૬,૮૦,૦૦૦	...	૬,૮૦,૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ.	મહેસૂલ	૧,૬૨,૮૦,૦૦૦	...	૧,૬૨,૮૦,૦૦૦
૮૪	બિન-રહેણાંક મકાનો.	મહેસૂલ	૬૭,૩૮,૩૫,૦૦૦	૨,૦૮,૦૦૦	૬૭,૪૦,૪૩,૦૦૦
		મૂડી	૪૪,૯૨,૩૧,૦૦૦	૭૬,૦૦૦	૪૪,૯૩,૦૭,૦૦૦
૮૫	રહેણાંક મકાનો	મહેસૂલ	૨૭,૭૨,૩૯,૦૦૦	૨૪,૦૦૦	૨૭,૭૨,૬૩,૦૦૦
		મૂડી	૧૧,૮૫,૨૦,૦૦૦	...	૧૧,૮૫,૨૦,૦૦૦
૮૬	માર્ગો અને પૂલો	મહેસૂલ	૧,૬૫,૪૫,૨૯,૦૦૦	૩,૫૫,૦૦૦	૧,૬૫,૪૮,૮૪,૦૦૦
		મૂડી	૪૧,૯૬,૫૬,૦૦૦	...	૪૧,૯૬,૫૬,૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧,૮૦,૯૭,૦૦૦	...	૧,૮૦,૯૭,૦૦૦
		મૂડી	૪,૭૦,૦૦,૦૦૦	...	૪,૭૦,૦૦,૦૦૦
૮૮	માર્ગ અને મકાન બાંધકામ વિભાગને	મહેસૂલ	૪,૫૯,૪૧,૦૦૦	૪,૦૩,૦૦૦	૪,૬૩,૪૪,૦૦૦
	લગતું અન્ય ખર્ચ.	મૂડી	૩૩,૩૩,૦૦૦	...	૩૩,૩૩,૦૦૦
૮૯	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.	મહેસૂલ	૭૭,૬૦,૦૦૦	...	૭૭,૬૦,૦૦૦
૯૦	રાજ્ય આબકારી	મહેસૂલ	૧,૮૭,૨૦,૦૦૦	...	૧,૮૭,૨૦,૦૦૦
૯૧	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૭૧,૧૭,૩૮,૦૦૦	૨૦,૦૦,૦૦૦	૭૧,૩૭,૩૮,૦૦૦
		મૂડી	૧,૮૪,૦૩,૦૦૦	...	૧,૮૪,૦૩,૦૦૦
૯૨	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૨૦,૨૮,૮૪,૦૦૦	...	૨૦,૨૮,૮૪,૦૦૦
		મૂડી	૩૭,૪૩,૦૦૦	...	૩૭,૪૩,૦૦૦
૯૪	અનુસૂચિત જાતિઓ માટે ખાસ	મહેસૂલ	૯૭,૭૭,૧૩,૦૦૦	...	૯૭,૭૭,૧૩,૦૦૦
	અંગભૂત યોજના	મૂડી	૮,૦૨,૭૦,૦૦૦	...	૮,૦૨,૭૦,૦૦૦
૯૫	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૨,૩૪,૫૦,૦૫,૦૦૦	૨,૧૬,૦૦૦	૨,૩૪,૫૨,૨૧,૦૦૦
		મૂડી	૭૨,૫૯,૮૪,૦૦૦	...	૭૨,૫૯,૮૪,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૯૬	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.	મહેસૂલ	૫૦,૧૩,૦૦૦	...	૫૦,૧૩,૦૦૦
૯૭	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૫,૬૮,૪૫,૦૦૦	૯,૦૭,૧૦,૦૦૦	૧૪,૭૫,૫૫,૦૦૦
		મૂડી	૩,૫૬,૨૦,૦૦૦	...	૩,૫૬,૨૦,૦૦૦
૯૮	શહેરી વિકાસ.	મહેસૂલ	૪૭,૯૫,૬૭,૦૦૦	...	૪૭,૯૫,૬૭,૦૦૦
		મૂડી	૧૩,૨૪,૦૦,૦૦૦	...	૧૩,૨૪,૦૦,૦૦૦
૯૯	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગે ખર્ચ.	મહેસૂલ	૨૦,૨૯,૦૦,૦૦૦	૪,૬૭,૩૫,૦૦૦	૨૪,૯૬,૩૫,૦૦૦
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ	૧,૦૦,૧૫,૦૦૦	...	૧,૦૦,૧૫,૦૦૦
૧૦૧	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ.	મહેસૂલ	૨૩,૪૯,૦૦૦	...	૨૩,૪૯,૦૦૦
૧૦૨	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.	મહેસૂલ	૭,૨૧,૨૨,૦૦૦	...	૭,૨૧,૨૨,૦૦૦
	કુલ—	મહેસૂલ	૪૯,૭૪,૬૦,૮૪,૦૦૦	૮,૯૧,૩૭,૭૦,૦૦૦	૫૮,૬૫,૯૮,૫૪,૦૦૦
		મૂડી	૧૪,૮૦,૩૪,૬૬,૦૦૦	૪,૩૭,૮૭,૯૮,૦૦૦	૧૯,૧૮,૨૨,૬૪,૦૦૦
	કુલ સરવાળો :		૬૪,૫૪,૯૫,૫૦,૦૦૦	૧૩,૨૯,૨૫,૬૮,૦૦૦	૭૭,૮૪,૨૧,૧૮,૦૦૦

INDEX

ઉદ્દેશો અને કારણો

ભારતના સંવિધાનની કલમ ૨૦૪(૧) થી ઠરાવ્યું છે કે વિધાનસભાએ ગ્રાન્ટો મંજૂર કર્યા પછી,—

(ક) વિધાનસભાએ એ રીતે મંજૂર કરેલી ગ્રાન્ટોને, અને

(ખ) રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલાં, પણ વિધાનસભા સમક્ષ અગાઉ મૂકેલા પત્રકમાં બતાવેલી રકમ કરતા કોઈપણ સંજોગોમાં વધુ નહિ તેટલા ખર્ચને,

પહોંચી વળવા માટે જોઈતા તમામ નાણાંનો રાજ્યના એકત્રિત ફંડમાંથી વિનિયોગ કરવા માટે જોગવાઈ કરવા બનતી ત્વરાએ, વિધેયક દાખલ કરવું જોઈએ.

તે મુજબ વિધેયકમાં, સન ૧૯૯૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતાં નાણાંકીય વર્ષ માટે વિધાનસભાએ મંજૂર કરેલી ગ્રાન્ટોને અને આ રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલાં ખર્ચને પહોંચી વળવા માટે જોઈતી એકંદરે રકમો નિર્દિષ્ટ કરી છે.

આ રકમો નીચે દર્શાવેલી છે :—

	રૂ.
(ક) મહેસૂલી ખર્ચ	૫૮,૬૫,૯૮,૫૪,૦૦૦
(ખ) મૂડી ખર્ચ	૧૯,૧૮,૨૨,૬૪,૦૦૦
કુલ...	૭૭,૮૪,૨૧,૧૮,૦૦૦

સુરેશ મહેતા

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

ગાંધીનગર, તા. ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 42 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JULY 20, 1995/ASADHA 29, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજ્યપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલાં સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મે ગદે,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 24 OF 1995.

THE GUJARAT ENTERTAINMENTS TAX (AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Gujarat Entertainments Tax Act, 1977.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે. :—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૪

ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક, ૧૯૯૫

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વિધેયક

આથી, ભારતના ગણરાજ્યના છેતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:— ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મનોરંજન કર (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૭૭ના ગુજરાતનો ૧૬મો.

૨. ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ-૨માં, ખંડ (ટ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:— સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૨ નો સુધારો.

"(ટ)" નિયત અધિકારી" એટલે ઠરાવવામાં આવે તેવા અધિકારી;".

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ખમાં, પેટા-કલમો (૧) અને (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:— સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬માની કલમ ૬-ખનો સુધારો.

"(૧) આ અધિનિયમની કલમો ૩, ૪, ૬ અથવા ૬ક માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ માલિક કેબલ જોડાણો નિભાવીને અથવા તે ચલાવીને મનોરંજન પૂરું પાડતો હોય તો, દરેક માલિક પાસેથી કોઈપણ પ્રકારના એન્ટેના અથવા કેબલ ટેલિવિઝનની સહાયથી, ફિલ્મ અથવા ચલચિત્ર અથવા ચિત્રોની શ્રેણીઓ અથવા સિરિયલો અથવા બીજા કોઈપણ કાર્યક્રમો પ્રદર્શિત કરવા માટે, નીચેના દરે કર વસૂલ કરવામાં આવશે અને તે રાજ્ય સરકારને ભરવો પડશે:—

	શહેરી વિસ્તાર માટે	બીજા વિસ્તાર માટે
(ક)	એકસોથી વધુ ન હોય તેટલા કેબલ જોડાણોના કિસ્સામાં.	રૂા. ૧૦૦૦/-ના માસિક દરે.	રૂા. ૪૫૦/-ના માસિક દરે.
(ખ)	એકસોથી વધુ કેબલ જોડાણોના કિસ્સામાં.	રૂા. ૧૦૦૦/- વત્તા દરેક વધારાના પચાસ જોડાણો અથવા તેના કોઈપણ ભાગ માટે માસિક રૂા. ૫૦૦/-.	રૂા. ૪૫૦/- વત્તા દરેક વધારાના પચાસ જોડાણો અથવા તેના કોઈપણ ભાગ માટે માસિક રૂા. ૨૨૫/-.

(૨) નાણાંકીય વર્ષ દરમિયાન કોઈપણ ત્રિમાસમાં, કેબલ જોડાણોની સંખ્યામાં વધારો થાય ત્યારે, માલિક, આવા ત્રિમાસ માટે પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે કર ભરવાને જવાબદાર થશે.".

INDEX

સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૬-ગનો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ગ માં,—

(૧) "મનોરંજન કર કલેકટર" એ શબ્દો જે ત્રણ જગાએ આવે છે ત્યાં તેને બદલે," "નિયત અધિકારી" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૩)માં, "જ્યાં મનોરંજનનું સ્થળ આવેલુ હોય તે જિલ્લાના" એ શબ્દો કમી કરવા.

સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૬-ધનો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ધ માં, "મનોરંજન કર કલેકટર" એ શબ્દોને બદલે, "નિયત અધિકારી" એ શબ્દો મુકવા.

સન ૧૯૭૭નો ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, પેટા-કલમ (૧)માં, "મનોરંજન કર કલેકટર" એ શબ્દોને બદલે, "નિયત અધિકારી" એ શબ્દો મૂકવા.

ઉદ્દેશો અને કારણો

આ વિધેયકથી, તારીખ ૨૧મી જૂન, ૧૯૯૫ના રોજ, વિધાનસભામાં નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનમાં સમાવેશ કરાયેલી દરખાસ્તને અમલમાં લાવવાના હેતુ માટે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ સુધારવા ધાર્યું છે.

કર લેવાની વિદ્યમાન પધ્ધતિ હેઠળ, કેબલ જોડાણ મારફતે પૂરા પડાતા મનોરંજન ઉપરનો કર ઉઘરાવવામાં રાજ્ય સરકારને કેટલીક વહીવટી મુશ્કેલીઓ પડે છે અને માલિકો આ પધ્ધતિનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે. પરિણામે, સરકાર પોતાની મહેસુલી આવક ગુમાવે છે. રાજ્ય તિજોરીમાં વધુ મહેસુલી આવક મેળવવા માટે અને માલિકોને કર ટાળવાનો કોઈ અવકાશ ન રહે તે માટે, કોઈપણ પ્રકારના એન્ટેના અથવા કેબલ ટેલિવિઝનની સહાયથી કેબલ જોડાણ નીભાવીને અથવા ચલાવીને મનોરંજન પૂરુ પાડતો હોય ત્યારે, તે માલિકને શહેરી વિસ્તાર માટે એકસો કેબલ જોડાણ સુધી માસિક રૂા. ૧૦૦૦/-ના દરે અને બીજા વિસ્તારો માટે એકસો જોડાણ સુધી માસિક રૂા. ૪૫૦/-ના દરે કર ભરવા માટે જવાબદાર બનાવવાની દરખાસ્ત છે. એકસો કરતાં વધુ કેબલ જોડાણો હોય ત્યારે, વધારાના દરેક પચાસ કેબલ જોડાણો અથવા તેના કોઈપણ ભાગ માટે શહેરી વિસ્તાર માટે રૂા. ૫૦૦/- અને બીજા વિસ્તારો માટે રૂા. ૨૨૫/- લેવાની દરખાસ્ત છે.

આ અધિનિયમની વિદ્યમાન જોગવાઈઓ હેઠળ મનોરંજન કર કલેકટર, આવું મનોરંજન પૂરુ પાડવા માટે નોંધણીનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે સત્તા ધરાવે છે. આવા પ્રકારનું મનોરંજન ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઝડપથી વિસ્તરી રહ્યુ હોવાથી, માલિકોની સગવડ માટે, આવું નોંધણીનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે નિયત અધિકારીને સત્તા આપવાની દરખાસ્ત છે. તદનુસાર, આ અધિનિયમની કલમો ૬-ગ, ૬-ધ અને ૧૨ સુધારવાની દરખાસ્ત છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

ભકેશ્વાઈપટેલ

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમ ૧.—આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૨.—આ કલમથી મૂકવા ધારેલ કલમ-૨ના ખંડ (૮) થી, રાજ્ય સરકારને, કોઈ અધિકારીને નિયત અધિકારી તરીકે ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫. કેશુભાઈ પટેલ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોનો વિભાગના
સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 43 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JULY 20, 1995/ASADHA 29, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 25 OF 1995

THE BOMBAY COURT FEES (GUJARAT AMENDMENT), BILL 1995
A BILL

Further to Amend the Bombay Court Fees Act, 1959.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે:—

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૫

મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૫

મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

૧. (૧) આ અધિનિયમ મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૫૯નો મુંબઈનો ૩૬મો.

૨. મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬માં, ખંડ (૪) માં, પેટા--ખંડ (૬)માં, "ત્રીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૫૯ના મુંબઈના ૩૬મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં,—

સન ૧૯૫૯ ના મુંબઈના ૩૬મા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

(૧) અનુચ્છેદ ૧ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

૧	૨	૩
"૧. કોઈપણ દીવાની અથવા મહેસૂલી કોર્ટમાં રજૂ કરવાની દાવા અરજી અથવા (આ અધિનિયમમાં જેને માટે બીજી રીતે જોગવાઈ કરી ન હોય તેવી) અપીલની યાદી અથવા વાંધાની યાદી.	—	આ અનુસૂચિના અંતે જોડેલ કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલ દર પ્રમાણે.";

(૨) અનુચ્છેદ ૧૫માં, કોલમ--૩માં, "પંદર રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩) અનુચ્છેદ ૧૬માં, કોલમ--૩માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૪) અનુચ્છેદ ૧૭માં, કોલમ ૩માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, " બસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૫) અનુચ્છેદ ૧૭ પછી આવતા વિદ્યમાન કોષ્ટકને બદલે, નીચેનો મજકૂર મૂકવો.:—

કોષ્ટક

(જુઓ અનુસૂચિ ૧ નો અનુચ્છેદ ૧)

"દાવો માંડતી વખતે લેવાપાત્ર કિંમત પ્રમાણે ફીના દરોનું કોષ્ટક."

તકરારવાળા દાવાના વિષયની રકમ અથવા કિંમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી	તકરારવાળા દાવાના વિષયના રકમ અથવા કિંમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી
૧.	૨.	૩.	૧	૨	૩
રૂા.	રૂા.	રૂા.	રૂા.	રૂા.	રૂા.
	૧૫,૦૦૦	દાવાની રકમ ઉપર ૨.૫ ટકા			
			૯૦,૦૦૦	૯૫,૦૦૦	૬૧૭૫
૧૫,૦૦૦	૧૫,૫૦૦	૧૧૩૫	૯૫,૦૦૦	૧,૦૦,૦૦૦	૬૫૦૦
૧૫,૫૦૦	૧૬,૦૦૦	૧૧૭૦	૧ લાખ	૨ લાખ	૧૫,૦૦૦
૧૬,૦૦૦	૧૬,૫૦૦	૧૨૦૫	૨ લાખ	૩ લાખ	૨૨,૫૦૦
૧૬,૫૦૦	૧૭,૦૦૦	૧૨૪૦	૩ લાખ	૪ લાખ	૩૦,૦૦૦
૧૭,૦૦૦	૧૭,૫૦૦	૧૨૭૫	૪ લાખ	૫ લાખ	૩૭,૫૦૦
૧૭,૫૦૦	૧૮,૦૦૦	૧૩૧૦	૫ લાખ	૬ લાખ	૪૫,૦૦૦
૧૮,૦૦૦	૧૮,૫૦૦	૧૩૪૫	૬ લાખ	૭ લાખ	૫૨,૫૦૦
૧૮,૫૦૦	૧૯,૦૦૦	૧૩૮૦	૭ લાખ	૮ લાખ	૬૦,૦૦૦
૧૯,૦૦૦	૧૯,૫૦૦	૧૪૧૫	૮ લાખ	૯ લાખ	૬૭,૫૦૦
૧૯,૫૦૦	૨૦,૦૦૦	૧૪૫૦	૯ લાખ	૧૦ લાખ	૭૫,૦૦૦
૨૦,૦૦૦	૨૧,૦૦૦	૧૪૯૫	૧૦ લાખ	૧૧ લાખ	૭૭,૦૦૦
૨૧,૦૦૦	૨૨,૦૦૦	૧૫૪૦	૧૧ લાખ	૧૨ લાખ	૮૪,૦૦૦
૨૨,૦૦૦	૨૩,૦૦૦	૧૫૮૫	૧૨ લાખ	૧૩ લાખ	૯૧,૦૦૦
૨૩,૦૦૦	૨૪,૦૦૦	૧૬૩૦	૧૩ લાખ	૧૪ લાખ	૯૮,૦૦૦
૨૪,૦૦૦	૨૫,૦૦૦	૧૬૭૫	૧૪ લાખ	૧૫ લાખ	૧,૦૫,૦૦૦
૨૫,૦૦૦	૨૬,૦૦૦	૧૭૨૦	૧૫ લાખ	૧૬ લાખ	૧,૧૨,૦૦૦
૨૬,૦૦૦	૨૭,૦૦૦	૧૭૬૫	૧૬ લાખ	૧૭ લાખ	૧,૧૯,૦૦૦
૨૭,૦૦૦	૨૮,૦૦૦	૧૮૧૦	૧૭ લાખ	૧૮ લાખ	૧,૨૬,૦૦૦
૨૮,૦૦૦	૨૯,૦૦૦	૧૮૫૫	૧૮ લાખ	૧૯ લાખ	૧,૩૩,૦૦૦
૨૯,૦૦૦	૩૦,૦૦૦	૧૯૦૦	૧૯ લાખ	૨૦ લાખ	૧,૪૦,૫૦૦
૩૦,૦૦૦	૩૨,૦૦૦	૧૯૬૦	૨૦ લાખ	૨૧ લાખ	૧,૪૧,૫૦૦
૩૨,૦૦૦	૩૪,૦૦૦	૨૦૨૦	૨૧ લાખ	૨૨ લાખ	૧,૪૩,૦૦૦
૩૪,૦૦૦	૩૬,૦૦૦	૨૦૮૦	૨૨ લાખ	૨૩ લાખ	૧,૪૯,૫૦૦
૩૬,૦૦૦	૩૮,૦૦૦	૨૧૪૦	૨૩ લાખ	૨૪ લાખ	૧,૫૬,૦૦૦
૩૮,૦૦૦	૪૦,૦૦૦	૨૨૦૦	૨૪ લાખ	૨૫ લાખ	૧,૬૨,૫૦૦
૪૦,૦૦૦	૪૨,૦૦૦	૨૨૬૦	૨૫ લાખ	૨૬ લાખ	૧,૬૯,૦૦૦
૪૨,૦૦૦	૪૨,૦૦૦	૨૩૨૦	૨૬ લાખ	૨૭ લાખ	૧,૭૫,૫૦૦
૪૪,૦૦૦	૪૬,૦૦૦	૨૩૮૦	૨૭ લાખ	૨૮ લાખ	૧,૮૨,૦૦૦
૪૬,૦૦૦	૪૮,૦૦૦	૨૪૪૦	૨૮ લાખ	૨૯ લાખ	૧,૮૮,૦૦૦
૪૮,૦૦૦	૫૦,૦૦૦	૨૫૦૦	૨૯ લાખ	૩૦ લાખ	૧,૯૫,૦૦૦
૫૦,૦૦૦	૫૫,૦૦૦	૩૩૦૦	૩૦ લાખ	૩૧ લાખ	૧,૯૫,૦૦૦
૫૫,૦૦૦	૬૦,૦૦૦	૩૬૦૦	૩૧ લાખ	૩૨ લાખ	૧,૯૬,૮૩૦
૬૦,૦૦૦	૬૫,૦૦૦	૩૯૦૦	૩૨ લાખ	૩૩ લાખ	૧,૯૮,૦૦૦
૬૫,૦૦૦	૭૦,૦૦૦	૪૨૦૦	૩૩ લાખ	૩૪ લાખ	૨,૦૪,૦૦૦
૭૦,૦૦૦	૭૫,૦૦૦	૪૫૦૦	૩૪ લાખ	૩૫ લાખ	૨,૧૦,૦૦૦
૭૫,૦૦૦	૮૦,૦૦૦	૪૨૦૦	૩૫ લાખ	૩૬ લાખ	૨,૧૬,૦૦૦
૮૦,૦૦૦	૮૫,૦૦૦	૫૫૨૫	૩૬ લાખ	૩૭ લાખ	૨,૨૨,૦૦૦
૮૫,૦૦૦	૯૦,૦૦૦	૫૮૫૦	૩૭ લાખ	૩૮ લાખ	૨,૨૮,૦૦૦

INDEX

તકરારવાળા દાવાના વિષયની રકમ અથવા કિમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી	તકરારવાળા દાવાના વિષયની રકમ અથવા કિમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી.
૧	૨	૩	૧	૨	૩
રૂા.	રૂા.	રૂા.	રૂા.	રૂા.	રૂા.
૩૮ લાખ	૩૯ લાખ	૨,૩૪,૦૦૦	૭૦ લાખ	૭૧ લાખ	૩,૧૫,૯૫૦
૩૯ લાખ	૪૦ લાખ	૨,૪૦,૦૦૦	૭૧ લાખ	૭૨ લાખ	૩,૧૬,૮૦૦
૪૦ લાખ	૪૧ લાખ	૨,૪૧,૯૦૦	૭૨ લાખ	૭૩ લાખ	૩,૧૭,૫૫૦
૪૧ લાખ	૪૨ લાખ	૨,૪૩,૬૦૦	૭૩ લાખ	૭૪ લાખ	૩,૧૮,૨૦૦
૪૨ લાખ	૪૩ લાખ	૨,૪૫,૧૦૦	૭૪ લાખ	૭૫ લાખ	૩,૧૮,૭૫૦
૪૩ લાખ	૪૪ લાખ	૨,૪૬,૪૦૦	૭૫ લાખ	૭૬ લાખ	૩,૧૯,૨૦૦
૪૪ લાખ	૪૫ લાખ	૨,૪૭,૫૦૦	૭૬ લાખ	૭૭ લાખ	૩,૧૯,૫૫૦
૪૫ લાખ	૪૬ લાખ	૨,૫૩,૦૦૦	૭૭ લાખ	૭૮ લાખ	૩,૧૯,૮૦૦
૪૬ લાખ	૪૭ લાખ	૨,૫૮,૫૦૦	૭૮ લાખ	૭૯ લાખ	૩,૧૯,૯૫૦
૪૭ લાખ	૪૮ લાખ	૨,૬૪,૦૦૦	૭૯ લાખ	૮૦ લાખ	૩,૨૦,૦૦૦
૪૮ લાખ	૪૯ લાખ	૨,૬૯,૫૦૦	૮૦ લાખ	૮૧ લાંખ	૩,૨૨,૩૮૦
૪૯ લાખ	૫૦ લાખ	૨,૭૫,૦૦૦	૮૧ લાખ	૮૨ લાખ	૩,૨૫,૫૪૦
૫૦ લાખ	૫૧ લાખ	૨,૭૫,૪૦૦	૮૨ લાખ	૮૩ લાખ	૩,૨૭,૮૫૦
૫૧ લાખ	૫૨ લાખ	૨,૭૫,૬૦૦	૮૩ લાખ	૮૪ લાખ	૩,૨૯,૨૮૦
૫૨ લાખ	૫૩ લાખ	૨,૭૮,૨૫૦	૮૪ લાખ	૮૫ લાખ	૩,૩૧,૫૦૦
૫૩ લાખ	૫૪ લાખ	૨,૮૦,૮૦૦	૮૫ લાખ	૮૬ લાખ	૩,૩૩,૬૮૦
૫૪ લાખ	૫૫ લાખ	૨,૮૩,૨૫૦	૮૬ લાખ	૮૭ લાખ	૩,૩૫,૮૨૦
૫૫ લાખ	૫૬ લાખ	૨,૮૫,૬૦૦	૮૭ લાખ	૮૮ લાખ	૩,૩૭,૦૪૦
૫૬ લાખ	૫૭ લાખ	૨,૮૭,૮૫૦	૮૮ લાખ	૮૯ લાખ	૩,૩૮,,૨૦૦
૫૭ લાખ	૫૮ લાખ	૨,૯૦,૦૦૦	૮૯ લાખ	૯૦ લાખ	૩,૪૦,૨૦૦
૫૮ લાખ	૫૯ લાખ	૨,૯૫૦૦૦	૯૦ લાખ	૯૧ લાખ	૩,૪૨,૧૬૦
૫૯ લાખ	૬૦ લાખ	૩,૦૦,,૦૦૦	૯૧ લાખ	૯૨ લાખ	૩,૪૪,૦૮૦
૬૦ લાખ	૬૧ લાખ	૩,૦૧,૯૫૦	૯૨ લાખ	૯૩ લાખ	૩,૪૫,૯૬૦
૬૧ લાખ	૬૨ લાખ	૩,૦૩,૮૦૦	૯૩ લાખ	૯૪ લાખ	૩,૪૭,૮૦૦
૬૨ લાખ	૬૩ લાખ	૩,૦૫,૫૫૦	૯૪ લાખ	૯૫ લાખ	૩,૪૮,૬૫૦
૬૩ લાખ	૬૪ લાખ	૩,૦૭,૨૦૦	૯૫ લાખ	૯૬ લાખ	૩,૪૯,૪૪૦
૬૪ લાખ	૬૫ લાખ	૩,૦૮,૭૫૦	૯૬ લાખ	૯૭ લાખ	૩,૫૦,૧૭૦
૬૫ લાખ	૬૬ લાખ	૩,૧૦,૨૦૦	૯૭ લાખ	૯૮ લાખ	૩,૫૨,૮૦૦
૬૬ લાખ	૬૭ લાખ	૩,૧૧,૫૫૦	૯૮ લાખ	૯૯ લાખ	૩,૫૩,૪૩૦
૬૭ લાખ	૬૮ લાખ	૩,૧૨,૮૦૦	૯૯ લાખ	૧ કરોડ	૩,૫૫,૦૦૦
૬૮ લાખ	૬૯ લાખ	૩,૧૩,૯૫૦			
૬૯ લાખ	૭૦ લાખ	૩,૧૫,૦૦૦			

INDEX

અને તે પછી, વધારાના દરેક એક લાખ રૂપિયા અથવા તેના ભાગ માટે બે હજાર રૂપિયાના દરે કોર્ટ--ફી વધારવી જોઈશે.

સન ૧૯૫૯ ના મુંબઈના ૩૬મા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨માં,—

(૧) અનુચ્છેદ ૧માં, કોલમ ૩માં,—

(ક) "વીસ નવા પૈસા" એ શબ્દોને બદલે "એક રૂપિયો" એ શબ્દો મૂકવા.

(ખ) "પાંત્રીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા ;

(ગ) "પાંસઠ નવા પૈસા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઘ) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ચ) "બે રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા.

(છ) "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(જ) "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઝ) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૨) અનુચ્છેદ ૨માં, કોલમ ૩માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩) અનુચ્છેદ ૩માં, કોલમ ૩માં, "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૪) અનુચ્છેદ ૪માં, કોલમ ૩માં, "પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મુકવા.

(૫) અનુચ્છેદ ૭માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૬) અનુચ્છેદ ૯માં,—

(ક) કોલમ ૧માં, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" એ શબ્દો અને આંકડાને બદલે, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩" એ શબ્દો અને આંકડા મૂકવાં ; સન ૧૯૭૪નો ૨જો.

(ખ) કોલમ ૩માં, "એક રૂપિયો પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૭) અનુચ્છેદ ૧૦માં, કોલમ ૩માં, "પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા ;

(૮) અનુચ્છેદ ૧૧માં, કોલમ ૩માં, "એક રૂપિયો પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે "ત્રણ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૯) અનુચ્છેદ ૧૨માં, કોલમ ૩માં,—

(ક) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) "ચાર રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૦) અનુચ્છેદ ૧૩માં, કોલમ ૩માં,—

(ક) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

INDEX

(ખ) "બે રૂપિયા અને પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૧) અનુચ્છેદ ૧૪માં, કોલમ ૩માં,—

(ક) "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "બાર રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૨) અનુચ્છેદ ૧૫માં, કોલમ ૩માં, "પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા ;

(૧૩) અનુચ્છેદ ૧૬માં, કોલમ ૩માં,—

(ક) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૪) અનુચ્છેદ ૧૭માં, કોલમ ૩માં, "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૫) અનુચ્છેદ ૧૮માં, કોલમ ૩માં,—

(ક) "પંદર રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "બે રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) "છ રૂપિયા પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ઘ) "બાર રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દો જે ત્રણ જગાએ આવે છે ત્યાં તેને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૬) અનુચ્છેદ ૨૦માં, કોલમ ૩માં, "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૭) અનુચ્છેદ ૨૧માં, કોલમ ૩માં, "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૮) અનુચ્છેદ ૨૨માં, કોલમ ૩માં, "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૯) અનુચ્છેદ ૨૩માં, કોલમ ૩માં,—

(ક) "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દો જે ચાર જગાએ આવે છે ત્યાં તેને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "અઢાર રૂપિયા પંચોતેર નવા પૈસા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) "ત્રીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૦) અનુચ્છેદ ૨૪માં, કોલમ ૩માં,—

(ક) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

INDEX

(૨૧) અનુચ્છેદ ૨૫માં, કોલમ ૩માં,—

(ક) "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "ત્રણ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) "છ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૨) અનુચ્છેદ ૨૬માં, કોલમ ૩માં, "એક રૂપિયો પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૩) અનુચ્છેદ ૨૭માં, કોલમ ૩માં, "પાંસઠ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા;

(૨૪) અનુચ્છેદ ૨૮માં, કોલમ ૩ માં, "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૫) અનુચ્છેદ ૨૯માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૬) અનુચ્છેદ ૩૦માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૭) અનુચ્છેદ ૩૧માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૮) અનુચ્છેદ ૩૨માં,—

(ક) કોલમ ૧માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ના પ્રકરણ ૪" એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ના પ્રકરણ ૫" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા; સન ૧૯૩૯નો ૪થો.

(ખ) કોલમ ૩માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા; સન ૧૯૮૮નો ૫૯મો.

(૨૯) અનુચ્છેદ ૩૩માં,—

(ક) કોલમ ૧માં, "(અમદાવાદ)" એ કૌંસ અને શબ્દો કમી કરવો;

(ખ) કોલમ ૩માં,—

(૧) "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨) "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩) "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩૦) અનુચ્છેદ ૩૪માં, કોલમ ૩માં,—

(ક) "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩૧) અનુચ્છેદ ૩૫માં, કોલમ ૩માં,—

(ક) "બે રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દો જે બે જગાએ આવે છે ત્યાં તેને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩૨) અનુચ્છેદ ૩૬માં, કોલમ ૩માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

INDEX

(૩૩) અનુચ્છેદ ૩૭માં,—

સન ૧૮૯૮નો ૫મો સન ૧૯૭૪નો ૨જો.

(ક) કોલમ ૧માં, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" એ શબ્દો અને આંકડાને બદલે, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩" એ શબ્દો અને આંકડા મૂકવા.

(ખ) કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

(૩૪) અનુચ્છેદ ૩૮ પછી, નીચેનો નવો અનુચ્છેદ ઉમેરવો:--

૧	૨	૩
"૩૯. કોઈપણ કાર્યવાહીમાં કોર્ટને રજૂ કરવાની મુલતવી રાખવા માટેની અરજી.	—	પાંચ રૂપિયા".

ઉદ્દેશો અને કારણો.

તારીખ ૨૧મી જૂન, ૧૯૫૫ના રોજ વિધાનસભામાં નાણા મંત્રીના બજેટ પ્રવચન પ્રમાણે કોર્ટ--ફીના દરો, કે જે મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ અધિનિયમિત કરવામાં આવ્યો ત્યાર પછી સુધાર્યા નથી, તે વધારવા ધાર્યું છે. કોર્ટ ફીના દરો સુધારતી વખતે, મુકત ન્યાયના આદર્શ વિચારને નાણાંના અંકુશની તદ્દન સ્પષ્ટ વાસ્તવિકતાઓ સામે સંતુલિત કરવાનો પ્રયાસ કરાયો છે અને પી. એમ. અશ્વનાથ નારાયણ સેટ્ટી વિરૂધ્ધ કર્ણાટક રાજય અને બીજા (એ.આઈ.આર. ૧૯૮૯ સુ. કો. ૧૦૦) ના કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિરૂપણ કરાયેલા સિધ્ધાંતો ધ્યાનમાં રાખ્યા છે. વર્ષો જતાં કોર્ટમાં દાવાકામ અસંખ્ય રીતે વધી રહયું છે. અને તેના પરિણામે, ન્યાયતંત્રના વહીવટ ઉપર ખર્ચાઓ અનેક ગણાં વધ્યા છે. ન્યાયતંત્રના વહીવટના ખર્ચને પહોંચી વળવા અને સારી સેવાઓ પૂરી પાડવા, જુદા જુદા દાવાના વિષયો ઉપર આ અધિનિયમ હેઠળ લેવા-પાત્ર કોર્ટ–ફી વધારવાનું આવશ્યક જણાયું છે. જે લોકોને જીવનમાં ઓછું મળ્યું છે, તેમને કાયદામાં વધુ મળવું જોઈએ એ હકીકતને ધ્યાનમાં રાખીને નાના દાવાદારો માટે અત્યંત કાળજી રખાઈ છે. આથી રૂા. ૧૫,૦૦૦/- સુધીના દાવાઓ માટે લેવા પાત્ર કોર્ટ ફી ૬૦—૬૫ ટકા જેટલી ઘટાડવામાં આવી છે. રૂા. ૧૫,૦૦૦ થી રૂા. ૫૦,૦૦૦ સુધીના દાવા માટે વિદ્યમાન કોર્ટ--ફીનો દર વધારવામાં આવ્યો નથી. આ દરો સુધારવાથી, ન્યાય-તંત્રના વહીવટના ખર્ચનો આશરે ૪૦ થી ૪૫ ટકા ખર્ચ આવી કોર્ટ–ફી દ્વારા પહોંચી વળાશે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા ધાર્યું છે.

સુરેશ મહેતા.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમ ૧.—આ કલમની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને રાજપત્રમાં જાહેરનામા દ્વારા જે તારીખે આ અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૫. **સુરેશ મહેતા.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તા. ૨૦મી જુલાઈ, ૧૯૯૫.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોના વિભાગના
સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 44 REGISTERED NO. G/GNR/4

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI MONDAY, JULY 24, 1995/SRAVANA 2, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 26 OF 1995.

THE BOMBAY MOTOR VEHICLES TAX (GUJARAT AMENDMENT) BILL, 1995.

A BILL

further to amend the Bombay Motor Vehicles Tax Act, 1958.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.--

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૬.

મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૨. મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં,—

(૧) ખંડ (૨) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો:—

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૨ક) "અર્ધ વર્ષ" એટલે, જે મહિનામાં મોટર વાહન રજિસ્ટર થયેલ હોય અથવા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ તેને, નવું નોંધણી ચિહ્ન આપવામાં આવ્યું હોય તે મહિનાના પ્રથમ દિવસે શરૂ થતી છ મહિનાની મુદત અને "અર્ધ વાર્ષિક" એ શબ્દનો અર્થ તદ્નુસાર સમજવો;";

(૨) ખંડ (૪) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૪) "ત્રિમાસ" એટલે, જે મહિનામાં મોટર વાહન રજિસ્ટર થયેલ હોય અથવા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ તેને, નવું નોંધણી ચિહ્ન આપવામાં આવ્યું હોય તે મહિનાના પ્રથમ દિવસે શરૂ થતી ત્રણ મહિનાની મુદત અને "ત્રિમાસિક" એ શબ્દનો અર્થ તદ્નુસાર સમજવો;";

(૩) ખંડ (૯) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૯) કાફલાના માલિકના સંબંધમાં "વર્ષ" એટલે નાણાંકીય વર્ષ અને બીજા કોઈપણ કિસ્સામાં જે મહિનામાં મોટર વાહન રજિસ્ટર થયેલ હોય અથવા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ તેને, નવું નોંધણી ચિહ્ન આપવામાં આવ્યું હોય તે મહિનાના પ્રથમ દિવસથી શરૂ થતી બાર મહિનાની મુદત;";

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩ક માં,—

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૩કનો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, કોષ્ટકમાં,

(ક) નોંધ ૧માં, કોલમ ૨માં, "રૂ. ૧૫૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂ. ૩૦૦૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(ખ) નોંધ ૨માં, કોલમ ૨માં, "રૂ. ૨૭૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂ. ૪૦૦૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) પેટા-કલમ (૩)માં, ખંડ (ક)માં,—

(ક) "રૂ. ૭૨" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂ. ૧૪૪" એ અક્ષરો અને આંકડા મૂકવા;

INDEX

(ખ) "રૂ. ૧૦૮" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂ. ૧૬૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૩) પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં,—

(ક) પેટા-ખંડ (૧)માં, "ત્રણસો પંચોતેર રૂપિયા" એ શબ્દોને બદલે, "સાતસો પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) પેટા-ખંડ (૨)માં, "છસો પંચોતેર રૂપિયા" એ શબ્દોને બદલે, "એક હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪માં,—

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૪નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં "આવા મોટર વાહનના" એ શબ્દોને બદલે, "પેટા-કલમ (૧ક્ક) લાગુ પડતી ન હોય તેવા મોટર વાહનના" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો મૂકવા;

(૨) પેટા-કલમ (૧ક) પછી, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી:—

"(૧ક્ક) પેટા-કલમ (૧)માં, ગમે તે મજકૂર હોય તે છતાં, વાહનોના નીચેના વર્ગોના, રજિસ્ટર થયેલા દરેક માલિકે અથવા તેનો કબજો અથવા નિયંત્રણ ધરાવતી વ્યકિતએ, કલમ ૩ હેઠળ લેવાપાત્ર વેરો, નીચે નિર્દિષ્ટ કરેલી રીતે, અગાઉથી ભરવો જોઈશે:—

	વાહનનું વર્ણન	ચૂકવણીની રીત
(ક)	પહેલી અનુસૂચિના, ભાગ ૧માં "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો"—એ શીર્ષક હેઠળ ખંડ ૩માં નિર્દિષ્ટ કરેલા મોટર વાહનો અથવા પહેલી અનુસૂચિના, ભાગ ૨ હેઠળ આવતા તેવા વર્ણનના કોઈ મોટર વાહન.	વાર્ષિક અથવા અર્ધ વાર્ષિકની બાબતમાં, વાર્ષિક દરના અડધા જેટલા દર વત્તા તેના દશ ટકા.
(ખ)	સદરહુ અનુસૂચિના, ભાગ ૧માં "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો"—એ શીર્ષક હેઠળ ખંડ ૪માં નિર્દિષ્ટ કરેલા, બધા મળીને છ સુધી ઉતારુઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલ મોટર વાહનો અથવા સદરહુ અનુસૂચિના, ભાગ ૨ હેઠળ આવતા તેવા વર્ણનના કોઈ મોટર વાહન.	વાર્ષિક.".

૫. મુખ્ય અધિનિયમમાં, પહેલી અનુસૂચિમાં, ભાગ—૧માં, "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો" એ શીર્ષક હેઠળ.—

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની પહેલી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ ૩માં,—

(ક) નોંધ (ચ) સામે "૧૫૦૦" એ આંકડાને બદલે "૧૭૦૦" એ આંકડા મૂકવા.

(ખ) નોંધ (જ) સામે, "રૂ. ૧૨૫" એ અક્ષર અને આંકડાને બદલે "રૂ. ૧૫૦" એ અક્ષર અને આંકડા મૂકવા;

(૨) ખંડ ૬માં, નોંધ (ચ) પછી, નીચેની નોંધો દાખલ કરવી :—

"(છ)	(૧) રીગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેક્ટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ અથવા નહિ બેસાડેલ અને ભાર લાદ્યા વગર ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધુ વજનના ટ્રેકટરો; અને	રૂ. ૧૫૦૦ વત્તા ૨૨૫૦ કિલોગ્રામથી વધુ દરેક વધારાના ૨૫૦ કિલોગ્રામ અથવા તેના ભાગ માટે રૂ. ૨૦૦/-.
(૨)	ભાર લાદ્યા વગર જે મોટર વાહનોનું વજન ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે હોય કે જે કોઈ ઉતારુઓ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેક્ટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે ઉપયોગ કરાતો હોય."	

INDEX

૬. મુખ્ય અધિનિયમમાં, બીજી અનુસૂચિમાં, ભાગ—૧માં, "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલાં મોટર વાહનો" એ શીર્ષક હેઠળ,— સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની બીજી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ ૧માં, નોંધો (ગ), (ઘ) અને (ચ) ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"(ગ) ભાર લાદ્યા વગર ૧૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનની સાયકલો.	૩૫૦૦
(ઘ) ટ્રાઈસિકલો	૩૫૦૦
(ચ) ટ્રેઈલર અથવા સાઈડ-કાર ખેંચવા માટે વપરાતી સાયકલો અથવા ટ્રાઈસિકલો."	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો ઉપરાંત ૧૦૦૦;";

(૨) ખંડ ૩માં, નોંધો (ક), (ખ) અને (ગ)ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"(ક) ભાર લાદ્યા વગર ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	૭,૦૦૦
(ખ) ભાર લાદ્યા વગર ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં હોય પરંતુ ભાર લાદ્યા વગર ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો.	૧૨,૦૦૦
(ગ) ભાર લાદ્યા વગર ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં હોય પરંતુ ભાર લાદ્યા વગર ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	૨૦,૦૦૦".

૭. મુખ્ય અધિનિયમમાં, ત્રીજી અનુસૂચિમાં ભાગ ૧માં, "ક માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો" એ શીર્ષક હેઠળ,— સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની ત્રીજી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ ૧ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"૧. મોટર સાયકલો અને ટ્રાઈસિકલો (મોટર સ્કૂટરો અને યાંત્રિક શક્તિથી ચલાવવા માટેના સાધન સાથેની સાયકલો સહિત), જે—

(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થાની માલિકીની હોય તે,

ઊંચક રકમના વેરાનો વધુમાં વધુ દર.

	ભાર લાદ્યા વગરની, ૫૦ કિ. ગ્રા. કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો	ભાર લાદ્યા વગરની, ૫૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની હોય, પણ ભાર લાદ્યા વગરની, ૧૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો	ભાર લાદ્યા વગરની, ૧૦૦ કિ. ગ્રા. કરતાં વધારે વજનની સાયકલો	ટ્રાઈસિકલો	ટ્રેઈલર અથવા સાઈડકાર ખેંચવા માટે વપરાતી સાયકલો અને ટ્રાઈસિકલો
	રૂ. (ક)	રૂ. (ખ)	રૂ. (ગ)	રૂ. (ઘ)	રૂ. (ચ)
વાહન અગાઉથી રજિસ્ટર થયેલું હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન—					કોલમ (ક), (ખ), (ગ) અથવા (ઘ)માં નિર્દિષ્ટ કરેલ દરો ઉપરાંત.
(૧) ૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૫૫૦/-	૧૪૦૦/-	૩૨૯૦/-	૩૨૯૦/-	૯૬૦/-
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૫૦૦/-	૧૩૦૦/-	૩૦૮૦/-	૩૦૮૦/-	૯૨૦/-

INDEX

	(ક)	(ખ)	(ગ)	(ઘ)	(ચ)
૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૪૫૦/-	૧૨૦૦/-	૨૮૭૦/-	૨૮૭૦/-	૮૮૦/-
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૪૦૦/-	૧૧૦૦/-	૨૬૬૦/-	૨૬૬૦/-	૮૪૦/-
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૫૦/-	૧૦૦૦/-	૨૪૫૦/-	૨૪૫૦/-	૮૦૦/-
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૦૦/-	૯૦૦/-	૨૨૪૦/-	૨૨૪૦/-	૭૬૦/-
(૭) ૭ વર્ષથી વધુ પણ ૮ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૨૫૦/-	૮૦૦/-	૨૦૩૦/-	૨૦૩૦/-	૭૨૦/-
(૮) ૮ વર્ષથી વધુ પણ ૯ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૨૦૦/-	૭૦૦/-	૧૮૨૦/-	૧૮૨૦/-	૬૮૦/-
(૯) ૯ વર્ષથી વધુ પણ ૧૦ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૧૫૦/-	૬૦૦/-	૧૬૧૦/-	૧૬૧૦/-	૬૪૦/-
(૧૦) ૧૦ વર્ષથી વધુ પણ ૧૧ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૧૦૦/-	૫૦૦/-	૧૪૦૦/-	૧૪૦૦/-	૬૦૦/-
(૧૧) ૧૧ વર્ષથી વધુ પણ ૧૨ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/---	૪૦૦/-	૧૧૯૦/-	૧૧૯૦/-	૫૬૦/-
(૧૨) ૧૨ વર્ષથી વધુ પણ ૧૩ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/-	૩૦૦/-	૯૮૦/-	૯૮૦/-	૫૨૦/-
(૧૩) ૧૩ વર્ષથી વધુ પણ ૧૪ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/-	૨૦૦/-	૭૭૦/-	૭૭૦/-	૪૮૦/-
(૧૪) ૧૪ વર્ષથી વધુ જૂનું હોય તો	૬૦/-	૧૦૦/-	૫૬૦/-	૫૬૦/-	૪૪૦/-
(૨) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ-કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીના હોય ત્યારે.			ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.".		

(૨) ખંડ ૩ ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"૩. આ અનુસૂચિની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ વેરાપાત્ર હોય તે સિવાયના મોટર વાહનો, જે—

(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થાની માલિકીના હોય, તે

ઉચક રકમના વેરાનો વધુમાં વધુ દર

	ભાર લાદ્યા વગરનાં, ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં, ન હોય તેવા વાહનો	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો	ભાર લાદ્યા વગરના ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો
	રૂા. (ક)	રૂા. (ખ)	રૂા. (ગ)
વાહન અગાઉથી રજિસ્ટર થયેલ હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન—			
(૧) બે વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૬૧૦	૧૧૪૦૦	૧૯,૦૦૦
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૨૨૦	૧૦૮૦૦	૧૮,૦૦૦
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૮૩૦	૧૦૨૦૦	૧૭૦૦૦
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૪૪૦	૯૬૦૦	૧૬,૦૦૦
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૦૫૦	૯૦૦૦	૧,૫૦૦૦
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો,	૪૬૬૦	૮૪૦૦	૧૪,૦૦૦
(૭) ૭ વર્ષ કરતાં વધુ પણ ૮ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૨૭૦	૭૮૦૦	૧૩,૦૦૦
(૮) ૮ વર્ષ કરતાં વધુ પણ ૯ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૮૮૦	૭૨૦૦	૧૨,૦૦૦
(૯) ૯ વર્ષ કરતાં વધુ પણ ૧૦ વર્ષ કરતાં વધુ જૂનુ ન હોય તો.	૩૪૯૦	૬૬૦૦	૧૧,૦૦૦
(૧૦) ૧૦ વર્ષ કરતાં વધુ પણ ૧૧ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૧૦૦	૬૦૦૦	૧૦,૦૦૦
(૧૧) ૧૧ વર્ષ કરતાં વધુ પણ ૧૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૭૧૦	૫૪૦૦	૯,૦૦૦
(૧૨) ૧૨ વર્ષ કરતાં વધુ પણ ૧૩ વર્ષ કરતાં વધુ જૂનુ ન હોય તો.	૨૩૨૦	૪૮૦૦	૮,૦૦૦
(૧૩) ૧૩ વર્ષ કરતાં વધુ પણ ૧૪ વર્ષ કરતાં વધુ જૂનુ ન હોય તો.	૧૯૩૦	૪૨૦૦	૭,૦૦૦
(૧૪) ૧૪ વર્ષ કરતાં વધુ જૂનું હોય તો.	૧૫૪૦	૩૬૦૦	૬,૦૦૦
(૨) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીનાં હોય ત્યારે:	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.".		

ઉદ્દેશો અને કારણો

તારીખ ૨૧મી જૂન, ૧૯૯૫ના રોજના, નાણાં મંત્રીના વિધાનસભામાં બજેટ પ્રવચન મુજબ, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ નંખાયેલ વેરા બદલવાની દરખાસ્ત છે.તદ્નુસાર, સામાન્ય અને લકઝરી અથવા પ્રવાસી મુકરર કરેલી ઓમ્નિ--બસ પર વેરાનો દર વધારવા દરખાસ્ત છે. અધિનિયમની પહેલી, બીજી અને ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા, અમુક ટ્રાન્સપોર્ટ અને બિન--ટ્રાન્સપોર્ટ વાહનો પરના વેરાનો દર વધારવાની પણ દરખાસ્ત છે.

અધિનિયમની કેટલીક જોગવાઈઓ સુધારવાની તક પણ લેવામાં આવી છે. અધિનિયમની વિદ્યમાન જોગવાઈઓ હેઠળ અમુક વાહનો પર ત્રિમાસિક અને વાર્ષિક ધોરણે વેરો લેવામાં આવે છે. વહીવટી કામગીરી ન્યુનતમ કરવા માટે અને વેરો અસરકારક રીતે એકઠો કરવાનું સુનિશ્ચિત કરવા માટે, અમુક વાહનો પર અર્ધ-વાર્ષિક અને વાર્ષિક ધોરણે વેરો લેવા દરખાસ્ત છે. તે હેતુ માટે, કલમો ૨ અને ૪ સુધારવાની દરખાસ્ત છે.

આ અગાઉ ભાર લાદ્યા વગર, ૨૨૫૦ કિલોગ્રામથી વજનમાં વધુ અને કોઈપણ ઉતારુ અથવા માલ લઈ જવા ધારેલ ન હોય તેવા ટ્રેકટરો અને બીજા વાહનો, ટ્રાન્સપોર્ટ વાહન તરીકે રજિસ્ટર કરવામાં આવતા હતા અને તે ઉપર માલ વાહનો તરીકે વેરો લેવાતો હતો. પણ ભારત સરકારે, તેના તારીખ ૧૯મી જૂન, ૧૯૯૨ના જાહેરનામાથી આવા વાહનોને બિન-ટ્રાન્સપોર્ટ વાહનો તરીકે વર્ગીકૃત કર્યા છે. આથી, અધિનિયમની પહેલી અનુસૂચિમાં, ભાગ ૧માં ખંડ ૬માં, નોંધ (છ) દાખલ કરીને આવા વાહનોને યોગ્ય સ્થળોએ વર્ગીકૃત કરવાનું જરૂરી બને છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

સી. કે. રાઉલજી.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ ૧.—આ કલમની પેટા--કલમ (૨)થી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી જે તારીખે આ અધિનિયમ અમલમાં આવશે તે તારીખ, નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨૪ જુલાઈ, ૧૯૯૫.

સી. કે. રાઉલજી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈદ્યાનિક અને
સંસદીય બાબતોની વિભાગના
સચિવ.

ગાંધીનગર, તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫.

INDEX

Extra No. 45 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, JULY 24, 1995/SRAVANA 2, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૭ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 27 OF 1995.

THE GUJARAT TAX ON LUXURY COMMODITIES BILL, 1995.

A BILL

to provide for levy of taxon Commodities of Luxuries in the State of Gujarat.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.-

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૭.

ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર વિધેયક, ૧૯૯૫.

ગુજરાત રાજયમાં સુખસુવિધા ચીજવસ્તુઓ પર કર લેવા માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, "ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫" કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને અધિનિયમની બાકીની જોગવાઈઓ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(૧) "નિયત દિવસ" એટલે, જે તારીખે, આ અધિનિયમની બાકીની જોગવાઈઓ, કલમ ૧ની પેટા-કલમ (૩) હેઠળ અમલમાં આવશે તે દિવસ ;

(૨) "કમિશનર" એટલે, કલમ ૬ હેઠળ સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર તરીકે નિમાયેલી, વ્યકિત;

(૩) "આયાત કરનાર" એટલે, જે વ્યકિત, પોતાના માટે અથવા બીજાના માટે, રાજયમાં કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓ લાવતી હોય અથવા જેને રાજય બહારના કોઈપણ સ્થળેથી કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓ મોકલવામાં આવતી હોય તે વ્યકિત ;

(૪) "સુખસુવિધા ચીજવસ્તુઓ" એટલે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી સુખસુવિધા ચીજવસ્તુઓ;

(૫) "ઉત્પાદક" એટલે, રાજયમાં, કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓનું ઉત્પાદન કરનાર કોઈ વ્યકિત ;

(૬) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(૭) "રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટ" એટલે, કલમ ૭ હેઠળ રજિસ્ટર થયેલ કોઈ સ્ટોકિસ્ટ ;

(૮) "નિયમો" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલ નિયમો ;

(૯) "અનુસૂચિ" એટલે, આ અધિનિયમને જોડેલી કોઈ અનુસૂચિ ;

(૧૦) "સ્ટોક" એટલે, કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓનો સ્ટોક ;

(૧૧) "સ્ટોકિસ્ટ" એટલે, પોતાના ધંધાના ક્રમમાં, અથવા કોઈ સ્ટોક ધરાવે તેનું નિયંત્રણ કરે તે આયાતકાર અથવા ઉત્પાદક;

(૧૨) "રાજય" એટલે, ગુજરાત રાજય ;

(૧૩) "કર" એટલે, આ અધિનિયમ હેઠળ લેવાતો સુખસુવિધા ચીજવસ્તુઓ ઉપરનો કર ;

INDEX

(૧૪) "ટ્રિબ્યુનલ" એટલે, ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૨૮ હેઠળ રચાયેલી અને આ અધિનિયમથી અથવા તે હેઠળ, ટ્રિબ્યુનલના કાર્યો બજાવવાનું સોંપ્યું હોય તેવુ ગુજરાત વેચાણ વેરા ટ્રિબ્યુનલ ; સન ૧૯૭૦નો ૧૯૦.

(૧૫) "સ્ટોકનું મૂલ્ય" એટલે,--

(૧) ઉત્પાદક હોય તેવા કોઈ સ્ટોકિસ્ટના સંબંધમાં, પોતે ઉત્પાદન કરેલ સુખસુવિધા ચીજવસ્તુ મળ્યાના અથવા તેના સ્ટોકમાં તેની નોંધ કર્યાના સમયે, આવી ચીજવસ્તુઓની પ્રવર્તતી કારખાના કિંમત દ્વારા નક્કી કરેલી રકમ અને પોતે ભરેલ અથવા ભરવાપાત્ર આબકારી જકાતની રકમ અને હેરફેર અને વીમા ચાર્જ હોય તો તેની રકમનો સરવાળો કરતાં મળતું આવી ચીજવસ્તુઓના સ્ટોકનું મૂલ્ય ;

(૨) કોઈ આયાત કરનાર હોય તેવા કોઈ સ્ટોકિસ્ટના સંબંધમાં, સુખસુવિધા ચીજવસ્તુઓની તેણે કરેલ આયાતના સંબંધમાં, માલ મોકલાવનારનું બીલ, ભરતિયું અથવા મોકલેલ માલની નોંધ અથવા આવી આયાતના સબંધમાં એવા બીજા દસ્તાવેજમાં જણાવેલ કિંમત દ્વારા નક્કી કરેલી રકમ અને આવી આયાતના સંબંધમાં પોતે ભરેલ અથવા ભરવાપાત્ર કેન્દ્રીય વેચાણવેરાની અને બીજા વેરાઓની અને હેરફેર અને વીમા ચાર્જ હોય તો તેની રકમનો સરવાળો કરતાં મળતું આવા આયાત કરેલ સ્ટોકનું મૂલ્ય ;

(૧૬) "વર્ષ" એટલે,—

(૧) નિયમિત હિસાબના ચોપડા રાખતા કોઈપણ સ્ટોકિસ્ટના સંબંધમાં, જે વર્ષ માટે તે હિસાબો રાખતો હોય તે વર્ષ; અને

(૨) બીજા કોઈપણ સ્ટોકિસ્ટના સંબંધમાં, નાણાંકીય વર્ષ :

પરંતુ કોઈ રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટને જે વર્ષ માટે તે હિસાબોના ચોપડા રાખતો હોય તે વર્ષ, કમિશનરની સંમતિ વગર અને કમિશનર નક્કી કરે તેવી શરતો સિવાય, ફેરવવાનો હક રહેશે નહિ.

કરનું ભારણ.

૩. (૧) જે વર્ષમાં નિયત દિવસ આવતો હોય તેના પહેલાં દિવસે શરૂ થતાં વર્ષ દરમિયાન જેનું એકંદર મૂલ્ય રૂા. ૫૦ ૦૦૦થી વધતું હોય અથવા વધે તેવા વખતોવખત પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સ્ટોક ધરાવતાં દરેક સ્ટોકિસ્ટ, પેટા-કલમ (૩) હેઠળ આવી જવાબદારી બંધ ન થાય ત્યાં સુધી, નિયત દિવસે અથવા તે પછી તેણે મેળવેલ સ્ટોકના સંબંધમાં આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર થશે :

પરંતુ પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સ્ટોકનું એકંદર મૂલ્ય નિયત દિવસ પછી પહેલીવાર રૂા. ૫૦,૦૦૦થી વધતું હોય ત્યારે સ્ટોકીસ્ટ, જેમાં નિયત દિવસ આવતો હોય તે વર્ષમાં સ્ટોકનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦થી પહેલીવાર વધતું હોય ત્યારે, તે સમય સુધી તેણે, મેળવેલ સ્ટોકના સંબંધમાં કર ભરવાને જવાબદાર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં જણાવેલ વર્ષ પછીનું વર્ષ હોય તેવા કોઈ વર્ષ દરમિયાન, જેનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦ થી પહેલી વાર વધતું હોય તેવા વખતો વખત પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સ્ટોક ધરાવતાં દરેક સ્ટોકિસ્ટ, પેટા-કલમ (૩) હેઠળ આવી જવાબદારી બંધ ન થાય ત્યાં સુધી, તે વર્ષના પહેલાં દિવસે અને તે દિવસથી આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર થશે :

પરંતુ આવા કોઈ વર્ષના પહેલાં દિવસે શરૂ થતી અને સદરહુ પહેલાં દિવસથી ગણતરી કર્યા પ્રમાણે કોઈ પણ સુખસુવિધા ચીજવસ્તુઓના સ્ટોકનું એકંદર મૂલ્ય પહેલીવાર રૂા. ૫૦,૦૦૦થી વધતું હોય ત્યારે તે સમય સુધીની મુદત દરમિયાન, તેણે મેળવેલ સ્ટોકના સંબંધમાં સ્ટોકિસ્ટ, કર ભરવાને જવાબદાર થશે નહિ.

(૩) આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર થયેલા દરેક સ્ટોકિસ્ટની એવી રીતે કર ભરવાની જવાબદારી, તેનું રજિસ્ટ્રેશન યોગ્ય રીતે રદ કરવામાં ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે અને એવી રીતે રદ કરવામાં આવે એટલે અગાઉ લીધેલાં અથવા લેવાના કર સિવાયના કર ભરવાની તેની જવાબદારી, પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સુખસુવિધા ચીજવસ્તુઓના સ્ટોકનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦ કરતાં ફરી પહેલીવાર વધારે ન થાય ત્યાં સુધી બંધ થશે :

પરંતુ જે વર્ષમાં સ્ટોકિસ્ટ ઉપર્યુકત પ્રમાણે તેની જવાબદારી બંધ થાય તે જ વર્ષમાં, ફરીથી કર ભરવાને જવાબદાર થાય ત્યારે, કર ભરવાની જવાબદારી બંધ થાય તે તારીખે શરૂ થતી અને પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સુખસુવિધા ચીજવસ્તુઓના સ્ટોકનું એકંદર મૂલ્ય પહેલીવાર રૂા. ૫૦,૦૦૦ કરતાં વધુ થાય તે સમય સુધીની મુદત દરમિયાન આવી રીતે સ્ટોક મળ્યાના સંબંધમાં કોઈપણ કર ભરવો પડશે નહિ.

INDEX

સ્પષ્ટીકરણ.—આ કલમના અને કલમ ૫ના હેતુઓ માટે, જે સ્ટોકિસ્ટ, ઉત્પાદક હોય તેને, પોતે ઉત્પાદન કરેલ કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓનો સ્ટોક, તેના હિસાબના ચોપડામાં આવા ઉત્પાદનની નોંધ થયે મળ્યો છે એમ ગણાશે.

સ્ટોકિસ્ટે ભરવાનો કર.

૪. આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા કોઈપણ નિયમોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર હોય તે દરેક સ્ટોકિસ્ટે, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ લેવાપાત્ર કર ભરવો જોઈશે.

સુખસુવિધા ચીજ-વસ્તુઓના સ્ટોક ઉપર કર લેવા બાબત.

૫. વર્ષ દરમિયાન સ્ટોકિસ્ટે મેળવેલ સુખસુવિધા ચીજવસ્તુઓના સ્ટોક ઉપર, આવા સ્ટોકના ઓકટ્રોય મૂલ્યના પાંચ ટકાના દરે કર લેવો જોઈશે.

અધિનિયમને અમલ કરવા માટેના સત્તાધિકારીઓ.

૬. (૧) આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, રાજ્ય સરકાર, સમગ્ર ગુજરાત રાજ્ય માટે સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર તરીકે કોઈ અધિકારી નીમી શકશે, જે આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને મળે તેવી અથવા તેના ઉપર મૂકવામાં આવે તેવી તમામ **સત્તા** વાપરશે અને તેવી તમામ ફરજો બજાવશે.

(૨) આ અધિનિયમ હેઠળ કમિશનરના કાર્યો બજાવવામાં તેને સહાય કરવા, રાજ્ય સરકાર,—

(ક) અધિક સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર તરીકે રાજ્ય સરકાર જરૂરી ગણે તેટલા એક અથવા વધુ અધિકારીઓ;

(ખ) રાજ્ય સરકાર જરૂરી ગણે તેટલા, નાયબ સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર, મદદનીશ સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર અને સુખસુવિધા ચીજવસ્તુ કર અધિકારીઓ અને બીજા અધિકારીઓ અને વ્યકિતઓ (તેવા હોદ્દા સાથે) નીમી શકશે.

(૩) પેટા-કલમ (૨)ના ખંડ (ક) અથવા (ખ) હેઠળ નીમાયેલ કોઈ અધિકારી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી તેની હકૂમતમાં હોય તેવા વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની હદોમાં, પેટા-કલમ (૨)ના ખંડ (ક) હેઠળ નીમાયેલ અધિકારીના કિસ્સામાં, રાજ્ય સરકાર અને પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ નીમાયેલ અધિકારીના કિસ્સામાં, કમિશનર આપે અથવા મૂકે તેવી, આ અધિનિયમથી અથવા તે હેઠળ કમિશનરની સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૪) કર લેવા અને ઉઘરાવવાને લગતી આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના યોગ્ય અમલ માટેના દેખરેખ અને નિયંત્રણ, કમિશનરમાં નિહિત થશે.

સને ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

(૫) ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૨૮ હેઠળ રચેલી ટ્રિબ્યુનલ, અપીલો અને ફેરતપાસ માટેની અરજીઓની સુનાવણીના અને આ અધિનિયમ હેઠળ ટ્રિબ્યુનલના બીજા કાર્યો બજાવવાના હેતુઓ માટે ટ્રિબ્યુનલ ગણાશે. અને તદ્નુસાર, કલમ ૨૮ સહિત ટ્રિબ્યુનલને લગતી તે અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા વિનિયમો(આ અધિનિયમના હેતુઓ માટે ટ્રિબ્યુનલને તે લાગુ પાડવા માટે, તેમાં કરવામાં આવે તેવા સુધારાઓને અધીન રહીને), આ અધિનિયમના હેતુઓ માટે આવી ટ્રિબ્યુનલને અથવા તેના સંબંધમાં લાગુ પડશે :

પરંતુ, ટ્રિબ્યુનલ, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, આ અધિનિયમ હેઠળ પોતાની કાર્યવાહીનું નિયમન કરવાના અને તેના કામકાજનો નિકાલ કરવાના હેતુઓ માટે અલગ વિનિયમો કરી શકશે અને આ રીતે કરેલા વિનિયમો, રાજપત્રમાં, પ્રસિદ્ધ કરવા જોઈશે.

રજિસ્ટ્રેશન.

૭. (૧) કોઈપણ સ્ટોકિસ્ટ, કલમ ૩ હેઠળ કર ભરવાને જવાબદાર હોય ત્યારે, તે રજિસ્ટ્રેશનનું કાયદેસરનું પ્રમાણપત્ર ધરાવતો હોય તે સિવાય, રાજ્યમાં કોઈપણ સ્ટોક રાખી શકશે નહિ:

પરંતુ, સ્ટોકિસ્ટ, ઠરાવેલા સમયની અંદર, આ કલમમાં જોગવાઈ કર્યા મુજબ આવા રજિસ્ટ્રેશન માટે અરજી કર્યા બાદ, સ્ટોક રાખે તો, આ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન થયું હોવાનું ગણાશે નહિ.

(૨) રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર ધરાવવા માટે પેટા-કલમ (૧)થી ફરમાવ્યું હોય તેવા દરેક સ્ટોકિસ્ટે, આવા સત્તાધિકારી, (જેનો આમાં હવે પછી "ઠરાવેલા સત્તાધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો તે) ને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તેવી મુદતની અંદર, તેવી રીતે અરજી કરવી જોઈશે.

INDEX

(૩) ઠરાવેલા સત્તાધિકારી પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, પોતાને એવી ખાતરી થાય કે રજિસ્ટ્રેશન માટેની અરજી નિયમાનુસાર છે, તો તે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપશે.

(૪) ઠરાવેલા સત્તાધિકારી, અરજી કર્યે અથવા અન્યથા, રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં વખતોવખત સુધારો કરી શકશે.

(૫) કલમ ૩ હેઠળ વેરો ભરવા માટેની પેટા-કલમ (૩) હેઠળ જેને રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તે સ્ટોકિસ્ટની જવાબદારી બંધ થઈ હોય ત્યારે, આવું પ્રમાણપત્ર, સ્ટોકિસ્ટની અરજી ઉપરથી, ઠરાવવામાં આવે તેવી રીતે, ઠરાવેલા સત્તાધિકારી રદ કરી શકશે.

(૬) પેટા--કલમ (૩) હેઠળ સ્ટોકિસ્ટને આપેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, આવા સ્ટોકિસ્ટને યોગ્ય નોટિસ આપ્યા પછી, ઠરાવેલા સત્તાધિકારી રદ કરી શકશે, પરંતુ તેને એવી ખાતરી થવી જોઈએ કે તેણે, આ અધિનિયમ હેઠળ ભરવાનો કર, દંડ અથવા વ્યાજ ભર્યું નથી.

પરંતુ, જેને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપ્યું હોય તે સ્ટોકિસ્ટે કર, દંડ અને વ્યાજની બાકી રકમ ભરી દીધી હોય તો, તેનું પુનઃસ્થાપન થઈ શકશે.

પત્રકો.

૮. (૧) દરેક રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે, સ્ટોકના પત્રકો, ઠરાવવામાં આવે તેવી રીતે, તેટલી મુદતની અંદર અને તેવી તારીખ સુધીમાં, તેવા સત્તાધિકારીને પૂરાં પાડવાં જોઈશે.

(૨) કમિશનરને એવું માનવાને કારણ હોય કે,—

(ક) સ્ટોકિસ્ટ, જેનું ઓકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦/- કરતાં વધુ હોય તેવા સ્ટોકનો કબજો અથવા નિયંત્રણ ધરાવવાનો સંભવ છે; અથવા

(ખ) સ્ટોકિસ્ટ, કોઈપણ વર્ષ દરમિયાન, ઓકંદર મૂલ્ય રૂા.૫૦,૦૦૦થી વધુ મૂલ્યના સ્ટોકનો કબજો અથવા નિયંત્રણ ધરાવે છે ;

તો તે, ઠરાવવામાં આવે તેવી રીતે નોટિસ બજાવીને, આવા સ્ટોકિસ્ટને, પોતે રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટ હોય તેમ પત્રકો પૂરાં પાડવાનું ફરમાવી શકશે; પણ, જેનું ઓકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦/-થી વધુ હોય તેવો સ્ટોક પોતાના કબજામાં અથવા નિયંત્રણમાં હોય તે સિવાય, આવા સ્ટોકિસ્ટે કોઈપણ કર ભરવો જોઈશે નહિ.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ પત્રકો પૂરાં પાડ્યાં પછી, કોઈપણ સ્ટોકિસ્ટને, તેમાં કોઈ વર્જન અથવા ખોટા નિવેદનની જાણ થાય તો, તે અસલ પત્રકો પૂરા પાડવા માટે ઠરાવેલી છેલ્લી તારીખ પછી આવતા ત્રણ મહિના પૂરા થાય તે પહેલાં, સુધારેલા પત્રકો પૂરાં પાડી શકશે.

કરની આકારણી.

૯. (૧) રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટ પાસેથી લેણી થતી કરની રકમ, જે વર્ષ દરમિયાન તે કર ભરવા માટે જવાબદાર હોય તે દરેક વર્ષ માટે અલગ રીતે આકારવી જોઈશે.

(૨) કમિશનરને એવી ખાતરી થાય કે, પૂરાં પાડેલા પત્રકો ખરાં અને પૂર્ણ છે, તો તેણે આવા પત્રકોના આધારે સ્ટોકિસ્ટ પાસેથી લેણા થતા કરની રકમ આકારવી જોઈશે.

(૩) કમિશનરને એવી ખાતરી ન થાય કે પૂરા પાડેલા પત્રકો ખરાં અને પૂર્ણ છે અને તેને સ્ટોકિસ્ટની હાજરી અથવા વધુ પુરાવા રજૂ કરવાનું ફરમાવવાનું જરૂરી લાગે તો, તે એવા સ્ટોકિસ્ટ ઉપર, નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે અને સ્થળે તે સ્ટોકિસ્ટને હાજર થવાનું અથવા પોતાના પત્રકોના સમર્થનમાં, જેના ઉપર આવો સ્ટોકિસ્ટ આધાર રાખતો હોય તે તમામ પુરાવા રજૂ કરવાનું અથવા રજૂ કરાવવાનું અથવા તે નોટિસમાં નિર્દિષ્ટ કરેલ પુરાવા રજૂ કરવાનું ફરમાવતી નોટિસ, ઠરાવવામાં આવે તે રીતે બજાવશે.

(૪) નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા ત્યારપછી બનતી ત્વરાએ, કમિશનરે, રજૂ કરવામાં આવે તેવા તમામ પુરાવા વિચારમાં લીધા પછી, સ્ટોકિસ્ટ પાસે લેણા થતાં કરની રકમ આકારવી જોઈશે.

(૫) સ્ટોકિસ્ટ, પેટા--કલમ (૩) મુજબ કાઢેલી કોઈ નોટિસની બોલીઓનું પાલન ન કરે તો, કમિશનરે તેની પાસે લેણી થતી કરની રકમ, પોતાના ઉત્તમ નિર્ણય મુજબ આકારવી જોઈશે.

(૬) આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર સ્ટોકિસ્ટ, કોઈપણ મુદતના સંબંધમાં, ઠરાવેલી તારીખ સુધીમાં પત્રકો પૂરા ન પાડે, તો કમિશનરે, સ્ટોકિસ્ટને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, તેની પાસે લેણી થતી કરની રકમ, પોતાના ઉત્તમ નિર્ણય મુજબ આકારવી જોઈશે.

(૭) જો કમિશનરને એમ માનવાને કારણ હોય કે સ્ટોકિસ્ટ કોઈપણ મુદતના સંબંધમાં કર ભરવાને જવાબદાર છે, પણ રજિસ્ટ્રેશન માટે ઠરાવેલા સમયની અંદર તેના માટે અરજી કરી નથી, તો કમિશનરે તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, એવી મુદતના અને ત્યારપછીની કોઈપણ મુદતના સંબંધમાં, સ્ટોકિસ્ટ પાસે લેણાં થતા કરની રકમ (હોય તો તે) તેના ઉત્તમ નિર્ણય મુજબ આકારવી જોઈશે.

(૮) આ કલમ હેઠળ કરેલી કોઈ આકારણીથી, આ અધિનિયમ હેઠળના કોઈ ગુના માટે શિક્ષા કે કામ ચલાવવાને બાધ આવશે નહિ.

આકારણી કરવાની રહી ગઈ હોય તેવા સ્ટોકની ફેર આકારણી કરવા બાબત.

૧૦. આ અધિનિમય હેઠળ કર પાત્ર કોઈપણ સ્ટોકની, કલમ ૯ હેઠળના આકારણીના કોઈપણ હુકમમાં કોઈપણ મુદતના સંબંધમાં, આકારણી કરવાની રહી ગઈ છે અથવા ઓછી આકારણી કરવામાં આવી છે એમ માનવાને કમિશનરને કારણ હોય, તો કમિશનર,—

(ક) સ્ટોકિસ્ટે મેળવેલ સ્ટોક અથવા તેને લગતી અગત્યની વિગતો છુપાવી છે અથવા જાણી જોઈને ખોટા પત્રકો પૂરા પાડયા છે, એમ માનવાને તેને કારણ હોય ત્યારે, સ્ટોક જે મુદત માટે મેળવ્યો હોય તે પૂરી થયેથી આઠ વર્ષની અંદર કોઈપણ સમયે, અને

(ખ) બીજા કોઈપણ કિસ્સામાં, સ્ટોક જે મુદત માટે મેળવ્યો હોય તે, જે મુદતને લગતો હોય તે મુદત પૂરી થયા પછી, પાંચ વર્ષની અંદર--કોઈપણ સમયે,

એવી રીતે સ્ટોક મળ્યાના સંબંધમાં, કર ભરવાને જવાબદાર સ્ટોકિસ્ટ ઉપર, ઠરાવવામાં આવે તેવી રીતે નોટિસમાં સમાવેલી તમામ જરૂરી બાબતો અથવા તે પૈકી કોઈ બાબત જણાવતી નોટિસ બજાવી શકશે અને નોટિસ બજાવ્યાની તારીખથી મોડામાં મોડા ત્રણ વર્ષમાં તેવા સ્ટોકિસ્ટ પાસેથી લેણા થતા કરની રકમ, તેના ઉત્તમ નિર્ણય મુજબ આકારી શકશે :

પરંતુ, એવી આકારણીના સંબંધમાં, અપીલ અથવા ફેરતપાસની કાર્યવાહી અનિર્ણિત હોય ત્યારે, આ અધિનિયમ હેઠળ યોગ્ય અપીલ અથવા ફેરતપાસ અધિકારી પોતાની મેળે અથવા કમિશનરના રિપોર્ટ ઉપરથી, સ્ટોકિસ્ટને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

અમુક કિસ્સામાં દંડ નાખવા બાબત.

૧૧. આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર કોઈપણ સ્ટોકિસ્ટ,—

(ક) કલમ ૭ ની પેટા-કલમ (૨) હેઠળ રજિસ્ટ્રેશન માટે અરજી ન કરે;

(ખ) પૂરતા કારણ વગર, કલમ ૮ની પેટા-કલમ (૧) અથવા (૨) માં ફરમાવ્યા પ્રમાણે પત્રકો પૂરા ન પાડે અથવા તેમાં બેદરકારી કરે;

(ગ) પૂરતા કારણ વગર, કલમ ૯ની પેટા-કલમ (૩) હેઠળ તેને બજાવેલ નોટિસની બોલીઓનું પાલન ન કરે ;

(ઘ) કલમ ૮ ની પેટા--કલમ (૧) હેઠળ પત્રક પૂરું પાડતી વખતે, કલમ ૧૨ થી ફરમાવ્યા પ્રમાણે આવા પત્રક પ્રમાણે તેણે ભરવાના લેણાં થતા કરની પૂરેપૂરી રકમ સરકારી તિજોરીમાં ભરવામાં બેદરકારી દાખવે અથવાપૂરતા કારણો સિવાય ન ભરે ;

(ચ) કલમ ૧૪ થી ફરમાવ્યા પ્રમાણે યોગ્ય હિસાબો ન રાખે; અથવા

(છ) કરપાત્ર કોઈપણ લેવડદેવડની ખોટી વિગતો જાણી જોઈને પૂરી ન પાડે અથવા કોઈપણ સોદાની વિગતો છુપાવે;

તો કમિશનર, કલમ ૯ હેઠળ આકારેલ કોઈ કર ઉપરાંત, દશ હજાર રૂપિયાથી ઓછી ન હોય અને પચાસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમ દંડ તરીકે સ્ટોકિસ્ટ પર નાખી શકશે.

કર ભરવા બાબત.

૧૨. (૧) આમાં જોગવાઈ કરેલી રીતે અને ઠરાવવામાં આવે તેવા ગાળાએ કર ભરવો જોઈશે.

(૨) કલમ ૮ થી ફરમાવ્યા પ્રમાણે, પત્રકો પૂરા પાડનાર રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે, આવા પત્રક અનુસાર તેની પાસે લેણી થતી કરની પૂરેપૂરી રકમ, તેણે, કલમ ૧૧ હેઠળ તેણે ભરવાની થતી કોઈ દંડની રકમ સાથે, ઠરાવવામાં આવે તેવી રીતે સરકારી તિજોરીમાં પ્રથમ ભરવી જોઈશે.

(૩) રજિસ્ટર થયેલો સ્ટોકિસ્ટ, કલમ ૮ની પેટા--કલમ (૩) પ્રમાણે સુધારેલું પત્રક પૂરું પાડે અને આવું સુધારેલું પત્રક એમ દર્શાવે કે આગાઉ ભરેલા કર ઉપરાંત કરની રકમ ભરવાની છે તો, તેણે પ્રથમ કરની વધારાની રકમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે.

(૪) (ક) (૧) કરની રકમ પૂરી ભર્યા વિના પત્રકો પૂરા પાડવામાં આવ્યા હોય ત્યારે, લેણી થતી કરની રકમ

INDEX

(૨) કલમ ૯ અથવા ૧૦ હેઠળ કોઈ મુદત માટે આકારેલા અથવા ફરી આકારેલા કરની રકમ એવી મુદતના સંબંધમાં સ્ટોકિસ્ટે અગાઉ ભરેલી કોઈ રકમ બાદ કરતાં બાકી રહે તે કરની રકમ;

(ખ) કલમ ૧૧ હેઠળ લીધેલો દંડ (હોય તો તે) ની રકમ,

(ગ) કલમ ૧૩ હેઠળ, જો વ્યાજની રકમ હોય તો તે,

આ હેતુ માટે કમિશનરે કાઢેલી નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખ સુધીમાં, તે માટે જવાબદાર સ્ટોકિસ્ટે સરકારી તિજોરીમાં ભરી દેવી જોઈશે, પરંતુ એવી તારીખ નોટિસ બજાવ્યાની તારીખથી પંદર દિવસ કરતાં વહેલી ન હોવી જોઈએ.

(૫) પેટા-કલમ (૪) હેઠળ નોટિસમાં નિર્દિષ્ટ ચૂકવણીની તારીખ પછી, ભર્યા વિના રહેલો કોઈ કર, દંડ અથવા વ્યાજ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

સ્ટોકિસ્ટની વ્યાજ ભરવાની જવાબદારી.

૧૩. (૧) કોઈ સ્ટોકિસ્ટ, કલમ ૧૨ની પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ કરની રકમ ભરવા માટે ઠરાવેલ સમયની અંદર, કરની રકમ ભરે નહિ, ત્યારે ઉપર્યુકત ઠરાવેલો સમય પૂરો થયાની તારીખથી શરૂ થતી અને કરની રકમ ભર્યાની તારીખે પૂરી થતી મુદત માટે, એવી રીતે નહિ ભરાયેલા કરની રકમ ઉપર અથવા એવી મુદત દરમિયાન તેનાથી ઓછી ભરવાની બાકી રહેલી કરની રકમ ઉપર, આવા સ્ટોકિસ્ટે દર વર્ષે ચોવીસ ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

(૨) કલમ ૧૭ હેઠળ ફેરતપાસ હોય તો તેને અધીન રહીને, કલમ ૯ અથવા ૧૦ હેઠળ કોઈપણ મુદત માટે આકારણીની અથવા ફેર આકારણી કરેલ કરની રકમ, તે મુદત માટે સ્ટોકિસ્ટે અગાઉથી ભરી દીધેલી કરની રકમ કરતાં વધારે હોય ત્યારે, આવા સ્ટોકિસ્ટે કલમ ૧૨ની પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ કર ભરવા માટે ઠરાવેલ સમય પૂરો થયાની તારીખથી શરૂ થતી અને આકારણી, ફેર આકારણી અથવા યથાપ્રસંગ, ફેરતપાસના હુકમની તારીખે પૂરી થતી મુદત માટે, એવી રીતે નહિ ભરાયેલ કરની રકમ ઉપર અથવા એવી મુદત દરમિયાન ભરાયા વગર બાકી રહેલી તેના કરતાં કોઈ ઓછી રકમ ઉપર, દર વર્ષે ચોવીસ ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

હિસાબો.

૧૪. (૧) આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર દરેક સ્ટોકિસ્ટે અને બીજા જે સ્ટોકિસ્ટને ઠરાવેલી રીતે તેના ઉપર નોટિસ બજાવીને કમિશનરે એવી રીતે હિસાબ રાખવાનું ફરમાવ્યું હોય તે દરેક સ્ટોકિસ્ટે, પોતાના ધંધા દરમિયાન હિસાબના તમામ ખરા તથા પૂરેપૂરા ચોપડા નિયમિત રીતે રાખવા જોઈશે.

(૨) કમિશનરને એમ જણાય કે કોઈ મુદત દરમિયાન સ્ટોકિસ્ટ કર ભરવાને જવાબદાર છે કે નહિ તે નક્કી કરવા માટે સ્ટોકિસ્ટે રાખેલા હિસાબો પૂરતા સ્પષ્ટ અથવા સમજાય એવા નથી અથવા એવી રીતે રાખવામાં આવ્યા હોય કે જેથી પૂરા પાડેલા પત્રકોની યોગ્ય ચકાસણી થઈ શકે તેમ નથી, તો કમિશનર, એવા સ્ટોકિસ્ટને લેખિત નોટિસથી અને તે અર્થે જે કંઈ ઠરાવવામાં આવે તેને અધીન રહીને, યોગ્ય આકારણીના હેતુ માટે તેના અભિપ્રાય પ્રમાણે જરૂરી હોય તેવા હિસાબો, તેવા નમૂનામાં, અથવા તેવી રીતે રાખવાનું ફરમાવી શકશે.

હિસાબી ચોપડા અને દસ્તાવેજોની રજૂઆત અને તેની તપાસણી અને જગાની ઝડતી.

૧૫. (૧) કમિશનર, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, કોઈ સ્ટોકિસ્ટને, તેની સમક્ષ કોઈ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો રજૂ કરવાનું અથવા આ અધિનિયમના હેતુઓ માટે સ્ટોકિસ્ટના સ્ટોકને લગતી જરૂરી હોય તેવી કોઈ માહિતી અથવા તેના ધંધાને લગતી બીજી કોઈ માહિતી પૂરી પાડવાનું ફરમાવી શકશે.

(૨) કોઈ સ્ટોકિસ્ટના સ્ટોકને લગતા તમામ હિસાબો, રજિસ્ટરો અને દસ્તાવેજો અને કોઈ સ્ટોકિસ્ટના ધંધાના કોઈ સ્થળે રાખેલો તમામ સ્ટોક કમિશનરની તપાસણી માટે વાજબી સમયે ખુલ્લા રહેશે અને કમિશનર આ અધિનિયમના હેતુઓ માટે તેને જરૂરી જણાય તેવી નકલો અથવા ઉતારા તેમાંથી કરી અથવા કરાવી શકશે અથવા તેવા ઓળખ ચિહનો તેના ઉપર મૂકી અથવા મૂકાવી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ કોઈ કાર્યવાહીમાં પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલા હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજો કમિશનર, પોતાને જરૂરી લાગે તેટલી મુદત સુધી આ અધિનિયમના હેતુઓ માટે કબજે લઈ પોતાની કસ્ટડીમાં રાખી શકશે.

(૪) કમિશનરને એમ માનવાને કારણ હોય કે કોઈ સ્ટોકિસ્ટે તેની પાસેથી લેણું નીકળતો કોઈ કર ભરવાનું ટાળ્યું છે અથવા ટાળવાનો પ્રયત્ન કરે છે, તો તેની લેખિત નોંધ કરી કારણો દર્શાવી, સ્ટોકિસ્ટના જરૂરી હોય તેવા હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો તે જપ્ત કરી શકશે અને તેને માટે તેણે પહોંચ આપવી પડશે અને આ અધિનિયમ હેઠળ કોઈ કાર્યવાહી સંબંધી અથવા ફરિયાદ માટે જરૂરી હોય તેટલા સમય સુધી જ તે રાખી શકશે.

INDEX

(૫) પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૪)ના હેતુઓ માટે, કમિશનર, કોઈપણ સ્ટોકિસ્ટના ધંધાના કોઈપણ સ્થળે અથવા એવા સ્થળે જ્યાં એવું માનવાને કમિશનરને કારણ હોય કે સ્ટોકિસ્ટ, તેના ધંધા અથવા સ્ટોકના કોઈપણ હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજ રાખતો હોય અથવા તે સમયે રાખ્યા છે તેવા બીજા કોઈપણ સ્થળે પોતે દાખલ થઈ શકશે અને ઝડતી લઈ શકશે અને કોઈપણ ઝડતીમાં મળેલી ચીજોની તેના અભિપ્રાય મુજબ, આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં અથવા કોઈ ફરીયાદમાં ઉપયોગી હોય અથવા તેને લગતી હોય તેવી ચીજોની અથવા વસ્તુઓની નોંધ અથવા યાદી કરી શકશે.

સન ૧૯૭૪નો ૨જો.

(૬) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની ઝડતી અંગેની જોગવાઈઓ, શકય હોય તેટલે સુધી પેટા-કલમ (૫) હેઠળ કરવામાં આવેલ ઝડતીને લાગુ પડશે.

અપીલ.

૧૬.(૧) કલમ ૭ની પેટા-કલમ (૬) હેઠળ, તેના રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કરતા ઠરાવેલા સત્તાધિકારીના કોઈ હુકમથી અથવા કલમ ૯ અથવા ૧૦ હેઠળ કરેલા આકારણી અથવા ફેરઆકારણીના કોઈ હુકમથી અથવા કલમ ૧૧ હેઠળ દંડ નાખતા કોઈ હુકમથી નારાજ થયેલો કોઈપણ સ્ટોકિસ્ટ, હુકમ મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર,--

(ક) હુકમ, સુખસુવિધા ચીજવસ્તુ કર અધિકારીએ કર્યો હોય તો, મદદનીશ કમિશનરને,

(ખ) હુકમ, કોઈ મદદનીશ કમિશનરે કર્યો હોય તો, કમિશનરને,

(ગ) હુકમ, કોઈ નાયબ કમિશનરે અથવા અધિક કમિશનરે અથવા કમિશનરે કર્યો હોય તો, ટ્રિબ્યુનલને

અપીલ કરી શકશે.

(૨) મદદનીશ કમિશનરે અપીલમાં કરેલા કોઈ હુકમના કિસ્સામાં, બીજી અપીલ, ટ્રિબ્યુનલને કરી શકાશે.

(૩) (ક) ખંડ (ખ)ની જોગવાઈઓને અધીન રહીને, જે હુકમની વિરૂધ્ધ અપીલ કરવામાં આવી હોય તે હુકમની તારીખથી સાઠ દિવસમાં અપીલ ફાઈલ કરવામાં આવી ન હોય તો તેવી અપીલ દાખલ કરવામાં આવશે નહિ.

સન ૧૯૬૩નો ૩૬મો.

(ખ) ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલ મુદતની ગણતરી કરવામાં, મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪, ૫ અને ૧૨ની જોગવાઈઓ શકય હોય તેટલે સુધી લાગુ પડશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળની કોઈ અપીલ અથવા પેટા-કલમ (૨) હેઠળની બીજી અપીલ મળ્યે, અપીલ અધિકારી, ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોને અધીન રહીને, પોતે ન્યાયી અને યોગ્ય ગણે તેવો હુકમ, અપીલ અથવા યથાપ્રસંગ બીજી અપીલ પર કરી શકશે.

ફેરતપાસ.

૧૭. (૧) આ અર્થે કરવામાં આવે તેવા કોઈપણ નિયમોને અધીન રહીને,—

(ક) કમિશનર, પોતાની મેળે કોઈપણ તાબાના અધિકારીએ કરેલા કોઈપણ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર અથવા પોતાને કરવામાં આવેલી અરજી ઉપરથી એક વર્ષની અંદર, કોઈપણ હુકમનું રેકર્ડ મંગાવી તે તપાસી શકશે અને ફેરતપાસ માટેની નોટિસની બજવણીની તારીખથી બાર મહિનાની અંદર તે અંગે, પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(ખ) ટ્રિબ્યુનલ, કમિશનરના (બીજી અપીલમાં કલમ ૧૬ની પેટા-કલમ (૨) હેઠળ અથવા કોઈ અરજી ઉપર ફેરતપાસમાં ખંડ (ક) હેઠળ પસાર કરેલો કોઈ હુકમ ન હોય તેવા), હુકમ વિરૂધ્ધ તેને કરેલી અરજી ઉપરથી, હુકમની જાણ થયાની તારીખથી ચાર મહિનાની અંદર, આવા કોઈપણ હુકમનું રેકર્ડ મંગાવી, તે તપાસી શકશે અને તે અંગે પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૨) કલમ ૧૬ હેઠળ કોઈ અપીલ થઈ શકે તેમ હોય અને અપીલ દાખલ કરવામાં આવી ન હોય ત્યારે અરજી ઉપરથી આ કલમ હેઠળ ફેરતપાસમાં કોઈ કાર્યવાહી દાખલ થઈ શકશે નહિ.

(૩) કોઈપણ વ્યકિતને પ્રતિકૂળ રીતે અસર કરતો હોય તેવો કોઈ હુકમ, આ કલમ હેઠળ કરવો જોઈશે નહિ, વાય કે આવી વ્યકિતને સુનાવણીની કોઈ વાજબી તક આપી હોય.

(૪) કમિશનર અથવા ટ્રિબ્યુનલ, આ કલમ હેઠળ ફેરતપાસ માટેની કોઈ અરજી, નામંજૂર કરે ત્યારે, યથાપ્રસંગ મશનરે અથવા ટ્રિબ્યુનલે આવી નામંજૂરી માટેના કારણો નોંધવા જોઈશે.

INDEX

અપીલ અને ફેરતપાસની અરજી ઉપર લેવાની કોર્ટ-ફી.

૧૮. મુંબઈ કોર્ટ-ફી અધિનિયમ, ૧૯૫૯માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૧૬ હેઠળ રજૂ કરેલ અપીલ અને કલમ ૧૭ હેઠળ ફેરતપાસની અરજી ઉપર ઠરાવવામાં આવે તેટલી કિંમતનો કોર્ટ-ફી સ્ટેમ્પ હોવો જોઈશે. **સન ૧૯૫૯નો મુંબઈનો ૩૬મો.**

રિફંડ.

૧૯. (૧) કમિશનરે, સ્ટોકિસ્ટને, તેની પાસે લેણી થતી રકમ કરતાં વધારાની તેણે ભરેલ કર, દંડ અને વ્યાજની રકમ રિફંડ કરવી જોઈશે.

(૨) રિફંડ રોકડમાં અથવા તો સ્ટોકિસ્ટના વિકલ્પ મુજબ અન્ય કોઈ મુદતના સંબંધમાં તેના લેણા થતા કર, દંડ અથવા વ્યાજની રકમમાંથી આવી વધારાની રકમ બાદ કરીને, ચૂકવવું જોઈશે:

પરંતુ કમિશનરે આવી વધારાની રકમ, પ્રથમ કલમ ૧૨ની પેટા-કલમ (૪) હેઠળ જેના સંબંધમાં નોટિસ કાઢવામાં આવી હોય તે લેણી થતી રકમની વસૂલાત માટે વાપરવી જોઈશે અને તે પછી સિલક, હોય તો, તે રિફંડ કરવી જોઈશે.

કર અથવા વ્યાજ માફ કરવા બાબત.

૨૦. પોતે મૂકે તેવી શરતોને આધીન રહીને, રાજ્ય સરકાર,—

(૧) લોકહિતમાં, અથવા

(૨) બેવાર લેવાતા કરની બાબતમાં રાહત આપવાના હેતુ માટે; અથવા

(૩) વિષમ પરિસ્થિતિ નિવારવાના હેતુ માટે,

તેમ કરવું જરૂરી ગણે તો, હુકમ કાઢીને, સામાન્ય અથવા ખાસ રીતે કોઈ સ્ટોકિસ્ટ અથવા સ્ટોકિસ્ટોના કોઈ વર્ગે કોઈ મુદતના સંબંધમાં, ભરવાનો પૂરો કર અથવા વ્યાજ કે તેનો કોઈ ભાગ માફ કરી શકશે.

ગુના.

૨૧. (૧) જે કોઈ વ્યકિત,—

(ક) કલમ ૭નું ઉલ્લંઘન કરીને રજિસ્ટર થયા સિવાય, કોઈ સ્ટોકિસ્ટ તરીકે ધંધો કરે; અથવા

(ખ) જાણીબૂઝીને કોઈ ખોટા પત્રક પૂરા પાડે; અથવા

(ગ) કલમ ૧૪ હેઠળ તેને ફરમાવ્યા અનુસાર કોઈપણ હિસાબો અથવા રેકર્ડ રાખવાનું ફરમાવવામાં આવે ત્યારે, તે તેમ ન કરે અથવા

(ઘ) કલમ ૧૫ હેઠળ તેને કરેલા કોઈપણ ફરમાન પ્રમાણે પાલન ન કરે; અથવા

(ચ) જાણીબૂઝીને ખોટા હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો રજૂ કરે અથવા જાણીબૂઝીને ખોટી માહિતી પૂરી પાડે; અથવા

(છ) કલમ ૧૫ હેઠળ કોઈ તપાસણી અથવા ઝડતી કરતા કોઈપણ અધિકારીને અડચણ કરે; અથવા

(જ) ખંડો (ક) થી (છ)માં નિર્દિષ્ટ કરેલ કોઈપણ કાર્ય કરવામાં કોઈપણ વ્યકિતને મદદ કરે અથવા મદદગારી કરે,

તે વ્યકિતને, દોષિત ઠર્યે, છ મહિના સુધીની સાદી કેદ અથવા વીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની અથવા તે બંનેની શિક્ષા થશે અને ગુનો ચાલુ હોય ત્યારે, ગુનો ચાલુ રહે તેટલી મુદત દરમિયાન, રોજના એકસો રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષા થશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કમિશનરે દંડ નાખ્યો હોય તે જ હકીકતના સંબંધમાં, આ અધિનિયમ હેઠળ કોઈ ગુના માટે ફોજદારી કાર્યવાહી કરી શકાશે નહિ.

કંપનીઓએ કરેલા ગુના.

૨૨. (૧) આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કંપનીએ કર્યો હોય ત્યારે, ગુનો કરવામાં આવ્યો હોય તે વખતે કંપનીનો ચાર્જ સંભાળતી હોય અને તેના કાર્ય-સંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેવી દરેક વ્યકિત, તેમજ કંપની, તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તે અનુસાર તેમને શિક્ષા થઈ શકશે :

પરંતુ એવી કોઈ વ્યકિત એમ સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ ઘટતી કાળજી રાખી હતી, તો તે વ્યકિત, આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી કોઈ શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો, કોઈ કંપનીએ કર્યો હોય અને એમ સાબિત થાય કે તે ગુનો કંપનીના કોઈ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા તેમની મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે તો, તેવા ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તે અનુસાર તેમને શિક્ષા થઈ શકશે.

INDEX

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે,—

(ક) "કંપની" એટલે, કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિયેશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં, "ડિરેક્ટર" એટલે, પેઢીનો કોઈ ભાગીદાર.

ગુનાઓની ન્યાયિક નોંધ લેવા બાબત.

૨૩. કલમ ૨૧ હેઠળ કોઈપણ ગુનાની, કમિશનરની પૂર્વમંજુરી સિવાય, કોઈ કોર્ટથી ન્યાયિક નોંધ લઈ શકાશે નહિ.

ગુનાની માંડવાળ.

૨૪. (૧)કમિશનર, કલમ ૨૧ હેઠળ શિક્ષાપાત્ર કોઈપણ ગુના માટે કાર્યવાહી કરતાં પહેલાં અથવા કર્યા પછી, આવા ગુનાનું તહોમત મૂકાયેલ કોઈપણ વ્યકિત પાસેથી ગુનાની માંડવાળ તરીકે—

(૧) કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના ખંડો (ઘ) થી (જ) હેઠળ ગુનાનું તહોમત મૂકાયું હોય ત્યારે, બે હજાર રૂપિયાથી વધતી ન હોય તેટલી રકમ;

(૨) કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના બીજા કોઈપણ ખંડ હેઠળ ગુનાનું તહોમત મૂકાયું હોય ત્યારે, ગુનો જેને લગતો હોય તે સ્ટોક મેળવવા ઉપર ભરવાપાત્ર થયો હોય તેટલા કરની રકમની બમણી રકમથી વધતી ન હોય તેટલી રકમ,

સ્વીકારી શકશે.

(૨) કમિશનર, પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરે તેવી રકમની ચૂકવણી થયે, આરોપી સામે, એ જ ગુનાના સંબંધમાં, વધુ કાર્યવાહી હાથ ધરી શકશે નહિ.

ટ્રિબ્યુનલ અને કમિશનરની સત્તા.

૨૫. (૧) આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવતી વખતે, ટ્રિબ્યુનલ અને કમિશનરને, નીચેના હેતુ માટે દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે:—

(ક) સોગંદનામા દ્વારા હકીકતોની સાબિતીના;

(ખ) કોઈપણ વ્યકિતને બોલાવવાના અને હાજર રખાવવાના અને સોગંદ અથવા પ્રતિજ્ઞા ઉપર તેની જુબાની લેવાના;

(ગ) દસ્તાવેજોની રજૂઆત કરવાની ફરજ પાડવાના; અને

(ઘ) સાક્ષીઓને તપાસવા માટે કમિશનો કાઢવાના.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે કરવાના કોઈપણ સોગંદનામાના કિસ્સામાં, ટ્રિબ્યુનલ અથવા કમિશનરે નીમેલો કોઈપણ અધિકારી, સોગંદ ઉપર જુબાની આપનારને સોગંદ લેવડાવી શકશે.

દીવાની કોર્ટની હકૂમતને બાધ.

૨૬. (ક) આ અધિનિયમથી અથવા તે હેઠળ, જેની તજવીજ કરવાની અથવા જેનો નિર્ણય કરવાની ટ્રિબ્યુનલ, કમિશનર અથવા તેને સહાય કરવા નીમાયેલ કોઈપણ અધિકારીને સત્તા આપેલ હોય તેવા કોઈપણ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તેનો નિર્ણય કરવાની, કોઈ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ અને આ અધિનિયમથી અથવા તે હેઠળની કોઈપણ સત્તા અનુસાર લીધેલ અથવા લેવાના કોઈપણ પગલાના સંબંધમાં, કોઈપણ દીવાની કોર્ટ, કોઈ મનાઈ હુકમ આપી શકશે નહિ.

(ખ) આ અધિનિયમ હેઠળ, ટ્રિબ્યુનલ, કમિશનર અથવા તેને સહાય કરવા નીમાયેલ કોઈપણ અધિકારીએ કરેલ કોઈ આકારણી અથવા કરેલ કોઈપણ હુકમ સામે કોઈપણ દીવાની કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

કાર્યવાહીઓ તબદીલ કરવાની સત્તા.

૨૭. કમિશનર, પક્ષકારોને યોગ્ય નોટિસ આપ્યા પછી, લેખિત હુકમથી, આ અધિનિયમની કોઈપણ જોગવાઈ હેઠળ કોઈપણ કાર્યવાહી અથવા કાર્યવાહીઓનો વર્ગ, પોતાની પાસેથી બીજા કોઈપણ અધિકારીને તબદીલ કરી શકશે અને તેવી જ રીતે (આ કલમ હેઠળ અગાઉ તબદીલ કરેલ કોઈ કાર્યવાહી સહિતની) કોઈપણ કાર્યવાહી, આવા કોઈ અધિકારી તરફથી બીજાને અથવા પોતાને તબદીલ કરી શકશે.

INDEX

કલમ ૬ હેઠળ નીમાયેલ વ્યકિતઓ રાજ્ય સેવકો ગણાવા બાબત.

૨૮. કમિશનર અને કમિશનરને સહાય કરવા કલમ ૬ હેઠળ નીમાયેલ તમામ અધિકારીઓ અને વ્યકિતઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

ક્ષતિ-પૂર્તિ.

૨૯. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય બદલ, સરકારના કોઈપણ કર્મચારી સામે, કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૩૦. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે.

(ક) કલમ ૭ની પેટા–કલમ (૨) હેઠળ રજિસ્ટ્રેશનના પ્રમાણપત્ર માટે જે સત્તાધિકારી તેને, જે નમૂનામાં જે મુદતની અંદર અને જે રીતે અરજી કરવી જોઈશે તે સત્તાધિકારી, તે નમૂનો, તે મુદત અને રીત બાબત;

(ખ) કલમ ૭ની પેટા–કલમ (૩) હેઠળ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર જે નમૂનામાં આપવું જોઈએ તે નમૂના બાબત;

(ગ) કલમ ૭ની પેટા–કલમ (૫) હેઠળ ઠરાવેલ સત્તાધિકારીએ જે રીતે રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કરવું જોઈશે તે રીત બાબત;

(ઘ) કલમ ૮ની પેટા–કલમ (૧) હેઠળ રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે જે સત્તાધિકારીને, જે રીતે, જે મુદતના અને જે તારીખ સુધીમાં સ્ટોકના પત્રકો પુરા પાડવા જોઈશે તે રીત, મુદત અને તારીખ બાબત;

(ચ) કલમ ૮ની પેટા–કલમ (૨) હેઠળ જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત ;

(છ) કલમ ૯ની પેટા–કલમ (૩) હેઠળ કમિશનરે, સ્ટોકિસ્ટ ઉપર જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત;

(જ) કલમ ૧૦ હેઠળ સ્ટોકિસ્ટ ઉપર જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત;

(ઝ) કલમ ૧૨ની પેટા–કલમ (૧) હેઠળ જે ગાળાએ કર ભરવો જોઈશે તે ગાળા બાબત;

(ટ) કલમ ૧૨ની પેટા–કલમ (૨) હેઠળ રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે જે રીતે તેની પાસેથી લેણી નીકળતી કરની પૂરેપૂરી રકમ પ્રથમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે તે રીત બાબત;

(ઠ) કલમ ૧૪ ની પેટા–કલમ (૧) હેઠળ કમિશનરે બીજા દરેક સ્ટોકિસ્ટ ઉપર જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત ;

(ડ) કલમ ૧૫ ની પેટા–કલમ (૧) હેઠળ કમિશનર કોઈપણ સ્ટોકિસ્ટને જે શરતોને અધીન રહીને કોઈપણ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો તેની સમક્ષ રજૂ કરવાનું અથવા સ્ટોકિસ્ટોને લગતી કોઈપણ માહિતી અથવા તેના ધંધાને લગતી બીજી કોઈપણ માહિતી પૂરી પાડવાનું ફરમાવી શકશે તે શરત બાબત;

(ઢ) કલમ ૧૬ની પેટા કલમ(૪) હેઠળ અપીલ સત્તાધિકારી, અપીલ અથવા બીજી અપીલ ઉપર જેને અધીન રહીને, હુકમ કરી શકશે તે કાર્યરીતિના નિયમો બાબત;

(ત) કલમ ૧૭ ની પેટા–કલમ (૧) હેઠળ કમિશનર અથવા યથાપ્રસંગ, ટ્રિબ્યુનલ જે નિયમોને અધીન રહીને, કોઈપણ વર્ષના રેકર્ડ મંગાવી શકશે અને તપાસી શકશે તે નિયમો બાબત ;

(થ) કલમ ૧૮ હેઠળ અપીલ અને ફેરતપાસ માટેની અરજી ઉપર જે મૂલ્યની કોર્ટ ફી-સ્ટેમ્પ લગાવવી જોઈશે તે મૂલ્ય બાબત ;

INDEX

(૬) આ અધિનિયમ હેઠળ ઠરાવવી જરૂરી હોય અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ કલમ હેઠળ કોઈપણ નિયમો કરતી વખતે, રાજ્ય સરકાર એવો આદેશ આપી શકશે કે તેનો ભંગ કરવા બદલ પાંચ હજાર રૂપિયાથી વધુ નહિ તેટલા દંડની અને ચુનો ચાલુ રહે તે દરમિયાન, ઓકસો રૂપિયાથી વધુ નહિ તેટલા રોજના દંડની શિક્ષા થશે.

(૪) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા, નિયમો,અગાઉથી, પ્રસિધ્ધ કરવાની શરતને આધીન રહેશે !

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે એવા સંજોગો પ્રવર્તે છે કે જેથી તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બન્યું છે, તો આ કલમ હેઠળ કરવાનો કોઈપણ નિયમ અગાઉથી પ્રસિધ્ધ કરવાનું તેને માટે જરૂરી રહેશે નહિ.

(૫) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને તે જે સત્રમાં એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં, રાજ્ય વિધાનમંડળ જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૬) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે, તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમ ૨ના ખંડ (૪))

૧. ચિરૂટ

૨. સિગારેટ

૩. સિગાર

૪. પાઈપ અને સિગારેટ માટેના ધૂમ્રપાનનું મિશ્રણ.

ઉદ્દેશો અને કારણો

આ વિધેયકથી, તારીખ ૨૧મી જૂન, ૧૯૯૫ ના રોજ વિધાનસભામાં નાણામંત્રીના અંદાજપત્ર પ્રવચનમાં સમાવિષ્ટ દરખાસ્તનો અમલ કરાવવા માટે સુખસુવિધા કર લેવાનું ધાર્યું છે.

સ્ટોકિસ્ટે એટલે કે ઉત્પાદકે અથવા આયાત કરનારે કોઈ વર્ષ દરમિયાન મેળવેલ સુખસુવિધા ચીજ-વસ્તુઓના સ્ટોક ઉપર કર લેવાની દરખાસ્ત છે.

કલમો અંગેની નીચેની નોંધોમાં વિધેયકની અગત્યની જોગવાઈઓ ટૂંકમાં સમજાવવામાં આવી છે.

કલમ—૩.—આ કલમથી, કરના ભારણની જોગવાઈ કરી છે જેના દ્વારા જે વર્ષમાં નિયત દિવસ આવતો હોય તેના પહેલા દિવસે શરૂ થતા વર્ષ દરમિયાન, જેનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦/- થી વધુ હોય અથવા વધે તેવો, સ્ટોક વખતોવખત પોતાના કબજા અથવા નિયંત્રણમાં ધરાવતા દરેક સ્ટોકિસ્ટને કર ભરવા માટે જવાબદાર બનાવે છે.

કલમ—૪.—આ કલમ, કર ભરવાને જવાબદાર હોય તેવા દરેક સ્ટોકિસ્ટને, આ અધિનિયમ હેઠળ લેવાનો કર ચૂકવવાનુ ફરમાવે છે.

કલમ—૫.—આ કલમથી, કોઈ વર્ષ દરમિયાન સ્ટોકિસ્ટે મેળવેલ સુખસુવિધા ચીજ-વસ્તુઓના સ્ટોક પર, તેવા સ્ટોકના એકંદર મૂલ્યના પાંચ ટકાના દરે કર લેવાની જોગવાઈ કરી છે.

કલમ—૬.—આ કલમથી, આ અધિનિયમનો અમલ કરવા માટેના સત્તાધિકારીઓ જેવા કે સુખ સુવિધા ચીજ-વસ્તુ કર કમિશનર, નાયબ સુખ સુવિધા ચીજ-વસ્તુ કર કમિશનર, મદદનીશ સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર અને સુખસુવિધા ચીજવસ્તુ કર અધિકારી અને ગુજરાત વેચાણવેરા અધિનિયમ ૧૯૬૯ની કલમ ૨૮ હેઠળ રચેલી ટ્રિબ્યુનલની જોગવાઈ કરી છે.

કલમ—૭.—આ કલમથી, કલમ ૩ હેઠળ કર ભરવાને જવાબદાર હોય તેવા સ્ટોકિસ્ટોના રજિસ્ટ્રેશનની જોગવાઈ કરી છે.

કલમ—૮.—આ કલમથી, રજિસ્ટર થયેલા દરેક સ્ટોકિસ્ટે મેળવેલ સ્ટોકના પત્રકો પૂરાં પાડવાની જોગવાઈ કરી છે.

કલમ—૯.—આ કલમથી, કરની આકારણીની જોગવાઈ કરી છે.

કલમ—૧૦.—આ કલમથી, આકારણી કરવાની રહી ગઈ હોય તેવા સ્ટોકની ફેરઆકારણીની જોગવાઈ કરી છે.

કલમ—૧૧.—આ કલમથી, અમુક કિસ્સાઓમાં કોઈપણ સ્ટોકિસ્ટ ઉપર દંડ નાખવાની જોગવાઈ કરી છે.

કલમ—૧૨.—આ કલમથી, કર ભરવાની જોગવાઈ કરી છે.

કલમ—૧૩.—આ કલમથી, ઠરાવેલા સમયની અંદર નહિ ભરાયેલા કરની રકમ ઉપર વ્યાજ ભરવાની સ્ટોકિસ્ટની જવાબદારીની જોગવાઈ કરી છે.

કલમ—૧૪.—આ કલમથી, આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર દરેક સ્ટોકિસ્ટ અને કમિશનરે જેને નોટિસ બજાવી હોય તેવા બીજા દરેક સ્ટોકિસ્ટને તેના ધંધાના ક્રમમાં હિસાબના ખરા તથા પૂરેપૂરા ચોપડા નિયમિત રીતે રાખવાનું ફરમાવ્યું છે.

કલમ—૧૫.—આ કલમથી, હિસાબો અને દસ્તાવેજોની રજૂઆત અને તેની તપાસણી અને જગ્યાની ઝડતીની જોગવાઈ કરી છે.

INDEX

કલમ—૧૬.—આ કલમથી, તેના રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કરતા હુકમથી અથવા આકારણી અથવા ફેરઆકારણીના હુકમથી અથવા દંડ નાખતા હુકમથી નારાજ થયેલા કોઈપણ સ્ટોકિસ્ટ દ્વારા, તેમાં જણાવેલા સત્તાધિકારીઓને અપીલ કરવાની જોગવાઈ કરી છે.

કલમ—૧૭.—આ કલમથી, કમિશનરના તાબાના અધિકારીઓએ કરેલા હુકમોની કમિશનર દ્વારા અને કમિશનરે કરેલા હુકમોની ટ્રિબ્યુનલ દ્વારા ફેરતપાસની જોગવાઈ કરી છે.

કલમ—૧૮.—આ કલમથી, અપીલ અને ફેરતપાસની અરજી ઉપર લેવાની કોર્ટ-ફીની જોગવાઈ કરી છે.

કલમ—૧૯.—આ કલમથી, લેણી થતી રકમ કરતાં વધુ ભરાયેલ કર અને દંડની રકમના રિફંડની જોગવાઈ કરી છે.

કલમ—૨૦ અ કલમથી, અમુક સંજોગોમાં કર અથવા વ્યાજની માફી માટે જોગવાઈ કરી છે.

કલમ—૨૧.—આ કલમથી, ગુનાઓની જોગવાઈ કરી છે.

કલમ—૨૩.—આ કલમથી, ગુનાઓની ન્યાયિક નોંધની જોગવાઈ કરી છે.

કલમ—૨૪.—આ કલમથી, ગુનાની માંડવાળની જોગવાઈ કરી છે.

કલમ—૨૫.—આ કલમથી, સોગંદનામા પર હકીકતોની સાબિતી, વ્યક્તિઓને બોલાવવાની અને હાજર રખાવવાની, દસ્તાવેજો રજૂ કરાવવાની અને સાક્ષીઓની તપાસ માટે કમિશનો કાઢવાના હેતુઓ માટેની, દીવાની કોર્ટના જેવી જ, ટ્રિબ્યુનલ અને કમિશનરની સત્તાઓની જોગવાઈ કરી છે.

કલમ—૨૬.—આ કલમથી, દીવાની કોર્ટની હકૂમતના બાધ માટે જોગવાઈ કરી છે.

કલમ—૩૦.—આ કલમની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે અને ખાસ કરને પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી બાબતો માટે સત્તા મળે છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

સુરેશ મહેતા.

નાણાંકીય યાદી

વિધેયકની કલમ ૬થી, રાજ્ય સરકારને, જુદા જુદા કરવેરા અને રજિસ્ટર કરનાર સત્તાધિકારીઓની નિમણૂક કરવાની સત્તા મળે છે. હાલમાં, વેચાણવેરા કમિશનરને સાથોસાથ સુખસુવિધા કમિશનર તરીકે મુકરર કરવો અને વેચાણવેરા ખાતાના બીજા અધિકારીઓને, કમિશનરને પોતાના કાર્યો બજાવવામાં મદદ કરવા માટે આ અધિનિયમ હેઠળ નીમવાની દરખાસ્ત છે. વેરાની વસૂલાત અને અધિનિયમનો અમલ, વેચાણ વેરા ખાતાને સોંપવામાં આવશે. તેથી, વિધેયકની જોગવાઈઓને અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે તો, રાજ્યના એકત્રિત ફંડમાંથી કોઈપણ વધારાનો ખર્ચ થશે નહિ.

સુરેશ મહેતા.

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

આ વિધેયક નીચેની બાબતો-- સંબંધી ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઈ કરે છે.—

કલમ—૧.—આ કલમની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી જે તારીખે અધિનિયમની બાકીની જોગવાઈઓ અમલમાં આવશે તે તારીખ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૬.— (ક) આ કલમની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને, પેટા-કલમ (૨) ના પારા (ક) અથવા પારા (ખ) હેઠળ નીમાયેલ અધિકારી, જે હકૂમતના વિસ્તારની હદોમાં તેને મળેલી અથવા તેના પર મૂકેલી સત્તા તે વાપરશે અને ફરજો બજાવશે, તે નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

(ખ) આ કલમની પેટા-કલમ (૫)ના પરંતુકથી, ટ્રિબ્યુનલને, આ અધિનિયમ હેઠળ પોતાની કાર્યરીતિનું નિયમન કરવાના અને પોતાના જ કામકાજનો નિકાલ કરવાના હેતુ માટે અલગ વિનિયમો કરવાની સત્તા મળે છે

કલમ—૭. (ક) આ કલમની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર ધરાવનારનું

INDEX

ફરમાવાયું હોય તેવા દરેક સ્ટોકિસ્ટે, જે સત્તાધિકારીને, જે મુદતમાં અને જે રીતે અરજી કરવી જોઈશે તે નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(ખ) આ કલમની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને, જે નમૂનામાં રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવું જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(ગ) આ કલમની પેટા-કલમ (૫) થી, રાજ્ય સરકારને, જે તેરી રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કરી શકાય તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૮. -- (ક) આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, દરેક રજિસ્ટર થયેલા સ્ટોકિસ્ટે મેળવેલા સ્ટોકના પત્રકો જે સત્તાધિકારીને, જે રીતે, જે મુદત માટે અને જે તારીખ સુધીમાં પૂરા પાડવા જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(ખ) આ કલમની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, જે રીતે કમિશનર નોટિસ બજાવી શકે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૯. — આ કલમની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને, જે રીતે કમિશનરે કોઈ સ્ટોકિસ્ટ ઉપર નોટિસ બજાવવી જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૬) **કલમ—૧૦.**— આ કલમથી, રાજ્ય સરકારને, જે રીતે કમિશનરે કોઈ સ્ટોકિસ્ટ ઉપર નોટિસ બજાવવી જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૨.— (ક) આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, જે ગાળાએ કર ભરવો જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(ખ) આ કલમની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, કોઈ રજિસ્ટર થયેલા સ્ટોકિસ્ટની પાસે લેણી નીકળતી કરની પૂરેપૂરી રકમ, જે રીતે તેણે પ્રથમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૪.— આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, જે રીતે કમિશનરે દરેક બીજા સ્ટોકિસ્ટને નોટિસ બજાવવી જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૫.— આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, જે શરતોને આધીન રહીને કમિશનર કોઈપણ સ્ટોકિસ્ટને પોતાની સમક્ષ કોઈપણ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો રજુ કરવાનું અથવા સ્ટોકને લગતી કોઈપણ માહિતી અથવા તેના ધંધાને લગતી બીજી કોઈપણ માહિતી પૂરી પાડવાનું ફરમાવી શકે તે શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૬.— આ કલમની પેટા-કલમ (૪) થી, રાજ્ય સરકારને, જે કાર્યરીતિના નિયમોને આધીન રહીને અપીલ અધિકારી અપીલ અથવા બીજી અપીલ ઉપર હુકમ કરી શકે તે, ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૭— આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, જે નિયમોને આધીન રહીને કમિશનર તેના તાબાના કોઈ અધિકારીએ કરેલા કોઈ હુકમનું રેકર્ડ મંગાવી અને તપાસી શકે અને ટ્રિબ્યુનલ, કમિશનરે કરેલા કોઈ હુકમનુ રેકર્ડ મંગાવી અને તપાસી શકે તે નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૮. — આ કલમથી, રાજ્ય સરકારને, કોઈ અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી ઉપર જે મૂલ્યની કોર્ટ-ફી સ્ટેમ્પ લગાવવી જોઈશે તે, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૨૦ કલમથી, રાજ્ય સરકારને, સામાન્ય કે ખાસ રીતે હુકમ કાઢીને અમુક સંજોગોમાં સ્ટોકિસ્ટ અથવા સ્ટોકિસ્ટોના કોઈ વર્ગે ભરવાનો કોઈપણ કર અથવા વ્યાજ માફ કરવાની સત્તા મળે છે.

કલમ—૩૦.— આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની અને પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, તેમાં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા કોઈ પૈકીની કોઈપણ બાબત માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫ સુરેશ મહેતા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫. કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈદ્યાનિક
અને સંસદીય બાબતોના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

IX—Ex—45 (4)

INDEX

Extra No. 46 REGISTERED NO. G/GN[illegible]/1

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] FRIDAY, JULY 28, 1995, SRAVANA 6, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૮મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૮મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ–૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 7 OF 1995.

THE GUJARAT MEDICAL COUNCIL (AMENDMENT) ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૮મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 7 OF 1995

AN ACT

further to amend the Gujarat Medical Council Act, 1967.

સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૭

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૮મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ વધુ સુધારવા બાબત અધિનિયમ

આથી ભારતના ગણ રાજ્યના છેતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા :

સન ૧૯૬૮નો ગુજરાતનો ૧૦મો.

૧. આ અધિનિયમ ગુજરાત મેડિકલ કાઉન્સિલ (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

સન ૧૯૬૮ના ગુજરાતના ૧૦મા અધિ-નિયમની કલમ ૧૬ નો સુધારો.

૨. ગુજરાત મેડિકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૧૬માં, પેટા-કલમ (૩)માં, " પચાસ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૬૮ના ગુજરાતના ૧૦મા અધિ-નિયમની કલમ ૧૭ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, પેટા-કલમ (૨) માં, "પચાસ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

INDEX

સન ૧૯૬૮ના ગુજરાતના ૧૦મા અધિ-- નિયમની કલમ ૧૯નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં, પેટા-કલમ (૧)માં, "પાંચ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૬૮ના ગુજરાતના ૧૦મા અધિ- નિયમની કલમ ૨૩નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ માં,-

(૧) ખંડ (ખ)માં, "બે રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા ;

(૨) ખંડ (ગ)માં, પરંતુકમાં, "પાંચ રૂપિયાની ફી" એ શબ્દોને બદલે, "ઠરાવેલી ફી" એ શબ્દો મૂકવા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 47 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, JULY 29, 1995/SRAVANA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ અસાધારણમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 8 OF 1995.

THE GUJARAT SALES TAX (AMENDMENT) BILL, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. રમેશ. કે. ઝવેરી,

ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 8 OF 1995.

AN ACT

further to amend the Gujarat Sales Tax Act, 1969.

સન ૧૯૯૫નું ગુજરાત અધિનિયમ ક્રમાંક ૮

(**રાજ્યપાલની** અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો).

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ વધુ સુધારવા બાબત અધિનિયમ

આથી ભારતના ગણરાજ્યના છેંતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટુંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત વેચાણવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિમની કલમ ૧૨નો સુધારો.

૨. ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૧૨માં, "છ મહિનાની" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "બાર મહિનાની" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં "છ મહિનાની" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "બાર મહિનાની" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૬નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા--કલમ (૫) ને બદલે, નીચેની પેટા--કલમ મૂકવી :—

"(૫) કોઈ વેપારી આ કલમ હેઠળ વેરો ભરવાને જવાબદાર થાય, ત્યારે કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (કક) અથવા પેટા--કલમ (૨)ના ખંડ (કક) હેઠળ લીધેલો કે લેવાપાત્ર વેચાણવેરો અથવા કલમ ૧૫--ક હેઠળ લીધેલો કે લેવાપાત્ર ખરીદી વેરો, આ કલમ હેઠળ ભરવાના ખરીદી વેરા સામે મજરે આપવામાં આવશે.".

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૧નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૧માં, પેટા કલમ (૩)માં બીજા પરંતુકમાં ખંડ (ક)માં, "પાંચ લાખ" એ શબ્દોને બદલે "દસ લાખ" એ શબ્દો મૂકવા અને "પાંચ હજાર" એ શબ્દોને બદલે "દસ હજાર" એ શબ્દો મૂકવા અને તે સન ૧૯૯૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી હંમેશા મૂકવામાં આવ્યા છે એમ ગણાશે.

INDEX

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમમાં નવી કલમ ૪૧-કક દાખલ કરવા બાબત.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૧ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી:—

સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાની મુદત માટે આકારણી થયેલી ગણવા માટે ખાસ જોગવાઈ.

"૪૧કક.(૧) કલમ ૪૧ની પેટા--કલમો(૨) અને (૩) માં ગમે તે મજકૂર હોય તે છતાં,—

કોઈપણ નિર્દિષ્ટ મુદતના સંબંધમાં તે માટે ઠરાવેલી તારીખોએ કોઈપણ વેપારીએ એકરાર અથવા પત્રક પૂરા પાડયા હોય અને આ અધિનિયમથી અથવા તે હેઠળ ઠરાવેલા સમયની અંદર એવા એકરાર અથવા પત્રક અનુસાર લેણાં વેરાની રકમ ભરી હોય ત્યારે,—

(ક) કલમ ૪૧ની પેટા--કલમ (૩) હેઠળ જેના ઉપર નોટીસ કાઢવામાં આવી હોય અને એકરાર અથવા પત્રક જે મુદતને લગતું હોય તે નિર્દિષ્ટ મુદત દરમિયાન જેનું ખરીદીનું ટર્નઓવર અથવા નિર્દિષ્ટ વેચાણોનું ટર્નઓવર અથવા વેચાણોનું ટર્નઓવર પાંચ લાખ કરતા વધતું ન હોય અને નિર્દિષ્ટ મુદત માટે ભરવાનો વેરો પાંચ હજાર રૂપિયા કરતા વધતો ન હોય તેવા વેપારીના કિસ્સામાં, આવા એકરાર અથવા પત્રકના સંબંધમાં તે વેપારી પાસે લેણાં થતાં વેરાની રકમ, જો વેપારી તેના વિકલ્પે દરેક નિર્દિષ્ટ મુદત માટે તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ અથવા તે પહેલા સરકારી તિજોરીમાં બસો પચાસ રૂપિયા ભરે તો આકારણી કરવામાં આવી છે એમ ગણાશે;

(ખ) એકરાર અથવા પત્રક જે મુદતને લગતું હોય તે નિર્દિષ્ટ મુદત દરમિયાન જેનું ખરીદીનું ટર્ન-ઓવર અથવા નિર્દિષ્ટ વેચાણોનું ટર્નઓવર અથવા વેચાણોનું ટર્નઓવર પંદર લાખ રૂપિયા કરતાં વધુ ન હોય અને નિર્દિષ્ટ મુદત માટે ભરવાનો વેરો પચ્ચીસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તે વેપારીના કિસ્સામાં આવા એકરાર અથવા પત્રકના સંબંધમાં, આવા વેપારી પાસે લેણાં થતાં વેરાની રકમ, કલમ ૪૧ની પેટા-કલમ (૩) હેઠળ, નોટિસ કાઢી હોય કે કાઢી ન હોય તે છતાં, વેપારી તેના વિકલ્પે દરેક નિર્દિષ્ટ મુદત માટે તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ અથવા તે પહેલા સરકારી તિજોરીમાં પાંચસો રૂપિયા ભરે તો આકારણી કરવામાં આવી છે એમ ગણાશે;

(ગ) એકરાર અથવા પત્રક જે મુદતને લગતું હોય તે નિર્દિષ્ટ મુદત દરમિયાન જેનું ખરીદીનું ટર્ન-ઓવર અથવા નિર્દિષ્ટ વેચાણોનું ટર્ન-ઓવર અથવા વેચાણોનું ટર્નઓવર પંદર લાખ રૂપિયા કરતાં વધુ હોય પણ પચ્ચીસ લાખ રૂપિયા કરતાં વધુ ન હોય અને નિર્દિષ્ટ મુદત માટે ભરવાનો વેરો પચ્ચીસ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તે વેપારીના કિસ્સામાં, આવા એકરાર અથવા પત્રકના સંબંધમાં, આવા વેપારી પાસે લેણા થતા વેરાની રકમ, કલમ ૪૧ની પેટા--કલમ (૩) હેઠળ, નોટિસ કાઢી હોય કે કાઢી ન હોય તે છતાં જો વેપારી તેના વિકલ્પે દરેક નિર્દિષ્ટ મુદત માટે તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૬ના રોજ અથવા તે પહેલાં સરકારી તિજોરીમાં એક હજાર રૂપિયા ભરે તો આકારણી કરવામાં આવી છે એમ ગણાશે.

(૨) પેટા--કલમ (૧) ના ખંડ (ક), (ખ) અથવા (ગ) હેઠળ કોઈ વેપારીએ કરેલી ચૂકવણી,—

(ક) જાણે કે વેપારીએ, કલમ ૪૦ની પેટા-કલમ (૩) હેઠળ સુધારેલ એકરાર અથવા સુધારેલ પત્રક પૂરું પાડયું હતું; અને

(ખ) આવા સુધારેલ એકરાર અથવા સુધારેલ પત્રક હેઠળ, વેરો ભરવા માટેની જવાબદારી પેટે કલમ ૪૭ની પેટા--કલમ (૩) હેઠળ, કરેલ ચૂકવણી તરીકે,

સમજવામાં આવશે.

(૩) આ કલમનો કોઈપણ મજકૂર, કલમ ૫૯ની પેટા-કલમ (૪) હેઠળ જેનાં હિસાબો, રજિસ્ટર્સ અથવા દસ્તા-વેજો જપ્ત કરવામાં આવ્યા હોય તે વેપારીને લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે, "નિર્દિષ્ટ મુદત" એટલે,

(ક) હિસાબના નિયમિત ચોપડા રાખતો હોય તેવા કોઈ વેપારીના સંબંધમાં, જેના સંદર્ભમાં પોતે હિસાબો રાખતો હોય તેવું સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ પહેલાનું કોઈપણ વર્ષ અથવા વર્ષનો કોઈ ભાગ અને,

(ખ) બીજા કોઈપણ વેપારીના સંબંધમાં, સદરહુ તારીખ આગાઉનું કોઈપણ નાણાંકીય વર્ષ અથવા નાણાંકીય વર્ષનો કોઈ ભાગ.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૭નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૭માં, પેટા-કલમ (૪ક) માં, પરંતુકમાં, ખંડ (૫) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:—

(૬) કોઈપણ મુદતના સંબંધમાં આ અધિનિયમ હેઠળ કોઈપણ વેપારી પાસેથી વેરાની રકમ આકારતી વખતે, આકારણીનો હુકમ કરવા માટે લીધેલ સમય, કલમ ૪૭ની પેટા-કલમો (૧), (૨) અથવા (૩) હેઠળ વેરાની ચૂકવણી માટે ઠરાવેલ સમય પૂરો થયાની તારીખથી છત્રીસ મહિના કરતાં વધતો હોય તે પ્રસંગે, છત્રીસ મહિનાથી વધારાની મુદતના સંબંધમાં.",

INDEX

૮. મુખ્ય અધિનિયમમાં કલમ ૫૫-ખમાં, "શમીયાણા" એ શબ્દ પછી, "ઈલેકટ્રિક પંખા, ઈલેકટ્રિક માલ-સામાન, ફર્નિચર અને વાસણો" એ શબ્દો દાખલ કરવા. સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૫-ખ નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ—૧ માં, સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

(૧) અનુક્રમાંક ૧૪ની નોંધમાં, કોલમ ૨માં, "(પણ તેમાં કપાસીયા સિવાય) બીજા ખોળ અને તેલ રહિત ખોળ" એ કૌંસ અને શબ્દોને બદલે, "(પણ તેમાં બીજા ખોળ અને તેલરાહત ખોળ સિવાય)" એ કૌંસ અને શબ્દો મૂકવા;

(૨) અનુક્રમાંક ૩૭ની નોંધમાં, કોલમ ૨માં, "એક સો રૂપિયા" એ શબ્દોને બદલે, "એક સો પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૩) અનુક્રમાંક ૪૧ની નોંધમાં, કોલમ ૨માં, "ધમેલા અને તગારાં" એ શબ્દોને બદલે, "જી. પી. શીટ્સ અને સી. આર. શીટ્સના બનેલા ધમેલા અને તગારાં" એ શબ્દો મૂકવા;

(૪) અનુક્રમાંક ૪૯ની નોંધમાં, કોલમ ૨માં "રૂપિયા ચાળીસ" એ શબ્દોને બદલે, " રૂપિયા પચાસ" એ શબ્દો મૂકવા ;

(૫) અનુક્રમાંક ૮૩ ની નોંધ કમી કરવી;

(૬) અનુક્રમાંક ૮૯ની નોંધમાં, કોલમ ૨માં, "રમકડાં" એ શબ્દોને બદલે, "ઈલેકટ્રોનિક રમકડાં સિવાયના રમકડાં" એ શબ્દો મૂકવા.

૧૦. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨, સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૨ નો સુધારો.

(ક) ભાગ-કમાં,—

(૧) અનુક્રમાંક ૩૧ની નોંધ ને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧	૨	૩	૪
"૩૧	લોખિયરીમાલ	રૂપિયે બે પૈસા	રૂપિયે બે પૈસા".

(૨) અનુક્રમાંક ૩૧ની નોંધ પછી, નીચેની નવી નોંધ ઉમેરવી :—

૧	૨	૩	૪
"૩૧ ક.	ઈસબગુલ	રૂપિયે ત્રણ પૈસા	રૂપિયે ત્રણ પૈસા",

(૩) અનુક્રમાંક ૬૬ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧	૨	૩	૪
"૬૬	અગરબત્તી, પડી, ધૂપ, ધૂપબત્તી અને લોબાન.	રૂપિયે બે પૈસા	રૂપિયે બે પૈસા",

(૪) અનુક્રમાંક ૭૮ની નોંધમાં, કોલમ ૩ અને ૪ માં, "રૂપિયે બાર પૈસા", એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૫) અનુક્રમાંક ૯૭ની નોંધમાં પેટા-નોંધ (ઘ)માં, બાબત (૯) માં, કોલમ (૨)માં "ઈલેકટ્રોનિક ગેહમ્સ" એ શબ્દો બે જગ્યાએ આવે છે ત્યાં તે પછી, "ઈલેકટ્રોનિક રમકડાં" એ શબ્દો દાખલ કરવા;

INDEX

(૬) અનુક્રમાંક ૧૨૧ની નોંધમાં, કોલમ ૩ અને ૪ માં, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દોને બદલે "રૂપિયે વીસ પૈસા" એ શબ્દો મૂકવા;

(૭) અનુક્રમાંક ૧૨૭ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧	૨	૩	૪
"૧૨૭.	કોઈપણ પ્રકારના મચ્છર પ્રતિરોધકો તેની સાધનસામગ્રી અને ડીવાઈસ સહિત.	રૂપિયે ચાર પૈસા.	રૂપિયે ચાર પૈસા".

(૮) અનુક્રમાંક ૧૨૮ની નોંધમાં, પેટા-નોંધ (૬)માં, કોલમ-૨માં, "ટાયરો અને ટયુબો" એ શબ્દોને બદલે "ટાયરો, ટયૂબો અને ફલેપો" એ શબ્દો મૂકવા;

(૯) અનુક્રમાંક ૧૩૪ ની નોંધમાં કોલમ ૩ અને ૪માં, "રૂપિયે છ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા.

(૧૦) અનુક્રમાંક ૧૫૧ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે પાંચ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૧) અનુક્રમાંક ૧૫૨ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

૧	૨	૩	૪
"૧૫૨	(૧) ચશ્મા, ઓપ્થેલ્મીક લેન્સ, કોન્ટેકટ લેન્સ ફ્રેમો તેના છૂટા ભાગો અને ઉપસાધનો અને રફ બ્લેન્ક.	રૂપિયે ચાર પૈસા	રૂપિયે ચાર પૈસા.
	(૨) ગોગલ્સ અને સનગ્લાસીસ	રૂપિયે બાર પૈસા	રૂપિયે બાર પૈસા"

(૧૨) અનુક્રમાંક ૧૬૫ની નોંધમાં, પેટા-નોંધ (૨)માં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે સાત પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૩) અનુક્રમાંક ૧૮૦ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે ચૌદ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૪) અનુક્રમાંક ૧૮૨ની નોંધમાં, પેટા-નોંધ (૧)માં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે એક પૈસો" એ શબ્દોને બદલે, "રૂપિયે બે પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૫) અનુક્રમાંક ૧૮૩ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે બાર પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૬) અનુક્રમાંક ૧૮૪ ખની નોંધ પછી, નીચેની નવી નોંધ દાખલ કરવી :—

૧	૨	૩	૪
"૧૮૪-ગ	(૧) વરીયાળી (એની સીડ્સ), (૨) જીરૂ (કયુમીન સીડ્સ), (૩) મેથી (ફેનુગ્રુ સીડ્સ), (૪) અજમો (આજવા), (૫) કાલિંગડાના બી (૬) અશળિયો.	રૂપિયે ત્રણ પૈસા	રૂપિયે ત્રણ પૈસા",

(૧૭) અનુક્રમાંક ૧૯૨ની નોંધમાં, પેટા-નોંધ (૨)માં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે ચૌદ પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" એ શબ્દો મૂકવા;

(૧૮) અનુક્રમાંક ૧૯૩ની નોંધમાં, કોલમ ૩ અને ૪માં, "રૂપિયે સાત પૈસા" એ શબ્દોને બદલે, "રૂપિયે ચાર પૈસા" આ શબ્દો મૂકવા.

(ખ) અનુસૂચિ ૨માં, ભાગ-ખમાં, અનુક્રમાંક ૩, ૪, ૫ અને ૬ની નોંધો કમી કરવી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 48 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, JULY 29, 1995/SRAVANA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ કમાંક ૯નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 9 OF 1995.

THE BOMBAY LAND REVENUE (GUJARAT SECOND AMENDMENT) ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સને ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 9 OF 1995.

AN ACT

further to amend the Bombay Land Revenue Code, 1879.

સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૯.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં પ્રથમ પ્રસિધ્ધ કરેલો)

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત અધિનિયમ

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકું નામ અને આરંભ.

૧. (૧) અધિનિયમ મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯નો મુંબઈનો પમો.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમના પ્રકરણ ૧૦-ખનો સુધારો.

૨. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, પ્રકરણ ૧૦ ખમાં, "તલાટી" એ શબ્દ જ્યાં જ્યાં આવે છે, ત્યાં ત્યાં તેને બદલે, "સક્ષમ સત્તાધિકારી" એ શબ્દો મૂકવા.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં, નવી કલમ ૧૩૫-ઢઢ દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૧૦ ખમાં, "ખેડૂત-પાસ-બુક ખાતાવહી બાબત" એ શીર્ષક પછી, પરંતુ કલમ ૧૩૫-ત પહેલાં, નીચેની નવી કલમ દાખલ કરવી :-

લાગુ પાડવા બાબત.

"૧૩૫-ઢઢ. (૧) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા કોઈ જિલ્લાના તાલુકાને લાગુ પડશે.

(૨) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા કોઈ જિલ્લાના તાલુકાને લાગુ પડવાનું બંધ થશે.

(૩) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા કોઈ જિલ્લાના તાલુકાને ફરી લાગુ પડવાનું ચાલુ થશે.".

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫-તનો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ત માં,-

(૧) પેટા-કલમ (૧) માં, "જેના માટે તલાટી નીમવામાં આવ્યો હોય તેવા ગામ અથવા ગામના સમૂહમાં" એ શબ્દોને બદલે, "કલમ ૧૩૫-ઢઢની પેટા-કલમ (૧) હેઠળ જેને આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા તેની પેટા-કલમ (૩) હેઠળ ફરી લાગુ પડતું હોય અને જેના માટે સક્ષમ સત્તાધિકારી નીમવામાં આવ્યા હોય તે તાલુકામાં" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

INDEX

(૨) પેટા-કલમ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૨) (ક) કલમ ૧૩૫-દ્વદની પેટા-કલમ (૧) હેઠળ જેને આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા પેટા-કલમ (૩) હેઠળ ફરી લાગુ પડતું હોય તે તાલુકામાં જમીન ધરાવતા ખેડૂતને ખેડૂત-પાસ-બુક પૂરી પાડવી જોઈશે.

(ખ) ખંડ (ક) હેઠળ—

(૧) જે તારીખે તાલુકાને આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા ફરી લાગુ પડતું હોય તે તારીખથી રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર; અને

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી ભર્યેથી, પાસ-બુક આપવામાં આવશે.

(ગ) ખેડૂત—પાસ—બુકની બીજી પ્રત સક્ષમ સત્તાધિકારીએ રાખવી જોઈશે."

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫—થમાં, સ્પષ્ટીકરણમાં,— સન ૧૮૭૯ ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫ થનો સુધારો.

(૧) "અને કલમ ૧૩૫-દમાં," એ શબ્દો, આંકડા અને અક્ષરને બદલે, "અને કલમો ૧૩૫-દ અને ૧૩૫-પમાં" એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા;

સન ૧૯૮૦ નો ૪૦મો.

(૨) ખંડ (૪)માં, "૧૯૭૦" એ આંકડા પછી "અથવા બેન્કીંગ કંપની (અન્ડરટેકિંગ સંપાદન અને તબદીલી) અધિનિયમ, ૧૯૮૦" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા;

(૩) ખંડ (૯) પછી, નીચેના ખંડો દાખલ કરવા:—

સન ૧૯૬૨ નો ગુજરાતનો ૧૦મો.

"(૯-ક) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલ સહકારી મંડળી;

સન ૧૯૯૩ નો ગુજરાતનો ૧૮મો.

(૯—ખ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલ કોઈ પંચાયત.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-દ પછી, નીચેની નવી કલમો દાખલ કરવી :— સન ૧૮૭૯નાં મુંબઈના પમા અધિનિયમમાં નવી કલમ ૧૩૫-દદ અને ૧૩૫-દદદ દાખલ કરવા બાબત.

"૧૩૫-દદ.(૧) કોઈપણ ખેતીના જમીન, વેચાણ દ્વારા, ખરીદી દ્વારા, બક્ષિસ દ્વારા, ગીરો દ્વારા પછી તે કબજા સાથે કે કબજા રહિત હોય, અદલા-બદલી દ્વારા, વિભાજન દ્વારા, પટ્ટે આપીને, સુપ્રત કરીને અથવા અન્યથા તબદીલ કરવાનો કોઈપણ દસ્તાવેજ, આવી જમીનને લગતી ખેડૂત પાસ-બુક આવા દસ્તાવેજ સાથે જોડી હોય તે સિવાય, આ પ્રકરણ કલમ ૧૩૫-દ્વદની પેટા-કલમ (૧) હેઠળ જેને લાગુ પડતું હોય અથવા પેટા-કલમ (૩) હેઠળ ફરી લાગુ પડતું હોય તે તાલુકામાં, કોઈપણ રજિસ્ટર કરનાર સત્તાધિકારી, રજિસ્ટર કરી શકશે નહિ. ખેતીની જમીનની તબદીલીના રજિસ્ટ્રેશન દસ્તાવેજ સાથે ખેડૂત પાસ-બુક જોડવા બાબત.

(૨) રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ, આવો દસ્તાવેજ રજિસ્ટર કર્યા પછી, ખેડૂતની ખેડૂત-પાસ-બુકમાં જરૂરી નોંધો કરવી જોઈશે અને ત્યારપછી, પાસ-બુક ખેડૂતને પરત કરવી જોઈશે.

(૩) રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ, આવા રજિસ્ટ્રેશનનો લેખિત રિપોર્ટ સક્ષમ સત્તાધિકારીને કરવો જોઈશે.

૧૩૫-દદદ : સક્ષમ સત્તાધિકારીની, અનુક્રમે કલમો ૧૩૫-ધ અને ૧૩૫-ન માં જોગવાઈ કર્યા મુજબ ખેડૂત પાસ-બુક અને પોતે રાખેલી ખેડૂત પાસ-બુકની બીજી નકલ, તેમાં જરૂરી નોંધો કરીને અદ્યાવત રાખવાની જવાબદારી રહેશે." સક્ષમ સત્તાધિકારીની જવાબદારી.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ-૧૩૫-ધને બદલે, નીચેનો મજકૂર મૂકવો — સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં કલમ ૧૩૫-ધ બદલવા બાબત.

INDEX

ખેડૂત-પાસ-બુક અદ્યાવત રાખવા બાબત.

"૧૩૫–ધ. જ્યારે પણ કલમ ૧૩૫-ધ હેઠળ ફેરફારના રજિસ્ટરમાંથી હકપત્રમાં નોંધો બદલવામાં આવે ત્યારે, સક્ષમ સત્તાધિકારીએ સંબંધિત ખેડૂત પાસેથી ખેડૂત–પાસ–બુક માંગવી જોઈશે અને તેમ થયે ખેડૂતે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર, સક્ષમ સત્તાધિકારી સમક્ષ, ખેડૂત–પાસ–બુક રજૂ કરવી જોઈશે અને આવી રીતે પાસ–બુક રજુ કર્યેથી, સક્ષમ સત્તાધિકારીએ,હકપત્રમાંની તત્સમાન હોય તેવી નોંધો કરવી જોઈશે અને આવી પાસ બુક અદ્યાવત રાખવી જોઈશે.".

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫-૫ બદલવા બાબત.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-૫ સ્પષ્ટીકરણ સહિતને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

ખેડૂત પાસ બુકની નોંધો સાબિત કરવાની રીત.

"૧૩૫–૫. (ક) સક્ષમ સત્તાધિકારીએ રાખેલી ખેડૂત–પાસ–બુકની બીજી પ્રતમાંની, અથવા

(ખ) ખેડૂતની ખેડૂત–પાસ–બુકમાંની,

બેન્કે અથવા રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ કરેલી નોંધ ન હોય તેવી કોઈપણ નોંધની પ્રમાણિત નકલ, તમામ કાનૂની કાર્યવાહીમાં, આવી નોંધ હોવાના પ્રથમ દર્શનીય પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે અને હકપત્રમાં જાણે મૂળ નોંધ જ હોય તેમ તેટલા પ્રમાણમાં, તેમાં નોંધાયેલ બાબતો, લેવડદેવડ અને હિસાબોના પુરાવા તરીકે ગ્રાહ્ય ગણાશે, પણ વિશેષ અથવા બીજી રીતે નહિ.".

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમના પ્રકરણ ૧૦-ખમાં નવી કલમો અને સ્પષ્ટીકરણ દાખલ કરવા બાબત

૯. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૧૦-ખમાં, કલમ ૧૩૫-૫ પછી, નીચેની કલમો અને સ્પષ્ટીકરણ ઉમેરવા:–

કલમ ૧૩૫-ધનું ઉલ્લંઘન કરવા માટે દંડ કરવા બાબત.

"૧૩૫-ફ. જે કોઈ ખેડૂત કલમ ૧૩૫-ધની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

પાસબુકમાં અનધિકૃત ફેરફાર કરવા અથવા ખોટી માહિતી પૂરી પાડવા માટે દંડ કરવા બાબત.

૧૩૫-ભ જે કોઈ વ્યકિત, પાસ–બુકમાં અનધિકૃત રીતે કોઈ નોંધ કરે, તેમાં ફેરફાર કરે અથવા તે રદ કરે અથવા પાસ-બુક સંબંધી ખોટી માહિતી સક્ષમ સત્તાધિકારીને પૂરી પાડે, તેને એક હજાર રૂપિયા સુધીનાદંડની શિક્ષા કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ : આ પ્રકરણના હેતુઓ માટે,—

(૧) "ખેડૂત" એ શબ્દપ્રયોગનો અર્થ, ખેતીના હેતુ માટે જમીન ધરાવનાર જમીન ધારક હોવો કરવો;

(૨) "સક્ષમ સત્તાધિકારી" એ શબ્દપ્રયોગનો અર્થ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નીમે તેવા મહેસૂલી અધિકારી એવો કરવો ;

(૩) "રજિસ્ટર કરનાર સત્તાધિકારી" એ શબ્દ પ્રયોગનો અર્થ, રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નીમાયેલ રજિસ્ટર કરનાર સત્તાધિકારી."

સન ૧૯૦૮ નો ૧૬મો.

સન ૧૮-૭૯ના મુંબઈના પમા અધિનિયમના કલમ ૨૧૪નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧૪માં, પેટા–કલમ (૨)માં, ખંડ (ભ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :—

"(મ) ખેડૂત પાસ–બુક પૂરી પાડવાનું નિયમન કરવા બાબત.".

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 49 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, JULY 29, 1995/SRAVANA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 10 OF 1995.

THE GUJARAT APPROPRIATION ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ ના જુલાઈ મહિનાની ૨૮મી તારીખે અનુમતિ આપી હોવાથી તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 10 OF 1995.

AN ACT

to authorise payment and appropriation of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the Financial year ending on the thirty-first day of March, 1996.

સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૦.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં પ્રથમ પ્રસિધ્ધ કરેલો).

સન ૧૯૯૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

૧. આ અધિનિયમ 'ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૯૫' કહેવાશે. — **ટૂંકી સંજ્ઞા.**

૨. આસાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા સાત હજાર સાતસો ચોર્યાશી કરોડ, એકવીસ લાખ, અઢાર હજારની રકમ એ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૧૯૯૫-૯૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતાં નાણાંકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. — **સન ૧૯૯૫-૯૬ના નાણાંકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂા. ૭૭,૮૪,૨૧,૧૮,૦૦૦ કાઢવા બાબત.**

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો. — **વિનિયોગ.**

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧,૬૮,૩૨,૦૦૦	—	૧,૬૮,૩૨,૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૨,૬૧,૮૭,૨૬,૦૦૦	—	૨,૬૧,૮૭,૨૬,૦૦૦
		મૂડી	૩,૩૬,૬૬,૦૦૦	—	૩,૩૬,૬૬,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૨૮,૩૭,૯૦,૦૦૦	—	૨૮,૩૭,૯૦,૦૦૦
		મૂડી	૬૧,૬૭,૦૦૦	—	૬૧,૬૭,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૨૮,૩૫,૭૬,૦૦૦	—	૨૮,૩૫,૭૬,૦૦૦
		મૂડી	૨,૬૭,૦૦૦	—	૨,૬૭,૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૧૨,૮૬,૮૫,૦૦૦	—	૧૨,૮૬,૮૫,૦૦૦
		મૂડી	૧૦,૫૪,૮૯,૦૦૦	—	૧૦,૫૪,૮૯,૦૦૦
૭	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૯૬,૭૭,૦૦૦	—	૯૬,૭૭,૦૦૦
૮	શિક્ષણ	મહેસૂલ	૧૧,૬૮,૮૦,૭૩,૦૦૦	૩૧,૮૦,૬૭,૦૦૦	૧૨,૦૦,૬૧,૪૦,૦૦૦
		મૂડી	૩,૫૫,૦૦૦	—	૩,૫૫,૦૦૦
૯	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૩૪,૭૬,૦૦૦	—	૩,૩૪,૭૬,૦૦૦
૧૦	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૩૯,૩૩,૦૦૦	—	૩૯,૩૩,૦૦૦
૧૧	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૨,૦૪,૦૦,૦૦૦	—	૨,૦૪,૦૦,૦૦૦
૧૨	ઉર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૨,૬૨,૯૪,૪૦,૦૦૦	—	૨,૬૨,૯૪,૪૦,૦૦૦
		મૂડી	૨,૧૪,૩૩,૦૦,૦૦૦	—	૨,૧૪,૩૩,૦૦,૦૦૦
૧૩	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨,૦૦,૦૦,૦૦૦	—	૨,૦૦,૦૦,૦૦૦
૧૪	નાણાં વિભાગ	મહેસૂલ	૨,૦૨,૧૭,૦૦૦	—	૨,૦૨,૧૭,૦૦૦
		મૂડી	૨,૭૧,૦૦૦	—	૨,૭૧,૦૦૦
૧૫	કર વસૂલાત અંગેનું ખર્ચ (નાણાં વિભાગ)	મહેસૂલ	૨૧,૨૯,૭૩,૦૦૦	—	૨૧,૨૯,૭૩,૦૦૦
૧૬	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૧૩,૭૯,૪૬,૦૦૦	—	૧૩,૭૯,૪૬,૦૦૦
૧૭	પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો	મહેસૂલ	૨,૩૦,૧૮,૩૩,૦૦૦	૬,૬૭,૦૦૦	૨,૩૦,૨૫,૦૦,૦૦૦
૧૮	નાણાં વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪,૨૯,૬૮,૫૩,૦૦૦	—	૪,૨૯,૬૮,૫૩,૦૦૦
		મૂડી	૧૬,૬૭,૦૦૦	૬૬,૦૦૦	૧૭,૩૩,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોજનો નંબર	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૧૯	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ	—	૮,૦૨,૧૬,૦૬,૦૦૦	૮,૦૨,૧૬,૦૬,૦૦૦
		મૂડી	—	૪,૩૭,૫૨,૪૭,૦૦૦	૪,૩૭,૫૨,૪૭,૦૦૦
૨૦	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૨,૨૦,૨૮,૦૦૦	—	૨,૨૦,૨૮,૦૦૦
૨૧	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧,૨૧,૯૭,૯૨,૦૦૦	—	૧,૨૧,૯૭,૯૨,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	—	૬૭,૦૦૦
૨૨	અન્ન	મહેસૂલ	૪,૭૪,૬૯,૦૦૦	—	૪,૭૪,૬૯,૦૦૦
		મૂડી	૩૫,૯૫,૦૦૦	—	૩૫,૯૫,૦૦૦
૨૪	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૪૪,૧૩,૦૦૦	૫૦,૦૦૦	૪૪,૬૩,૦૦૦
૨૫	વન	મહેસૂલ	૩૯,૦૧,૩૨,૦૦૦	...	૩૯,૦૧,૩૨,૦૦૦
		મૂડી	૨૮,૩૦,૭૩,૦૦૦		૨૮,૩૦,૭૩,૦૦૦
૨૬	પર્યાવરણ	મહેસૂલ	૧,૨૫,૦૦,૦૦૦	૨૫,૦૦૦	૧,૨૫,૨૫,૦૦૦
૨૮	રાજ્યપાલ	મહેસૂલ	...	૬૦,૮૦,૦૦૦	૬૦,૮૦,૦૦૦
૨૯	મંત્રી મંડળ	મહેસૂલ	૧,૮૯,૮૩,૦૦૦	...	૧,૮૯,૮૩,૦૦૦
૩૦	ચૂંટણી	મહેસૂલ	૧૮,૩૩,૭૧,૦૦૦	...	૧૮,૩૩,૭૧,૦૦૦
૩૧	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૨૯,૬૭,૦૦૦	૯૩,૪૪,૦૦૦	૧,૨૩,૧૧,૦૦૦
૩૨	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૭,૧૦,૫૪,૦૦૦	૫૨,૦૦૦	૭,૧૧,૦૬,૦૦૦
૩૩	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૩,૩૩,૬૫,૦૦૦	...	૩,૩૩,૬૫,૦૦૦
૩૪	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦,૯૮,૦૮,૦૦૦	...	૨૦,૯૮,૦૮,૦૦૦
૩૫	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૨,૮૦,૩૬,૦૦૦	૨,૬૭,૦૦૦	૨,૮૩,૦૩,૦૦૦
૩૭	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૧,૩૯,૫૧,૦૦૦	...	૧,૩૯,૫૧,૦૦૦
૩૮	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૨,૨૯,૭૪,૩૯,૦૦૦	૧,૧૬,૦૦૦	૨,૨૯,૭૫,૫૫,૦૦૦
૩૯	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૪૫,૦૮,૫૨,૦૦૦	૪,૪૮,૦૦૦	૪૫,૧૩,૦૦,૦૦૦
૪૦	પાણી પુરવઠા	મહેસૂલ	૩૮,૯૨,૪૩,૦૦૦	...	૩૮,૯૨,૪૩,૦૦૦
		મૂડી	૧,૧૬,૫૦,૫૧,૦૦૦	...	૧,૧૬,૫૦,૫૧,૦૦૦
૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૪,૪૬,૫૩,૦૦૦	...	૪૪,૪૬,૫૩,૦૦૦
૪૨	ગૃહ વિભાગ	મહેસૂલ	૧,૩૧,૫૮,૦૦૦	...	૧,૩૧,૫૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૪૩	પોલીસ	મહેસૂલ	૨,૩૭,૧૦,૬૩,૦૦૦	...	૨,૩૭,૧૦,૬૩,૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૮,૨૪,૯૫,૦૦૦	...	૮,૨૪,૯૫,૦૦૦
૪૫	વાહનવ્યવહાર	મહેસૂલ	૫૮,૬૯,૬૫,૦૦૦	...	૫૮,૬૯,૬૫,૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫,૬૨,૮૫,૦૦૦	૧,૦૦,૦૦૦	૧૫,૬૩,૮૫,૦૦૦
		મૂડી	૭,૯૭,૪૨,૦૦૦	...	૭,૯૭,૪૨,૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૮૧,૮૫,૦૦૦	...	૮૧,૮૫,૦૦૦
૪૮	લેખન સામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૧૬,૫૨,૭૩,૦૦૦	...	૧૬,૫૨,૭૩,૦૦૦
૪૯	ઉદ્યોગો	મહેસૂલ	૬૦,૧૧,૧૩,૦૦૦	...	૬૦,૧૧,૧૩,૦૦૦
		મૂડી	૧,૫૧,૫૯,૮૩,૦૦૦	...	૧,૫૧,૫૯,૮૩,૦૦૦
૫૦	ખાણ અને ખનીજ	મહેસૂલ	૬,૯૭,૦૭,૦૦૦	...	૬,૯૭,૦૭,૦૦૦
૫૧	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૮,૩૩,૦૦૦	...	૫૮,૩૩,૦૦૦
		મૂડી	૫૦,૦૦,૦૦૦	...	૫૦,૦૦,૦૦૦
૫૨	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૨૨,૮૦,૦૦૦	...	૨૨,૮૦,૦૦૦
૫૩	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૧,૧૯,૪૩,૦૦૦	...	૧૧,૧૯,૪૩,૦૦૦
		મૂડી	૨૦,૦૦,૦૦૦	...	૨૦,૦૦,૦૦૦
૫૪	પ્રવાસન	મહેસૂલ	૨,૧૫,૨૭,૦૦૦	...	૨,૧૫,૨૭,૦૦૦
		મૂડી	૧૭,૬૭,૦૦૦	...	૧૭,૬૭,૦૦૦
૫૫	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૦૪,૩૯,૦૦૦	...	૧,૦૪,૩૯,૦૦૦
૫૬	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૪૮,૨૯,૦૦૦	...	૪૮,૨૯,૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૩૭,૭૬,૫૭,૦૦૦	...	૩૭,૭૬,૫૭,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	...	૬૭,૦૦૦
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૬૯,૩૭,૦૦૦	...	૬૯,૩૭,૦૦૦
		મૂડી	૧૭,૦૦૦	...	૧૭,૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૨૭,૨૦,૪૭,૦૦૦	૪,૦૬,૧૦,૦૦૦	૩૧,૨૬,૫૭,૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૦૫,૭૦,૦૦૦	...	૧,૦૫,૭૦,૦૦૦
૬૨	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.	મહેસૂલ	૫૬,૬૩,૦૦૦	...	૫૬,૬૩,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૬૪	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૧,૪૩,૫૦,૦૦૦	...	૧,૪૩,૫૦,૦૦૦
૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૬,૦૩,૮૦,૩૯,૦૦૦	...	૬,૦૩,૮૦,૩૯,૦૦૦
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૩,૭૫,૪૨,૮૬,૦૦૦	૧૦,૮૬,૦૦૦	૩,૭૫,૫૩,૭૨,૦૦૦
		મૂડી	૧,૨૨,૮૪,૨૬,૦૦૦	૧૮,૭૫,૦૦૦	૧,૨૩,૦૩,૦૧,૦૦૦
૬૭	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯,૯૫,૦૦૦	૧૯,૩૧,૦૦૦	૨૯,૨૬,૦૦૦
૬૮	પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ.	મહેસૂલ	૯૬,૫૭,૦૦૦	...	૯૬,૫૭,૦૦૦
૬૯	સમૂહ વિકાસ	મહેસૂલ	૫૯,૫૨,૯૫,૦૦૦	...	૫૯,૫૨,૯૫,૦૦૦
૭૦	ગ્રામ ગૃહનિર્માણ	મહેસૂલ	૨૨,૪૩,૭૩,૦૦૦	૩૭,૦૪,૦૭,૦૦૦	૫૯,૪૭,૮૦,૦૦૦
		મૂડી	૩,૩૯,૬૭,૦૦૦	...	૩,૩૯,૬૭,૦૦૦
૭૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૧૩,૬૯,૫૨,૦૦૦	...	૧૩,૬૯,૫૨,૦૦૦
૭૨	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭,૨૨,૮૭,૦૦૦	...	૭,૨૨,૮૭,૦૦૦
૭૩	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૮,૧૫,૨૩,૦૦૦	...	૮,૧૫,૨૩,૦૦૦
		મૂડી	૧,૩૭,૦૦,૦૦૦	...	૧,૩૭,૦૦,૦૦૦
૭૪	બંદરો	મૂડી	૪,૮૦,૧૭,૦૦૦	...	૪,૮૦,૧૭,૦૦૦
૭૫	બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૫,૯૧,૦૦૦	...	૨૫,૯૧,૦૦૦
૭૬	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૨,૨૬,૨૩,૦૦૦	...	૨,૨૬,૨૩,૦૦૦
૭૭	કર વસૂલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૨૧,૪૨,૫૩,૦૦૦	...	૨૧,૪૨,૫૩,૦૦૦
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૨૧,૪૨,૭૩,૦૦૦	૪,૫૦,૦૦૦	૨૧,૪૭,૨૩,૦૦૦
૭૯	કુદરતી આફતો અંગે રાહત	મહેસૂલ	૧,૦૫,૧૯,૬૭,૦૦૦	...	૧,૦૫,૧૯,૬૭,૦૦૦
		મૂડી	૩,૫૦,૦૦,૦૦૦	...	૩,૫૦,૦૦,૦૦૦
૮૦	ડાંગ જિલ્લો.	મહેસૂલ	૯,૫૨,૬૦,૦૦૦	...	૯,૫૨,૬૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ.		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ.
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૮૧	વળતર અને ચૌંપણી	મહેસૂલ	૬,૨૯,૦૭,૦૦૦	૧૮,૧૩,૦૦૦	૬,૪૭,૨૦,૦૦૦
		મૂડી	૩૯,૩૩,૦૦૦	૧૫,૩૪,૦૦૦	૫૪,૬૭,૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૪,૮૫,૦૦૦	...	૩૪,૮૫,૦૦૦
		મૂડી	૬,૮૦,૦૦૦	...	૬,૮૦,૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ.	મહેસૂલ	૧,૬૨,૮૦,૦૦૦	...	૧,૬૨,૮૦,૦૦૦
૮૪	બિન-રહેણાંક મકાનો.	મહેસૂલ	૬૭,૩૮,૩૫,૦૦૦	૨,૦૮,૦૦૦	૬૭,૪૦,૪૩,૦૦૦
		મૂડી	૪૪,૯૨,૩૧,૦૦૦	૭૬,૦૦૦	૪૪,૯૩,૦૭,૦૦૦
૮૫	રહેણાંક મકાનો	મહેસૂલ	૨૭,૭૨,૩૯,૦૦૦	૨૪,૦૦૦	૨૭,૭૨,૬૩,૦૦૦
		મૂડી	૧૧,૮૫,૨૦,૦૦૦	...	૧૧,૮૫,૨૦,૦૦૦
૮૬	માર્ગો અને પૂલો	મહેસૂલ	૧,૬૫,૪૫,૨૯,૦૦૦	૩,૫૫,૦૦૦	૧,૬૫,૪૮, ૮૪,૦૦૦
		મૂડી	૪૧,૯૬,૫૬,૦૦૦	...	૪૧,૯૬,૫૬,૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧,૮૦,૯૭,૦૦૦	...	૧,૮૦,૯૭,૦૦૦
		મૂડી	૪,૭૦,૦૦,૦૦૦	...	૪,૭૦,૦૦,૦૦૦
૮૮	માર્ગ અને મકાન બાંધકામ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ	૪,૫૯,૪૧,૦૦૦	૪,૦૩,૦૦૦	૪,૬૩,૪૪,૦૦૦
		મૂડી	૩૩,૩૩,૦૦૦	...	૩૩,૩૩, ૦૦૦
૮૯	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.	મહેસૂલ	૭૭,૬૦,૦૦૦	...	૭૭,૬૦, ૦૦૦
૯૦	રાજ્ય આબકારી	મહેસૂલ	૧,૮૭,૨૦,૦૦૦	...	૧,૮૭,૨૦,૦૦૦
૯૧	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૭૧,૧૭,૩૮,૦૦૦	૨૦,૦૦,૦૦૦	૭૧,૩૭,૩૮,૦૦૦
		મૂડી	૧,૮૪,૦૩,૦૦૦	...	૧,૮૪,૦૩,૦૦૦
૯૨	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૨૦,૨૮,૮૪,૦૦૦	...	૨૦,૨૮,૮૪,૦૦૦
		મૂડી	૩૭,૪૩,૦૦૦	...	૩૭,૪૩,૦ ૦૦
૯૪	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૯૭,૭૭,૧૩,૦૦૦	...	૯૭,૭૭,૧૩,૦૦૦
		મૂડી	૮,૦૨,૭૦,૦૦૦	...	૮,૦૨,૭૦,૦૦૦
૯૫	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૨,૩૪,૫૦,૦૫,૦૦૦	૨,૧૬,૦૦૦	૨,૩૪,૫૨,૨૧,૦૦૦
		મૂડી	૭૨,૫૯,૮૪,૦૦૦	...	૭૨,૫૯,૮૪,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ.		ચાલુમાં ચાલુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૯૬	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.	મહેસૂલ	૫૦,૧૩,૦૦૦	—	૫૦,૧૩,૦૦૦
૯૭	શહેરી ગૃહનિર્માણ.	મહેસૂલ	૫,૬૮,૪૫,૦૦૦	૯,૦૭,૧૦,૦૦૦	૧૪,૭૫,૫૫,૦૦૦
		મૂડી	૩,૫૬,૨૦,૦૦૦	—	૩,૫૬,૨૦,૦૦૦
૯૮	શહેરી વિકાસ.	મહેસૂલ	૪૭,૯૫,૬૭,૦૦૦	—	૪૭,૯૫,૬૭,૦૦૦
		મૂડી	૧૩,૨૪,૦૦,૦૦૦	—	૧૩,૨૪,૦૦,૦૦૦
૯૯	વળતર, રોકીપૂરી અને કર વસૂલાત અંગે ખર્ચ.	મહેસૂલ	૨૦,૨૯,૦૦,૦૦૦	૪,૬૭,૩૫,૦૦૦	૨૪,૯૬,૩૫,૦૦૦
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ	૧,૦૦,૧૫,૦૦૦	—	૧,૦૦,૧૫,૦૦૦
૧૦૧	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ.	મહેસૂલ	૨૩,૪૯,૦૦૦	—	૨૩,૪૯,૦૦૦
૧૦૨	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.	મહેસૂલ	૩,૨૧,૨૨,૦૦૦	—	૩,૨૧,૨૨,૦૦૦
	કુલ—	મહેસૂલ	૪૯,૭૪,૬૦,૯૪,૦૦૦	૯,૯૧,૩૭,૭૦,૦૦૦	૫૯,૬૫,૯૮,૫૪,૦૦૦
		મૂડી	૧૪,૯૦,૩૪,૬૬,૦૦૦	૪,૩૭,૯૭,૯૮,૦૦૦	૧૯,૧૮,૨૨,૬૪,૦૦૦
	કુલ ખરચાણે :		૬૪,૧૪,૯૫,૫૦,૦૦૦	૧૩,૨૯,૨૫,૬૮,૦૦૦	૭૭,૮૪,૨૧,૧૮,૦૦૦

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 50 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, JULY 29, 1995/SRAVANA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોને વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી જુલાઇ, ૧૯૯૫.

તારીખ ૨૯મી જુલાઇ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO 11 OF 1995.

THE GUJARAT ENTERTAINMENT TAX (AMENDMENT) ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 11 OF 1995:

AN ACT

further to amend the Gujarat Entertainments Tax Act 1977.

સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૧

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઇ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો).

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત અધિનિયમ

આથી, ભારતના ગણરાજ્યના છેતાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી શાંર્ષક અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મનોરંજન કર (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૭૭ના ગુજરાતનો ૧૬મો.

૨. ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ-૨માં, ખંડ (૮)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(૮)" નિયત અધિકારી" એટલે ઠરાવવામાં આવે તેવા અધિકારી;".

સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૨ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ખમાં, પેટા-કલમો (૧) અને (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(૧) આ અધિનિયમની કલમો ૩, ૪, ૬ અથવા ૬ક માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ માલિક કેબલ જોડાણો નિભાવીને અથવા તે ચલાવીને મનોરંજન પૂરું પાડતો હોય તો, દરેક માલિક પાસેથી કોઈપણ પ્રકારના એન્ટેના અથવા કેબલ ટેલિવિઝનની સહાયથી, ફિલ્મ અથવા ચલચિત્ર અથવા ચિત્રોની શ્રેણીઓ અથવા સિરિયલો અથવા બીજા કોઈપણ કાર્યક્રમો પ્રદર્શિત કરવા માટે, નીચેના દરે કર વસૂલ કરવામાં આવશે અને તે રાજ્ય સરકારને ભરવો પડશે:—

સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬માની કલમ ૬-ખનો સુધારો.

	શહેરી વિસ્તાર માટે	બીજા વિસ્તાર માટે
(ક) એકસોથી વધુ ન હોય તેટલા કેબલ જોડાણોના કિસ્સામાં.	રૂા. ૬૦૦/-ના માસિક દરે.	રૂા. ૩૦૦/-ના માસિક દરે.
(ખ) એકસોથી વધુ કેબલ જોડાણોના કિસ્સામાં.	રૂા. ૬૦૦/- વત્તા દરેક વધારાના પચાસ જોડાણો અથવા તેના કોઈપણ ભાગ માટે માસિક રૂા. ૩૦૦/-.	રૂા. ૩૦૦/- વત્તા દરેક વધારાના પચાસ જોડાણો અથવા તેના કોઈપણ ભાગ માટે માસિક રૂા. ૧૫૦/-.

(૨) નાણાંકીય વર્ષ દરમિયાન કોઈપણ ત્રિમાસમાં, કેબલ જોડાણોની સંખ્યામાં વધારો થાય ત્યારે, માલિકે, આવા ત્રિમાસ માટે પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે કર ભરવાને જવાબદાર થશે.".

INDEX

સને ૧૯૭૭ના ગુજરાતના ૬૬મા અધિનિયમની કલમ ૬-ગનો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ગ માં,—

(૧) "મનોરંજન કર કલેકટર" એ શબ્દો જે ત્રણ જગાએ આવે છે ત્યાં તેને બદલે," "નિયત અધિકારી" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૩)માં, "જ્યાં મનોરંજનનું સ્થળ આવેલુ હોય તે જિલ્લાના" એ શબ્દો કમી કરવા.

સને ૧૯૭૭ના ગુજરાતના ૬૬મા અધિનિયમની કલમ ૬-ઘનો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬-ઘ માં, "મનોરંજન કર કલેકટર" એ શબ્દોને બદલે, "નિયત અધિકારી" એ શબ્દો મૂકવા.

સને ૧૯૭૭નો ગુજરાતના ૬૬મા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, પેટા-કલમ (૧)માં, "મનોરંજન કર કલેકટર" એ શબ્દોને બદલે, "નિયત અધિકારી" એ શબ્દો મૂકવા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 51 REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, JULY 29, 1995/SRAVANA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી જુલાઇ, ૧૯૯૫.

તારીખ ૨૯મી જુલાઇ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 12 OF 1995.

THE BOMBAY COURT FEES (GUJARAT AMENDMENT) ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 12 OF 1995.

AN ACT

Further to Amend the Bombay Court Fees Act, 1959.

સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૨.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૫૯નો મુંબઈનો ૩૬મો.

સન ૧૯૫૯ના મુંબઈના ૩૬મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

૨. મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬માં, ખંડ (૪) માં, પેટા--ખંડ (૬)માં, "ત્રીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૫૯ના મુંબઈના ૩૬મા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં,—

(૧) અનુચ્છેદ ૧ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

૧	૨	૩
"૧. કોઈપણ દીવાની અથવા મહેસૂલી કોર્ટમાં રજૂ કરવાની દાવા અરજી અથવા (આ અધિનિયમમાં જેને માટે બીજી રીતે જોગવાઈ કરી ન હોય તેવી) અપીલની યાદી અથવા વાંધાની યાદી.	—	આ અનુસૂચિના અંતે જોડેલ કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલ દર પ્રમાણે.”;

(૨) અનુચ્છેદ ૧૫માં, કોલમ--૩માં, "પંદર રૂપિયા"એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા"એ શબ્દો મૂકવા;

(૩) અનુચ્છેદ ૧૬માં, કોલમ--૩માં, "પચાસ રૂપિયા"એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૪) અનુચ્છેદ ૧૭માં, કોલમ ૩માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, " બસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૫) અનુચ્છેદ ૧૭ પછી આવતા વિદ્યમાન કોષ્ટકને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

INDEX

કોષ્ટક

(જુઓ અનુસૂચિ ૧ નો અનુચ્છેદ ૧)

"દાવો માંડતી વખતે લેવાપાત્ર કિંમત પ્રમાણે ફીના દરોનું કોષ્ટક."

તકરારવાળા દાવાના વિષયની રકમ અથવા કિંમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી	તકરારવાળા દાવાના વિષયના રકમ અથવા કિંમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી
૧.	૨.	૩.	૧	૨	૩
રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.	રૂ.
	૧૫ ૦૦૦	દાવાની રકમ ઉપર ૨.૫ ટકા			
			૯૦,૦૦૦	૯૫,૦૦૦	૬૧૭૫
૧૧,૦૦૦	૧૫,૫૦૦	૧૧૩૫	૯૫,૦૦૦	૧,૦૦,૦૦૦	૬૫૦૦
૧૫,૫૦૦	૧૬,૦૦૦	૧૧૭૦	૧ લાખ	૨ લાખ	૧૫,૦૦૦
૧૬,૦૦૦	૧૬,૫૦૦	૧૨૦૫	૨ લાખ	૩ લાખ	૨૨,૫૦૦
૧૬,૫૦૦	૧૭,૦૦૦	૧૨૪૦	૩ લાખ	૪ લાખ	૩૦,૦૦૦
૧૭,૦૦૦	૧૭,૫૦૦	૧૨૭૫	૪ લાખ	૫ લાખ	૩૭,૫૦૦
૧૭,૫૦૦	૧૮,૦૦૦	૧૩૧૦	૫ લાખ	૬ લાખ	૪૫,૦૦૦
૧૮,૦૦૦	૧૮,૫૦૦	૧૩૪૫	૬ લાખ	૭ લાખ	૫૨,૫૦૦
૧૮,૫૦૦	૧૯,૦૦૦	૧૩૮૦	૭ લાખ	૮ લાખ	૬૦,૦૦૦
૧૯,૦૦૦	૧૯,૫૦૦	૧૪૧૫	૮ લાખ	૯ લાખ	૬૭,૫૦૦
૧૯,૫૦૦	૨૦,૦૦૦	૧૪૫૦	૯ લાખ	૧૦ લાખ	૭૫,૦૦૦
૨૦,૦૦૦	૨૧,૦૦૦	૧૪૯૫	૧૦ લાખ	૧૧ લાખ	૭૭,૦૦૦
૨૧,૦૦૦	૨૨,૦૦૦	૧૫૪૦	૧૧ લાખ	૧૨ લાખ	૮૪,૦૦૦
૨૨,૦૦૦	૨૩,૦૦૦	૧૫૮૫	૧૨ લાખ	૧૩ લાખ	૯૧,૦૦૦
૨૩,૦૦૦	૨૪,૦૦૦	૧૬૩૦	૧૩ લાખ	૧૪ લાખ	૯૮,૦૦૦
૨૪,૦૦૦	૨૫,૦૦૦	૧૬૭૫	૧૪ લાખ	૧૫ લાખ	૧,૦૫,૦૦૦
૨૫,૦૦૦	૨૬,૦૦૦	૧૭૨૦	૧૫ લાખ	૧૬ લાખ	૧,૧૨,૦૦૦
૨૬,૦૦૦	૨૭,૦૦૦	૧૭૬૫	૧૬ લાખ	૧૭ લાખ	૧,૧૯,૦૦૦
૨૭,૦૦૦	૨૮,૦૦૦	૧૮૧૦	૧૭ લાખ	૧૮ લાખ	૧,૨૬,૦૦૦
૨૮,૦૦૦	૨૯,૦૦૦	૧૮૫૫	૧૮ લાખ	૧૯ લાખ	૧,૩૩,૦૦૦
૨૯,૦૦૦	૩૦,૦૦૦	૧૯૦૦	૧૯ લાખ	૨૦ લાખ	૧,૪૦,૫૦૦
૩૦,૦૦૦	૩૨,૦૦૦	૧૯૬૦	૨૦ લાખ	૨૧ લાખ	૧,૪૧,૫૦૦
૩૨,૦૦૦	૩૪,૦૦૦	૨૦૨૦	૨૧ લાખ	૨૨ લાખ	૧,૪૩,૦૦૦
૩૪,૦૦૦	૩૬,૦૦૦	૨૦૮૦	૨૨ લાખ	૨૩ લાખ	૧,૪૯,૫૦૦
૩૬,૦૦૦	૩૮,૦૦૦	૨૧૪૦	૨૩ લાખ	૨૪ લાખ	૧,૫૬,૦૦૦
૩૮,૦૦૦	૪૦,૦૦૦	૨૨૦૦	૨૪ લાખ	૨૫ લાખ	૧,૬૨,૫૦૦
૪૦,૦૦૦	૪૨,૦૦૦	૨૨૬૦	૨૫ લાખ	૨૬ લાખ	૧,૬૯,૦૦૦
૪૨,૦૦૦	૪૪,૦૦૦	૨૩૨૦	૨૬ લાખ	૨૭ લાખ	૧,૭૫,૫૦૦
૪૪,૦૦૦	૪૬,૦૦૦	૨૩૮૦	૨૭ લાખ	૨૮ લાખ	૧,૮૨,૦૦૦
૪૬,૦૦૦	૪૮,૦૦૦	૨૪૪૦	૨૮ લાખ	૨૯ લાખ	૧,૮૮,૦૦૦
૪૮,૦૦૦	૫૦,૦૦૦	૨૫૦૦	૨૯ લાખ	૩૦ લાખ	૧,૯૫,૦૦૦
૫૦,૦૦૦	૫૫,૦૦૦	૩૩૦૦	૩૦ લાખ	૩૧ લાખ	૧,૯૫,૦૦૦
૫૫,૦૦૦	૬૦,૦૦૦	૩૬૦૦	૩૧ લાખ	૩૨ લાખ	૧,૯૬,૮૩૦
૬૦,૦૦૦	૬૫,૦૦૦	૩૯૦૦	૩૨ લાખ	૩૩ લાખ	૧,૯૮,૦૦૦
૬૫,૦૦૦	૭૦,૦૦૦	૪૨૦૦	૩૩ લાખ	૩૪ લાખ	૨,૦૪,૦૦૦
૭૦,૦૦૦	૭૫,૦૦૦	૪૫૦૦	૩૪ લાખ	૩૫ લાખ	૨,૧૦,૦૦૦
૭૫,૦૦૦	૮૦,૦૦૦	૪૨૦૦	૩૫ લાખ	૩૬ લાખ	૨,૧૬,૦૦૦
૮૦,૦૦૦	૮૫,૦૦૦	૫૫૨૫	૩૬ લાખ	૩૭ લાખ	૨,૨૨,૦૦૦
૮૫,૦૦૦	૯૦,૦૦૦	૫૮૫૦	૩૭ લાખ	૩૮ લાખ	૨ ૨૮,૦૦૦

INDEX

તકરારવાળા દાવાના વિષયની રકમ અથવા કિંમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી	તકરારવાળા દાવાના વિષયની રકમ અથવા કિંમત નીચે લખેલા રૂપિયા કરતાં વધારે હોય	પણ નીચે લખેલા રૂપિયા કરતાં વધારે ન હોય ત્યારે	યોગ્ય કોર્ટ ફી.
૧	૨	૩	૧	૨	૩
રૂા.	રૂા.	રૂા.	રૂા.	રૂા.	રૂા.
૩૮ લાખ	૩૯ લાખ	૨,૩૪,૦૦૦	૭૦ લાખ	૭૧ લાખ	૩,૧૫,૯૫૦
૩૯ લાખ	૪૦ લાખ	૨,૪૦,૦૦૦	૭૧ લાખ	૭૨ લાખ	૩,૧૬,૮૦૦
૪૦ લાખ	૪૧ લાખ	૨,૪૧,૯૦૦	૭૨ લાખ	૭૩ લાખ	૩,૧૭,૫૫૦
૪૧ લાખ	૪૨ લાખ	૨,૪૩,૬૦૦	૭૩ લાખ	૭૪ લાખ	૩,૧૮,૨૦૦
૪૨ લાખ	૪૩ લાખ	૨,૪૫,૧૦૦	૭૪ લાખ	૭૫ લાખ	૩,૧૮,૭૫૦
૪૩ લાખ	૪૪ લાખ	૨,૪૬,૪૦૦	૭૫ લાખ	૭૬ લાખ	૩,૧૯,૨૦૦
૪૪ લાખ	૪૫ લાખ	૨,૪૭,૫૦૦	૭૬ લાખ	૭૭ લાખ	૩,૧૯,૫૫૦
૪૫ લાખ	૪૬ લાખ	૨,૫૩,૦૦૦	૭૭ લાખ	૭૮ લાખ	૩,૧૯,૮૦૦
૪૬ લાખ	૪૭ લાખ	૨,૫૮,૫૦૦	૭૮ લાખ	૭૯ લાખ	૩,૧૯,૯૫૦
૪૭ લાખ	૪૮ લાખ	૨,૬૪,૦૦૦	૭૯ લાખ	૮૦ લાખ	૩,૨૦,૦૦૦
૪૮ લાખ	૪૯ લાખ	૨,૬૯,૫૦૦	૮૦ લાખ	૮૧ લાખ	૩,૨૨,૩૮૦
૪૯ લાખ	૫૦ લાખ	૨,૭૫,૦૦૦	૮૧ લાખ	૮૨ લાખ	૩,૨૫,૫૪૦
૫૦ લાખ	૫૧ લાખ	૨,૭૧,૪૦૦	૮૨ લાખ	૮૩ લાખ	૩,૨૭,૮૫૦
૫૧ લાખ	૫૨ લાખ	૨,૭૫,૬૦૦	૮૩ લાખ	૮૪ લાખ	૩,૨૯,૨૮૦
૫૨ લાખ	૫૩ લાખ	૨,૭૮,૨૫૦	૮૪ લાખ	૮૫ લાખ	૩,૩૧,૫૦૦
૫૩ લાખ	૫૪ લાખ	૨,૮૦,૮૦૦	૮૫ લાખ	૮૬ લાખ	૩,૩૩,૬૮૦
૫૪ લાખ	૫૫ લાખ	૨,૮૩,૨૫૦	૮૬ લાખ	૮૭ લાખ	૩,૩૫,૮૨૦
૫૫ લાખ	૫૬ લાખ	૨,૮૫,૬૦૦	૮૭ લાખ	૮૮ લાખ	૩,૩૭,૦૪૦
૫૬ લાખ	૫૭ લાખ	૨,૮૭,૮૫૦	૮૮ લાખ	૮૯ લાખ	૩,૩૮,૨૦૦
૫૭ લાખ	૫૮ લાખ	૨,૯૦,૦૦૦	૮૯ લાખ	૯૦ લાખ	૩,૪૦,૨૦૦
૫૮ લાખ	૫૯ લાખ	૨,૯૫૦૦૦	૯૦ લાખ	૯૧ લાખ	૩,૪૨,૧૬૦
૫૯ લાખ	૬૦ લાખ	૩,૦૦,૦૦૦	૯૧ લાખ	૯૨ લાખ	૩,૪૪,૦૮૦
૬૦ લાખ	૬૧ લાખ	૩,૦૧,૯૫૦	૯૨ લાખ	૯૩ લાખ	૩,૪૫,૯૬૦
૬૧ લાખ	૬૨ લાખ	૩,૦૩,૮૦૦	૯૩ લાખ	૯૪ લાખ	૩,૪૭,૮૦૦
૬૨ લાખ	૬૩ લાખ	૩,૦૫,૫૫૦	૯૪ લાખ	૯૫ લાખ	૩,૪૮,૬૫૦
૬૩ લાખ	૬૪ લાખ	૩,૦૭,૨૦૦	૯૫ લાખ	૯૬ લાખ	૩,૪૯,૪૪૦
૬૪ લાખ	૬૫ લાખ	૩,૦૮,૭૫૦	૯૬ લાખ	૯૭ લાખ	૩,૫૦,૧૭૦
૬૫ લાખ	૬૬ લાખ	૩,૧૦,૨૦૦	૯૭ લાખ	૯૮ લાખ	૩,૫૨,૮૦૦
૬૬ લાખ	૬૭ લાખ	૩,૧૧,૫૫૦	૯૮ લાખ	૯૯ લાખ	૩,૫૩,૪૩૦
૬૭ લાખ	૬૮ લાખ	૩,૧૨,૮૦૦	૯૯ લાખ	૧ કરોડ	૩,૫૫,૦૦૦
૬૮ લાખ	૬૯ લાખ	૩,૧૩,૯૫૦			
૬૯ લાખ	૭૦ લાખ	૩,૧૫,૦૦૦			

INDEX

અને તે પછી, વધારાના દરેક એક લાખ રૂપિયા અથવા તેના ભાગ માટે બે હજાર રૂપિયાના દરે કોર્ટ-ફી વધારવી જોઈશે.

સન ૧૯૫૯ ના મુંબઈના ૩૬મા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨માં,—

(૧) અનુચ્છેદ ૧માં, કોલમ ૩માં,—

(ક) "વીસ નવા પૈસા" એ શબ્દોને બદલે "એક રૂપિયો" એ શબ્દો મૂકવા.

(ખ) "પાંત્રીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા ;

(ગ) "પાંસઠ નવા પૈસા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઘ) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ચ) "બે રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા.

(છ) "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(જ) "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઝ) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૨) અનુચ્છેદ ૨માં, કોલમ ૩માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩) અનુચ્છેદ ૩માં, કોલમ ૩માં, "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૪) અનુચ્છેદ ૪માં, કોલમ ૩માં, "પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મુકવા.

(૫) અનુચ્છેદ ૭માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૬) અનુચ્છેદ ૯માં,—

(ક) કોલમ ૧માં, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" એ શબ્દો અને આંકડાને બદલે, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩" એ શબ્દો અને આંકડા મૂકવાં ; સન ૧૯૭૪નો ૨જો.

(ખ) કોલમ ૩માં, "એક રૂપિયો પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૭) અનુચ્છેદ ૧૦માં, કોલમ ૩માં, "પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા ;

(૮) અનુચ્છેદ ૧૧માં, કોલમ ૩માં, "એક રૂપિયો પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે "ત્રણ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૯) અનુચ્છેદ ૧૨માં, કોલમ ૩માં,—

(ક) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) "ચાર રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૦) અનુચ્છેદ ૧૩માં, કોલમ ૩માં,—

(ક) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

INDEX

(ખ) "બે રૂપિયા અને પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા.;

(ગ) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૧) અનુચ્છેદ ૧૪માં, કોલમ ૩માં,—

(ક) "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "બાર રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૨) અનુચ્છેદ ૧૫માં, કોલમ ૩માં, "પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા ;

(૧૩) અનુચ્છેદ ૧૬માં, કોલમ ૩માં,—

(ક) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૪) અનુચ્છેદ ૧૭માં, કોલમ ૩માં, "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૫) અનુચ્છેદ ૧૮માં, કોલમ ૩માં,—

(ક) "પંદર રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "બે રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) "છ રૂપિયા પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઘ) "બાર રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દો જે ત્રણ ત્રણ જગાએ આવે છે ત્યાં તેને બદલે "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૬) અનુચ્છેદ ૨૦માં, કોલમ ૩માં, "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૭) અનુચ્છેદ ૨૧માં, કોલમ ૩માં, "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૮) અનુચ્છેદ ૨૨માં, કોલમ ૩માં, "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૯) અનુચ્છેદ ૨૩માં, કોલમ ૩માં,—

(ક) "સાડત્રીસ રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દો જે ચાર જગાઓ આવે છે ત્યાં તેને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "અઢાર રૂપિયા પંચોતેર નવા પૈસા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) "ત્રીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૨૦) અનુચ્છેદ ૨૪માં, કોલમ ૩માં,—

(ક) "એક રૂપિયો" એ શબ્દોને બદલે "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

INDEX

(૨૧) અનુચ્છેદ ૨૫માં, કોલમ ૩માં,–

(ક) "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "ત્રણ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) "છ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૨) અનુચ્છેદ ૨૬માં, કોલમ ૩માં, "એક રૂપિયો પચીસ નવા પૈસા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૩) અનુચ્છેદ ૨૭માં, કોલમ ૩માં, "પાંસઠ નવા પૈસા" એ શબ્દોને બદલે, "એક રૂપિયો" એ શબ્દો મૂકવા;

(૨૪) અનુચ્છેદ ૨૮માં, કોલમ ૩ માં, "બે રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૫) અનુચ્છેદ ૨૯માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૬) અનુચ્છેદ ૩૦માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૭) અનુચ્છેદ ૩૧માં, કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૮) અનુચ્છેદ ૩૨માં,–

(ક) કોલમ ૧માં, "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ના પ્રકરણ ૪" એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ના પ્રકરણ ૫" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા; સન ૧૯૩૯નો ૪થો. સન ૧૯૮૮નો ૫૯મો.

(ખ) કોલમ ૩માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨૯) અનુચ્છેદ ૩૩માં,–

(ક) કોલમ ૧માં, "(અમદાવાદ)" એ કૌંસ અને શબ્દો કમી કરવો;

(ખ) કોલમ ૩માં,–

(૧) "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨) "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩) "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩૦) અનુચ્છેદ ૩૪માં, કોલમ ૩માં,–

(ક) "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩૧) અનુચ્છેદ ૩૫માં, કોલમ ૩માં,–

(ક) "બે રૂપિયા પચાસ નવા પૈસા" એ શબ્દો જે બે જગાએ આવે છે ત્યાં તેને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૩૨) અનુચ્છેદ ૩૬માં કોલમ ૩માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

INDEX

(૩૩) અનુચ્છેદ ૩૭માં,—

(ક) કોલમ ૧માં, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮" એ શબ્દો અને આંકડાને બદલે, "ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩" એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો પમો સન ૧૯૭૪નો રજો.

(ખ) કોલમ ૩માં, "એક રૂપિયો" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

(૩૪) અનુચ્છેદ ૩૮ પછી, નીચેનો નવો અનુચ્છેદ ઉમેરવો:—

૧	૨	૩
"૩૯. કોઈપણ કાર્યવાહીમાં કોર્ટને રજૂ કરવાની મુલતવી રાખવા માટેની અરજી.	—	પાંચ રૂપિયા".

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 52 REGISTERED NO. G/GNR/1



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI SATURDAY, JULY 29, 1995/SRAVANA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૩ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે.
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 13 OF 199t.

THE BOMBAY MOTOR VEHICLES TAX (GUJARAT AMENDMENT) BILL

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે આનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. અવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 13 OF 1995.

AN ACT

further to amend the Bombay Motor Vehicles Tax Act, 1958.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.–

સન ૧૯૯૫નું ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૩.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજપત્ર" માં (અંગ્રેજીમાં) પ્રસિધ્ધ કરેલો.)

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૫૮નો મુંબઈનો દપમો.

સન ૧૯૫૮ના મુંબઈના દપમા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૨. મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં,–

(૧) ખંડ (૨) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો:–

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૨ક) "અર્ધ વર્ષ" એટલે, જે મહિનામાં મોટર વાહન રજિસ્ટર થયેલ હોય અથવા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ તેને, નવું નોંધણી ચિહ્ન આપવામાં આવ્યું હોય તે મહિનાના પ્રથમ દિવસે શરૂ થતી છ મહિનાની મુદત અને "અર્ધ વાર્ષિક" એ શબ્દનો અર્થ તદ્નુસાર સમજવો;";

(૨) ખંડ (૪) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૪) "ત્રિમાસ" એટલે, જે મહિનામાં મોટર વાહન રજિસ્ટર થયેલ હોય અથવા મો૨ વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ તેને, નવું નોંધણી ચિહ્ન આપવામાં આવ્યું હોય તે મહિનાના પ્રથમ દિવસે શરૂ થતી ત્રણ મહિનાની મુદત અને "ત્રિમાસિક" એ શબ્દનો અર્થ તદ્નુસાર સમજવો;";

(૩) ખંડ (૯) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૯) કાફલાના માલિકના સંબંધમાં "વર્ષ" એટલે નાણાંકીય વર્ષ અને બીજા કોઈપણ કિસ્સામાં જે મહિનામાં મોટર વાહન રજિસ્ટર થયેલ હોય અથવા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ તેને, નવું નોંધણી ચિહ્ન આપવામાં આવ્યું હોય તે મહિનાના પ્રથમ દિવસથી શરૂ થતી બાર મહિનાની મુદત;".

INDEX

સન ૧૯૫૮ ના મુંબઈના ૬૫મા અધિનિયમ-ની કલમ ૩-ક નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩ક માં,—

(૧) પેટા-કલમ (૧)માં, કોષ્ટકને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

૧.	(ક) વીસ કરતાં વધુ ન હોય તેટલાં ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ સામાન્ય મુકરર ઓમની બસ.	લઈ જવાની પરવાનગી આપેલ ઉતારુ દીઠ રૂા. ૨૦૦૦.
	(ખ) વીસ કરતાં વધુ હોય તેટલા ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ સામાન્ય મુકરર ઓમની બસ	લઈ જવાની પરવાનગી આપેલ ઉતારુ દીઠ રૂા. ૩૦૦૦.
૨.	(ક) વીસ કરતાં વધુ ન હોય તેટલાં ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમની બસ.	લઈ જવાની પરવાનગી આપેલ ઉતારુ દીઠ રૂા. ૩,૬૦૦.
	(ખ) વીસ કરતાં વધુ હોય તેટલા ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમની બસ:	લઈ જવાની પરવાનગી આપેલ ઉતારુ દીઠ રૂા. ૪,૦૦૦.

(૨) પેટા-કલમ (૩)માં, ખંડ (ક)માં,—

(૧) "રૂા. ૭૨" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૪૪" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) "રૂા. ૧૦૮" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૬૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૩) પેટા-કલમ (૫)માં, ખંડ (ક)માં, ખંડો (૧) અને (૨)ને બદલે નીચેનો મજકૂર મૂકવો —

(૧) વીસ કરતાં વધુ ન હોય તેટલાં ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ સામાન્ય મુકરર ઓમની બસના કિસ્સામાં ઉતારુ દીઠ પાંચસો એક રૂપિયા.

(૨) વીસ કરતાં વધુ હોય તેટલા ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ સામાન્ય મુકરર ઓમની બસના કિસ્સામાં ઉતારુ દીઠ સાતસો પચાસ રૂપિયા.

(૩) વીસ કરતાં વધુ ન હોય તેટલાં ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ લકઝરી અથવા પ્રવાસી, મુકરર ઓમની બસના કિસ્સામાં, ઉતારુ દીઠ નવસો રૂપિયા.

(૪) વીસ કરતાં વધુ હોય તેટલા ઉતારુઓ લઈ જવાની પરવાનગી આપેલ લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમની બસના કિસ્સામાં, ઉતારુ દીઠ એક હજાર રૂપિયા.".

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૪નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪માં,—

(૧) પેટા-કલમ (૧)માં, "આવા મોટર વાહનના" એ શબ્દોને બદલે, "પેટા-કલમ (૧ક્ક) લાગુ પડતી ન હોય તેવા મોટર વાહનના" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો મૂકવા;

(૨) પેટા-કલમ (૧ક) પછી, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી:—

"(૧ક્ક) પેટા-કલમ (૧)માં, ગમે તે મજકૂર હોય તે છતાં, વાહનોના નીચેના વર્ગોના, રજિસ્ટર થયેલા દરેક માલિકે અથવા તેનો કબજો અથવા નિયંત્રણ ધરાવતી વ્યકિતએ, કલમ ૩ હેઠળ લેવાપાત્ર વેરો, નીચે નિર્દિષ્ટ કરેલી રીતે, અગાઉથી ભરવો જોઈશે:—

	વાહનનું વર્ણન	ચૂકવણીની રીત
(ક)	પહેલી અનુસૂચિના, ભાગ ૧માં "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો"—એ શીર્ષક હેઠળ ખંડ ૩માં નિર્દિષ્ટ કરેલા મોટર વાહનો અથવા પહેલી અનુસૂચિના, ભાગ ૨ હેઠળ આવતા તેવા વર્ણનના કોઈ મોટર વાહન.	વાર્ષિક અથવા અર્ધ વાર્ષિકની બાબતમાં, વાર્ષિક દરના અડધા જેટલા દર વત્તા તેના દશ ટકા.
(ખ)	સદરહુ અનુસૂચિના, ભાગ ૧માં "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો"—એ શીર્ષક હેઠળ ખંડ ૪માં નિર્દિષ્ટ કરેલા, બધા મળીને છ સુધી ઉતારૂઓ લઈ જવા માટે લાઈસન્સ આપેલ મોટર વાહનો અથવા સદરહુ અનુ-સૂચિના, ભાગ ૨ હેઠળ આવતા તેવા વર્ણનના કોઈ મોટર વાહન.	વાર્ષિક.".

INDEX

૫. મુખ્ય અધિનિયમમાં, પહેલી અનુસૂચિમાં, ભાગ--૧માં, "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો" એ શીર્ષક હેઠળ.— સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની પહેલી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ (૩)માં,—

(ક) નોંધ (થ) સામે "૧૫૦૦" એ આંકડાને બદલે "૧૭૦૦" એ આંકડા મૂકવા.

(ખ) નોંધ (જ) સામે, "રૂ. ૧૨૫" એ અક્ષર અને આંકડાને બદલે "રૂ. ૧૫૦" એ અક્ષર અને આંકડા મૂકવા;

(૨) ખંડ ૬માં, નોંધ (ચ) પછી, નીચેની નોંધો દાખલ કરવી :—

"(છ) (૧) રીગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ અથવા નહિ બેસાડેલ અને ભાર લાદ્યા વગર ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધુ વજનના ટ્રેકટરો; અને	રૂ. ૧૫૦૦ વત્તા ૨૨૫૦ કિલોગ્રામથી વધુ દરેક વધારાના ૨૫૦ કિલોગ્રામ અથવા તેના ભાગ માટે રૂ. ૨૦૦/-.
(૨) ભાર લાદ્યા વગર જે મોટર વાહનોનું વજન ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે હોય કે જે કોઈ ઉતારુઓ, માલ અથવા બીજા ભારને લઈ જવા ધારેલ ન હોય અને જેને રીગ્સ, ક્રેન્સ, કોમ્પ્રેસર્સ અથવા પ્રોજેકટર્સ જેવી કોઈપણ સાધનસામગ્રી બેસાડેલ હોય અને જેનો કોઈ ખાસ સેવાઓ અથવા હેતુઓ માટે ઉપયોગ કરાતો હોય.'	

૬. મુખ્ય અધિનિયમમાં, બીજી અનુસૂચિમાં, ભાગ—૧માં, "ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલાં મોટર વાહનો" એ શીર્ષક હેઠળ,— સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની બીજી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ ૧માં, નોંધો (ગ), (ઘ) અને (ચ) ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"(ગ) ભાર લાદ્યા વગર ૧૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનની સાયકલો.	૩૫૦૦	—
(ઘ) ટ્રાઈસિકલો	૩૫૦૦	
(ચ) ટ્રેઈલર અથવા સાઈડ–કાર ખેંચવા માટે વપરાતી સાયકલો અથવા ટ્રાઈસિકલો."	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો ઉપરાંત	૧૦૦૦;";

(૨) ખંડ ૩માં, નોંધો (ક), (ખ) અને (ગ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(ક) ભાર લાદ્યા વગર ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	૭,૦૦૦
(ખ) ભાર લાદ્યા વગર ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં હોય પરંતુ ભાર લાદ્યા વગર ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો.	૧૨,૦૦૦
(ગ) ભાર લાદ્યા વગર ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં હોય પરંતુ ભાર લાદ્યા વગર ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	૨૦,૦૦૦".

૭. મુખ્ય અધિનિયમમાં, ત્રીજી અનુસૂચિમાં ભાગ ૧માં, "ક માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો" એ શીર્ષક હેઠળ,— સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની ત્રીજી અનુસૂચિનો સુધારો.

(૧) ખંડ ૧ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :--

૧. મોટર સાયકલો અને ટ્રાઈસિકલો (મોટર સ્કૂટરો અને યાંત્રિક શકિતથી ચલાવવા માટેના સાધન સાથેની સાયકલો સહિત), જે—

(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થાની માલિકીની હોય તે,

INDEX

ઊંચક રકમના વેરાનો વધુમાં વધુ દર.

	ભાર લાધા વગરની, ૫૦ કિ. ગ્રા. કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો	ભાર લાધા વગરની, ૫૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની હોય, પણ ભાર લાધા વગરની, ૧૦૦ કિ.ગ્રા. કરતાં વધારે વજનની ન હોય તેવી સાયકલો	ભાર લાધા વગર ની, ૧૦૦ કિ. ગ્રા. કરતાં વધારે વજનની સાયકલો	ટ્રાઈસિકલો	ટ્રેઈલર અથવા સાઈડકાર ખેંચવા માટે વપરાતી સાયકલો અને ટ્રાઈસિકલો
	રૂા. (ક)	રૂા. (ખ)	રૂા. (ગ)	રૂા. (ઘ)	રૂા. (ચ)
વાહન અગાઉથી રજિસ્ટર થયેલું હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન—					કોલમ (ક), (ખ), (ગ) અથવા (ઘ)માં નિર્દિષ્ટ કરેલ દરો ઉપરાંત.
(૧) ૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૫૫૦/-	૧૪૦૦/-	૩૨૯૦/-	૩૨૯૦/-	૯૬૦/-
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૫૦૦/-	૧૩૦૦/-	૩૦૮૦/-	૩૦૮૦/-	૯૨૦/-
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૪૫૦/-	૧૨૦૦/-	૨૮૭૦/-	૨૮૭૦/-	૮૮૦/-
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૪૦૦/-	૧૧૦૦/-	૨૬૬૦/-	૨૬૬૦/-	૮૪૦/-
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૫૦/-	૧૦૦૦/-	૨૪૫૦/-	૨૪૫૦/-	૮૦૦/-
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૦૦/-	૯૦૦/-	૨૨૪૦/-	૨૨૪૦/-	૭૬૦/-
(૭) ૭ વર્ષથી વધુ પણ ૮ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૨૫૦/-	૮૦૦/-	૨૦૩૦/-	૨૦૩૦/-	૭૨૦/-
(૮) ૮ વર્ષથી વધુ પણ ૯ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૨૦૦/-	૭૦૦/-	૧૮૨૦/-	૧૮૨૦/-	૬૮૦/-
(૯) ૯ વર્ષથી વધુ પણ ૧૦ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૧૫૦/-	૬૦૦/-	૧૬૧૦/-	૧૬૧૦/-	૬૪૦/-
(૧૦) ૧૦ વર્ષથી વધુ પણ ૧૧ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૧૦૦/-	૫૦૦/-	૧૪૦૦/-	૧૪૦૦/-	૬૦૦/-
(૧૧) ૧૧ વર્ષથી વધુ પણ ૧૨ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/—	૪૦૦/-	૧૧૯૦/-	૧૧૯૦/-	૫૬૦/-
(૧૨) ૧૨ વર્ષથી વધુ પણ ૧૩ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/-	૩૦૦/-	૯૮૦/-	૯૮૦/-	૫૨૦/-
(૧૩) ૧૩ વર્ષથી વધુ પણ ૧૪ વર્ષથી વધુ જૂનું ન હોય તો	૬૦/-	૨૦૦/-	૭૭૦/-	૭૭૦/-	૪૮૦/-

INDEX

	(ક)	(ખ)	(ગ)	(ઘ)	(ચ)
(૧૪) ૧૪ વર્ષથી વધુ જૂનું હોય તો	૬૦/-	૧૦૦/-	૫૬૦/-	૫૬૦/-	૪૪૦/-

(૨) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ-કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીના હોય ત્યારે. ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.

(૨) ખંડ ૩ ને બદલે નીચેના મજકૂર મૂકવો :—

"૩. આ અનુસૂચિની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ વેરાપાત્ર હોય તે સિવાયના મોટર વાહનો, જે –

(૧) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થાની માલિકીના હોય, તે

ઉચક રકમના વેરાનો વધુમાં વધુ દર

	ભાર લાદ્યા વગરનાં, ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં, ન હોય તેવા વાહનો	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો	ભાર લાદ્યા વગરના ૧૨૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો
	રૂ. (ક)	રૂ. (ખ)	રૂ. (ગ)
વાહન અગાઉથી રજિસ્ટર થયેલ હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન—			
(૧) બે વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૬૧૦	૧૧૪૦૦	૧૯,૦૦૦
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૨૨૦	૧૦૮૦૦	૧૮,૦૦૦
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૮૩૦	૧૦૨૦૦	૧૭,૦૦૦
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૪૪૦	૯૬૦૦	૧૬,૦૦૦
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૦૫૦	૯૦૦૦	૧૫,૦૦૦
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો,	૪૬૬૦	૮૪૦૦	૧૪,૦૦૦
(૭) ૭ વર્ષ કરતાં વધુ પણ ૮ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૨૭૦	૭૮૦૦	૧૩,૦૦૦

INDEX

	(ક)	(ખ)	(ગ)
(૮) ૮ વર્ષ કરતાં વધુ પણ ૯ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૮૮૦	૭૨૦૦	૧૨,૦૦૦
(૯) ૯ વર્ષ કરતાં વધુ પણ ૧૦ વર્ષ કરતાં વધુ જૂનુ ન હોય તો.	૩૪૯૦	૬૬૦૦	૧૧,૦૦૦
(૧૦) ૧૦ વર્ષ કરતાં વધુ પણ ૧૧ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૩૧૦૦	૬૦૦૦	૧૦,૦૦૦
(૧૧) ૧૧ વર્ષ કરતાં વધુ પણ ૧૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૨૭૧૦	૫૪૦૦	૯,૦૦૦
(૧૨) ૧૨ વર્ષ કરતાં વધુ પણ ૧૩ વર્ષ કરતાં વધુ જૂનુ ન હોય તો.	૨૩૨૦	૪૮૦૦	૮,૦૦૦
(૧૩) ૧૩ વર્ષ કરતાં વધુ પણ ૧૪ વર્ષ કરતાં વધુ જૂનુ ન હોય તો.	૧૯૩૦	૪૨૦૦	૭,૦૦૦
(૧૪) ૧૪ વર્ષ કરતાં વધુ જૂનું હોય તો.	૧૫૪૦	૩૬૦૦	૬,૦૦૦
(૨) કોઈ વ્યકિત, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજ કલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યકિતની માલિકીનાં હોય ત્યારે.	ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણો દર.".		

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 53 REGISTERED NO. G/GNR/2



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, JULY 29, 1995/SRAVANA 7, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૫.

તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 14 OF 1995.

THE GUJARAT TAX ON LUXURY COMMODITIES ACT, 1995.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૫ ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

GUJARAT ACT NO 14 OF 1995.

AN ACT

to provide for levy of taxon Commodities of Luxuries in the State of Gujarat.

સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૪

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં પ્રથમ પ્રસિધ્ધ કરેલો.

ગુજરાત રાજ્યમાં સુખસુવિધા ચીજવસ્તુઓ પર કર લેવા માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, "ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫" કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને અધિનિયમની બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(૧) "નિયત દિવસ" એટલે, જે તારીખે, આ અધિનિયમની બાકીની જોગવાઈઓ, કલમ ૧ની પેટા-કલમ (૩) હેઠળ અમલમાં આવશે તે દિવસ ;

(૨) "કમિશનર" એટલે, કલમ ૬ હેઠળ સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર તરીકે નિમાયેલી, વ્યકિત;

(૩) "આયાત કરનાર" એટલે, જે વ્યકિત, પોતાના માટે અથવા બીજાના માટે, રાજ્યમાં કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓ લાવતી હોય અથવા જેને રાજ્ય બહારના કોઈપણ સ્થળેથી કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓ મોકલવામાં આવતી હોય તે વ્યકિત ;

(૪) "સુખસુવિધા ચીજવસ્તુઓ" એટલે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી સુખસુવિધા ચીજવસ્તુઓ;

(૫) "ઉત્પાદક" એટલે, રાજ્યમાં, કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓનું ઉત્પાદન કરનાર કોઈ વ્યકિત ;

(૬) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(૭) "રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટ" એટલે, કલમ ૭ હેઠળ રજિસ્ટર થયેલ કોઈ સ્ટોકિસ્ટ ;

(૮) "નિયમો" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલ નિયમો ;

(૯) "અનુસૂચિ" એટલે, આ અધિનિયમને જોડેલી કોઈ અનુસૂચિ ;

(૧૦) "સ્ટોક" એટલે, કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓનો સ્ટોક ;

(૧૧) "સ્ટોકિસ્ટ" એટલે, પોતાના ધંધાના ક્રમમાં, કોઈ સ્ટોક ધરાવે અથવા તેનું નિયંત્રણ કરે તે આયાતકાર અથવા ઉત્પાદક;

(૧૨) "રાજ્ય" એટલે, ગુજરાત રાજ્ય ;

(૧૩) "કર" એટલે, આ અધિનિયમ હેઠળ લેવાતો સુખસુવિધા ચીજવસ્તુઓ ઉપરનો કર ;

INDEX

(૧૪) "ટ્રિબ્યુનલ" એટલે, ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૨૮ હેઠળ રચાયેલી અને આ અધિનિયમથી અથવા તે હેઠળ, ટ્રિબ્યુનલના કાર્યો બજાવવાનું સોંપ્યું હોય તેવુ ગુજરાત વેચાણ વેરા ટ્રિબ્યુનલ ; સન ૧૯૭૦નો ૧૯૫.

(૧૫) "સ્ટોકનું મૂલ્ય" એટલે,—

(૧) ઉત્પાદક હોય તેવા કોઈ સ્ટોકિસ્ટના સંબંધમાં, પોતે ઉત્પાદન કરેલ સુખસુવિધા ચીજવસ્તુ મળ્યાના અથવા તેના સ્ટોકમાં તેની નોંધ કર્યાના સમયે, આવી ચીજવસ્તુઓની પ્રવર્તતી કારખાના કિંમત દ્વારા નકકી કરેલી રકમ અને પોતે ભરેલ અથવા ભરવાપાત્ર આબકારી જકાતની રકમ અને હેરફેર અને વીમા ચાર્જ હોય તો તેની રકમનો સરવાળો કરતાં મળતું આવી ચીજવસ્તુઓના સ્ટોકનું મૂલ્ય ;

(૨) કોઈ આયાત કરનાર હોય તેવા કોઈ સ્ટોકિસ્ટના સંબંધમાં, સુખસુવિધા ચીજવસ્તુઓની તેણે કરેલ આયાતના સંબંધમાં, માલ મોકલાવનારનું બીલ, ભરતિયું અથવા મોકલેલ માલની નોંધ અથવા આવી આયાતના સબંધમાં એવા બીજા દસ્તાવેજમાં જણાવેલ કિંમત દ્વારા નકકી કરેલી રકમ અને આવી આયાતના સંબંધમાં પોતે ભરેલ અથવા ભરવાપાત્ર કેન્દ્રીય વેચાણવેરાની અને બીજા વેરાઓની અને હેરફેર અને વીમા ચાર્જ હોય તો તેની રકમનો સરવાળો કરતાં મળતું આવા આયાત કરેલ સ્ટોકનું મૂલ્ય ;

(૧૬) "વર્ષ" એટલે,—

(૧) નિયમિત હિસાબના ચોપડા રાખતા કોઈપણ સ્ટોકિસ્ટના સંબંધમાં, જે વર્ષ માટે તે હિસાબો રાખતો હોય તે વર્ષ; અને

(૨) બીજા કોઈપણ સ્ટોકિસ્ટના સંબંધમાં, નાણાંકીય વર્ષ :

પરંતુ કોઈ રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટને જે વર્ષ માટે તે હિસાબોના ચોપડા રાખતો હોય તે વર્ષ, કમિશનરની સંમતિ વગર અને કમિશનર નકકી કરે તેવી શરતો સિવાય, ફેરવવાનો હક રહેશે નહિ.

કરનું ભારણ.

૩. (૧) જે વર્ષમાં નિયત દિવસ આવતો હોય તેના પહેલાં દિવસે શરૂ થતાં વર્ષ દરમિયાન જેનું એકંદર મૂલ્ય રૂા. ૫૦ ૦૦૦થી વધતું હોય અથવા વર્ષે તેવા વખતોવખત પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સ્ટોક ધરાવતાં દરેક સ્ટોકિસ્ટ, પેટા-કલમ (૩) હેઠળ આવી જવાબદારી બંધ ન થાય ત્યાં સુધી, નિયત દિવસે અથવા તે પછી તેણે મેળવેલ સ્ટોકના સંબંધમાં આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર થશે :

પરંતુ પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સ્ટોકનું એકંદર મૂલ્ય નિયત દિવસ પછી પહેલીવાર રૂા. ૫૦,૦૦૦થી વધતું હોય ત્યારે, જેમાં નિયત દિવસ આવતો હોય તે વર્ષમાં સ્ટોકનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦થી પહેલીવાર વધતું હોય ત્યારે, તે સમય સુધી તેણે, મેળવેલ સ્ટોકના સંબંધમાં કર ભરવાને તે જવાબદાર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં જણાવેલ વર્ષ પછીનું વર્ષ હોય તેવા કોઈ વર્ષ દરમિયાન, જેનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦ થી પહેલી વાર વધતું હોય તેવા વખતોવખત પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સ્ટોક ધરાવતાં દરેક સ્ટોકિસ્ટ, પેટા-કલમ (૩) હેઠળ આવી જવાબદારી બંધ ન થાય ત્યાં સુધી, તે વર્ષના પહેલાં દિવસે અને તે દિવસથી આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર થશે :

પરંતુ આવા કોઈ વર્ષના પહેલાં દિવસે શરૂ થતી અને સદરહુ પહેલાં દિવસથી ગણતરી કર્યા પ્રમાણે કોઈ પણ સુખસુવિધા ચીજવસ્તુઓના સ્ટોકનું એકંદર મૂલ્ય પહેલીવાર રૂા. ૫૦,૦૦૦થી વધતું હોય ત્યારે તે સમય સુધીની મુદત દરમિયાન, તેણે મેળવેલ સ્ટોકના સંબંધમાં સ્ટોકિસ્ટ, કર ભરવાને જવાબદાર થશે નહિ.

(૩) આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર થયેલા દરેક સ્ટોકિસ્ટની એવી રીતે કર ભરવાની જવાબદારી, તેનું રજિસ્ટ્રેશન યોગ્ય રીતે રદ કરવામાં ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે અને એવી રીતે રદ કરવામાં આવે એટલે અગાઉ લીધેલાં અથવા લેવાના કર સિવાયના કર ભરવાની તેની જવાબદારી, પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સુખસુવિધા ચીજવસ્તુઓના સ્ટોકનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦ કરતાં ફરી પહેલીવાર વધારે ન થાય ત્યાં સુધી બંધ થશે :

પરંતુ જે વર્ષમાં સ્ટોકિસ્ટ ઉપર્યુકત પ્રમાણે તેની જવાબદારી બંધ થાય તે જ વર્ષમાં, ફરીથી કર ભરવાને જવાબદાર થાય ત્યારે, કર ભરવાની જવાબદારી બંધ થાય તે તારીખે શરૂ થતી અને પોતાના કબજા અથવા નિયંત્રણમાંના સુખસુવિધા ચીજવસ્તુઓના સ્ટોકનું એકંદર મૂલ્ય પહેલીવાર રૂા. ૫૦,૦૦૦ કરતાં વધુ થાય તે સમય સુધીની મુદત દરમિયાન આવી રીતે સ્ટોક મળ્યાના સંબંધમાં કોઈપણ કર ભરવો પડશે નહિ.

INDEX

સ્પષ્ટીકરણ.—આ કલમના અને કલમ ૫ના હેતુઓ માટે, જે સ્ટોકિસ્ટ, ઉત્પાદક હોય તેને, પોતે ઉત્પાદન કરેલ કોઈપણ સુખસુવિધા ચીજવસ્તુઓનો સ્ટોક, તેના હિસાબના ચોપડામાં આવા ઉત્પાદનની નોંધ થયે મળ્યો છે એમ ગણાશે.

સ્ટોકિસ્ટે ભરવાનો કર.

૪. આ અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા કોઈપણ નિયમોને અધીન રહીને, આ અધિનિયમ હેઠળ કર ભરવા જવાબદાર હોય તે દરેક સ્ટોકિસ્ટે, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ લેવાપાત્ર કર ભરવો જોઈશે.

સુખસુવિધા ચીજ-વસ્તુઓના સ્ટોક ઉપર કર લેવા બાબત.

૫. વર્ષ દરમિયાન સ્ટોકિસ્ટે મેળવેલ સુખસુવિધા ચીજવસ્તુઓના કોઈપણ સ્ટોક ઉપર, આવા સ્ટોકના બોકદાર મૂલ્યના પાંચ ટકાના દરે કર લેવા જોઈશે.

અધિનિયમને અમલ કરવા માટેના સત્તાધિ-કારીઓ.

૬. (૧) આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, રાજ્ય સરકાર, સમગ્ર ગુજરાત રાજ્ય માટે સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર તરીકે કોઈ અધિકારી નીમી શકશે, જે આ અધિનિયમથી અથવા તે હેઠળ તેને મળે તેવી અથવા તેના ઉપર મૂકવામાં આવે તેવી તમામ સત્તા વાપરશે અને તેવી તમામ ફરજો બજાવશે.

(૨) આ અધિનિયમ હેઠળ કમિશનરના કાર્યો બજાવવામાં તેને સહાય કરવા, રાજ્ય સરકાર,—

(ક) અધિક સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર તરીકે રાજ્ય સરકાર જરૂરી ગણે તેટલા એક અથવા વધુ અધિકારીઓ;

(ખ) રાજ્ય સરકાર જરૂરી ગણે તેટલા, નાયબ સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર, મદદનીશ સુખસુવિધા ચીજવસ્તુ કર કમિશનર અને સુખસુવિધા ચીજવસ્તુ કર અધિકારીઓ અને બીજા અધિકારીઓ અને વ્યકિતઓ (તેના હોદ્દા સાથે) નીમી શકશે.

(૩) પેટા-કલમ (૨)ના ખંડ (ક) અથવા (ખ) હેઠળ નીમાયેલ કોઈ અધિકારી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી તેની હકૂમતમાં હોય તેવા વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે તેવા વિસ્તારની હદોમાં, પેટા-કલમ (૨)ના ખંડ (ક) હેઠળ નીમાયેલ અધિકારીના કિસ્સામાં, રાજ્ય સરકાર અને પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ નીમાયેલ અધિકારીના કિસ્સામાં, કમિશનર આપે અથવા મૂકે તેવી, આ અધિનિયમથી અથવા તે હેઠળ કમિશનરની સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે.

(૪) કર લેવા અને ઉઘરાવવાને લગતી આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના યોગ્ય અમલ માટેના દેખરેખ અને નિયંત્રણ, કમિશનરમાં નિહિત થશે.

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

(૫) ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૨૮ હેઠળ રચેલી ટ્રિબ્યુનલ, અપીલો અને ફેરતપાસ માટેની અરજીઓની સુનાવણીના અને આ અધિનિયમ હેઠળ ટ્રિબ્યુનલના બીજા કાર્યો બજાવવાના હેતુઓ માટે ટ્રિબ્યુનલ ગણાશે. અને તદ્નુસાર, કલમ ૨૮ સહિત ટ્રિબ્યુનલને લગતી તે અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા વિનિયમો(આ અધિનિયમના હેતુઓ માટે ટ્રિબ્યુનલને તે લાગુ પાડવા માટે, તેમાં કરવામાં આવે તેવા સુધારાઓને અધીન રહીને), આ અધિનિયમના હેતુઓ માટે આવી ટ્રિબ્યુનલને અથવા તેના સંબંધમાં લાગુ પડશે :

પરંતુ, ટ્રિબ્યુનલ, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, આ અધિનિયમ હેઠળ પોતાની કાર્યવાહીનું નિયમન કરવાના અને તેના કામકાજનો નિકાલ કરવાના હેતુઓ માટે અલગ વિનિયમો કરી શકશે અને આ રીતે કરેલા વિનિયમો, રાજપત્રમાં, પ્રસિદ્ધ કરવા જોઈશે.

રજિસ્ટ્રેશન.

૭. (૧) કોઈપણ સ્ટોકિસ્ટ, કલમ ૩ હેઠળ કર ભરવાને જવાબદાર હોય ત્યારે, તે રજિસ્ટ્રેશનનું કાયદેસરનું પ્રમાણપત્ર ધરાવતો હોય તે સિવાય, રાજ્યમાં કોઈપણ સ્ટોક રાખી શકશે નહિ:

પરંતુ, સ્ટોકિસ્ટ, ઠરાવેલા સમયની અંદર, આ કલમમાં જોગવાઈ કર્યા મુજબ આવા રજિસ્ટ્રેશન માટે અરજી કર્યા બાદ, સ્ટોક રાખે તો, આ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન થયું હોવાનું ગણાશે નહિ.

(૨) રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર ધરાવવા માટે પેટા-કલમ (૧)થી ફરમાવ્યું હોય તેવા દરેક સ્ટોકિસ્ટે, આવા સત્તાધિકારી, (જેનો આમાં હવે પછી "ઠરાવેલા સત્તાધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો તે) ને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તેવી મુદતની અંદર, અને તેવી રીતે અરજી કરવી જોઈશે.

INDEX

(૩) ઠરાવેલા સત્તાધિકારી પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, પોતાને એવી ખાતરી થાય કે રજિસ્ટ્રેશન માટેની અરજી નિયમાનુસાર છે, તો તે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપશે.

(૪) ઠરાવેલા સત્તાધિકારી, અરજી કર્યે અથવા અન્યથા, રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં વખતોવખત સુધારો કરી શકશે.

(૫) કલમ ૩ હેઠળ વેરો ભરવા માટેની પેટા-કલમ (૩) હેઠળ જેને રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તે સ્ટોકિસ્ટની જવાબદારી બંધ થઈ હોય ત્યારે, આવું પ્રમાણપત્ર, સ્ટોકિસ્ટની અરજી ઉપરથી, ઠરાવવામાં આવે તેવી રીતે, ઠરાવેલા સત્તાધિકારી રદ કરી શકશે.

(૬) પેટા-કલમ (૩) હેઠળ સ્ટોકિસ્ટને આપેલું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, આવા સ્ટોકિસ્ટને યોગ્ય નોટિસ આપ્યા પછી, ઠરાવેલા સત્તાધિકારી રદ કરી શકશે, પરંતુ તેને એવી ખાતરી થવી જોઈએ કે તેણે, આ અધિનિયમ હેઠળ ભરવાનો કર, દંડ અથવા વ્યાજ ભર્યું નથી.

પરંતુ, જેને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર આપ્યું હોય તે સ્ટોકિસ્ટે કર, દંડ અને વ્યાજની બાકી રકમ ભરી દીધી હોય તો, પ્રમાણપત્રનું પુનઃસ્થાપન થઈ શકશે.

પત્રકો. ૮. (૧) દરેક રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે, સ્ટોકના પત્રકો, ઠરાવવામાં આવે તેવી રીતે, તેટલી મુદત માટે અને તેવી તારીખ સુધીમાં, તેવા સત્તાધિકારીને પૂરાં પાડવાં જોઈશે.

(૨) કમિશનરનું એવું માનવાને કારણ હોય કે,—

(ક) સ્ટોકિસ્ટ, જેનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦/- કરતાં વધુ હોય તેવા સ્ટોકનો કબજો અથવા નિયંત્રણ ધરાવવાનો સંભવ છે; અથવા

(ખ) સ્ટોકિસ્ટ, કોઈપણ વર્ષ દરમિયાન, એકંદર મૂલ્ય રૂા.૫૦,૦૦૦થી વધુ મૂલ્યના સ્ટોકનો કબજો અથવા નિયંત્રણ ધરાવે છે ;

તો તે, ઠરાવવામાં આવે તેવી રીતે નોટિસ બજાવીને, આવા સ્ટોકિસ્ટને, પોતે રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટ હોય તેમ પત્રકો પૂરાં પાડવાનું ફરમાવી શકશે; પણ, જેનું એકંદર મૂલ્ય રૂા. ૫૦,૦૦૦/-થી વધુ હોય તેવો સ્ટોક પોતાના કબજામાં અથવા નિયંત્રણમાં હોય તે સિવાય, આવા સ્ટોકિસ્ટે કોઈપણ કર ભરવો જોઈશે નહિ.

(૩) પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ પત્રકો પૂરાં પાડ્યાં પછી, કોઈપણ સ્ટોકિસ્ટને, તેમાં કોઈ વર્જન અથવા ખોટા નિવેદનની જાણ થાય તો, તે સંબંધિત પત્રકો પૂરા પાડવા માટે ઠરાવેલી છેલ્લી તારીખ પછી આવતા ત્રણ મહિના પૂરા થાય તે પહેલાં, સુધારેલા પત્રકો પૂરાં પાડી શકશે.

કરની આકારણી. ૯. (૧) રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટ પાસેથી લેણી થતી કરની રકમ, જે વર્ષ દરમિયાન તે કર ભરવા માટે જવાબદાર હોય તે દરેક વર્ષ માટે અલગ રીતે આકારવી જોઈશે.

(૨) કમિશનરને એવી ખાતરી થાય કે, પૂરાં પાડેલા પત્રકો ખરાં અને પૂર્ણ છે, તો તેણે આવા પત્રકોના આધારે સ્ટોકિસ્ટ પાસેથી લેણા થતા કરની રકમ આકારવી જોઈશે.

(૩) કમિશનરને એવી ખાતરી ન થાય કે પૂરા પાડેલા પત્રકો ખરાં અને પૂર્ણ છે અને તેને સ્ટોકિસ્ટની હાજરી અથવા વધુ પુરાવા રજૂ કરવાનું ફરમાવવાનું જરૂરી લાગે તો, તે એવા સ્ટોકિસ્ટ ઉપર, નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે અને સ્થળે તે સ્ટોકિસ્ટને હાજર થવાનું અથવા પોતાના પત્રકોના સમર્થનમાં, જેના ઉપર આવો સ્ટોકિસ્ટ આધાર રાખતો હોય તે તમામ પુરાવા રજૂ કરવાનું અથવા રજૂ કરાવવાનું અથવા તે નોટિસમાં નિર્દિષ્ટ કરેલ પુરાવા રજૂ કરવાનું ફરમાવતી નોટિસ, ઠરાવવામાં આવે તે રીતે બજાવશે.

(૪) નોટિસમાં નિર્દિષ્ટ કરેલી તારીખે અથવા ત્યારપછી બનતી ત્વરાએ, કમિશનરે, રજૂ કરવામાં આવે તેવા તમામ પુરાવા વિચારમાં લીધા પછી, સ્ટોકિસ્ટ પાસે લેણા થતાં કરની રકમ આકારવી જોઈશે.

(૫) સ્ટોકિસ્ટ, પેટા-કલમ (૩) મુજબ કાઢેલી કોઈ નોટિસની બોલીઓનું પાલન ન કરે તો, કમિશનરે તેની પાસે લેણી થતી કરની રકમ, પોતાના ઉત્તમ નિર્ણય મુજબ આકારવી જોઈશે.

(૬) આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર સ્ટોકિસ્ટ, કોઈપણ મુદતના સંબંધમાં, ઠરાવેલી તારીખ સુધીમાં પત્રકો પૂરા ન પાડે, તો કમિશનરે, સ્ટોકિસ્ટને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, તેની પાસે લેણી થતી કરની રકમ, પોતાના ઉત્તમ નિર્ણય મુજબ આકારવી જોઈશે.

INDEX

(૭) જો કમિશનરને એમ માનવાને કારણ હોય કે સ્ટોકિસ્ટ કોઈપણ મુદતના સંબંધમાં કર ભરવાને જવાબદાર છે, પણ રજિસ્ટ્રેશન માટે ઠરાવેલા સમયની અંદર તેના માટે અરજી કરી નથી, તો કમિશનરે તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, એવી મુદતના અને ત્યારપછીની કોઈપણ મુદતના સંબંધમાં, સ્ટોકિસ્ટ પાસે લેણાં થતા કરની રકમ (હોય તો તે) તેના ઉત્તમ નિર્ણય મુજબ આકારવી જોઈશે.

(૮) આ કલમ હેઠળ કરેલી કોઈ આકારણીથી, આ અધિનિયમ હેઠળના કોઈ ગુના માટે શિક્ષા કે કામ ચલાવવાને બાધ આવશે નહિ.

આકારણી કરવાની રહી ગઈ હોય તે સ્ટોકની ફેર આકારણી કરવા બાબત.

૧૦. આ અધિનિમય હેઠળ કર પાત્ર કોઈપણ સ્ટોકની, કલમ ૯ હેઠળના આકારણીના કોઈપણ હુકમમાં કોઈપણ મુદતના સંબંધમાં, આકારણી કરવાની રહી ગઈ છે અથવા ઓછી આકારણી કરવામાં આવી છે એમ માનવાને કમિશનરને કારણ હોય, તો કમિશનર,—

(ક) સ્ટોકિસ્ટે મેળવેલ સ્ટોક અથવા તેને લગતી અગત્યની વિગતો છુપાવી છે અથવા જાણી જોઈને ખોટા પત્રકો પૂરા પાડયા છે, એમ માનવાને તેને કારણ હોય ત્યારે, સ્ટોક જે મુદત માટે મેળવ્યો હોય તે પૂરી થયેથી આઠ વર્ષની અંદર કોઈપણ સમયે, અને

(ખ) બીજા કોઈપણ કિસ્સામાં, સ્ટોક જે મુદત માટે મેળવ્યો હોય તે, જે મુદતને લગતો હોય તે મુદત પૂરી થયા પછી, પાંચ વર્ષની અંદર--કોઈપણ સમયે,

એવી રીતે સ્ટોક મળ્યાના સંબંધમાં, કર ભરવાને જવાબદાર સ્ટોકિસ્ટ ઉપર, ઠરાવવામાં આવે તેવી રીતે નોટિસમાં સમાવેલી તમામ જરૂરી બાબતો અથવા તે પૈકી કોઈ બાબત જણાવતી નોટિસ બજાવી શકશે અને નોટિસ બજાવ્યાની તારીખથી મોડામાં મોડા ત્રણ વર્ષમાં તેવા સ્ટોકિસ્ટ પાસેથી લેણા થતા કરની રકમ તેના ઉત્તમ નિર્ણય મુજબ આકારી શકશે :

પરંતુ, એવી આકારણીના સંબંધમાં, અપીલ અથવા ફેરતપાસની કાર્યવાહી અનિર્ણિત હોય ત્યારે, આ અધિનિયમ હેઠળ યોગ્ય અપીલ અથવા ફેરતપાસ અધિકારી પોતાની મેળે અથવા કમિશનરના રિપોર્ટ ઉપરથી, સ્ટોકિસ્ટને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

અમુક કિસ્સામાં દંડ નાખવા બાબત.

૧૧. આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર કોઈપણ સ્ટોકિસ્ટ,—

(ક) કલમ ૭ ની પેટા-કલમ (૨) હેઠળ રજિસ્ટ્રેશન માટે અરજી ન કરે;

(ખ) પૂરતા કારણ વગર, કલમ ૮ની પેટા-કલમ (૧) અથવા (૨) માં ફરમાવ્યા પ્રમાણે પત્રકો પૂરા ન પાડે અથવા તેમાં બેદરકારી કરે;

(ગ) પૂરતા કારણ વગર, કલમ ૯ની પેટા-કલમ (૩) હેઠળ તેને બજાવેલ નોટિસની બોલીઓનું પાલન ન કરે ;

(ઘ) કલમ ૮ ની પેટા--કલમ (૧) હેઠળ પત્રક પૂરું પાડતી વખતે, કલમ ૧૨ થી ફરમાવ્યા પ્રમાણે આવા પત્રક પ્રમાણે તેણે ભરવાના લેણાં થતા કરની પૂરેપૂરી રકમ સરકારી તિજોરીમાં ભરવામાં બેદરકારી દાખવે અથવા પૂરતા કારણો સિવાય ન ભરે ;

(ચ) કલમ ૧૪ થી ફરમાવ્યા પ્રમાણે યોગ્ય હિસાબો ન રાખે; અથવા

(છ) કરપાત્ર કોઈપણ લેવડદેવડની ખોટી વિગતો જાણી જોઈને પૂરી ન પાડે અથવા કોઈપણ સોદાની વિગતો છુપાવે;

તો કમિશનર, કલમ ૯ હેઠળ આકારેલ કોઈ કર ઉપરાંત, દશ હજાર રૂપિયાથી ઓછી ન હોય અને પચાસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમ દંડ તરીકે સ્ટોકિસ્ટ પર નાખી શકશે.

કર ભરવા બાબત

૧૨. (૧) આમાં જોગવાઈ કરેલી રીતે અને ઠરાવવામાં આવે તેવા ગાળાએ કર ભરવો જોઈશે.

(૨) કલમ ૮ થી ફરમાવ્યા પ્રમાણે, પત્રકો પૂરા પાડનાર રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે, આવા પત્રક અનુસાર તેની પાસે લેણી થતી કરની પૂરેપૂરી રકમ, તેણે, કલમ ૧૧ હેઠળ તેણે ભરવાની થતી કોઈ દંડની રકમ સાથે, ઠરાવવામાં આવે તેવી રીતે સરકારી તિજોરીમાં પ્રથમ ભરવી જોઈશે.

(૩) રજિસ્ટર થયેલો સ્ટોકિસ્ટ, કલમ ૮ની પેટા--કલમ (૩) પ્રમાણે સુધારેલું પત્રક પૂરું પાડે અને આવું સુધારેલું પત્રક એમ દર્શાવે કે અગાઉ ભરેલા કર ઉપરાંત કરની રકમ ભરવાની છે તો, તેણે પ્રથમ કરની વધારાની રકમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે.

(૪) (ક) (૧) કરની રકમ પૂરી ભર્યા વિના પત્રકો પૂરા પાડવામાં આવ્યા હોય ત્યારે, લેણી થતી કરની રકમ.

INDEX

(૨) કલમ ૯ અથવા ૧૦ હેઠળ કોઈ મુદત માટે આકારેલા અથવા ફરી આકારેલા કરની રકમ એવી મુદતના સંબંધમાં સ્ટોકિસ્ટે અગાઉ ભરેલી કોઈ રકમ બાદ કરતાં બાકી રહે તે કરની રકમ;

(ખ) કલમ ૧૧ હેઠળ લીધેલો દંડ (હોય તો તે) ની રકમ,

(ગ) કલમ ૧૩ હેઠળ, જો વ્યાજની રકમ હોય તો તે,

આ હેતુ માટે કમિશનરે કાઢેલી નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખ સુધીમાં, તે માટે જવાબદાર સ્ટોકિસ્ટે સરકારી તિજોરીમાં ભરી દેવી જોઈશે, પરંતુ એવી તારીખ નોટિસ બજાવ્યાની તારીખથી પંદર દિવસ કરતાં વહેલી ન હોવી જોઈએ.

(૫) પેટા-કલમ (૪) હેઠળ નોટિસમાં નિર્દિષ્ટ ચૂકવણીની તારીખ પછી, ભર્યા વિના રહેલો કોઈ કર, દંડ અથવા વ્યાજ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

સ્ટોકિસ્ટની વ્યાજ ભરવાની જવાબદારી.

૧૩. (૧) કોઈ સ્ટોકિસ્ટ, કલમ ૧૨ની પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ કરની રકમ ભરવા માટે ઠરાવેલ સમયની અંદર, કરની રકમ ભરે નહિ, ત્યારે ઉપર્યુકત ઠરાવેલો સમય પૂરો થયાની તારીખથી શરૂ થતી અને કરની રકમ ભર્યાની તારીખે પૂરી થતી મુદત માટે, એવી રીતે નહિ ભરાયેલા કરની રકમ ઉપર અથવા એવી મુદત દરમિયાન તેનાથી ઓછી ભરવાની બાકી રહેલી કરની રકમ ઉપર, આવા સ્ટોકિસ્ટે દર વર્ષે ચોવીસ ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

(૨) કલમ ૧૭ હેઠળ ફેરતપાસ હોય તો તેને અધીન રહીને, કલમ ૯ અથવા ૧૦ હેઠળ કોઈપણ મુદત માટે આકારણીની અથવા ફેર આકારણી કરેલ કરની રકમ, તે મુદત માટે સ્ટોકિસ્ટે અગાઉથી ભરી દીધેલી કરની રકમ કરતાં વધારે હોય ત્યારે, આવા સ્ટોકિસ્ટે કલમ ૧૨ની પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ કર ભરવા માટે ઠરાવેલ સમય પૂરો થયાની તારીખથી શરૂ થતી અને આકારણી, ફેર આકારણી અથવા યથાપ્રસંગ, ફેરતપાસની તારીખે પૂરી થતી મુદત માટે, એવી રીતે નહિ ભરાયેલ કરની રકમ ઉપર અથવા એવી મુદત દરમિયાન ભરાયા વગર બાકી રહેલી તેના કરતાં કોઈ આછી રકમ ઉપર, દર વર્ષે ચોવીસ ટકાના દરે સાદું વ્યાજ ભરવું પડશે.

હિસાબો.

૧૪. (૧) આ અધિનિયમ હેઠળ કર ભરવાને જવાબદાર દરેક સ્ટોકિસ્ટે અને બીજા જે સ્ટોકિસ્ટને ઠરાવેલી રીતે તેના ઉપર નોટિસ બજાવીને કમિશનરે એવી રીતે હિસાબ રાખવાનું ફરમાવ્યું હોય તે દરેક સ્ટોકિસ્ટે, પોતાના ધંધા દરમિયાન હિસાબના તમામ ખરા તથા પૂરેપૂરા ચોપડા નિયમિત રીતે રાખવા જોઈશે.

(૨) કમિશનરને એમ જણાય કે કોઈ મુદત દરમિયાન સ્ટોકિસ્ટ કર ભરવાને જવાબદાર છે કે નહિ તે નક્કી કરવા માટે સ્ટોકિસ્ટે રાખેલા હિસાબો પૂરતા સ્પષ્ટ અથવા સમજાય એવા નથી અથવા એવી રીતે રાખવામાં આવ્યા હોય કે જેથી પૂરા પાડેલા પત્રકોની યોગ્ય ચકાસણી થઈ શકે તેમ નથી, તો કમિશનર, એવા સ્ટોકિસ્ટને લેખિત નોટિસથી અને તે અર્થે જે કંઈ ઠરાવવામાં આવે તેને અધીન રહીને, યોગ્ય આકારણીના હેતુ માટે તેના અભિપ્રાય પ્રમાણે જરૂરી હોય તેવા હિસાબો, તેવા નમૂનામાં, અથવા તેવી રીતે રાખવાનું ફરમાવી શકશે.

હિસાબી ચોપડા અને દસ્તાવેજોની રજૂઆત અને તેની તપાસણી અને જગાની ઝડતી.

૧૫. (૧) કમિશનર, ઠરાવવામાં આવે તેવી શરતોને અધીન રહીને, કોઈ સ્ટોકિસ્ટને, તેની સમક્ષ કોઈ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો રજૂ કરવાનું અથવા આ અધિનિયમના હેતુઓ માટે સ્ટોકિસ્ટના સ્ટોકને લગતી જરૂરી હોય તેવી કોઈ માહિતી અથવા તેના ધંધાને લગતી બીજી કોઈ માહિતી પૂરી પાડવાનું ફરમાવી શકશે.

(૨) કોઈ સ્ટોકિસ્ટના સ્ટોકને લગતા તમામ હિસાબો, રજિસ્ટરો અને દસ્તાવેજો અને કોઈ સ્ટોકિસ્ટના ધંધાના કોઈ સ્થળે રાખેલો તમામ સ્ટોક કમિશનરની તપાસણી માટે વાજબી સમયે ખુલ્લો રહેશે અને કમિશનર આ અધિનિયમના હેતુઓ માટે તેને જરૂરી જણાય તેવી નકલો અથવા ઉતારા તેમાંથી કરી અથવા કરાવી શકશે અથવા તેવા ઓળખ ચિહ્નો તેના ઉપર મૂકી અથવા મૂકાવી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ કોઈ કાર્યવાહીમાં પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલા હિસાબના ચોપડા અથવા બીજા દસ્તાવેજો કમિશનર, પોતાને જરૂરી લાગે તેટલી મુદત સુધી આ અધિનિયમના હેતુઓ માટે કબજે લઈ પોતાની કસ્ટડીમાં રાખી શકશે.

(૪) કમિશનરને એમ માનવાને કારણ હોય કે કોઈ સ્ટોકિસ્ટે તેની પાસેથી લેણું નીકળતો કોઈ કર ભરવાનું ટાળ્યું છે અથવા ટાળવાનો પ્રયત્ન કરે છે, તો તેની લેખિત નોંધ કરી કારણો દર્શાવી, સ્ટોકિસ્ટના જરૂરી હોય તેવા હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો તે જપ્ત કરી શકશે અને તેને માટે તેણે પહોંચ આપવી પડશે અને આ અધિનિયમ હેઠળ કોઈ કાર્યવાહી સંબંધી અથવા ફરિયાદ માટે જરૂરી હોય તેટલા સમય સુધી જ તે રાખી શકશે.

INDEX

(૫) પેટા-કલમ (૨) અથવા પેટા-કલમ (૪)ના હેતુઓ માટે, કમિશનર, કોઈપણ સ્ટોકિસ્ટના ધંધાના કોઈપણ સ્થળે અથવા એવા સ્થળે જ્યાં એવું માનવાને કમિશનરને કારણ હોય કે સ્ટોકિસ્ટ, તેના ધંધા અથવા સ્ટોકના કોઈપણ હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજ રાખતો હોય અથવા તે સમયે રાખ્યા છે તેવા બીજા કોઈપણ સ્થળે પોતે દાખલ થઈ શકશે અને ઝડતી લઈ શકશે અને ઝડતીમાં મળેલી ચીજોની તેના અભિપ્રાય મુજબ, આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહીમાં અથવા કોઈ ફરીયાદમાં ઉપયોગી હોય અથવા તેને લગતી હોય તેવી ચીજોની અથવા વસ્તુઓની નોંધ અથવા યાદી કરી શકશે.

સન ૧૯૭૪નો ૨જો.

(૬) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની ઝડતી અંગેની જોગવાઈઓ, શકય હોય તેટલે સુધી પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલ ઝડતીને લાગુ પડશે.

અપીલ.

૧૬.(૧) કલમ ૭ની પેટા-કલમ (૬) હેઠળ, તેના રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કરતા ઠરાવેલા સત્તાધિકારીના કોઈ હુકમથી અથવા કલમ ૯ અથવા ૧૦ હેઠળ કરેલા આકારણી અથવા ફેરઆકારણીના કોઈ હુકમથી અથવા કલમ ૧૧ હેઠળ દંડ નાખતા કોઈ હુકમથી નારાજ થયેલો કોઈપણ સ્ટોકિસ્ટ, હુકમ મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર,–

(ક) હુકમ, સુખસુવિધા ચીજવસ્તુ કર અધિકારીએ કર્યો હોય તો, મદદનીશ કમિશનરને,

(ખ) હુકમ, કોઈ મદદનીશ કમિશનરે કર્યો હોય તો, કમિશનરને;

(ગ) હુકમ, કોઈ નાયબ કમિશનરે અથવા અધિક કમિશનરે અથવા કમિશનરે કર્યો હોય તો, ટ્રિબ્યુનલને

અપીલ કરી શકશે.

(૨) મદદનીશ કમિશનરે અપીલમાં કરેલા કોઈ હુકમના કિસ્સામાં, બીજી અપીલ, ટ્રિબ્યુનલને કરી શકાશે.

(૩) (ક) ખંડ (ખ)ની જોગવાઈઓને અધીન રહીને, જે હુકમની વિરૂધ્ધ અપીલ કરવામાં આવી હોય તે હુકમની તારીખથી સાઠ દિવસમાં અપીલ ફાઈલ કરવામાં આવી ન હોય તો તેવી અપીલ દાખલ કરવામાં આવશે નહિ.

સન ૧૯૬૩નો ૩૬મો.

(ખ) ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલ મુદતની ગણતરી કરવામાં, મુદત અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૪, ૫ અને ૧૨ની જોગવાઈઓ શકય હોય તેટલે સુધી લાગુ પડશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળની કોઈ અપીલ અથવા પેટા-કલમ (૨) હેઠળની બીજી અપીલ મળ્યે, અપીલ અધિકારી, ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોને અધીન રહીને, પોતે ન્યાયી અને યોગ્ય ગણે તેવો હુકમ, અપીલ અથવા યથાપ્રસંગ બીજી અપીલ પર કરી શકશે.

ફેરતપાસ.

૧૭. (૧) આ અર્થે કરવામાં આવે તેવા કોઈપણ નિયમોને અધીન રહીને,–

(ક) કમિશનર, પોતાની મેળે કોઈપણ તાબાના અધિકારીએ કરેલા કોઈપણ હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર અથવા પોતાને કરવામાં આવેલી અરજી ઉપરથી એક વર્ષની અંદર, કોઈપણ હુકમનું રેકર્ડ મંગાવી તે તપાસી શકશે અને ફેરતપાસ માટેની નોટિસની બજવણીની તારીખથી બાર મહિનાની અંદર તે અંગે, પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(ખ) ટ્રિબ્યુનલ, કમિશનરના (બીજી અપીલમાં કલમ ૧૬ની પેટા-કલમ (૨) હેઠળ અથવા કોઈ અરજી ઉપર ફેરતપાસમાં ખંડ (ક) હેઠળ પસાર કરેલો કોઈ હુકમ ન હોય તેવા), હુકમ વિરૂધ્ધ તેને કરેલી અરજી ઉપરથી, હુકમની જાણ થયાની તારીખથી ચાર મહિનાની અંદર, આવા કોઈપણ હુકમનું રેકર્ડ મંગાવી, તે તપાસી શકશે અને તે અંગે પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરી શકશે.

(૨) કલમ ૧૬ હેઠળ કોઈ અપીલ થઈ શકે તેમ હોય અને અપીલ દાખલ કરવામાં આવી ન હોય ત્યારે અરજી ઉપરથી આ કલમ હેઠળ ફેરતપાસમાં કોઈ કાર્યવાહી દાખલ થઈ શકશે નહિ.

(૩) કોઈપણ વ્યકિતને પ્રતિકૂળ રીતે અસર કરતો હોય તેવો કોઈ હુકમ, આ કલમ હેઠળ કરવો જોઈશે નહિ, વાય કે આવી વ્યકિતને સુનાવણીની કોઈ વાજબી તક આપી હોય.

(૪) કમિશનર અથવા ટ્રિબ્યુનલ, આ કલમ હેઠળ ફેરતપાસ માટેની કોઈ અરજી, નામંજૂર કરે ત્યારે, યથાપ્રસંગ કમિશનરે અથવા ટ્રિબ્યુનલે આવી નામંજૂરી માટેના કારણો નોંધવા જોઈશે.

INDEX

અપીલ અને ફેરતપાસની અરજી ઉપર લેવાની કોર્ટ-ફી.

૧૮. મુંબઈ કોર્ટ-ફી અધિનિયમ, ૧૯૫૯માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલમ ૧૬ હેઠળ રજૂ કરેલ અપીલ અને કલમ ૧૭ હેઠળ ફેરતપાસની અરજી ઉપર ઠરાવવામાં આવે તેટલી કિંમતનો કોર્ટ-ફી સ્ટેમ્પ હોવો જોઈશે.

૧૯૫૯નો મુંબઈનો ૩૬મો.

રિફંડ.

૧૯. (૧) કમિશનરે, સ્ટોકિસ્ટને, તેની પાસે વેણી થતી રકમ કરતાં વધારાની તેણે ભરેલ કર, દંડ અને વ્યાજની રકમ રિફંડ કરવી જોઈશે.

(૨) રિફંડ રોકડમાં અથવા તો સ્ટોકિસ્ટના વિકલ્પ મુજબ અન્ય કોઈ મુદતના સંબંધમાં તેના વેણા થતા કર, દંડ અથવા વ્યાજની રકમમાંથી આવી વધારાની રકમ બાદ કરીને, ચૂકવવું જોઈશે:

પરંતુ કમિશનરે આવી વધારાની રકમ, પ્રથમ કલમ ૧૨ની પેટા-કલમ (૪) હેઠળ જેના સંબંધમાં નોટિસ કાઢવામાં આવી હોય તે વેણી થતી રકમની વસૂલાત માટે વાપરવી જોઈશે અને તે પછી સિલક, હોય તો, તે રિફંડ કરવી જોઈશે.

કર અથવા વ્યાજ માફ કરવા બાબત.

૨૦. પોતે મૂકે તેવી શરતોને અધીન રહીને, રાજ્ય સરકાર,—

(૧) લોકહિતમાં, અથવા

(૨) બેવાર લેવાતા કરની બાબતમાં રાહત આપવાના હેતુ માટે; અથવા

(૩) વિષમ પરિસ્થિતિ નિવારવાના હેતુ માટે,

તેમ કરવું જરૂરી ગણે તો, હુકમ કાઢીને, સામાન્ય અથવા ખાસ રીતે કોઈ સ્ટોકિસ્ટ અથવા સ્ટોકિસ્ટોના કોઈ વર્ગે કોઈ મુદતના સંબંધમાં, ભરવાનો પૂરો કર અથવા વ્યાજ કે તેનો કોઈ ભાગ માફ કરી શકશે.

ગુના.

૨૧. (૧) જે કોઈ વ્યકિત,—

(ક) કલમ ૭નું ઉલ્લંઘન કરીને રજિસ્ટર થયા સિવાય, કોઈ સ્ટોકિસ્ટ તરીકે ધંધો કરે; અથવા

(ખ) જાણીબૂઝીને કોઈ ખોટા પત્રક પૂરા પાડે; અથવા

(ગ) કલમ ૧૪ હેઠળ તેને ફરમાવ્યા અનુસાર કોઈપણ હિસાબો અથવા રેકર્ડ રાખવાનું ફરમાવવામાં આવે ત્યારે, તે તેમ ન કરે અથવા

(ઘ) કલમ ૧૫ હેઠળ તેને કરેલા કોઈપણ ફરમાન પ્રમાણે પાલન ન કરે; અથવા

(ચ) જાણીબૂઝીને ખોટા હિસાબો, રજિસ્ટરો અથવા દસ્તાવેજો રજૂ કરે અથવા જાણીબૂઝીને ખોટી માહિતી પૂરી પાડે; અથવા

(છ) કલમ ૧૫ હેઠળ કોઈ તપાસણી અથવા ઝડતી કરતા કોઈપણ અધિકારીને અડચણ કરે; અથવા

(જ) ખંડો (ક) થી (છ)માં નિર્દિષ્ટ કરેલ કોઈપણ કાર્ય કરવામાં કોઈપણ વ્યકિતને મદદ કરે અથવા મદદગારી કરે,

તે વ્યકિતને, દોષિત ઠર્યે, છ મહિના સુધીની સાદી કેદ અથવા વીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની અથવા તે બંનેની શિક્ષા થશે અને ગુનો ચાલુ હોય ત્યારે, ગુનો ચાલુ રહે તેટલી મુદત દરમિયાન, રોજના એકસો રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષા થશે.

(૨) આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કમિશનરે દંડ નાખ્યો હોય તે જ હકીકતના સંબંધમાં, આ અધિનિયમ હેઠળ કોઈ ગુના માટે ફોજદારી કાર્યવાહી કરી શકાશે નહિ.

કંપનીઓએ કરેલા ગુના.

૨૨. (૧) આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કંપનીએ કર્યો હોય ત્યારે, ગુનો કરવામાં આવ્યો હોય તે વખતે કંપનીનો ચાર્જ સંભાળતી હોય અને તેના કાર્ય-સંચાલન માટે કંપનીને જવાબદાર હોય તેવી દરેક વ્યકિત, તેમજ કંપની, તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તે અનુસાર તેમને શિક્ષા થઈ શકશે :

પરંતુ એવી કોઈ વ્યકિત એમ સાબિત કરે કે ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ ઘટતી કાળજી રાખી હતી, તો તે વ્યકિત, આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી કોઈ શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો, કોઈ કંપનીએ કર્યો હોય અને એમ સાબિત થાય કે તે ગુનો કંપનીના કોઈ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા તેમની મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને કારણે થયો છે તો, તેવા ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તે અનુસાર તેમને શિક્ષા થઈ શકશે.

INDEX

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે,—

(ક) "કંપની" એટલે, કોઈ સંસ્થાપિત મંડળ અને તેમાં પેઢી અથવા વ્યક્તિઓના બીજા એસોસિયેશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં, "ડિરેક્ટર" એટલે, પેઢીનો કોઈ ભાગીદાર.

ગુનાઓની ન્યાયિક નોંધ લેવા બાબત.

૨૩. કલમ ૨૧ હેઠળ કોઈપણ ગુનાની, કમિશનરની પૂર્વમંજુરી સિવાય, કોઈ કોર્ટથી ન્યાયિક નોંધ લઈ શકાશે નહિ.

ગુનાની માંડવાળ.

૨૪. (૧)કમિશનર, કલમ ૨૧ હેઠળ શિક્ષાપાત્ર કોઈપણ ગુના માટે કાર્યવાહી કરતાં પહેલાં અથવા કર્યા પછી, આવા ગુનાનું તહોમત મૂકાયેલ કોઈપણ વ્યકિત પાસેથી ગુનાની માંડવાળ તરીકે—

(૧) કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના ખંડો (ઘ) થી (જ) હેઠળ ગુનાનું તહોમત મૂકાયું હોય ત્યારે, બે હજાર રૂપિયાથી વધતી ન હોય તેટલી રકમ;

(૨) કલમ ૨૧ની પેટા-કલમ (૧)ના બીજા કોઈપણ ખંડ હેઠળ ગુનાનું તહોમત મૂકાયું હોય ત્યારે, ગુનો જેને લગતો હોય તે સ્ટોક મેળવવા ઉપર ભરવાપાત્ર થયો હોય તેટલા કરની રકમની બમણી રકમથી વધતી ન હોય તેટલી રકમ,

સ્વીકારી શકશે.

(૨) કમિશનર, પેટા-કલમ (૧) હેઠળ નક્કી કરે તેવી રકમની ચૂકવણી થયે, આરોપી સામે, એ જ ગુનાના સંબંધમાં, વધુ કાર્યવાહી હાથ ધરી શકશે નહિ.

ટ્રિબ્યુનલ અને કમિશનરની સત્તા.

૨૫. (૧) આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવતી વખતે, ટ્રિબ્યુનલ અને કમિશનરને, નીચેના હેતુ માટે દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે:—

(ક) સોગંદનામા દ્વારા હકીકતોની સાબિતીના;

(ખ) કોઈપણ વ્યકિતને બોલાવવાના અને હાજર રખાવવાના અને સોગંદ અથવા પ્રતિજ્ઞા ઉપર તેની જુબાની લેવાના;

(ગ) દસ્તાવેજોની રજૂઆત કરવાની ફરજ પાડવાના; અને

(ઘ) સાક્ષીઓને તપાસવા માટે કમિશનો કાઢવાના.

(૨) આ અધિનિયમના હેતુઓ માટે કરવાના કોઈપણ સોગંદનામાના કિસ્સામાં, ટ્રિબ્યુનલ અથવા કમિશનરે નીમેલો કોઈપણ અધિકારી, સોગંદ ઉપર જુબાની આપનારને સોગંદ લેવડાવી શકશે.

દીવાની કોર્ટની હકૂમતને બાધ.

૨૬. (ક) આ અધિનિયમથી અથવા તે હેઠળ, જેની તજવીજ કરવાની અથવા જેનો નિર્ણય કરવાની ટ્રિબ્યુનલ, કમિશનર અથવા તેને સહાય કરવા નીમાયેલ કોઈપણ અધિકારીને સત્તા આપેલ હોય તેવા કોઈપણ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તેનો નિર્ણય કરવાની, કોઈ દીવાની કોર્ટને હકૂમત રહેશે નહિ અને આ અધિનિયમથી અથવા તે હેઠળની કોઈપણ સત્તા અનુસાર લીધેલ અથવા લેવાના કોઈપણ પગલાના સંબંધમાં, કોઈપણ દીવાની કોર્ટ, કોઈ મનાઈ હુકમ આપી શકશે નહિ.

(ખ) આ અધિનિયમ હેઠળ, ટ્રિબ્યુનલ, કમિશનર અથવા તેને સહાય કરવા નીમાયેલ કોઈપણ અધિકારીએ કરેલ કોઈ આકારણી અથવા કરેલ કોઈપણ હુકમ સામે કોઈપણ દીવાની કોર્ટમાં વાંધો ઉઠાવી શકાશે નહિ.

કાર્યવાહીઓ તબદીલ કરવાની સત્તા.

૨૭. કમિશનર, પક્ષકારોને યોગ્ય નોટિસ આપ્યા પછી, લેખિત હુકમથી, આ અધિનિયમની કોઈપણ જોગવાઈ હેઠળ કોઈપણ કાર્યવાહી અથવા કાર્યવાહીઓનો વર્ગ, પોતાની પાસેથી બીજા કોઈપણ અધિકારીને તબદીલ કરી શકશે અને તેવી જ રીતે (આ કલમ હેઠળ અગાઉ તબદીલ કરેલ કોઈ કાર્યવાહી સહિતની) કોઈપણ કાર્યવાહી, આવા એક અધિકારી તરફથી બીજાને અથવા પોતાને તબદીલ કરી શકશે.

INDEX

કલમ ૬ હેઠળ નીમાયેલ વ્યક્તિઓને રાજ્ય સેવકો ગણાવા બાબત.

૨૮. કમિશનર અને કમિશનરને સહાય કરવા કલમ ૬ હેઠળ નીમાયેલ તમામ અધિકારીઓ અને વ્યક્તિઓ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે. સન ૧૮-૬૦નો ૪૫મો.

મતિ-પૂર્તિ.

૨૯. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય બદલ, સરકારના કોઈપણ કર્મચારી સામે, કોઈ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૩૦. (૧) રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે.

(ક) કલમ ૭ની પેટા-કલમ (૨) હેઠળ રજિસ્ટ્રેશનના પ્રમાણપત્ર માટે જે સત્તાધિકારી તેને, જે નમૂનામાં જે મુદતની અંદર અને જે રીતે અરજી કરવી જોઈશે તે સત્તાધિકારી, તે નમૂનો, તે મુદત અને રીત બાબત;

(ખ) કલમ ૭ની પેટા-કલમ (૩) હેઠળ રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર જે નમૂનામાં આપવું જોઈએ તે નમૂના બાબત;

(ગ) કલમ ૭ની પેટા-કલમ (૫) હેઠળ ઠરાવેલ સત્તાધિકારીએ જે રીતે રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર રદ કરવું જોઈશે તે રીત બાબત;

(ઘ) કલમ ૮ની પેટા-કલમ (૧) હેઠળ રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે જે સત્તાધિકારીને, જે રીતે, જે મુદતના અને જે તારીખ સુધીમાં સ્ટોકના પત્રકો પુરા પાડવા જોઈશે તે રીત, મુદત અને તારીખ બાબત;

(ચ) કલમ ૮ની પેટા-કલમ (૨) હેઠળ જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત ;

(છ) કલમ ૯ની પેટા-કલમ (૩) હેઠળ કમિશનરે, સ્ટોકિસ્ટ ઉપર જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત;

(જ) કલમ ૧૦ હેઠળ સ્ટોકિસ્ટ ઉપર જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત;

(ઝ) કલમ ૧૨ની પેટા-કલમ (૧) હેઠળ જે ગાળાએ કર ભરવો જોઈશે તે ગાળા બાબત;

(ટ) કલમ ૧૨ની પેટા-કલમ (૨) હેઠળ રજિસ્ટર થયેલ સ્ટોકિસ્ટે જે રીતે તેની પાસેથી લેણી નીકળતી કરની પૂરેપૂરી રકમ પ્રથમ સરકારી તિજોરીમાં ભરવી જોઈશે તે રીત બાબત;

(ઠ) કલમ ૧૪ ની પેટા-કલમ (૧) હેઠળ કમિશનરે બીજા દરેક સ્ટોકિસ્ટ ઉપર જે રીતે નોટિસ બજાવવી જોઈશે તે રીત બાબત ;

(ડ) કલમ ૧૫ ની પેટા-કલમ (૧) હેઠળ કમિશનર કોઈપણ સ્ટોકિસ્ટને જે શરતોને અધીન રહીને કોઈપણ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો તેની સમક્ષ રજૂ કરવાનું અથવા સ્ટોકિસ્ટોને લગતી કોઈપણ માહિતી અથવા તેના ધંધાને લગતી બીજી કોઈપણ માહિતી પૂરી પાડવાનું ફરમાવી શકશે તે શરત બાબત;

(ઢ) કલમ ૧૬ની પેટા કલમ(૪) હેઠળ અપીલ સત્તાધિકારી, અપીલ અથવા બીજી અપીલ ઉપર જેને અધીન રહીને, હુકમ કરી શકશે તે કાર્યરીતિના નિયમો બાબત;

(ત) કલમ ૧૭ ની પેટા-કલમ (૧) હેઠળ કમિશનર અથવા યથાપ્રસંગ, ટ્રિબ્યુનલ જે નિયમોને અધીન રહીને, કોઈપણ વર્ષના રેકર્ડ મંગાવી શકશે અને તપાસી શકશે તે નિયમો બાબત ;

(થ) કલમ ૧૮ હેઠળ અપીલ અને ફેરતપાસ માટેની અરજી ઉપર જે મૂલ્યની કોર્ટ ફી-સ્ટેમ્પ લગાવવી જોઈશે તે મૂલ્ય બાબત ;

INDEX

(૬) આ નોટિફિકેશન હેઠળ કરવામાં આવેલી કોઇ ખરીદી અથવા કરવામાં આવેલ હુકમ તેવી બીજી કોઇપણ બાબત:

(૩) આ સ્થાન હેઠળ કોઈપણ નિયમો કરતી વખતે, રાજ્ય સરકાર એવો આદેશ આપી શકશે કે તેનો ભંગ કરવા બદલ તેવા હુકમ કરીને કોઈપણ વ્યક્તિને વધુ વધુ દંડની અને ગુનો ચાલુ રહે તે દરમિયાન, એકસો રૂપિયાથી વધુ નહિ તેટલા રોજના દંડની શિક્ષા થશે.

(૪) આ સ્થાનની પાછલી જોગવાઈ કરવાની સત્તા, નિયમો,આગાઉથી, પ્રસિધ્ધ કરવાની શરતને આધીન રહેશે .

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે એવા સંજોગો પ્રવર્તે છે કે જેથી તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી થયું છે, તો આ કલમ હેઠળ કરવાનો કોઈપણ નિયમ અગાઉથી પ્રસિદ્ધ કરવાનું તેને માટે જરૂરી રહેશે નહિ

(૫) આ કલમ હેઠળ કરેલા દરેક નિયમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈએ અને તે જે સત્રમાં એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં, રાજ્ય વિધાનમંડળ જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કંઈ ફેરફાર કરે તેને આધીન રહેશે.

(૬) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ રદ કરે અથવા તેમાં જે કંઈ ફેરફાર કરે, તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેવા દરે તે અમલમાં આવશે.

અનુસૂચિ

((જુઓ કલમ ૨૯ા ખંડ (૪)))

૧. ચિરૂટ

૨. સિગારેટ

૩. સિગાર

૪. પાઈપ અને સિગારેટ માટેના ધૂમ્રપાનનું મિશ્રણ

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 54 REGISTERED NO. G/GNK/1

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, AUGUST 5, 1995/SRAVANA 14, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧)(જીએચએન-૧૩) જીએસટી-૧૦૯૫/(એસ.૪૯)(૨૮૫)ઠ (૨)(જીએચએન-૧૪) જીએસટી-૧૦૯૫- (એસ-૧)(૧૩)ઠ, (૩) (જીએચએન-૧૫) એલસીટી-૧૦૯૫-(એસટી)(૧)-ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION FINANCE DEPARTMENT NO. (GHN-14)/GST/1092/(S-49)/(251)/TH, DATED THE 1st APRIL, 1992.

નાણાં વિભાગનું તારીખ ૧લી અપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચએન-૧૪)--જીએસટી/૧૦૯૨/(એસ-૪૯)/ઠ, સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક (જીએચએન-૧૩)/જીએસટી-૧૦૯૫/(એસ-૪૯)/(૨૮૫)/ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે,

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૪૯ની પેટા-કલમ (૨)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચએન-૧૪)/જીએસટી-૧૦૯૨/(એસ-૪૯)/(૨૫૧)/ઠ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૩૮ની નોંધ પછી, નીચેની નવી નોંધો ઉમેરવી :—

૧	૨	૩	૪
"૩૯.	રેઈન કોટસનાં વેચાણો.	સમગ્ર વેરો	—
૪૦.	એલ્યુમિનિયમનાં વાસણોનાં વેચાણો:	સમગ્ર વેરો	—
૪૧.	સિપ્રન્કલર સેટનાં વેચાણો:	સમગ્ર વેરો	—
૪૨.	કોટન હોઝ પાઈપના વેચાણો,	સમગ્ર વેરો	—
૪૩.	બાયોલોજીકલ કંટ્રોલની વસ્તુ જેવી કે પેરેસાઈટોઈડસ, પ્રિડેટર્સ, પેથોજોન્સ અને ફેરોમોન્સના વેચાણો.	સમગ્ર વેરો:	—
૪૪	બાયોગેસ સ્ટવ, બાયોગેસ પ્રેસર રેગ્યુલેટર્સ અને બાયોગેસ વાલ્વના વેચાણો:	સમગ્ર વેરો	—
૪૫.	વુડન ગીઝરના વેચાણો	વેચાણવેરાની રકમ, રૂપિયા ચાર પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	—
૪૬.	ફળ અથવા શાકભાજીમાંથી બનેલા જામ, પલ્પ , જેલી, કેચઅપ, સોસ અને અથાણા અને જાળવણી કરેલા ફળો અને જાળવણી કરેલ શાકભાજીના વેચાણો.	વેચાણવેરાની રકમ, રૂપિયા ચાર પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી:	—
૪૭.	ઓટોરીક્ષાના વેચાણો	વેચાણવેરાની રકમ, રૂપિયા બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી	—
૪૮.	ગૂંથેલા નાડા, કિનાર, લેસ અને ફીથનાં વેચાણો.	સમગ્ર વેરો	[illegible]
૪૯.	ફિલ્ટર એઈડ અને પર્લાઈટસના વેચાણો.	વેચાણવેરાની રકમ રૂપિયા છ પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	[illegible]

INDEX

૧	૨	૩	૪
૫૦.	પોટેશિયમ આયોડેટના વેચાણો.	વેચાણવેરાની રકમ, રૂપિયા બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	—
૫૧.	તાંબા, પિત્તળ અને કાંસાના હાથ પડતરના વાસણોના વેચાણો.	સમગ્ર વેરો	—
૫૨.	(૧) સ્ટેનલેસ સ્ટીલ, તાંબુ, પિત્તળ કાંસુ અથવા એલ્યુમિનિયમ ધાતુમાંથી બનાવેલા વાસણો સિવાયના વાસણોના વેચાણો.	વેચાણવેરાની રકમ, રૂપિયા બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	—
	(૨) સ્ટેનલેસ સ્ટીલની ચીજોના વેચાણો.	વેચાણવેરાની રકમ, રૂપિયા બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	—
૫૩.	જોડામાં બનાવેલા માલના વેચાણો.	સમગ્ર વેરો:	—
૫૪.	૨૦ કિલોગ્રામ કે તેથી વધારે કિલોગ્રામનાં વજનમાં વેચાતી છૂટક ચાના વેચાણો, પણ તે આવા વજનથી નાના પેકેટોમાં હોવું જોઈએ નહિ:	વેચાણવેરાની રકમ, રૂપિયે ચાર પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	—
૫૫.	ઈસબગુલ, મેથી (ફેનુગ્રુ સીડસ), અજમો (અાજવા), કાર્લીગડાના બી, જીરૂ (કયુમીન સીડસ) અને વરિયાળી (એની સીડસ)ના વેચાણો.	સમગ્ર ટર્ન ઓવર વેરો	—

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

Notification

Under

THE GUJARAT SALES TAX (AMENDMENT) ACT, 1995.

ગુજરાત વેચાણવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ હેઠળ જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૫.

ક્રમાંક (જીએચએન-૧૪)-જીએસટી-૧૦૯૫-(એસ.૧)(૧૩)-ઠ.—ગુજરાત વેચાણવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૫ના ગુજરાતના ૮મા)ની કલમ ૧ની પેટા કલમ-(૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ અમલમાં લાવવાની તારીખ તરીકે સન ૧૯૯૫નાં ઓગસ્ટ મહિનાની ૧લી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અમ. અન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

INDEX

NOTIFICATION

Under

THE GUJARAT TAX ON LUXURY COMMODITIES ACT, 1995.

ગુજરાત સુખ સુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ હેઠળ જાહેરનામું.

નાણાં વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫.

ક્રમાંક (જીએચએન-૧૫)-એલસીટી-૧૦૯૫-(એસ.૧)(૧)-ઠ.—ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૫ના ગુજરાતના ૧૪મા)ની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની બાકીની જોગવાઈઓ અમલમાં લાવવાની તારીખ તરીકે સન ૧૯૯૫ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 55 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, AUGUST 7, 1995/SRAVANA 16, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગસ્ટ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ તારીખ ૩જી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગનાં સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે-૧૯-૯૫-સીએફએ-૧૦૯૨-૧૨૦૫-આઈ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY COURT FEES (GUJARAT AMENDMENT) ACT, 1995.

મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓગસ્ટ, ૧૯૯૫.

મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫.

ક્રમાંક : જીકે-૧૯-૯૫-સીએફએ-૧૦૯૨-૧૨૦૫-આઈ.—મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ (સન ૧૯૯૫ના ગુજરાત ના અધિનિયમ ક્રમાંક ૧૨મા)ની કલમ-૧ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ અમલ માં લાવવાની તારીખ તરીકે સન ૧૯૯૫ના ઓગસ્ટ મહિનાની ૩જી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દોશી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 56 REGISTERED NO. G/GN/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, AUGUST 7, 1995 / SRAVANA 16, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART–IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૪મી જુલાઇ ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી જૂન ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન૧૯૯૫નો ૭૮મા/ટીપીએસ-૧૨૯૪-૧૫૩૫-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

N0tification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૮મી જૂન ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬,

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૫નો ૭૮/ટીપીએસ-૧૨૯૪-૧૫૩૫-એલ.- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી મે, ૧૯૮૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી-સન ૧૯૮૪ના ૬૨/ટીપીએસ-૧૨૮૨-૧૫૭૮-(૮૪)-એલ. હેઠળ, ગુજરાત સરકારે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) જેનો આમાં હવે પછી ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલ નગરરચના યોજના નંબર- ૧૪. વડોદરા (ગોત્રી, જેતલપુર, સૈયદ-વાસણા, અકોટા) નો મુસદ્દો (જેનો આમાં હવે પછી ''સદરહુ યોજનાના મુસદ્દા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદા માટે, નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન, ૧૯૯૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩ ના ૧૦૭મા/ટીપીએસ-૧૨૯૨-૨૨૨૯-એલ હેઠળ, ગુજરાત સરકારે,ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ નગરરરચના યોજના વડોદરા નંબર ૧૪ (ગોત્રી, જેતલપુર, સૈયદ-વાસણા, અકોટા)-પ્રારંભિક યોજના મંજૂર કરી છે;

અને, નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ ની પેટા કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના, વડોદરા નંબર-૧૪-આખરી યોજના (જેનો આમાં હવે પછી ''સદરહુ આખરી યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :-

(ક) સદરહુ આખરી યોજનાને મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, ''સદરહુ આખરી યોજના'' વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ દિવસોએ કામકાજના કલાકો દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન૧૯૯૫ ના જુલાઇ મહિનાની ૩૧મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 57 REGISTERED NO. G/GNK/2



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, AUGUST 7, 1995 / SRAVANA 16, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૪મી જુલાઇ ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જૂન ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૮૧/ટીપીએસ-૧૩૯૪-૮૨૮-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

N0tification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૯મી જૂન ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬,

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૮૧/ટીપીએસ-૧૩૯૪-૮૨૮-એલ.- પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૭૯ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચપી-૧૯૭૯ નો ૨૧૦/ટીપીએસ-૧૮૭૯-૪૮૦૮-ક્યુ હેઠળ, ગુજરાત સરકારે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલ નગરરચના યોજના રાજકોટ ક્રમાંક : ૬ નો મુસદ્દો (જેનો આમાં હવે પછી ''સદરહુ યોજનાના મુસદ્દા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને તેથી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦ નો ૩૮/ટીપીએસ-૧૩૮૯-૮૮૭-(૯૦)-એલ હેઠળ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના રાજકોટ ક્રમાંક : ૬ પ્રારંભિક મંજૂર કરી છે.

અને, નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ ની પેટા કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના, ક્રમાંક : ૬-આખરી યોજના (જેનો આમાં હવે પછી ''સદરહુ આખરી યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, ''સદરહુ આખરી યોજના'' મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, ''સદરહુ આખરી યોજના'' રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૩૧મી જુલાઇ, ૧૯૯૫ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. યોજના બુકના પાના નં. ૭૪ પર, ફેરવહેંચણી પત્રક અને આકારણી પત્રકમાં, અનુક્રમાંક ૭૪ના કોલમ નંબર ૨ પર, ''રાજકોટ કોર્પોરેશન'' એ શબ્દોને બદલે, ''યોગ્ય સત્તામંડળ-રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન'' એ શબ્દો મૂકવા.

૨. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, યોજના બુકમાં, પાના નંબર ૧૩ પર, વિનિયમ ક્રમાંક ૬,૨ ક(૮)માં કરેલી જોગવાઇ, ''પરંતુ જયાં જાહેર હેતુ માટે, સદરહુ નગરરચના યોજના હેઠળ, નગરરચના યોજના અમલમાં અને અનામત હોય ત્યારે સક્ષમ સત્તાધિકારી, વિનિયમ ક્રમાંક ૧૩.૧.૭ક અને ૧૩.૧.૭ખ અને કોમન પ્લોટની જોગવાઇઓને લગતા બીજા કોઇપણ વિનિયમમાંથી, નગરરચના યોજના હેઠળ જાહેર હેતુ માટે ઉપર જણાવેલી અનામત ધ્યાનમાં લઇને પૂર્ણતઃ અથવા અંશતઃ પ્લોટના માલિકને મુક્તિ આપી શકશે.'' એ મજકૂર કમી કરવો.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 58 REGISTERED NO. G/GNR/2





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, AUGUST 28, 1995/BHADRA 6, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક આને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૫.

તારીખ ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪ (અસાધારણ)માં, અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૫.

GUJARAT ORDINANCE NO. 2 OF 1995

AN ORDINANCE

FURTHER TO AMEND THE BOMBAY COURT-FEES (GUJARAT AMENDMENT) ACT, 1995.

સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૨.

મુંબઈ કોર્ટ-ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી ;

સન ૧૯૯૫નો ગુજરાતનો ૧૨ મો.

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે, મુંબઈ કોર્ટ-ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧) થી પોતાને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિધ્ધ કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.—(૧) આ વટહુકમ, મુંબઈ કોર્ટ-ફી (ગુજરાત સુધારા) સુધારતો વટહુકમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) તે, તરત જ અમલમાં આવશે.

સન ૧૯૯૫નો ગુજરાતનો ૧૨ મો.

૨. સન ૧૯૯૫નો ગુજરાતનો ૧૨મો અધિનિયમ, હંગામી રીતે સુધારવા બાબત.—આ વટહુકમના અમલની મુદત દરમિયાન મુંબઈ કોર્ટ-ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ (જેનો આમાં હવે પછી, "સુધારા અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમ ૪માં નિર્દિષ્ટ કરેલ સુધારાને અધીન રહીને અમલમાં આવશે.

સન ૧૯૫૯નો મુંબઈનો ૩૬ મો.

૩. સન ૧૯૯૫નાં ઓગષ્ટ મહિનાની ૩૧ તારીખનું જાહેરનામું રદ કરવા બાબત.—સુધારા અધિનિયમની કલમ ૧ની પેટા-કલમ (૨) હેઠળ કાઢેલ, કાયદા વિભાગનું તારીખ ૩૧ ઓગષ્ટ, ૧૯૯૫નું સરકારી જાહેરનામું ક્રમાંક જીકે-૧૯/૯૫/સીએફએ/૧૦૦૨/૧૨૦૫/ઈ, રદ ગણાશે અને તે હંમેશાં રદ થયેલું છે એમ ગણાશે અને એવી રીતે રદ થયેલ સુધારા અધિનિયમથી, મુંબઈ કોર્ટ-ફી અધિનિયમ, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં સ્પષ્ટ રીતે દાખલ કરેલ અને મૂકેલ મજકૂરો અમલમાં રહેશે નહિ અને એવી રીતે દાખલ કર્યા અથવા મૂક્યાની તરત પહેલાં, અસ્તિત્વમાં હોય તેવી, મુખ્ય અધિનિયમની જોગવાઈઓ, ફરીથી અમલમાં આવેલી ગણાશે અને આવા સુધારાની તરત પહેલાં, કાયદાનું જેવું બળ હતું અને કાયદાની જેવી અસર હતી તેવું જ બળ અને તેવી જ અસર રહેશે.

૪. સન ૧૯૯૫નાં ગુજરાતના ૧૨મા અધિનિયમની કલમ ૧નો સુધારો.—સુધારા અધિનિયમમાં, કલમ ૧માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :—

"(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.".

INDEX

નિવેદન.

સામાન્ય લોકોના હિતમાં અને તાકીદની જરૂરીયાતને લક્ષમાં લઈને, મુંબઈ કોર્ટ-ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫નો અમલ તાત્કાલિક અસરથી મોકૂફ રાખવાનું જરૂરી જણાયું છે. તે હેતુ માટે, સદરહુ સુધારા અધિનિયમ સુધારવાનું જરૂરી છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા, મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ સુધારવા માટે, આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કેમ્પ, દિલ્હી.
તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૫.

નરેશચંદ્ર,
ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. જે. ધોળકીયા,
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 59

REGISTERED NO. G/GNR/1





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, SEPTEMBER 4, 1995/BHADRA 13, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૧૭)-જીએસટી-૧૦૯૫-એસ-૫૫-(બી)-(૨)-૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT SALES TAX ACT, 1669.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ હેઠળ જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૧૭)-જીએસટી-૧૦૯૫-એસ-૫૫-(બી)-(૨)-ઠ.—ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ ૫૫-ખથી મળેલી સત્તાની રૂએ અને નાણાં વિભાગનું તારીખ ૨૭ એપ્રિલ, ૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક :- (જીએચએન-૯)-જીએસટી-૧૦૯૩-એસ-૫૫-(બી)-(૧)-ઠ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલ અનુસૂચિના કોલમ (૨)માં જણાવેલ વેપારીએ, શમિયાણા, ઈલેકટ્રીક પંખા, ઈલેકટ્રીક માલસામાન, ફર્નિચર અથવા વાસણોને ભાડે આપવાના નિર્દિષ્ટ વેચાણોનાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં જણાવેલ પતાવટના દર નક્કી કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	વેપારી કે જેનું શમિયાણા, ઈલેકટ્રીક પંખા, ઈલેકટ્રીક માલસામાન, ફર્નિચર અથવા વાસણોનાં નિર્દિષ્ટ વેચાણોનું એકંદર ટર્નઓવર.	પતાવટના દર
૧.	કોઈ વર્ષમાં એક લાખ રૂપિયા કરતાં વધતું ન હોય ત્યારે	વર્ષ દીઠ રૂા. ૩,૦૦૦/-
૨.	કોઈ વર્ષમાં એક લાખ રૂપિયા કરતાં વધતું હોય ત્યારે.	વર્ષદીઠ રૂા. ૩,૦૦૦/- વત્તા વર્ષ દીઠ એક લાખ રૂપિયા કરતાં વધુ હોય ત્યારે, દરેક એક લાખ રૂપિયા અથવા તેના ભાગ દીઠ રૂા. ૩,૦૦૦/-.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રસ, ગાંધીનગર

INDEX

Extra No. 60 REGISTERED NO. G/GNR/1



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY SEPTEMBER 4, 1995/BHADRA 13, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૭ સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૧૮)-એમ એસએ-૧૦૯૫(એસ-૩૫)-(૪૨)ક્ક નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. [illegible],
સરકારના નાયબ [illegible].

INDEX

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION FINANCE DEPARTMENT NO, (GHN-65) MSA-1081 (S-35)-TH, DATED THE 7TH OCTOBER, 1981.

નાણાં વિભાગનું તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૮૧નું સરકારી જાહેરનામું
ક્રમાંક : (જીએચએન-૬૫)-એમએસએ-૧૦૮૧-(એસ-૩૫)-ઠ, સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૨મી ઓગષ્ટ, ૧૯૯૫.

મુબઈ મોટર સ્પિરિટ વેચાણ વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : (જીએચએન-૧૮)-એમએસએ-૧૦૯૫-(એસ-૩૫)-(૪૨)-ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, મુંબઈ મોટર સ્પિરિટ, વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૬મા)ની કલમ-૩૫ની પેટા-કલમ (૧)ના **ખંડ (ઘ)**થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૭મી ઓક્ટોબર, ૧૯૮૧નું સરકારી જાહેરનામું **ક્રમાંક** : (જીએચએન-૬૫)-એમએસએ-૧૦૮૧-(એસ-૩૫)-ઠ નીચે પ્રમાણે સુધારે છે.

૨. મદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૨ની નોંધમાં, કોલમ ૨માં, બાબત (૭) પછી, નીચેની બાબતો ઉમેરવી :—

"(૮) શ્રી જાફરાબાદ મત્સ્યોદ્યોગ ફીશ-પરચેઝ સેલ સેવા સહકારી મંડળી લી.

(૯) શ્રી દાદા ખેતરપાલ મત્સ્યોદ્યોગ સહકારી મંડળી લી.

(૧૦) મુન્દ્રા જૂથ મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રસ, ગાંધીનગર

INDEX

Extra No. 61 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] FRIDAY, SEPTEMBER 8, 1995/BHADRA 17, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ—૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

GUJARAT ORDINANCE NO. 3 OF 1995.

AN ORDINANCE

FURTHER TO AMEND THE GUJARAT MARITIME BOARD ACT, 1981.

સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક: ૩ .

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી ;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે, ગુજરાત મેરિટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો.

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ ના ખંડ (૧) થી પોતાને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.—(૧) આ વટહુકમ, ગુજરાત મેરિટાઇમ બોર્ડ (સુધારા) વટહુકમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો અધિનિયમ, હંગામી રીતે સુધારવા બાબત.—આ વટહુકમના અમલની મુદત દરમિયાન ગુજરાત મેરિટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમો ૩ થી ૧૯માં નિર્દિષ્ટ કરેલ સુધારાને આધીન રહીને, અમલમાં રહેશે. સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો.

૩. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૩નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં કલમ ૩ માં, પેટા-કલમ (૪) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(૪) બોર્ડ, રાજ્ય સરકાર, નીમે તેવા પાંચ કરતાં ઓછા નહિ અને બાર કરતાં વધુ નહિ તેટલા નીચે પ્રમાણેના સભ્યોનું બનશે :—

(ક) રાજ્ય સરકારના અધિકારીઓમાંથી તેમના હોદ્દાની રૂએ, નીમેલા ત્રણ સભ્યો, જેમાંથી —

(૧) એક સભ્ય, રાજ્યના નાના બંદરોના વહીવટનો હવાલો ધરાવતા ખાતાનો પ્રતિનિધિ હોવો જોઈશે,

(૨) એક સભ્ય, મત્સ્યોદ્યોગ કમિશનર હોવા જોઈશે, અને

(૩) એક સભ્ય, નાણાં વિભાગનો પ્રતિનિધિ હોવો જોઈશે;

(ખ) બીજા સભ્યો, રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ વહાણવટા, નૌસંચાલન, બંદરો, સફરી વહાણો, મત્સ્યોદ્યોગ, વ્યાપાર, વાણિજ્ય, નાણાં-વ્યવસ્થા, ઉદ્યોગ, નાના બંદરના કામદારોના એક અથવા વધુ હિતોમાં અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં જેની રજૂઆત કરી શકે તેવા બીજા હિતોમાં નિષ્ણાત અથવા અનુભવ ધરાવતી હોય તેવી અથવા તેમનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી વ્યકિતઓમાંથી નીમેલા હોવા જોઈશે.".

૪. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮નો સુધારો.— મુખ્ય અધિનિયમમાં, કલમ ૮ માં, પેટા-કલમ (૧) માં, "પેટા-કલમ(૫)" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "પેટા-કલમ (૬)" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

૫. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૪) માં, "અને કોરમ બનતા સભ્યો" એ શબ્દોથી શરૂ થતો અને " કોઈ કામકાજ કરી શકાશે નહિ" એ શબ્દોથી પૂરો થતો ભાગ કમી કરવો.

INDEX

૬. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૫ ને બદલે નવી કલમ મૂકવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫ને બદલે, નીચેની કલમ મૂકવી :—

સત્તા સોંપણી.

"૧૫. બોર્ડ, રાજ્ય સરકારની મંજૂરી લઈને, એવો આદેશ કરી શકશે કે આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને મળેલી અથવા તેના પર નાંખેલી, આવા આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સત્તા અને ફરજો, આવા આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, મુખ્ય કારોબારી અધિકારી પણ વાપરી શકશે અથવા બજાવી શકશે:

પરંતુ મુખ્ય કારોબારી અધિકારી, બોર્ડની દેખરેખ અને નિયંત્રણને અધીન રહીને, આ આદેશમાં નિર્દિષ્ટ કરેલ સત્તાઓ વાપરશે અને ફરજો બજાવશે.".

૭. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦ મા અધિનિયમની કલમ ૧૭ને બદલે નવી કલમ મૂકવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ને બદલે, નીચેની નવી કલમ મૂકવી :—

બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી અને બીજા અધિકારીઓ અને કર્મચારીઓ.

"૧૭. (૧) (ક) રાજ્ય સરકાર, પોતે યોગ્ય ગણે તેવી વ્યકિતને બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમશે.

(ખ) મુખ્ય કારોબારી અધિકારીની સેવાની બોલીઓ અને શરતો, નિયમોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) (ક) બોર્ડ, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, પોતે યોગ્ય ગણે તેવી વ્યકિતને નાણાકીય નિયંત્રક-સહ-મુખ્ય હિસાબ અધિકારી તરીકે નીમશે. રાજ્ય સરકાર, પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ આવી નિમણૂક મંજૂર કરી શકશે.

(૩) બોર્ડ, પોતાના કાર્યોની કાર્યક્ષમ બજવણી માટે પોતે જરૂરી ગણે તેવી બીજી જગાઓ ઊભી કરી શકશે અને તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓ નીમી શકશે અને તેમની નિમણૂક અને સેવાની શરતો અને તેમને ચૂકવવાનું મહેનતાણું, વિનિયમોથી નક્કી કરી શકશે:

પરંતુ, ભારત બંદર અધિનિયમ, ૧૯૦૮ હેઠળ, રાજ્ય સરકારે તે બંદર ઉપર વહાણોનું સુકાન સંભાળવા તે સમયે અધિકૃત કરી ન હોય તેવી કોઈ વ્યકિતને, કોઈપણ બંદરે સુકાની તરીકે નીમી શકાશે નહિ. **સન ૧૯૦૮નો ૧૫મો.**

(૪) બોર્ડ, આ અધિનિયમના હેતુ માટે પોતે જાળવવી જરૂરી, પૂરતી અને યોગ્ય ગણે તેવી, બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓની સૂચિ વખતોવખત તૈયાર અને મંજૂર કરવી જોઈશે અને આવી સૂચિમાં, અધિકારીઓ અને કર્મચારીઓના હોદ્દા અને શ્રેણીઓ અને તેમને ચૂકવવા ધાર્યું હોય તેવા વેતન, ફી અને ભથ્થાં દર્શાવવા જોઈશે.".

૮. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૮ રદ કરવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮ રદ કરવી.

૯. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૯ને બદલે નવી કલમ મૂકવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯ ને બદલે, નીચેની નવી કલમ મૂકવી :—

બોર્ડ દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓ પર શિસ્તને લગતું નિયંત્રણ.

"૧૯. (૧) બોર્ડ અથવા વિનિયમોથી ઠરાવવામાં આવે તેવું સત્તામંડળ બોર્ડના કોઈપણ અધિકારીની અને કર્મચારીની ગેરવર્તણૂકના કારણ સિવાયના કારણે આવા કોઈપણ કર્મચારીની સેવા વિના ચલાવી લેવાની સત્તા સહિતની આવા કર્મચારીની સેવાની મુદત લંબાવવાની, તેને રજા આપવાની, ફરજમોકૂફ કરવાની, પાયરી ઉતારવાની, તેને દૂર અથવા બરતરફ કરવાની સત્તા અથવા આવા કર્મચારીઓની સેવાને લગતા બીજા કોઈપણ પ્રશ્નનો નિકાલ કરવાની સત્તા વિનિયમોને અધીન રહીને વાપરશે.

(૨) પોતાની પાયરી ઉતારવાના, પોતાને દૂર અથવા બરતરફ કરવાના કોઈ હુકમથી નારાજ થયેલો બોર્ડનો કોઈપણ અધિકારી અથવા કર્મચારી, વિનિયમોથી જોગવાઈ કરવામાં આવે તેવા સમયમાં અને તેવી રીતે,—

(ક) આવો હુકમ અધ્યક્ષે કર્યો હોય ત્યારે, રાજ્ય સરકારને;

(ખ) આવો હુકમ, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા કોઈપણ સત્તાધિકારીએ કર્યો હોય ત્યારે, અધ્યક્ષને,

અપીલ કરશે.

INDEX

૧૦. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૨૪નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં :—

(૧) ખંડ (ક) માં "અધ્યક્ષ" એ શબ્દને બદલે "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

(૨) ખંડ (ખ)ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

(ખ) (૧) વોટરફ્રન્ટ ડક્કો, જળમાર્ગ અને સંબંધિત આધાર માળખાગત સવલતો પટે આપવા માટેનો કોઈ કરાર, પાંચ વર્ષથી વધુ મુદત માટે કરી શકાશે નહિ, સિવાય કે રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતો પર તેણે તેને પૂર્વ મંજૂરી આપી હોય,

(૨) આ ખંડના ખંડ (૧) ને આધીન રહીને, સ્થાવર મિલકતના સંપાદન અથવા વેચાણ માટેનો અથવા આવી કોઈપણ મિલકત પટે આપવા માટેનો કોઈ કરાર, ત્રીસ વર્ષથી વધુ મુદત માટે કરી શકાશે નહિ, સિવાય કે રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ તેણે તેને પૂર્વ મંજૂરી આપી હોય.".

૧૧. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૭૪નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૪માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક)માં, ૧૯૭૦ ને આંકડા પછી, "અથવા રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત અને વ્યવસ્થા કરવામાં આવતી હોય તેવા કોઈપણ કોર્પોરેશન અથવા નાણાકીય સંસ્થામાં" એ શબ્દો દાખલ કરવા.

૧૨. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૦નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૦માં, "અધ્યક્ષ" એ શબ્દ જે બે જગ્યાએ આવે છે ત્યાં તેને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૩. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૨નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૨માં, પેટા-કલમ (૨)માં, જ્યાં જ્યાં "અધ્યક્ષ" એ શબ્દ જે ત્રણ જગાએ આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૪. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૭નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૭માં, પેટા-કલમ (૨)માં, "અધ્યક્ષ" એ શબ્દને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૫. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૯૨નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૨ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી:—

"(૨) રાજ્ય સરકાર, બંદરોના વહીવટનો વાર્ષિક રિપોર્ટ સરકારને મળે તે પછી, બનતી ત્વરાએ ત્રીસ દિવસ કરતાં ઓછા ન હોય તેટલા દિવસ માટે આવો દરેક રિપોર્ટ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવડાવશે. ".

૧૬. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦૭ નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૭માં "સભ્ય" એ શબ્દને બદલે "સભ્ય અથવા અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૭. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦૮નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૮માં, "સભ્ય" એ શબ્દને બદલે, "સભ્ય અથવા અધિકાર" એ શબ્દો મૂકવા.

૧૮. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦૯નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૯માં,—

(૧) પેટા-કલમ (૨) માં ખંડ (ક) પછી નીચેનો ખંડ દાખલ કરવો:—

"(કક) કલમ ૧૭ની પેટા-કલમ (૧) હેઠળ મુખ્ય કારોબારી અધિકારીને સિવાય બોલાઓ અને શરતો."

(૨) પેટા-કલમ (૩) માં, નીચેનો પરંતુક ઉમેરવો:—

"પરંતુ રાજ્ય સરકારને ખાતરી થાય કે તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે તો, તે આ કલમ હેઠળ કરેલ કોઈપણ નિયમની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લઈ શકશે."

૧૯. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૧૦નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૦માં, પેટા-કલમ (૨), (૩) અને (૬)માં, "કર્મચારીઓ" એ શબ્દને બદલે, "અધિકારીઓ અને કર્મચારીઓ" એ શબ્દો મૂકવા.

INDEX

નિવેદન

ગુજરાત મેરિટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ની કલમ ૩ની પેટા-કલમ (૪)ની વિદ્યમાન જોગવાઈઓમાં કેટલીકવાર સદરહુ પેટા-કલમ (૪)ના ખંડો (ખ) થી (ઝ)માં નિર્દિષ્ટ કરી હોય તેવી વ્યકિતઓમાંથી બોર્ડમાં સભ્યો નીમવા બાબતમાં સ્થિતિસ્થાપકતા માટે કોઈ અવકાશ રહ્યો હોવાનું જણાતું નથી. તેથી બોર્ડ, રાજ્ય સરકાર નીમવા યોગ્ય ગણે તેવા પાંચ કરતાં ઓછા નહિ અને બાર કરતાં વધુ નહિ એટલા સભ્યોનું બનશે તેવી જોગવાઈ કરવા અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ વહાણવટા, નૌસંચાલન, બંદરો, સફરી વહાણો, મત્સ્યોદ્યોગ, વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગ, નાના બંદરના કામદારોના એક અથવા વધુ હિતોનું અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં રજૂ કરવા જોઈએ તેવા અન્ય હિતોમાં નિષ્ણાત અથવા અનુભવ ધરાવતી હોય અથવા તેનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી વ્યકિતઓમાંથી હોદ્દાની રૂએ હોય તે સિવાયના સભ્યોને નીમવા માટે રાજ્ય સરકારને સત્તા આપવા સદરહુ પેટા-કલમ (૪) સુધારવાનું જરૂરી જણાયું છે. સદરહુ પેટા-કલમ (૪)ના ખંડ (ક)થી બે સભ્યો નીમવા માટે જોગવાઈ કરી છે જેમાંનો એક નાના બંદરોના વહીવટનો હવાલો ધરાવતા રાજ્ય સરકારના ખાતાનો પ્રતિનિધિ હોવો જોઈશે, અને બીજો સભ્ય, નાણાં વિભાગનો પ્રતિનિધિ હોવો જોઈશે. બોર્ડના સભ્ય તરીકે મત્સ્યોદ્યોગના કમિશનર હોવાનું પણ જરૂરી ગણ્યું છે. તદ્નુસાર જોગવાઈ કરવા માટે સદરહુ કલમ ૩ની પેટા-કલમ (૪)નો ખંડ (ક) સુધારવા ધાર્યું છે.

કલમ ૧૦ની પેટા-કલમ (૪)ની વિદ્યમાન જોગવાઈઓ મુજબ, સમગ્ર બેઠક દરમિયાન જરૂરી કોરમના અભાવે બેઠકનું કામકાજ ચલાવી શકાતું નથી. સમગ્ર બેઠકમાં કોરમ સિવાય કામકાજ ચલાવવા માટે આ જરૂરીયાત રદ કરવા ધાર્યું છે.

અધ્યક્ષ, બોર્ડનાં અસરકારક કામકાજ માટેની નીતિ ઘડવા માટે વધુ સમય ફાળવી શકે તે માટે તેને બોર્ડના વહીવટી કામના બોજમાંથી મુકત કરવાનું અને આનું કામ મુખ્ય કારોબારી અધિકારીને સોંપવાનું જરૂરી જણાયું છે. તેથી, બોર્ડની સત્તા મુખ્ય કારોબારી અધિકારીને આપવા ધાર્યું છે. તદ્નુસાર અધિનિયમની કલમો ૧૫, ૨૪, ૮૦, ૮૨ અને ૮૭માં "અધ્યક્ષ" એ શબ્દને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકીને સુધારા કર્યા છે.

વિદ્યમાન કલમ ૧૭ હેઠળ, બંદરોના સિવિલ કામો, કાર્યો અને વહીવટનો અનુભવ ધરાવતી વ્યકિત, બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમી શકાય છે. અનુભવ ઉપરથી એવું જણાયું છે કે એવા અનુભવવાળી યોગ્ય વ્યકિત, મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમવા માટે ઉપલબ્ધ થતી નથી. તેથી એવા અનુભવની જરૂરીયાત રદ કરવા ધાર્યું છે.

કલમ ૧૭ અને ૧૮ની વિદ્યમાન જોગવાઈઓ, બોર્ડે અથવા રાજ્ય સરકારે જગાઓ ઉભી કરવા અને તે જગા ઉપર વ્યકિતઓ નીમવા માટે જોગવાઈ કરે છે. મુખ્ય કારોબારી અધિકારી સિવાયની જગ્યાઓ ઊભી કરવાની અને નિમણૂકની તમામ સત્તાઓ બોર્ડને આપવા ધાર્યું છે. મુખ્ય નાણાકીય નિયંત્રકની નિમણૂકના કિસ્સામાં રાજ્ય સરકાર સાથે પૂર્વ વિચાર-વિનિમયની શરત નિયત કરાઈ છે.

વિદ્યમાન કલમ ૨૪માં એવી જોગવાઈ કરી છે કે કરારની મુદત ત્રીસ વર્ષ કરતાં વધુ હોય ત્યારે, બોર્ડ કરાર કરે તે પહેલા રાજ્ય સરકારની મંજૂરી મેળવવાનું જરૂરી છે. બોર્ડે કરવાના કરારોના સંબંધમાં બોર્ડ ઉપર યોગ્ય કાબુ અને નિયંત્રણ રાખવા માટે ડક્કા, વોટરફ્રન્ટ, જળમાર્ગો અને સંબંધિત આધાર—માળખાગત સવલતો પટે આપવા માટેના આવા કરારના કિસ્સામાં સદરહુ મર્યાદા પાંચ વર્ષ સુધી ઘટાડવા ધાર્યું છે.

બોર્ડ પાસે જમા હોય તેવા તમામ નાણાં, રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત અને વ્યવસ્થા કરવામાં આવતી હોય તેવા કોઈપણ કોર્પોરેશન અથવા નાણાકીય સંસ્થામાં જમા કરાવવા બોર્ડને સક્ષમ બનાવવા અધિનિયમની કલમ ૭૪ સુધારવા ધાર્યું છે.

બોર્ડના વહીવટને લગતો રિપોર્ટ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા માટે કલમ ૯૨માં કોઈ જોગવાઈ નથી. તેથી આ કલમમાં આવી જોગવાઈ કરવા ધાર્યું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા, સદરહુ અધિનિયમ સુધારવા માટે, આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

તારીખ : ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

નરેશચંદ્ર
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. દેસાઈ
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 62 REGISTERED NO. G/GN/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, SEPTEMBER 11, 1995 / BHADRA 20, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫ ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૪ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય; ગાંધીનગર, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

Gujarat Ordinance No. 4 of 1995.

AN ORDINANCE

Further to amend the Gujarat Legislative Assembly Members (Removal of Disqualifications) Act, 1960.

સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૪.

ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને, ગુજરાતના રાજ્યપાલને એવી ખાત્રી થઈ છે કે, ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧લો.

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧) થી તેમને મળેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેનો વટહુકમ કરીને, પ્રસિધ્ધ કરે છે :-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.- (૧) આ વટહુકમ 'ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧લો.

૨. સન ૧૯૯૫નો ગુજરાતનો ૧લો અધિનિયમ, હંગામી રીતે સુધારવા બાબત.- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમ૩માં નિર્દિષ્ટ કરેલ સુધારાને અધીન રહીને અમલમાં આવશે.

૩. સન ૧૯૬૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિનો સુધારો.- ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦માં, અનુસૂચિમાં, નોંધ ૩૦ પછી, નીચેની નોંધ ઉમેરવી :-

"૩૧. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અધ્યક્ષ અથવા ડિરેક્ટરનો હોદ્દો.".

INDEX

નિવેદન

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને કાર્યદક્ષતાથી ચલાવી શકે તેવા વેપાર,વાણિજ્ય, ઉદ્યોગ, નાણાં, વ્યવસ્થાપન અથવા જાહેર જીવનના ક્ષેત્રમાં અનુભવવાળા કુશળ વડાઓની જરૂર હોય છે. ખાસ કરીને આ એવી કંપનીને લાગુ પડે છે કે જે પ્રત્યક્ષ રીતે ગુજરાત રાજ્યની આર્થિક વૃધ્ધિ માટે મહત્વનું હોય તેવા સરદાર સરોવર પ્રોજેકટનું અમલીકરણ કરતી હોય. કેટલીકવાર, ગુજરાત વિધાનસભાના અમૂક સભ્યો તે હેતુ માટે યોગ્ય છે, પણ સંવિધાનની કલમ ૧૯૧ના ખંડ (૧)માંની ગેરલાયકાત અંગેની જોગવાઈને કારણે, ગુજરાત વિધાનસભાના સભ્ય એવી કંપનીના અધ્યક્ષ, અથવા ડિરેકટરનો હોદો સ્વીકારે, તો તેઓ સરકાર હેઠળ લાભદાયી હોદો ધરાવવાના કારણે ગેરલાયક ઠરશે કે કેમ તે સંબંધી શંકા ઉપસ્થિત થાય છે. તેથી, ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ની અનુસૂચિમાં નોંધ ૩૧ ઉમેરીને સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ અથવા ડિરેકટર તરીકે નિમણૂંક થયેથી, આવો સભ્ય જે ગેરલાયકાત વહોરત તે નિવારવાનું જરૂરી જણાયું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા, સદરહુ અનુસૂચિ સુધારવા માટે, આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર.
તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

નરેશચંદ્ર
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 63 REGISTERED NO. G/GNR/1

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] FRIDAY, SEPTEMBER 15, 1995/BHADRA 24, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએન-૨૧)સીએસટી—૧૦૯૫/એસ-૮(૫) (૯૯) -૬, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઇ.જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

CENTRAL SALES TAX ACT, 1956.

કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬ હેઠળ જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬.

ક્રમાંક : (જીએન.૨૧) સીએટી-૧૦૯૫/એસ.૮ (૫) (૯૯)-ઠ.— કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬ (૧૯૫૬ ના ૭૪મા)ની કલમ ૮ની પેટા-કલમ (૫) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તેવી ખાત્રી થઈ હોવાથી, આથી, એવો આદેશ કરે છે કે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ હેઠળ કોઈપણ શરત સિવાય, ચાર ટકાના દરે વેચાણવેરો અથવા સામાન્ય વેચાણવેરો લાગુ પડતો હોય તેવા માલના સંબંધમાં, ગુજરાત રાજ્યમાં પોતાના ધંધાનું સ્થળ ધરાવતા કોઈપણ વેપારીએ, આંતર-રાજ્ય વેપાર કે વાણિજ્યના ક્રમમાં, આવા ધંધાના સ્થળેથી તેણે કરેલ વેચાણોના સંબંધમાં, કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬ની કલમ—૮ની પેટા કલમ-(૨) હેઠળ ભરવાપાત્ર વેરાની ગણતરી, આવી રીતે વેચેલા માલની વેચાણ કિંમતના ચાર ટકાના દરે કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ-ગાંધીનગર.

INDEX

Extra No. 64

REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, SEPTEMBER 25, 1995/ASVINA 3, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૨૨)-જીએસઆર-૧૦૯૫-(૮૦)-ઠ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT SALES TAX RULES, 1970.

ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૨૨)-જીએસઆર-૧૦૯૫-(૮૦)-ઠ : ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા) ની કલમ ૮૬ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ તેની પૂર્વપ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે ;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૮૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત વેચાણવેરા (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ;—

(૧) નિયમ ૨૪માં,—

(૧) પેટા-નિયમો (૨), (૨ક), (૨ખ), (૩), (૩ક), (૩ખ), (૩ગ) અને (૪)ને બદલે, નીચેના પેટા-નિયમો મૂકવા :—

"(૨) કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડો (ક) અને (ખ)ના હેતુ માટેનું પ્રમાણપત્ર, નમૂના ૧૭ મુજબ હોવું જોઈશે;

(૨ક) કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (કક) ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૭-ક મુજબ હોવું જોઈશે ;

(૨-ખ) કલમ ૧૩ના ખંડ (ક) (૨) (ક) ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૭-ખ મુજબ હોવું જોઈશે.

(૩) કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના ખંડો (ક) અને (ખ) ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૮ મુજબ હોવું જોઈશે;

(૩ક) કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના ખંડ (કક) ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૮-ક મુજબ હોવું જોઈશે ;

(૩ખ) કલમ ૧૩ના ખંડ (ગ) ના પેટા-ખંડ (૧)ની બાબત (ખ)ની પેટા બાબત (૧)ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૮ખ મુજબ હોવું જોઈશે ;

(૩ગ) કલમ ૧૩ના ખંડ (ગ) (૨)ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૮-ગ મુજબ હોવું જોઈશે."

(૩ઘ) કલમ ૧૩ના ખંડ (ક) ના પેટા-ખંડ (૧) અથવા કલમ ૧૩ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ની બાબત (ખ) ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૭-ખખ મુજબ હોવું જોઈશે."

(૩ચ) કલમ ૧૩ના ખંડ (ગ) ના પેટા-ખંડ (૧)ની બાબત (ક) અથવા ખંડ (ગ)ના પેટા-ખંડ (૧)ની બાબત (ખ)ની પેટા-બાબત (૨)ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૮ખખ મુજબ હોવું જોઈશે."

(૪) કલમ ૧૩ના ખંડ (ખ)ના હેતુ માટેનું પ્રમાણપત્ર નમૂના ૧૯ મુજબ હોવું જોઈશે."

(૨) પેટા-નિયમ (૫) કમી કરવો.

INDEX

(૩) સદરહુ નિયમોમા, નિયમ ૩૩ક પછી, નીચેનો નિયમ દાખલ કરવો :—

"૩૩-ખ કલમ ૫૫-ખ હેઠળ પતાવટની ચૂકવણીની પરવાનગી માટે અરજી .— (૧) કમિશનર, કલમ ૫૫-ખમાં જણાવેલ નિર્દિષ્ટ વેચાણોના ટર્નઓવર ઉપર કલમ ૩-ક હેઠળ તેણે ભરવાપાત્ર રકમના બદલામાં પતાવટની રકમ ભરવા માટે, કલમ ૫૫-ખ હેઠળ વિકલ્પ આપેલ હોય તેવા કોઈપણ વેપારીની નમૂના ૩૫-ધ મુજબની અરજી મળ્યે, આવા વેપારીને પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ શરતોને અધીન રહીને, આવા નિર્દિષ્ટ વેચાણોના ટર્નઓવરના સંબંધમાં પતાવટ રૂપે ઉચ્ચક રકમ ભરવા માટે છૂટ આપી શકશે.

(૨) કમિશનરે, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, આ અધિનિયમની જોગવાઈઓ, નિયમો અને પોતે યોગ્ય ગણે તેવી શરતોને અધીન રહીને, નમૂના ૩૫-ચ મુજબ પરવાનગી આપવી જોઈશે ;

પરંતુ, આવી અરજી—

(૧) સન ૧૯૯૫—૯૬ના વર્ષના સંબંધમાં, સન ૧૯૯૫ના ઓક્ટોબર, મહિનાની ૧લી તારીખથી;

(૨) ૧૯૯૬—૯૭ના વર્ષની અને ત્યારપછીના કોઈપણ વર્ષની શરૂઆતથી, ૩૦ દિવસની અંદર કરવી જોઈશે.

(૩) પતાવટની રકમ નિયમ ૩૧ હેઠળ જે રીતે વેરો ભરવાનો હોય તે રીતે ભરવી જોઈશે.

(૪) પતાવટની રકમની ગણતરી, કલમ ૫૫-ખમાં જણાવેલ વેપારીના નિર્દિષ્ટ વેચાણોના એકંદર ટર્નઓવર ઉપર કરવી જોઈશે.

(૫) વેપારીએ કલમ ૪૦ની જોગવાઈ અનુસાર પત્રક ફાઈલ કરવું પડશે.

(૬) વેપારીએ, જે ત્રિમાસને લગતું પત્રક હોય તે ત્રિમાસના અંતથી, ચિસ્તાળીસ દિવસની અંદર, દરેક ત્રિમાસ માટે નમૂના ૩૫-છ મુજબનું પત્રક તે અમુક ત્રિમાસ માટે કરેલ ચુકવણીના સંબંધમાં, ચલનની નકલો સાથે રજૂ કરવું પડશે.

(૭) કમિશનર,—

(૧) વેપારી ઠરાવેલ સમય મર્યાદાની અંદર પતાવટના નાણાંની કુલ રકમ ન ભરે અથવા નમૂના ૩૫-છ મુજબ પત્રક પૂરું ન પાડે; અથવા

(૨) વેપારી, આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું અથવા તે હેઠળ કરેલા નિયમોનું ઉલ્લંઘન કરે તો,

પરવાનગી રદ કરી શકશે.

(૮) આ નિયમ હેઠળ એક વખત વિકલ્પ વાપરવામાં આવ્યે જે વર્ષ માટે વિકલ્પ આપેલ હોય તે વર્ષ માટે આખરી અને રદ ન થઈ શકે તેવો ગણાશે.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩૭માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(ગ) કલમ ૪૧-કક હેઠળની માની લીધેલ આકારણી સંબંધી માહિતી, નમૂના ૩૯-ખ મુજબની હોવી જોઈશે."

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૪૪ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :—

"૪૪-ક. લાઈસન્સ ધરાવતા વેપારીએ કલમ ૧૨ (૧) (કક) અથવા કલમ ૧૨ (૨) (કક) હેઠળ, માલ ખરીદી માટે અને આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન, વેચાણ માટે વેરાની છૂટ આપવા, તે મજરે આપવા અથવા તેનું રિફંડ આપવા બાબત. રજિસ્ટર થયેલ વેપારીએ (જેનો આમાં હવે પછી "કરદાતા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ભરવાપાત્ર વેરા આકારતી વખતે, કમિશનરે, નિયમ ૪૭ની સામાન્ય શરતો અને નીચે નિર્દિષ્ટ કરેલી વધુ શરતોને અધીન રહીને, આંતર રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન વેચેલ માલની ખરીદીઓનાં સંબંધમાં વેરાની છૂટ આપવી જોઈશે, તે મજરે આપવો જોઈશે અથવા યથા-પ્રસંગ, તેનું રિફંડ આપવું જોઈશે.

શરતો

(૧) કરદાતા, અધિનિયમની કલમ ૨ના ખંડ (૨૫)માં વ્યાખ્યા કર્યા પ્રમાણે રજિસ્ટર થયેલ વેપારી હોવો જોઈએ ;

(૨) માલ વેરાપાત્ર માલ હોવો જોઈએ

(૩) આવો માલ, તેની ખરીદીના બાર મહિનાની અંદર, આંતર રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન ફરદાતાએ ફેર વેચ્યો હોવો જોઈશે.

(૪) વેપારીએ ભરવાપાત્ર કેન્દ્રીય વેચાણવેરો, સરકારી તિજોરીમાં જમા કરાવેલ હોવો જોઈશે.

(૨) છૂટ આપવાની, મજરે લેવાની રકમ વગેરેની મર્યાદા, નીચેની રીત અનુસાર ગણતરી કરેલી રકમ જેટલી રહેશે :—

(૧) અધિનિયમની કલમ ૧૨ની પેટા–કલમ (૧) અથવા પેટા–કલમ (૨)ના ખંડ (કક) હેઠળ પ્રમાણપત્ર આપીને રજિસ્ટર થયેલ વેપારી પાસેથી કરેલી ખરીદીઓના સંબંધમાં,—

(ક) અધિનિયમ હેઠળ અલગ રીતે વસૂલ કરેલી વેચાણવેરાની અથવા સામાન્ય વેચાણવેરાની રકમ, અથવા

(ખ) વેચાણવેરાની અથવા સામાન્ય વેચાણવેરાની રકમ, અલગ રીતે વસૂલ કરવામાં આવી ન હોય, ત્યારે નીચેની ફોર્મ્યુલા અનુસાર ગણતરી કરેલી રકમ.

ફોર્મ્યુલા

$$\frac{૯ \text{ પી}}{૧૦} \quad \text{ગુણ્યા} \quad \frac{\text{આર}}{૧૦૦ + \text{આર}}$$

("પી" એટલે માલની ખરીદ કિંમત અને "આર" એટલે સંબંધિત માલની ખરીદીના સંબંધિત સમયે, અધિનિયમની કલમ ૧૨ હેઠળ વેચાણવેરા અથવા સામાન્ય વેચાણવેરાનો દર,).

પરંતુ કમિશનરને ખાતરી થાય તે રીતે કરદાતાએ સાબિત કરવું જોઈશે કે અધિનિયમ હેઠળ લેવાપાત્ર સંબંધિત વેરો ભરી દેવામાં આવ્યો છે અથવા તે જ માલના અગાઉના સોદા ઉપર ભરવાપાત્ર થયો છે અને જેની પાસેથી કરદાતાએ માલ ખરીદ્યો હોય તે વેપારીએ આપેલા નમૂના ૪૦-ક મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે અને બીજી બાબતો સાથે એમ દર્શાવવું જોઈશે કે તે જ માલના વેચાણોનો, તેના વેચાણના ટર્નઓવરમાં સમાવેશ થયો છે અથવા કરવામાં આવશે અને એવા ટર્નઓવર ઉપર અધિનિયમ હેઠળ તેણે ભરવાપાત્ર વેરા, હોય તો તેની રકમ નિયમ ૩૧માં જણાવેલા સમયની અંદર ભરવામાં આવી છે અથવા યથાપ્રસંગ ભરવામાં આવશે.

(૨) કલમ ૧૬ હેઠળ ભરેલા અથવા ભરવાપાત્ર ખરીદવેરાની રકમ ;

ઉપર ગમે તે જણાવ્યું હોય તે છતાં,—

(૧) કરદાતા, જાહેર કરેલ માલના આંતર–રાજ્ય વેચાણ ઉપર કલમ ૫૩ હેઠળ રિફંડ માટે હકદાર હોય ત્યારે, આ નિયમ હેઠળ કોઈ છૂટની રકમ, મજરે આપવાની રકમ અથવા યથાપ્રસંગ, રિફંડની રકમ આપવામાં આવશે નહિ ;

(૨) આંતર–રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન જે માલનું કરદાતાએ પુનઃ વેચાણ કર્યું હોય તેની ખરીદીના સંબંધમાં અને આવા પુનઃ વેચાણ વખતે કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ ૧૯૫૬ની કોઈપણ જોગવાઈઓ હેઠળ કોઈપણ રકમ બાદ કરવાનું ગ્રાહ્ય હોવાને કારણે કરદાતા તે અધિનિયમ હેઠળ કોઈ વેરો ખરેખર ભરવાપાત્ર ન હોય ત્યારે આ નિયમ હેઠળ યથા-પ્રસંગ છૂટની રકમ, મજરે આપવાની રકમ અથવા રિફંડની રકમ આપવામાં આવશે નહિ ;

(૩) દાવેદાર વેપારીને માલ વેચ્યો હોય તે વેચનારે, જે વેચાણો માટે મજરે આપવાની રકમ માટે દાવો કર્યો હોય તેવાં તેના વેચાણ ઉપરના વેરાની રકમ સરકારી તિજોરીમાં જમા કરાવી ન હોય ત્યારે, આ નિયમ હેઠળ કોઈ છૂટની રકમ, મજરે આપવાની રકમ અથવા યથાપ્રસંગ રિફંડની રકમ આપવામાં આવશે નહિ."

૬. સદરહુ નિયમોમાં,—

(૧) નમૂના ૧૩માં, કોલમો ૯ અને ૧૦ કમી કરવા ;

(૨) નમૂના ૧૪માં, શીર્ષકમાં, "કલમ ૧૨ની પેટા–કલમ (૨)થી અને કલમ ૧૩ની પેટા–કલમ (૧)ના ખંડ (ગ) થી" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "કલમ ૧૨ની પેટા કલમ (૨)થી અને કલમ ૧૩ના ખંડ (ગ) થી" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા ;

(૩) નમૂના ૧૭માં, —

(ક) શીર્ષકમાં, "કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડો (ક) અને (ખ)ના " એ શબ્દો કૌંસ અને આંકડા મૂકવા.

(ખ) "છ મહિના " એ શબ્દોને બદલે, " બાર મહિના" એ શબ્દો મૂકવા,

(૪) નમૂના ૧૭ક અને ૧૭ખ ને બદલે, નીચેના નમૂના મૂકવા:--

" નમૂનો : ૧૭ક

(જુઓ નિયમ ૨૪ (૨ક))

(ત્રણ નકલોમાં)

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૧૨ની પેટા-કલમ (૧)ના ખંડ (કક)ના હેતુ માટે માલ ખરીદનાર લાઈસન્સદાર વેપારીએ આપવાનું પ્રમાણપત્ર.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ હેઠળ તારીખ ————————નું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નં. ————અને તારીખ ————————લાઈસન્સ નં. ————જે લાઈસન્સ આમાં હવે પછી ઉલ્લેખેલ ખરીદીના સમયે અમલમાં હતું તે ધરાવનાર રજિસ્ટર થયેલ વેપારી હોઈ મેસર્સ.— — — — — — — — — — — — — — —(સરનામું)———————— ————————(પેઢી, કંપની, વગેરે)ના વતી હું/અમે- ———————————————— પ્રમાણિત કરું છું/ કરીએ છીએ કે, મેં/સદરહું ————————(પેઢી, કંપની, વગેરે)એ ખરીદેલો અને મેસર્સ ———————— ————————સરનામું — — — — — — — — — — — — — — — ———ના તારીખ ———————— ———ના બિલ/કેશમેમો/ભરતિયાં નં. ————માં નિર્દિષ્ટ કરેલો માલ, આંતર રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમ્યાન, હું/- સદરહું ————————(પેઢી, કંપની વગેરે) આ ખરીદીની તારીખથી બાર મહિનાની અંદર, ફરી વેચીશ/વેચશે.

સ્થળ : ————————
તારીખ : ————————

સહી
દરજ્જો ————————

નમૂનો : ૧૭--ખ

(જુઓ નિયમ ૨૪ (૨--ખ))

(ત્રણ નકલોમાં)

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૧૩ના ખંડ (ક) (૨) (ક) ના હેતુ માટે માલ ખરીદનાર લાઈસન્સદાર વેપારીએ આપવાનું પ્રમાણપત્ર.

આને નીચેની માહિતી મને પૂરી પાડવાનું તમને ફરમાવવામાં આવે છે.

————

————

આથી, તમને જાણ કરવામાં આવે છે કે આ નોટિસની જરૂરીયાતનું પાલન કરવામાં કસૂર, સદરહુ અધિનિયમની કલમ ૨૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો બને છે.

સિક્કો

સ્થળ———— સહી————

તારીખ———— હોદ્દો————

INDEX

નમૂનો--૧૩

(જુઓ નિયમ --૨૮)

ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ની કલમ ૧૬ અથવા ૧૭ હેઠળ વ્યકિતને પ્રતિકૂળ અસર થાય તેવો હુકમ કરવા ધાર્યું હોય ત્યારે તે વ્યકિતને નોટિસ.

પ્રતિ,

.....

.....

રજિસ્ટ્રેશન નંબર : .....

આથી, નીચે જણાવેલ મતલબનો હુકમ કરવા ધાર્યું છે, તેથી, તમને જાણ કરવામાં આવે છે કે આવા હુકમની સામે તમે કોઈ વાંધો રજૂ કરવા માંગતા હોય, તો તમારે નીચે સહી કરનારની કચેરીએ (સરનામું) .....

.....ખાતે (સમય) .....વાગે સન ૧૯..... ના .....ના..... દિવસે હાજર રહેવું.

કરવા ધારેલા હુકમનો મુદ્દો.

.....

.....

સિકકો

સ્થળ ..... સહી .....

તારીખ ..... હોદ્દો .....

નમૂનો—૧૪

(જુઓ નિયમ--૩૨)

ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ની કલમ ૨૪ હેઠળ ગુનાની માંડવાળ તરીકે રકમ નક્કી કરતો હુકમ.

મેસર્સ.....(સરનામા)ના વતી (નામ) શ્રી.....

_____જેઓ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર_____તારીખ_____

ધરાવે છે તેઓ ઉપર ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ની કલમ_____ના ખંડ_____ અને નિયમ_____હેઠળના ગુના/ગુનાઓનું તહોમત મુકવામાં આવ્યું છે અને_____ના મેસર્સ,_____વતી સદરહુ શ્રી_____એ એવી વિનંતી કરી છે કે સદરહુ અધિનિયમની કલમ ૨૪ હેઠળ સદરહુ ગુનાઓની માંડવાળ કરવી.

તેથી, હવે, હું, સદરહુ અધિનિયમની કલમ દ્વારા મને મળેલી/સોંપેલી સત્તાની રૂએ, સદરહુ ગુનાઓની માંડવાળ માટેની રૂ._____(શબ્દોમાં_____ફકત) ની રકમ_____ શ્રી/મેસર્સ_____પાસેથી સ્વીકારું છું.

(૧) સદરહુ રકમ_____ખાતેની સરકારી તિજોરી/પેટા તિજોરીમાં મોડામાં મોડી તારીખ_____ અને_____સુધીમાં ભરી દેવી.

(૨) સદરહુ શ્રી/મેસર્સ_____એ સુખસુવિધા ચીજવસ્તુ કર અધિકારી સમક્ષ —_____તારીખ પહેલાં, આવી નાણા ભર્યાની સાબિતી તરીકે ચલનની પાવતી રજુ કરવી અને_____સુધીમાં મને રિપોર્ટ કરવો.

સિકકો

સ્થળ_____ સહી :_____

તારીખ :_____ હોદ્દો_____

નમૂનો—૧૫.

(જુઓ નિયમ ૨૧)

રિફંડ ચુકવણી ઓર્ડર

ચોપડા નંબર : વાઉચર નંબર રિફંડ ૧	ચોપડા નંબર : વાઉચર નંબર રિફંડ ૨	ચોપડા નંબર : વાઉચર નંબર રિફંડ ૩
	ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ હેઠળ કરના રિફંડ માટેનો ઓર્ડર તે કાઢી આપ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર સરકારી તિજોરીમાંથી/સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની.....શાખામાં વટાવી શકાશે.	ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ હેઠળ કરનો રિફંડ માટેનો ઓર્ડર તે કાઢી આપ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર..... સરકારી તિજોરીમાં/સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની.....શાખામાં વટાવી શકાશે.
ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ હેઠળ રિફંડ માટેના ઓર્ડરની સ્થળપ્રત.	તિજોરી અધિકારી/મેનેજર, સ્ટેટ બેંક ઓફ ઓફ ઈન્ડીયા.....શાખા.	તિજોરી અધિકારી/મેનેજર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા.....શાખા.
નીચેનાને ચુકવવાનું રિફંડ.	(૧) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર..... વાળા..... નાં આકારણી રેકર્ડના સંબંધમાં પ્રમાણપત્ર આપવામાં આવે છે કે.....થી .....સુધીની મુદત માટે રૂા.....નું રિફંડ શ્રી/મેસર્સ.....નું લેણું થાય છે.	(૧) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર..... વાળા.....ના આકારણીના રેકર્ડના સંબંધમાં પ્રમાણપત્ર આપવામાં આવે છે કે.....થી .....સુધીની મુદત માટે રૂા.....નું રિફંડ શ્રી/મેસર્સ.....નું લેણું થાય છે.
રિફંડ આપવાનું ફરમાવતા ઓર્ડરની તારીખ	(૨) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જેના સંબંધમાં આ રિફંડ આપવામાં આવે છે તે કરની રકમ.....ખાતેની સરકારી તિજોરીમાં, અથવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની..... .....શાખામાં યોગ્ય રીતે જમા કરાવવામાં આવી છે.	(૨) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જેના સંબંધમાં આ રિફંડ આપવામાં આવે છે તે કરની રકમ.....ખાતેની સરકારી તિજોરીમાં, અથવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની..... .....શાખામાં યોગ્ય રીતે જમા કરાવવામાં આવી છે.
રિફંડની રકમ	(૩) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે હાલમાં પ્રસ્તુત રકમના સંદર્ભમાં કોઈ રિફંડના ઓર્ડર અગાઉ આપવામાં આવ્યો નથી અને રિફંડનો આ ઓર્ડર આકારણીની મૂળ ફાઈલમાં મારી સહીથી દાખલ કરવામાં આવ્યો છે.	(૩) પ્રમાણપત્ર આપવામાં આવે છે કે હાલમાં પ્રસ્તુત રકમના સંદર્ભમાં કોઈ રિફંડનો ઓર્ડર અગાઉ આપવામાં આવ્યો નથી અને રિફંડનો આ ઓર્ડર આકારણીની મૂળ ફાઈલમાં મારી સહીથી દાખલ કરવામાં આવ્યો છે.
જેના સંબંધમાં રિફંડ આપવામાં આવ્યું હોય તે રકમની વસૂલાત દર્શાવતો વસૂલાત રજિસ્ટર નંબર	(૪) .....ને રૂા..... (આંકડામાં) રૂા.....(શબ્દોમાં) ની રકમ ચુકવવી.	(૪) .....ને રૂા..... (આંકડામાં) રૂા..... (શબ્દોમાં) ની રકમ ચુકવવી.
(સહી) ..... હોદ્દો : ..... તારીખ	તારીખ..... સહી..... હોદ્દો :..... .....ની સરકારી તિજોરીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની..... શાખામાં ઓર્ડર વટાવવાની તારીખ. તારીખ..... સ્થળ..... નાણાં મળ્યા.	તારીખ..... ..... હોદ્દો..... .....સરકારી તિજોરીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની..... શાખામાં ઓર્ડર વટાવવાની તારીખ. તારીખ..... સ્થળ..... નાણાં મળ્યા.
વાઉચર મેળવનારની સહી .....સરકારી તિજોરીમાં/સ્ટેટ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની..... શાખામાં ઓર્ડર વટાવવાની તારીખ.	દાવો કરનારની સહી.	દાવો કરનારની સહી.

INDEX

નમૂનો—૧૬

(જુઓ નિયમ—૨૨)

રિફંડ મજરે આપવાનો ઓર્ડર

ચોપડા નંબર.....

વાઉચર નંબર.....

પ્રતિ,

.....

.....

૧. રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર.....વાળા.....(નામ) આકારણીના રેકર્ડના સંબંધમાં પ્રમાણપત્ર આપવામાં આવે છે કે તારીખ.....થી.....સુધીની મુદત માટે રિફંડ તરીકે રૂ.....(આંકડામાં) રૂ.....(શબ્દોમાં) શ્રી/મિસર્સ.....ના લેણાં થાય છે.

૨. પ્રમાણપત્ર આપવામાં આવે છે કે જેના સંબંધમાં આ રિફંડ આપવામાં આવે છે તે કર તિજોરીમાં જમા થયો છે.

૩. પ્રમાણપત્ર આપવામાં આવે છે કે મજકુર રકમને લગતી કોઈ રિફંડ ઓર્ડર અગાઉ આપવામાં આવ્યો નથી અને રિફંડનો આ ઓર્ડર આકારણીની મૂળ ફાઈલમાં મારી સહથી નોંધ્યો છે.

તારીખ..... થી .....સુધીની મુદત માટે અથવા ત્યાર પછીની કોઈ મુદત માટે સદરહુ રિફંડ લેનાર પાસેથી લેણી થતી કરની રકમ પેટે, આ રિફંડ મજરે આપવામાં આવશે. આ નાણાં મજરે આપવાનો ઈરાદો હોય તે મુદત માટે તેણે પૂરા પાડવાના પત્રક/આપવાનાં એકરાર સાથે રિફંડ લેનારે આ ઓર્ડર જોડવો જોઈશે.

સિક્કો

સ્થળ.....

તારીખ.....

સહી.....

હોદ્દો.....

નમૂનો—૧૭

(જુઓ નિયમ—૨૭)

(કોર્ટ ફી સ્ટેમ્પ માટે જગ્યા)

ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ની કલમ ૧૬ હેઠળ અપીલ (અથવા બીજી અપીલ).

(અહીં કોર્ટ ફી સ્ટેમ્પ જેટલી રકમનો ચોંટાડયો હોય તે જણાવવું)

પ્રતિ,

_____

_____

જે હુકમ વિરુદ્ધ અપીલ કરી હોય.....
તેની તારીખ.

હુકમ મળ્યાની તારીખ— — — — — — ——

આપેલા સમયની અંદર અપીલ/બીજી અપીલ— — — — — — — — — — — — — — — — — — — —
કરી ન હોય તો તેના કારણો.

INDEX

જે અધિકારીએ હુકમ કર્યો હોય તેનું નામ અને હોદ્દો— — — — — — — — — — — — — — — — — — —

૧. માંગણાંની નોટિસ હોય તો તે આ સાથે જોડેલી છે.

૨. જે હુકમ વિરુદ્ધ અપીલ કરી હોય તેની પ્રમાણિત નકલ આ સાથે જોડેલી છે.

૩. કરની અને/અથવા દંડની તકરારવાળી રકમ— — — — — — — — —

૪. કેસોની હકીકતોનું પત્રક— — — — — — — — — — — — — —(જરૂર હોય તો જુદો કાગળ જોડવો).

૫. અપીલ કરનારે જે હુકમ વિરુદ્ધ અપીલ કરી હોય તે હેઠળ આકારેલો કર અને/અથવા નાખેલો દંડ ભર્યો છે જેની વિગતો નીચે મુજબ છે :—

૬. — — — — — — — — — — — — — —એ કરેલા હુકમ વિરુદ્ધ અપીલ કરનારની પહેલી અપીલ————— એ ના મંજૂર કરી છે/કાઢી નાખી છે/અંશતઃ દાખલ કરી છે.

૭. અપીલ કરનારે કોઈ સત્તાધિકારી સમક્ષ કોઈપણ સમયે ઉપર્યુક્ત હુકમ વિરુદ્ધ અપીલ દાખલ કરી નથી.

૮. આ અપીલના હેતુ માટે જે કારણો ઉપર આધાર રાખતા હોય તે અહીં લખવા (જરૂર હોય તો જુદો કાગળ જોડવો:)

૯. તેથી, આ અપીલ કરનાર, અરજ કરે છે કે,— — — — — — — — — — — — — — — — ઉપર જણાવેલા અપીલ કરનાર— — — — — — — — — — — — — — —આથી, જાહેર કરે છે કે આમાં જે કાંઈ જણાવ્યું છે તેની ઉત્તમ જાણ અને માન્યતા પ્રમાણે ખરું છે.

સિક્કો સહી.....

આજ તારીખ.....માહે.....સન ૧૯.....

(અપીલ કરનારે અથવા આ અર્થે અપીલ કરનારે રીતસર લેખિત અધિકાર આપેલા એજન્ટે સહી કરવી.)

અપીલ કરનારનું પૂરેપૂરું સરનામું :————————————————————————————

નમૂનો—૧૮

(જુઓ નિયમ—૨૭)

(કોર્ટ ફી સ્ટેમ્પ માટેની જગ્યા)

ગુજરાત સુખસુવિધા ચીજવસ્તુ કર અધિનિયમ, ૧૯૯૫ની કલમ-૧૭ હેઠળ ફેરતપાસ માટેની અરજી.

(અહીં કોર્ટ ફી સ્ટેમ્પ જેટલી રકમનો ચોટાડયો હોય તે જણાવવું.)

પ્રતિ,

————————

————————————

જે હુકમની વિરુદ્ધ અરજી કરી હોય તેની તારીખ————————————

હુકમ મળ્યાની તારીખ————————————

આપેલ સમયની અંદર ફેરતપાસ માટે અરજી કરી ન હોય તો તેના કારણો————————————————————

જે અધિકારીએ હુકમ કર્યો હોય તેનું નામ અને હોદ્દો— — — — — — — — — — — — — — — — — —

INDEX

૧: માંગણાની નોટિસ, કોઈ હોય તો તે આ સાથે જોડેલી છે.

૨: જે હુકમ વિરુધ્ધ ફેરતપાસ માટેની અરજી કરી હોય તેની પ્રમાણિત નકલ આ સાથે જોડેલી છે.

૩. કરની અને/અથવા દંડના તકરારવાળી રકમ.

૪. અરજદારે જે હુકમ વિરુધ્ધ અરજી કરવામાં આવી હોય તે હેઠળ આકારેલો/ફરી આકારેલો કર અને/અથવા નાંખેલો કોઈ દંડ ભર્યો છે જેની વિગતો નીચે મુજબ છે:

૫. કેસની હકીકતોનું પત્રક :—————————

(જરૂર હોય તો, જુદો કાગળ જોડવો)

૬: મદદનીશ કમિશનરે કરેલા હુકમ વિરુધ્ધ અરજદારની અપીલ કમિશનરે નામંજૂર કરી છે/કાઢી નાંખી છે/તેમાં ફેરફાર કર્યો છે/અંશતઃ મંજૂર કરી છે અથવા સદરહુ હુકમમાં ફેરફાર કર્યો છે.

૭. અરજદારે કોઈ સત્તાધિકારી સમક્ષ કોઈપણ સમયે ઉપર્યુકત હુકમ વિરુધ્ધ ફેરતપાસ માટેની કોઈ અરજી કરી નથી.

૮. ફેરતપાસ માટેની આ અરજીના હેતુ માટે જે કારણો ઉપર આધાર રાખતા હોય તે અહી લખવા (જરૂર હોય તો, જુદો કાગળ જોડવો.)

૯. અરજદાર, તેથી અરજ કરે છે કે :—

ઉપર જણાવેલો અરજદાર—————————————————આથી જાહેર કરે છે કે આમાં જે કાંઈ જણાવ્યું છે તે તેની ઉત્તમ જાણ અને માન્યતા પ્રમાણે ખરું છે.

આજ તારીખ————————સહી————————માહે————————સન ૧૯————

(અરજદાર અથવા અરજદારોએ આ અર્થે રીતસર લેખિત અધિકાર આપેલ એજન્ટે સહી કરવી.)

અરજદારનું પૂરેપુરૂ સરનામું

———————————

———————————

———————————

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

———

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No 67 REGISTERED NO. G/GNR/4

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] WEDNESDAY, NOVEMBER 1, 1995/KARTIKA 10, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) (જીઓચઓન ૨૮)જીઓસટી-૧૦૯૫/(એસ-૪૯)/(૨૮૬) ઠ (૨) (જીઓચઓન-૨૯)જીઓસઆર-૧૦૯૫/(૮૧) ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-14) GST-1092/(S.49) (251)—TH, DATED THE 1ST APRIL, 1992.

નાણાં વિભાગનું તારીખ : ૧લી એપ્રિલ—૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જી એચ એન-૧૪) જી એસટી/૧૦૯૨/(એસ-૪૯)(૨૫૧)-ઠ, સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : જીએચએન (૨૮)/જીએસટી-૧૦૯૫/(એસ-૪૯)/(૨૮૬)-ઠ. —ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે,

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ ના ગુજરાતના ૧લા)ની કલમ-૪૯ ની પેટા-કલમ (૨) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ : ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૧૪)/જીએસટી-૧૦૯૨/(એસ-૪૯) (૨૫૧)/ઠ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૫૫ની નોંધ પછી નીચેની નોંધ ઉમેરવી. :—

(૧)	(૨)	(૩)	(૪)
૫૬ (૧)	જરીના દોરા બનાવવાના તાર બનાવવા માટે અથવા જરીના દોરા બનાવવામાં ઉપયોગ કરવા માટેની ૩૦ એસ.ડબલ્યુ.જી. તારના અથવા આવા તારમાંથી ખેંચેલ બીજા તારની ખરીદી.	કલમ ૧૫-ક હેઠળ સમગ્ર ખરીદ વેરો.	ખરીદનાર વેપારીએ, કોલમ (૨)માં જણાવેલ માલ ગુજરાત રાજ્યની અંદર વેચવા માટે જરી દોરા બનાવવા માટેના તાર બનાવવામાં અથવા જરી દોરા બનાવવામાં ઉપયોગ કર્યો હોય તો.
	(૨) ઉપરની બાબત (૧)માં ઉલ્લેખેલ તાર અથવા જરી દોરાના વેસ્ટ પ્રોડક્ટની ખરીદી.	કલમ ૧૫-ક હેઠળ સમગ્ર ખરીદવેરો	ખરીદનાર વેપારીએ, ગુજરાત રાજ્યની અંદર વેચવા માટે, કરપાત્ર માલ બનાવવામાં વેસ્ટ પ્રોડક્ટનો ઉપયોગ કર્યો હોય તો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

AMENDMENT TO THE GUJARAT SALES TAX RULES, 1970.

ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૪ મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૨૯)જીએસઆર-૧૦૯૫/(૯૧)-૬.—ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા તાત્કાલિક પગલાં લેવાનું અને તેની પૂર્વ-પ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે ;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા) ની કલમ ૮૬ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વેચાણ વેરા નિયમો, ૧૯૭૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :

૧. આ નિયમો 'ગુજરાત વેચાણ વેરા (દ્વિતિય સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. ગુજરાત વેચાણ વેરા નિયમો, ૧૯૭૦માં, નિયમ ૩માં, ખંડ (૨૯), કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 68 REGISTERED NO. G/GNR/1

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] WEDNESDAY, NOVEMBER 1, 1995/KARTIKA 10, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી ઓક્ટોબર, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) (જીએચએન-૩૦)/જીએસટી-૧૦૯૫/(એસ-૪૯) (૨૮૭)/૬-(૨)-(જીએચએન-૩૧)/ જીએસ-ટી-૧૦૯૫(૨૮૮)૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ

INDEX

Notification

Re

Amendment to the Government Notification, Finance Department, No. (GHN-14) GST/1092/(S. 49) (251) TH, dated the 1st April, 1992.

નાણાં વિભાગનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૧૪) જીએસટી/૧૦૯૨/(એસ-૩૯) (૨૫૧)ઠ, સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૬મી ઓક્ટોબર, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૩૦) જીએસટી-૧૦૯૫/(એસ-૪૯) (૨૮૭)ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે.

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ ૪૯ની પેટાકલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૧૪)જીએસટી-૧૦૯૨/(એસ-૪૯) (૨૫૧)ઠ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૫૬ની નોંધ પછી નીચેની નવી નોંધ ઉમેરવી :—

૧	૨	૩	૪
"૫૭	રજિસ્ટર થયેલ વેપારીઓ તાંબુ, પિત્તળ, કાંસુ અથવા એલ્યુમિનિયમનાં વાસણો બનાવનારને આવી ધાતુના ચક્કરો, પતરાં, હેન્ડલ્સ (કડા) શીલ્સ, (કાંઠલા)ના કરેલા વેચાણો.	વેચાણવેરાની રકમ રૂપિયે બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	બનાવનારે રજિસ્ટર થયેલ વેપારીને આ સાથે જોડેલ નમૂના-૩૫ મુજબ સાથોસાથ એવું જણાવતું પ્રમાણપત્ર પુરું પાડ્યું હોય કે ખરીદેલ માલ એલ્યુમિનિયમ તાંબુ, પિત્તળના વાસણો અથવા કાંસાના હાથ-બનાવટના વાસણો બનાવવામાં વાપરશે તો.

નમૂનો—૩૫

મેસર્સ————————નો હું————————સરનામું————————આથી પ્રમાણિત કરું છું કે, હું/સદરહુ————————ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ હેઠળ તારીખ————————નું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નં————————ધરાવતો ઉત્પાદક છું/છે. અને મે/સદરહુંએ રજીસ્ટર થયેલ વેપારી પાસેથી ખરીદેલ અને મેસર્સ ——(સરનામું)————————ના તારીખ————————ના બિલ/કેશમેમો નંબર/ભરતિયા નંબર————————માં નિર્દિષ્ટ કરેલ માલ ગુજરાત રાજ્યની અંદર વેચાણ માટે એલ્યુમિનિયમ, તાંબુ, પિત્તળના વાસણો અથવા કાંસાના હાથ-બનાવટનાં વાસણો બનાવવામાં હું/સદરહુ———— ————ઉપયોગ કરી/કરશે.

વધુમાં હું પ્રમાણિત કરું છું કે, સદરહુ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર સદરહુ "માલની ખરીદીની તારીખે અમલમાં હતું."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Re

Amendment to the Gevernment Notification, Finance Department, No. (GHN-627)-GST-1070/(S. 49) TH, dated the 29th April, 1970.

નાણાં વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૬૨૭) જીએસટી-૧૦૭૦/(એસ-૪૯)ઠ, સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૬મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.
ક્રમાંક : (જીએચએન-૩૧) /જીએસટી-૧૦૯૫/(એસ-૪૯)-(૨૮૮)-ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૪૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએનઃ ૬૨૭) જીએસટી-૧૦૭૦/(એસ-૪૯)/ઠ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૮૩ની નોંધમાં પેટા-નોંધો (૨) અને (૩)માં, કોલમો ૨ અને ૪માં, "ઔષધ (કિંમત નિયંત્રણ) હુકમ ૧૯૮૭" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "ઔષધ (કિંમત નિયંત્રણ) હુકમ ૧૯૯૫" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 69 REGISTERED NO. G/GNR/1

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, NOVEMBER 16, 1995/KARTIKA 25, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૫.

તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત રાજ્યપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૫.

GUJARAT ORDINANCE NO. 5 OF 1995

AN ORDINANCE

FURTHER TO AMEND THE BOMBAY COURT-FEES (GUJARAT AMENDMENT) ACT, 1995.

સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ કમાંક ૫.

મુંબઈ કોર્ટ--ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ વધુ સુધારવા બાબત વટહુકમ.

સન ૧૯૯૫નો ગુજરાતનો વટહુકમ ૨જો.

ગુજરાતના રાજ્યપાલે સન ૧૯૯૫ના ઓગષ્ટ મહિનાની ૨૮મી તારીખે મુંબઈ કોર્ટ–ફી (ગુજરાત સુધારા) સુધારતો વટહુકમ, ૧૯૯૫ પ્રસિધ્ધ કર્યો છે ;

અને ગુજરાત વિધાનસભાનું સત્ર સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૭મી તારીખે બોલાવવામાં આવ્યું હતું અને એ જ દિવસે સમાપ્ત કરવામાં આવ્યું હતું;

અને તે સત્રમાં, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકી શકાયો ન હતો;

અને સદરહુ વટહુકમ, સન ૧૯૯૫ના નવેમ્બર મહિનાની સત્તરમી તારીખે, ગુજરાત વિધાનસભા ફરી મળ્યાની તારીખથી છ અઠવાડિયાની મુદત પૂરી થતી હોઈ તે તારીખ પછી અમલમાં રહેશે નહીં;

અને સદરહુ વટહુકમની જોગવાઈઓનો અમલ કાયદા દ્વારા ચાલુ રાખવાનું ઈષ્ટ છે ;

અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી ;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે, સદરહુ વટહુકમની જોગવાઈઓનો અમલ ચાલુ રાખવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે ;

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧) થી પોતાને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને, પ્રસિધ્ધ કરે છે :–

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ— (૧) આ વટહુકમ, મુંબઈ કોર્ટ--ફી (ગુજરાત સુધારા) સુધારતો (દ્વિતીય) વટહુકમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) તે, સન ૧૯૯૫ના ઓગસ્ટ મહિનાની ૨૮મી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

સન ૧૯૯૫નો ગુજરાતનો ૧૨મો.

૨. સન ૧૯૯૫નો ગુજરાતનો ૧૨મો અધિનિયમ, હંગામી રીતે સુધારવા બાબત.— આ વટહુકમના અમલની મુદત દરમિયાન મુંબઈ કોર્ટ–ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ (જેનો આમાં હવે પછી, "સુધારા અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમ ૪માં નિર્દિષ્ટ કરેલ સુધારાને અધીન રહીને અમલમાં આવશે.

સન ૧૯૫૯નો મુંબઈનો ૩૬મો.

૩. સન ૧૯૯૫ના ઓગષ્ટ મહિનાની ૩જી તારીખનું જાહેરનામું રદ કરવા અને મુખ્ય અધિનિયમની જોગવાઈઓ ફરી અમલમાં લાવવા બાબત.—સુધારા અધિનિયમની કલમ ૧ની પેટા--કલમ (૨) હેઠળ કાઢેલ, કાયદા વિભાગનું તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૯૫નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીકે-૧૯/૯૫/સીએફએ/૧૦૦૨/૧૨૦૫/આઈ, રદ ગણાશે અને તે હંમેશાં રદ થયેલું છે એમ ગણાશે અને એવી રીતે રદ થયેલ સુધારા અધિનિયમથી, મુંબઈ કોર્ટ--ફી અધિનિયમ, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં સ્પષ્ટ રીતે દાખલ કરેલ અને મૂકેલ મજકૂરો અમલમાં રહેશે નહિ અને એવી રીતે દાખલ કર્યા અથવા મૂકયાની તરત પહેલાં, અસ્તિત્વમાં હોય તેવી, મુખ્ય અધિનિયમની જોગવાઈઓ, ફરીથી અમલમાં આવેલી ગણાશે અને આવા સુધારાની તરત પહેલાં, તેને કાયદાનું જેવું બળ હતું અને કાયદાની જેવી અસર હતી તેવું જ બળ અને તેવી જ અસર રહેશે.

INDEX

૪. સન ૧૯૯૫ના ગુજરાતના ૧૨મા અધિનિયમની કલમ ૧નો સુધારો.—સુધારા અધિનિયમમાં, કલમ ૧માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :—

"(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.".

સન ૧૯૯૫નો ગુજરાતનો વટહુકમ ૨જો.

૫. રદ કરવા બાબત અને અપવાદ.— (૧) મુંબઈ કોર્ટ-ફી (ગુજરાત સુધારા) સુધારતો વટહુકમ, ૧૯૯૫ આથી, રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમ હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલ કોઈપણ પગલું, આ વટહુકમની જોગવાઈઓ હેઠળ કરેલ છે અથવા લીધેલ છે એમ ગણાશે.

નિવેદન

સામાન્ય લોકોના હિતમાં અને તાકીદની જરૂરીયાતને લક્ષમાં લઈને, મુંબઈ કોર્ટ—ફી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૫ થી મુંબઈ કોર્ટ-ફી અધિનિયમ, ૧૯૫૯માં કરેલ સુધારાઓનો અમલ મોકૂફ રાખવાનું અને આવા સુધારાઓની તરત પહેલાં વિદ્યમાન મુખ્ય અધિનિયમની પ્રસ્તુત જોગવાઈઓ ફરી અમલમાં લાવવાનું જરૂરી જણાયું હતું. તે હેતુ માટે, સદરહુ સુધારતા અધિનિયમને સુધારવાનું જરૂરી જણાયું હતું. તે સમયે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત મુંબઈ કોર્ટ—ફી (ગુજરાત સુધારા) સુધારતો વટહુકમ, ૧૯૯૫ સન ૧૯૯૫ના ઓગષ્ટ મહિનાની ૨૮મી તારીખે ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે પ્રસિધ્ધ કર્યો હતો.

સદરહુ વટહુકમ, સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૭મી તારીખે બોલાવવામાં આવેલ સત્રમાં ગુજરાત વિધાનસભા સમક્ષ મૂકયો હતો અને સદરહુ સત્ર એ જ દિવસે સમાપ્ત કરવામાં આવ્યું હતું. તેથી, તે સત્રમાં ઉપર્યુકત વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકી શકાયો ન હતો. ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૨)ના પેટા-ખંડ (ક) ની રૂએ, ઉપર્યુકત વટહુકમ, સન ૧૯૯૫ના નવેમ્બર મહિનાની ૧૭મી તારીખે, ગુજરાત વિધાનસભા ફરી મળ્યાની તારીખથી છ અઠવાડિયાની મુદત પૂરી થતી હોઈ તે તારીખ પછી અમલમાં રહેશે નહિ. સદરહુ વટહુકમની જોગવાઈઓનો અમલ ચાલુ રાખવા તાત્કાલિક પગલાં લેવાનું ઈષ્ટ છે. તેથી, ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

નરેશચંદ્ર,
ગુજરાતના રાજ્યપાલ.

કેમ્પ દિલ્હી.

તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
પી. જે. ઘોળકીયા,
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No 70 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, NOVEMBER 16, 1995/KARTIKA 25, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૫:

તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના સંયુકત સચિવ.

INDEX

INDEX

બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૫.

GUJARAT ORDINANCE NO. 6 OF 1995.

AN ORDINANCE

FURTHER TO AMEND THE GUJARAT MARITIME BOARD ACT, 1981.

સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૬

ગુજરાત મેરિટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ વધુ સુધારવા બાબત વટહુકમ.

સન ૧૯૯૫નો ગુજરાતનો વટહુકમ ૩જો.

ગુજરાતના રાજ્યપાલે સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૮મી તારીખે ગુજરાત મેરિટાઇમ બોર્ડ (સુધારા) વટહુકમ, ૧૯૯૫ પ્રસિદ્ધ કર્યો છે ;

અને ગુજરાત વિધાનસભાનું સત્ર સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૭મી તારીખે બોલાવવામાં આવ્યું હતું અને એ જ દિવસે સમાપ્ત કરવામાં આવ્યું હતું ;

અને તે સત્રમાં, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકી શકાયો ન હતો ;

અને સદરહુ વટહુકમ, સન ૧૯૯૫ના નવેમ્બર મહિનાની ૧૭મી તારીખે, ગુજરાત વિધાનસભા ફરી મળ્યાની તારીખથી છ અઠવાડિયાની મુદત પૂરી થતાં હોઇ તે તારીખ પછી અમલમાં રહેશે નહિ ;

અને સદરહુ વટહુકમની જોગવાઈઓનો અમલ કાયદા દ્વારા ચાલુ રાખવાનું ઈષ્ટ છે;

અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી ;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાત્રી થઈ છે કે, સદરહુ વટહુકમની જોગવાઈઓ અમલમાં ચાલુ રાખવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ ના ખંડ (૧) થી પોતાને મળેલી સત્તાની રુએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને, પ્રસિદ્ધ કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.—(૧) આ વટહુકમ, ગુજરાત મેરિટાઇમ બોર્ડ (સુધારા) (દ્વિતીય) વટહુકમ, ૧૯૯૫ કહેવાશે.

(૨) તે, સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૮મી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

૨. સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો અધિનિયમ, હંગામી રીતે સુધારવા બાબત.— આ વટહુકમના અમલની મુદત દરમિયાન ગુજરાત મેરિટાઇમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમો ૩ થી ૧૯માં નિર્દિષ્ટ કરેલ સુધારાને અધીન રહીને, અમલમાં રહેશે. **સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો..**

૩. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૩નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા-કલમ (૪) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૪) બોર્ડ, રાજ્ય સરકાર, નીમે તેવાં પાંચ કરતાં ઓછા નહિ અને બાર કરતાં વધુ નહિ તેટલા નીચે પ્રમાણેના સભ્યોનું બનશે:—

(ક) રાજ્ય સરકારના અધિકારીઓમાંથી તેમના હોદ્દાની રુએ, નીમેલા ત્રણ સભ્યો, જેમાંથી—

(૧) એક સભ્ય, રાજ્યના નાના બંદરોના વહીવટનો હવાલો ધરાવતા ખાતાનો પ્રતિનિધિ હોવો જોઈશે,

(૨) એક સભ્ય, મત્સ્યોદ્યોગ કમિશનર હોવા જોઈશે, અને

(૩) એક સભ્ય, નાણાં વિભાગનો પ્રતિનિધિ હોવો જોઈશે;

INDEX

(ખ) બીજા સભ્યો, રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ વહાણવટા, નૌસંચાલન, બંદરો, સફરી વહાણો, મત્સ્યોદ્યોગ, વ્યાપાર, વાણિજ્ય, નાણાં-વ્યવસ્થા, ઉદ્યોગ, નાના બંદરના કામદારોના એક અથવા વધુ હિતોમાં અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં જેની રજૂઆત કરી શકે તેવા બીજા હિતોમાં નિષ્ણાત અથવા અનુભવ ધરાવતી હોય તેવી અથવા તેમનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી વ્યકિતઓમાંથી નીમેલા હોવા જોઈશે.".

૪. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૮ માં, પેટા--કલમ (૧)માં, "પેટા--કલમ (૫)" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "પેટા--કલમ (૬)" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

૫. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા--કલમ (૪) માં, "અને કોરમ બનતા સભ્યો" એ શબ્દોથી શરૂ થતો અને "કોઈ કામકાજ કરી શકાશે નહિ" એ શબ્દોથી પૂરો થતો ભાગ કમી કરવો.

૬. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૧ને બદલે નવી કલમ મુકવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧ને બદલે, નીચેની કલમ મૂકવી:—

સત્તા સોંપણી.

"૧૧. બોર્ડ, રાજ્ય સરકારની મંજૂરી લઈને, એવો આદેશ કરી શકશે કે આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને મળેલી અથવા તેના પર નાંખેલી, આવા આદેશમાં, નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સત્તા અને ફરજો, આવા આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને, મુખ્ય કારોબારી અધિકારી પણ વાપરી શકશે અથવા બજાવી શકશે:

પરંતુ મુખ્ય કારોબારી અધિકારી, બોર્ડની દેખરેખ અને નિયંત્રણને અધીન રહીને, આ આદેશમાં નિર્દિષ્ટ કરેલ સત્તાઓ વાપરશે અને ફરજો બજાવશે. ".

૭. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૭ને બદલે નવી કલમ મૂકવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ને બદલે, નીચેની નવી કલમ મૂકવી:—

બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી અને બીજા અધિકારીઓ અને કર્મચારીઓ.

"૧૭. (૧)(ક) રાજ્ય સરકાર, પોતે યોગ્ય ગણે તેવી વ્યકિતને બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમશે

(ખ) મુખ્ય કારોબારી અધિકારીની સેવાની બોલીઓ અને શરતો, નિયમોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) (ક) બોર્ડ, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, પોતે યોગ્ય ગણે તેવી વ્યકિતને નાણાકીય નિયંત્રક-સહ-- મુખ્ય હિસાબ અધિકારી તરીકે નીમશે. રાજ્ય સરકાર, પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ આવી નિમણૂક મંજૂર કરી શકશે.

(૩) બોર્ડ, પોતાના કાર્યોની કાર્યક્ષમ બજવણી માટે પોતે જરૂરી ગણે તેવી બીજી જગ્યાઓ ઉભી કરી શકશે અને તેવા બીજા અધિકારીઓ અને કર્મચારીઓ નીમી શકશે. અને તેમની નિમણૂક અને સેવાની શરતો અને ચૂકવવાનું મહેનતાણું, વિનિયમોથી નક્કી કરી શકશે :

પરંતુ, ભારત બંદર અધિનિયમ, ૧૯૦૮ હેઠળ, રાજ્ય સરકારે તે બંદર ઉપર વહાણોનું સુકાન સંભાળવા તે સમયે અધિકૃત કરી ન હોય તેવી કોઈ વ્યકિતને, કોઈપણ બંદરે સુકાની તરીકે નીમી શકાશે નહિ.

(૪) બોર્ડ, આ અધિનિયમના હેતુ માટે પોતે જાળવવી જરૂરી, પૂરતી અને યોગ્ય ગણે તેવી, બોર્ડના અધિકારીઓ અને કર્મચારીઓની સૂચિ વખતોવખત તૈયાર અને મંજૂર કરવી જોઈશે અને આવી સૂચિમાં, આવા અધિકારીઓ અને કર્મચારીઓનો હોદ્દો અને શ્રેણીઓ અને તેમને ચૂકવવા ધાર્યું હોય તેવા વેતન, ફી અને ભથ્થાં દર્શાવવા જોઈશે.".

૮. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૮ રદ કરવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮ રદ કરવી.

૯. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૯ને બદલે નવી કલમ મૂકવા બાબત.— મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯ને બદલે, નીચેની નવી કલમ મૂકવી :--

બોર્ડ દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓ પર શિસ્તને લગતું નિયંત્રણ.

"૧૯. (૧) બોર્ડ અથવા વિનિયમોથી ઠરાવવામાં આવે તેવું સત્તામંડળ બોર્ડના કોઈપણ અધિકારીની અને કર્મચારીની ગેરવર્તણૂકના કારણ સિવાયના કારણે આવા કોઈપણ અધિકારીની અને કર્મચારીની સેવા વિના ચલાવી લેવાની સત્તા સહિતની આવા અધિકારીની અને કર્મચારીની સેવાની મુદત લંબાવવાની, તેને રજા આપવાની, ફરજ મોકૂફ કરવાની, પાયરી ઉતારવાની, તેને દૂર અથવા બરતરફ કરવાની સત્તા અથવા આવા અધિકારીઓની અને કર્મચારીઓની સેવાને લગતા બીજા કોઈપણ પ્રશ્નનો નિકાલ કરવાની સત્તા વિનિયમોને અધીન રહીને વાપરશે.

INDEX

(૨) પોતાની પાયરી ઉતારવાના, પોતાને દૂર અથવા બરતરફ કરવાના કોઈ હુકમથી નારાજ થયેલો બોર્ડનો કોઈપણ અધિકારી અથવા કર્મચારી, વિનિયમોથી જોગવાઈ કરવામાં આવે તેવા સમયમાં અને તેવી રીતે,--

(ક) આવો હુકમ અધ્યક્ષે કર્યો હોય ત્યારે, રાજ્ય સરકારને ;

(ખ) આવો હુકમ, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા કોઈપણ સત્તાધિકારીએ કર્યો હોય ત્યારે, અધ્યક્ષને,

અપીલ કરી શકશે.

૧૦. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૨૪નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં,—

(૧) ખંડ (ક) માં "અધ્યક્ષ" એ શબ્દને બદલે "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (ખ)ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

" (ખ) (૧) વોટરફ્રન્ટ, ડક્કો, જળમાર્ગ અને સંબંધિત આધાર--માળખાગત સવલતો પટે આપવા સંબંધી કોઈ કરાર, પાંચ વર્ષથી વધુ મુદત માટે કરી શકાશે નહિ, સિવાય કે રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ તેણે તેને પૂર્વ મંજૂરી આપી હોય,

(૨) આ ખંડના પેટા—ખંડ (૧) ને અધીન રહીને, સ્થાવર મિલકતના સંપાદન અથવા વેચાણ માટેનો અથવા આવા કોઈપણ મિલકત પટે આપવા માટેનો કોઈ કરાર, ત્રીસ વર્ષથી વધુ મુદત માટે કરી શકાશે નહિ, સિવાય કે રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ તેણે તેને પૂર્વ મંજૂરી આપી હોય".

૧૧. સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૭૪નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૪માં, પેટા—કલમ (૨) માં, ખંડ (ક)માં, "૧૯૭૦" એ આંકડા પછી, " અથવા રાજ્ય સરકાર દ્વારા નિયંત્રણ અને વ્યવસ્થા કરવામાં આવતી હોય તેવા કોઈપણ કોર્પોરેશન અથવા નાણાકીય સંસ્થામાં " એ શબ્દો દાખલ કરવા.

૧૨. સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૦નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૦માં, "અધ્યક્ષ" એ શબ્દ જે બે જગ્યાએ આવે છે ત્યાં તેને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૩. સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૨નો સુધારો .— મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૨માં, પેટા-કલમ (૨)માં, જ્યાં જ્યાં "અધ્યક્ષ" એ શબ્દ જે ત્રણ જગાએ આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૪. સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૭નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૭માં, પેટા—કલમ (૨)માં, "અધ્યક્ષ" એ શબ્દને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૫. સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૯૨નો સુધારો.-- મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૨ને, તે કલમની પેટા--કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા--કલમ (૧) પછી, નીચેની નવી પેટા--કલમ ઉમેરવી:—

"(૨) રાજ્ય સરકાર, બંદરોના વહીવટનો વાર્ષિક રિપોર્ટ સરકારને મળે તે પછી બનતી ત્વરાએ, ત્રીસ દિવસ કરતાં ઓછા ન હોય તેટલા દિવસ માટે આવો દરેક રિપોર્ટ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવડાવશે.".

૧૬. સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦૭નો સુધારો. --મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૭માં, "સભ્ય" એ શબ્દને બદલે, "સભ્ય અથવા અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૭. સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦૮ નો સુધારો.--મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૮માં, "સભ્ય" એ શબ્દને બદલે, "સભ્ય અથવા અધિકારી" એ શબ્દો મૂકવા.

૧૮. સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૦૯નો સુધારો.-- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૯માં,--

(૧) પેટા--કલમ (૨) માં, ખંડ (ક) પછી નીચેનો ખંડ દાખલ કરવો :—

INDEX

"(કક) કલમ ૧૭ની પેટા--કલમ (૧) હેઠળ મુખ્ય કારોબારી અધિકારીની સેવાની બોલીઓ અને શરતો ;";

(૨) પેટા--કલમ (૩) માં, નીચેનો પરંતુક ઉમેરવો :--

"પરંતુ રાજ્ય સરકારને ખાતરી થાય કે તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે તો, તે આ કલમ હેઠળ કરેલ કોઈપણ નિયમની પૂર્વ પ્રસિધ્ધિ વિના ચલાવી લઈ શકશે."

સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મા અધિનિયમની કલમ ૧૧૦નો સુધારો.--મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૦માં, પેટા--કલમ (૨), (૩) અને (૬)માં, "કર્મચારીઓ" એ શબ્દને બદલે, " અધિકારીઓ અને કર્મચારીઓ" એ શબ્દો મૂકવા. **સન ૧૯૯૫નો ગુજરાતનો વટહુકમ ૩જો.**

૨૦. રદ કરવા બાબત અને અપવાદ.-- (૧) ગુજરાત મેરિટાઈમ બોર્ડ (સુધારા) વટહુકમ, ૧૯૯૫ આ સાથે રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ કાર્ય અથવા લીધેલ કોઈપણ પગલું આ વટહુકમથી સુધારેલા મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

INDEX

નિવેદન

ગુજરાત મેરિટાઈમ બોર્ડ (સુધારા) વટહુકમ, ૧૯૯૫ના આરંભની તરત પહેલાં વિદ્યમાન ગુજરાત મેરિટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ની કલમ ૩ની પેટા-કલમ (૪)ની જોગવાઈઓમાં કેટલીક વાર સદરહુ પેટા-કલમ (૪)ના ખંડો (બ) થી (ભ)માં નિર્દિષ્ટ કરેલી વ્યકિતઓમાંથી બોર્ડમાં સભ્યો નીમવા બાબતમાં સ્થિતિસ્થાપકતા માટે કોઈ અવકાશ રહ્યો હોવાનું જણાયું નહોતું. તેથી બોર્ડ, રાજ્ય સરકાર નીમવા યોગ્ય ગણે તેવા પાંચ કરતાં ઓછા નહિ અને બાર કરતાં વધુ નહિ એટલા સભ્યોનું બનશે તેવી જોગવાઈ કરવા અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ વહાણવટા, નૌસંચાલન, બંદરો, સફરી વહાણો, મત્સ્યોદ્યોગ, વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગ, નાના બંદરના કામદારોના એક અથવા વધુ હિતોનું અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં રજૂ કરવા જોઈએ તેવા અન્ય હિતોમાં નિષ્ણાત અથવા અનુભવ ધરાવતી હોય અથવા તેનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી વ્યકિતઓમાંથી હોદ્દાની રૂએ હોય એ સિવાયના સભ્યોને નીમવા માટે રાજ્ય સરકારને સત્તા આપવા સદરહુ પેટા-કલમ (૪) સુધારવાનું જરૂરી જણાયું છે. સદરહુ પેટા-કલમ (૪)ના ખંડ (ક)થી બે સભ્યો નીમવા માટે જોગવાઈ કરી છે જેમાંનો એક નાના બંદરોના વહીવટનો હવાલો ધરાવતા રાજ્ય સરકારના ખાતાનો પ્રતિનિધિ હોવો જોઈશે, અને બીજો સભ્ય, નાણાં વિભાગનો પ્રતિનિધિ હોવો જોઈશે. બોર્ડના સભ્ય તરીકે મત્સ્યોદ્યોગના કમિશનર હોવાનું પણ જરૂરી ગણાયું હતું. તદ્નુસાર જોગવાઈ કરવા માટે સદરહુ કલમ ૩ની પેટા-કલમ (૪) સુધારવા ધાર્યું હતું.

સદરહુ વટહુકમના આરંભની તરત પહેલાં વિદ્યમાન કલમ ૧૦ની પેટા-કલમ (૪)ની જોગવાઈઓ મુજબ, સમગ્ર બેઠક દરમ્યાન જરૂરી કોરમના અભાવે બેઠકનું કામકાજ ચલાવી શકાતું નથી. સમગ્ર બેઠકમાં કોરમ સિવાય કામકાજ ચલાવવા માટે આ જરૂરિયાત રદ કરવા ધાર્યું હતું.

અધ્યક્ષ, બોર્ડના અસરકારક કામકાજ માટેની નીતિ ઘડવા માટે વધુ સમય ફાળવી શકે તે માટે તેને બોર્ડના વહીવટી કામના બોજમાંથી મુકત કરવાનું અને આવું કામ મુખ્ય કારોબારી અધિકારીને સોંપવાનું જરૂરી જણાયું હતું. તેથી, અધિનિયમની કલમો ૧૫, ૨૪, ૮૦, ૮૨ અને ૮૭ સુધારીને બોર્ડની સત્તા મુખ્ય કારોબારી અધિકારીને આપવા ધાર્યું હતું.

સદરહુ વટહુકમના આરંભની તરત પહેલાં વિદ્યમાન કલમ ૧૭ હેઠળ, બંદરોના સીવીલ કામો, કાર્યો અને વહીવટનો અનુભવ ધરાવતી વ્યકિત, બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમી શકાય છે. અનુભવ ઉપરથી એવું જણાયું હતું કે એવા અનુભવવાળી યોગ્ય વ્યકિત, મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમાવા માટે ઉપલબ્ધ નહોતી. તેથી, તેવા અનુભવની જરૂરીયાત રદ કરવા ધાર્યું હતું.

સદરહુ વટહુકમના આરંભની તરત પહેલાં વિદ્યમાન કલમ ૧૭ અને ૧૮ની જોગવાઈઓની, બોર્ડે અથવા રાજ્ય સરકારે જગાઓ ઊભી કરવા અને તે જગા ઉપર વ્યકિતઓ નીમવા માટે જોગવાઈ કરી છે. મુખ્ય કારોબારી અધિકારી સિવાયની જગાઓ ઊભી કરવાની અને નિમણૂકની તમામ સત્તાઓ બોર્ડને આપવા ધાર્યું હતું. મુખ્ય નાણાંકીય નિયંત્રક સહ-મુખ્ય હિસાબ અધિકારીની નિમણૂકના કિસ્સામાં, સરકાર સાથે પૂર્વ વિચાર-વિનિયમની શરત નિયત કરાઈ છે.

સદરહુ વટહુકમના આરંભની તરત પહેલાં વિદ્યમાન કલમ ૨૪માં એવી જોગવાઈ કરી છે કે કરારની મુદત ત્રીસ વર્ષ કરતાં વધુ હોય ત્યારે, બોર્ડ કરાર કરે તે પહેલાં રાજ્ય સરકારની મંજૂરી મેળવવાનું જરૂરી છે. બોર્ડ ઉપર યોગ્ય કાબુ અને નિયંત્રણ રાખવા માટે વોટરફ્રન્ટ, ડક્કા, જળમાર્ગો અને સંબંધિત આધાર-માળખાગત સવલતો પટે આપવા માટેના આવા કરારના સંબંધમાં સદરહુ મર્યાદા પાંચ વર્ષ સુધી ઘટાડવા ધાર્યું હતું.

બોર્ડ પાસે જમા હોય તેવા તમામ નાણાં, રાજ્ય સરકાર દ્વારા નિયંત્રિત અને વ્યવસ્થા કરવામાં આવતી હોય તેવા કોઈપણ કોર્પોરેશન અથવા નાણાકીય સંસ્થામાં જમા કરાવવા બોર્ડને સક્ષમ બનાવવા સદરહુ વટ-હુકમના આરંભની તરત પહેલાં વિદ્યમાન કલમ ૭૪ સુધારવા ધાર્યું હતું.

બોર્ડના વહીવટને લગતો રિપોર્ટ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા માટે સદરહુ વટહુકમના આરંભની તરત પહેલાં વિદ્યમાન કલમ ૯૨માં કોઈ જોગવાઈ નહોતી તેથી, આ કલમમાં આવી જોગવાઈ કરવા ધાર્યું હતું.

તે સમયે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ગુજરાત મેરિટાઈમ બોર્ડ (સુધારા) વટહુકમ, ૧૯૯૫ ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૮મી તારીખે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો.

સદરહુ વટહુકમ, સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૭મી તારીખે બોલાવવામાં આવેલા સત્રમાં ગુજરાત વિધાનસભા સમક્ષ મૂકયો હતો અને સદરહુ સત્ર તે જ દિવસે સમાપ્ત કરવામાં આવ્યું હતું. તેથી તે સત્રમાં સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકી શકાયો ન હતો. ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૨)ના પેટા-ખંડ (ક)ની રૂએ, ઉપર્યુકત વટહુકમ સન ૧૯૯૫ના નવેમ્બર મહિનાની ૧૭મી તારીખે, ગુજરાત વિધાનસભા ફરી મળ્યાની તારીખથી છ અઠવાડિયાની મુદત પૂરી થતી હોઈ તે તારીખ પછી અમલમાં રહેશે નહિ. સદરહુ વટહુકમની જોગવાઈઓને અમલમાં ચાલુ રાખવા માટે તાત્કાલિક પગલાં લેવાનું ઈષ્ટ છે. તેથી, ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કેમ્પ દિલ્હી
તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫.

નરેશચંદ્ર,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
એ. ડી. દેસાઈ
સરકારના સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 71 REGISTERED NO. G/GNR/1



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, NOVEMBER 16, 1995/KARTIKA 25, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૫.

તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૭નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંજદે,

સરકારના સંયુક્ત સચિવ.

INDEX

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૫.

GUJARAT ORDINANCE NO. 7 OF 1995.

AN ORDINANCE

Furiher to amend the Gujarat Legislative Assembly Members (Removal of Disqualifications) Act, 1960.

સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૭.

ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ વધુ સુધારવા બાબત વટહુકમ.

સન ૧૯૯૫નો ગુજરાતનો વટહુકમ ૭મો.

ગુજરાતના રાજ્યપાલે, સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૯મી તારીખે ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ, ૧૯૯૫ પ્રસિધ્ધ કર્યો છે;

અને ગુજરાત વિધાનસભાનું સત્ર સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૭મી તારીખે બોલાવવામાં આવ્યું હતું અને એ જ દિવસે સમાપ્ત કરવામાં આવ્યું હતું;

અને તે સત્રમાં, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકી શકાયો ન હતો;

અને સદરહુ વટહુકમ, સન ૧૯૯૫ના નવેમ્બર મહિનાની ૧૭મી તારીખે, ગુજરાત વિધાનસભા ફરી મળ્યાની તારીખથી છ અઠવાડિયાની મુદત પૂરી થતી હોઈ તે તારીખ પછી અમલમાં રહેશે નહિ;

અને સદરહુ વટહુકમની જોગવાઈઓનો અમલ કાયદા દ્વારા ચાલુ રાખવાનું ઈષ્ટ છે;

અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને, ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે, સદરહુ વટહુકમની જોગવાઈઓનો અમલ ચાલુ રાખવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ ના ખંડ (૧) થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેનો વટહુકમ કરીને, પ્રસિધ્ધ કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.—(૧) આ વટહુકમ 'ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) (દ્વિતીય) વટહુકમ, ૧૯૯૫' કહેવાશે.

(૨) તે, સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૯મી તારીખે અમલમાં આવેલો છે એમ ગણાશે.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧લો.

૨. સન ૧૯૬૦નો ગુજરાતનો ૧લો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.— આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમ ૩માં નિર્દિષ્ટ કરેલ સુધારાને અધીન રહીને અમલમાં આવશે.

૩. સન ૧૯૬૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિનો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિમાં, નોંધ ૩૦ પછી, નીચેની નોંધ ઉમેરવી:—

"૩૧. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના અધ્યક્ષ અથવા ડિરેકટરનો હોદ્દો.".

સન ૧૯૯૫નો ગુજરાતનો વટહુકમ ૭મો.

૪. રદ કરવા બાબત અને અપવાદ.— (૧) ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ, ૧૯૯૫ આથી રદ કરવામાં આવે છે.

(૨) એ રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

INDEX

નિવેદન

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડને કાર્યદક્ષતાથી ચલાવી શકે તેવા વેપાર, વાણિજ્ય, ઉદ્યોગ, નાણાં-વ્યવસ્થાપન અથવા જાહેર જીવનના ક્ષેત્રમાં અનુભવવાળા કુશળ વ્યક્તિઓની જરૂર હોય છે. ખાસ કરીને આ એવી કંપનીને લાગુ પડે છે કે જે પ્રત્યક્ષ રીતે, ગુજરાત રાજ્યની આર્થિક વૃધ્ધિ માટે મહત્વનું હોય તેવા સરદાર સરોવર પ્રોજેક્ટનું અમલીકરણ કરતી હોય. કેટલીકવાર, ગુજરાત વિધાનસભાના અમુક સભ્યો તે હેતુ માટે યોગ્ય જણાયા છે, પણ સંવિધાનની કલમ ૧૯૧ ના ખંડ (૧) માંની ગેરલાયકાત અંગેની જોગવાઈને કારણે, ગુજરાત વિધાનસભાના સભ્ય એવી કંપનીના અધ્યક્ષ અથવા ડિરેક્ટરનો હોદ્દો સ્વીકારે, તો તેઓ સરકાર હેઠળ લાભદાયી હોદ્દો ધરાવવાના કારણે ગેરલાયક ઠરશે કે કેમ તે સંબંધી શંકા ઉપસ્થિત થાય છે. તેથી, ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ ની અનુસૂચિમાં નોંધ ૩૧ ઉમેરીને સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ અથવા ડિરેક્ટર તરીકે નિમણૂક થયેથી, આવો સભ્ય જે ગેરલાયકાત વહોરત તે નિવારવાનું જરૂરી જણાયું હતું. તે સમયે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વટહુકમ, ૧૯૯૫ ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે સન ૧૯૯૫ના સપ્ટેમ્બર મહિનાની ૯મી તારીખે પ્રસિધ્ધ કર્યો હતો.

સદરહુ વટહુકમ, સન ૧૯૯૫ના ઓકટોબર મહિનાની ૭મી તારીખે બોલાવવામાં આવેલા સત્રમાં ગુજરાત વિધાનસભા સમક્ષ મૂકયો હતો અને સદરહુ સત્ર તે જ દિવસે સમાપ્ત કરવામાં આવ્યું હતું. તેથી, તે સત્રમાં સદરહુ વટહુકમનું સ્થ ન લેતો રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ કરી શકાયો ન હતો. ભારતના સંવિધાનની કલમ ૨૧૩ ના ખંડ (૨)ના પેટા-ખંડ (ક)ની રૂએ, ઉપર્યુકત વટહુકમ, સન ૧૯૯૫ના નવેમ્બર મહિનાની ૧૭મી તારીખે, ગુજરાત વિધાનસભા ફરી મળ્યાની તારીખથી છ અઠવાડિયાની મુદત પૂરી થતી હોઈ અમલમાં રહેશે નહિ. સદરહુ વટહુકમની જોગવાઈઓને અમલમાં ચાલુ રાખવા તાત્કાલિક પગલાં લેવાનું ઈષ્ટ છે. તેથી, ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ક્રેમ્પ દિલ્હી,
તારીખ, ૧૫મી નવેમ્બર, ૧૯૯૫.

નરેશચંદ્ર,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી કે. આર. ત્રિવેદી,
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 72 REGISTERED NO. G/GNR/2



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] SATURDAY, DECEMBER 16, 1995/AGRAHAYANA 25, 1917

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચએન-૩૪/૯૫)-જીએસી-૧૩૯૨-૮૬૬-એન-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GUJARAT AGRICULTURAL CREDIT (PROVISION OF FACILITIES RULES, 1980

ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) નિયમો, ૧૯૮૦ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક (જીએચએન-૩૪/૯૫)-જીએસી-૧૩૯૨-૮૬૬-એન.-૧.– ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૯મા)ની કલમ ૨૭ની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) નિયમો, ૧૯૮૦ વધુ સુધારતા નિયમોનો મુસદ્દો, નાણાં વિભાગના તારીખ ૩૧મી આગસ્ટ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચએન-૧૯/૯૫)-જીએસી-૧૩૯૨-૮૬૬-એન.-૧ હેઠળ, તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર ભાગ-૪-બીના એક્સ્ટ્રા પા. ૧૩૬, વોલ્યુમ ૩૬માં પાના નં. ૧૩૬-૧ પર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં;

અને સરકારને, સદરહુ નિયમોના મુસદ્દા અંગે કોઈપણ વ્યકિત તરફથી કોઈ વાંધા અથવા સૂચનો મળ્યાં નથી;

તેથી, હવે, ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૯મા)ની કલમ ૨૭ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) નિયમો, ૧૯૮૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો, "ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) (સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) નિયમો, ૧૯૮૦માં, નિયમ ૨માં, ખંડ (ધ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :–

"(ધ) "અધિકૃત અધિકારી" એટલે જિલ્લા કલેકટર અથવા યથાપ્રસંગ તેની હકૂમતની અંદર જિલ્લા વિકાસ અધિકારી."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. વી. રામાસુબ્બારાવ,
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX